પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

## ॥ ૨૧ ॥

" नमस्कार सूत्रं "




પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય



પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત

**આચાર્યદેવ શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ

**આચાર્યદેવ શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી

**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**



પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજ

# નવકાર ગર્ભિત પંચદશો યંત્ર




| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ८ | १ | ६ | = | १५ | | पं | ह्रैं क्लीं सौं । |
| ३ | ५ | ७ | = | १५ | | द | ॐ अर्हं नमः । |
| ४ | ९ | २ | = | १५ | | र | ॐ पार्श्व नमः । |
| १५ | १५ | १५ | | | | यं | ॐ ह्रीं नमः । |
| | | | | | | त्र | |

(१) अरिहंत (४) ઉપાધ્યાય (७) જ્ઞાન

(२) सिद्ध (५) સાધુ સાધ્વી (८) चारित्र

(३) आचार्य (६) દર્શન (९) તપ

પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥ ૨૧ ॥



પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

# HASTAKSHAR NU AKSHAY PATRA

Personal Diaries comprising of Divine everyday thoughts, musings & experiences of Panyashshri Bhadrankar Vijayji Maharaj.


## VOLUME - 21

July 2019
300 Copies / 224 Pages
For Private Circulation only.

## PUBLISHER



© Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust


Mumbai / Rajkot

team@mindfiesta.com

## SPONSOR

Shri C. K. Mehta
Mumbai

## ENHANCED & DESIGNED BY

Bharti Deepak Mehta
Fiesta Studios
Pattani Bldg., M.G.Road, Rajkot - 360001.
bharti@mindfiesta.com
+91 98252 15500

## eBOOKS AVAILABLE AT

www.bhadrankar.com

www.navkarday.com

Amazon Kindle

## SHRI AARADHNA DHAM JAIN TIRTH

C/o Shri Sudhirbhai Pandya,
'Shiv Drasti', Nr. old Mamlatdar Office,
Jamkhambhaliya - 361305.
(Dist: Devbhumi Dwarka)
+91 2833 - 254156


## ખાસ વિજ્ઞપ્તિ

ગ્રંથવાંચન પશ્ચાત્ આપને આવશ્યકતા ન હોય તો આ સરનામે અમોને ગ્રંથ પરત મોકલશોજી, જેથી અન્ય ભવિજનો પણ આ ચિંતનોથી ભાવિત થઈ શકે.



# નામ-સરનામામાંથી મુક્તિ એટલે ગુરુમહારાજ!



'અધ્યાત્મયોગી' એ કોઈ નામ કે સરનામું નથી પણ તેમાંથી મુક્તિ છે! ખરા સાધુનાં હૃદયમાં તો અમાપ અવકાશ હોય છે. તેઓની આંખોમાં-વાણીમાં-વિચારોમાં-અનુપ્રેક્ષામાં બધા જ અને બધું જ સમાઈ જતું હોય છે. પૂજ્ય પંન્યાસજી મહારાજ તો એવા યોગી હતા - વિશ્વમિત્ર હતા - કે જેઓનાં હૃદયમાં જીવમાત્રને વસાવવા જગ્યા હતી, અવકાશ હતો. આવા અધ્યાત્મયોગી અમ ગુરુમહારાજના અપૂર્વ આત્મસ્પર્શી ચિંતનોનો ખજાનો એટલે આ અક્ષયપાત્રોમાં સમાવિષ્ટ પૂજ્ય ગુરુદેવની હસ્તલિખિત ડાયરીઓ. જગતના સર્વ જીવોને માટે બેસુમાર પ્રેમ, બેહિસાબ કરૂણા અને બિનશરતી મૈત્રીભાવના, જે તેઓમાં હતી તે અહીં પ્રતિબિંબિત થાય છે.

શ્રી નમસ્કાર મહામંત્ર માટે કરેલી અનેક જાતની અદ્ભૂત અનુપ્રેક્ષાઓ લખવામાં તો સાહેબે કશું જ બાકી રાખ્યુ નથી. એક ડાયરીમાં સાહેબે અનુપ્રેક્ષા આલેખી છે કેઃ

'નમો અરિહંતાણં' પદ વડે સર્વ જીવોની આરાધના થાય છે. કોઈપણ જીવને નવકાર સંભળાવવાનો શાસ્ત્રકારોનો આદેશ છે અને તેનાથી ગમે તેવી અશાતામાં પણ જીવને શાંતિ મળે છે. પોતાનો જીવ પણ જીવ છે, તો નવકાર ગણવા-સાંભળવાથી તેને પણ શાંતિ મળે જ. આથી નવકારને જીવની સાથે અંતરંગ સંબંધ છે એ સિદ્ધ થાય છે અને એ સંબંધ હોવામાં મુખ્ય કારણ છે સકલ જીવોના હિતચિંતક અરિહંતાદિ પરમેષ્ઠિઓ. તેઓ હતા, છે અને રહેશે જ. સર્વ જીવોનાં હિતચિંતકોનું સ્મરણ કરવામાત્રથી શાંતિ મળે, આપણું હિત થાય અને સર્વ કોઈ જીવોનાં આપણી ઉપરના ઉપકારનો ભાર ઘટે છે. આમ પંચપરમેષ્ઠિનું સ્મરણ એ જ ભાવનમસ્કાર છે.

ૐ નમઃ

અરે, સાહેબજીએ 'પ્રતિષ્ઠા'નું રહસ્ય જે પ્રગટ કર્યું છે તેના સુદીર્ઘ લખાણોમાં જે માર્મિક ભાવો પ્રગટ કર્યા છે, તે તો કમાલ કમાલ તથા વાચકને સ્વાનુભૂતિ કરાવનાર બને છે. પ્રતિષ્ઠાવિધિમાં સ્થાપનાના ઉદ્દેશથી વિધિની પ્રવૃત્તિ છે અને સ્થાપનામાં ભાવથી સર્વ ગુણોનો આશય કરવાનો હોવાથી પ્રભુના સર્વ ગુણો વડે 'स एवाऽहम्' થાય. આમ પરમાત્મમંદિરની પ્રતિષ્ઠા પોતાના આત્મામાં સ્થાપિત થાય છે. આ બિંબ પ્રતિષ્ઠિત છે એટલે 'મારો આત્મા નિશ્ચયથી પરમાત્મા છે' પ્રતિષ્ઠાકારકનો એવો ભાવ આ પ્રતિમામાં વિધિપૂર્વક પ્રસ્થાપિત થયેલો છે, તેનું સ્મરણ કરાવનાર હોવાથી પોતાનો આત્મા પણ સિદ્ધ પરમાત્મા જેવો છે એવી શ્રદ્ધા આવે છે.

હાં, તીર્થંકર સમા જે ભાવો તેઓને અનુભવાય છે, તે છેઃ 'સર્વ જીવો સર્વ દુઃખોથી મુકત થાઓ અને સર્વ જીવો સર્વ પ્રકારનાં સુખ પામો.' આવા આલેખન તો ડગલે-પગલે પાને-પાને આલેખાયા છે, પણ અલગ-અલગ રીતે. વળી તે ફકત લેખ સ્વરૂપે કે અક્ષરરૂપે નથી કંડાર્યા પણ અંતરના ભાવો સહજ ભાવે પ્રગટ થઈ ગયેલા જણાય છે. સાહેબજીએ હૃદયશુદ્ધિનાં જે ભાવો વ્યકત કર્યા છે તેમાં જરા ઝાંકીએ તોઃ

આપણે સૌએ જીવો પ્રત્યે આત્મતુલ્ય પણ જડ પ્રત્યે આત્મભિન્ન ભાવ, ચૈતન્યની ભક્તિ પણ જડની અનાસક્તિ, ચૈતન્યની સ્પૃહા પણ જડની અસ્પૃહા તથા ચૈતન્યમાં રહેલ જડ અંશની ઉપેક્ષા પણ જડમાં રહેલ ચૈતન્ય અંશનું બહુમાન કરવું.

'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'ના તત્ત્વખજાનાનું જે રીતે પ્રતિમાસ અવિરત પ્રકાશન થઈ રહ્યું છે, તેને શ્રેષ્ઠપણે તૈયાર કરાવી આપણા સુધી પહોંચાડનારા પૂજ્ય પંન્યાસજી મહારાજનાં પરમ ભકત મુંબઈનાં સુશ્રાવક શ્રી **સી.કે.મહેતા**ના અપ્રતિમ ઔદાર્યને આવકારવો જ પડે. વળી અંતરથી નવાજવા પડે આ કાર્યના સાતત્ય એવં પરિશ્રમભક્તિ માટે રાજકોટનાં અમારા સુશ્રાવકરત્ન શશીકાંતભાઈ મહેતાનાં સુપુત્ર દિપકભાઈનાં ધર્મપત્ની **ભારતીબેન**ને. આ અમુલ્ય ગ્રંથોમાં રહેલ મૈત્રીભાવ આપણા સૌનો મોક્ષમાર્ગ ઝીલમીલતો કરે તેવી અભિલાષા.

જૂલાઈ, ૨૦૧૯
**જામનગર.**

વજ્રસેન વિ.
હેમપ્રભ વિ.



# નિર્મળ હૃદયા
# નિર્ભય ગુરુમહારાજ...

'નિર્મળ હૃદય રાખે તે નિર્ભય બને. અઢળક સમૃદ્ધિમાં પણ સૌએ જાતમુગ્ધ નહીં, અધ્યાત્મમુગ્ધ બનવું.' ૫૦ વર્ષ પૂર્વેનાં મારા પૂજ્ય ગુરુમહારાજના આ હૂંફાળા શબ્દોએ આજ સુધી સાત્વિક ખમીરથી જીવવાની જે ઉષ્મા આપી છે, તે બેજોડ છે. અનેક સિદ્ધિઓ તેઓની નિર્મળતા અને નિરાસક્તિને વરેલી, કિન્તુ એમની સિદ્ધિઓ કોઈને વાગે એવી ન્હોતી. આત્માનાં ગુણો સિવાય તેઓ શેનાયથી અંજાતા નહીં.

એ સમયે સમુદાયમાં કોઈને ય ખાસ ખ્યાલ નહોતો કે હું કોણ છું - શેનો ઉદ્યાગ કરૂં છું... વગેરે. પરંતુ એકવાર બીજા એક અતિથિ અને હું સાહેબજી સમીપે રાજસ્થાનમાં ભેગા થઈ ગયા. તેઓએ મને જોઈને કહ્યું કે ગઈકાલે જ આપની તસ્વીર સાથે આખું પાનું ભરેલો લેખ 'ટાઈમ્સ ઑફ ઈન્ડિયા'માં વાંચીને ખૂબ પ્રભાવિત થયો... અને આજે જૂઓ, અહીં આપને મળવાનું થઈ ગયું. તે વાતે સમુદાયનાં નાના મહાત્માઓની મુખરેખાઓમાં કંઈક ચમત્કૃતિ દેખાઈ, કિન્તુ ગુરુમહારાજ તો નિસ્તરંગ જ રહ્યાં! ન કાંઈ પૂછ્યું - જાણ્યું, ન કોઈ વર્તનમાં અણસાર.

'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર' સંપુટ દ્વારા આજે જ્યારે શબ્દજ્યોતિમાંથી તેઓ આત્મપ્રકાશ પાથરી રહ્યાં છે, ત્યારે અજવાળાંના આ ચાંદરણાને ગ્રહી અજ્ઞાનતિમિર દૂરે કરીએ.

જૂલાઈ, ૨૦૧૯
મુંબઈ

સી. કે. મહેતા

શ્રી શત્રુંજયા આદિનાથાય નમઃ



શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથાય નમઃ





યા કુન્દેન્દુતુષારહારધવલા યા શ્વેતવસ્ત્રાવૃતા
યા વીણાવરદણ્ડમણ્ડિતકરા યા શ્વેતપદ્માસના ।
યા બ્રહ્માચ્યુતશંકરપ્રભૃતિભિર્દેવૈઃ સદા વંદિતા
સા માં પાતુ સરસ્વતી ભગવતી નિઃશેષજાડ્યાપહા ॥૧॥

ॐ नमः

સં. ૨૦૪૮, કારતક વદી ૩, શનિવાર

ॐ આજે દીક્ષાને ૩૨ વર્ષ પુરાં થયાં. ॐ

દેવ-ગુરુ કૃપાએ ચારિત્રનો દીર્ઘપર્યાય
નિર્વિઘ્નપણે અને સુખપૂર્વક વીત્યો.
અનેક ઉપકારી તત્ત્વોએ તેમાં સહાય કરી છે.
સાક્ષાત્ સહાય દીક્ષાદાતા ત્રણે ગુરુઓ - સહવર્તી મુનિવરોની છે.
૩૨માં વર્ષના પ્રારંભે પૂ. આચાર્યદેવના શ્રીમુખે
નવકાર મંત્રનું માહાત્મ્ય શ્રવણ કરવાથી અતિ આનંદ થયો.
પંન્યાસશ્રી હેમંતવિજયજી, પં. શ્રી ભાનુવિજયજી અને પં. શ્રી
ત્રિલોચનવિજયજીની હાજરીમાં વ્યાખ્યાન બાદ સમૂહમાં ૧૨
નવકાર પૂજ્ય આચાર્યદેવે બોલાવ્યાથી આત્મા પ્રસન્ન થયો.
आया सामाइए । અર્થાત્: આત્મા સામાયિક છે.
એ ગ્રહણ શિક્ષારૂપ છે.
आया सामाइयस्स अट्ठे = આત્મા સામાયિકનો અર્થ છે.
એ આસેવન શિક્ષારૂપ છે.
ભવથી મુક્ત થવાનું બહુમાન એ ભવ પ્રત્યે અબહુમાન છે.
ભવ પ્રત્યે અબહુમાન એ મુક્તિ પ્રત્યે ખરું બહુમાન છે.
ભવ એટલે ચાર ગતિરૂપ સંસાર જ નહિ પણ તેનાં
કારણરૂપ ચાર કષાય અને પાંચ અવ્રત પણ લેવા.

કારતક વદી ૪, રવિવાર

ધર્મના ત્રણ પાસાઓ: જ્ઞાન, ક્રિયા અને ભાવ.
તેમાં ભાવ subjective છે, જ્ઞાન objective છે અને
ક્રિયા ઉભયસ્વરૂપ છે. ત્રણે ય પરસ્પર સંબંધિત છે.
દુરાગ્રહના પરિણામે સ્થાનકમાર્ગીઓએ દેવ અને
દિગંબર મતવાળાઓએ ગુરુ ગુમાવ્યા છે.
સમગ્ર દૃષ્ટિએ વિચારતાં ત્રણે ફીરકાઓએ
વિશ્વહિતવિષયક ભાવના ગુમાવી છે.

ધ્યાન રહસ્ય

ધ્યાનમાં કોઈ એક જ વિષયનું ચિન્તન હોય છે, જ્યારે
સમાધિમાં ચિત્તવૃત્તિ નિર્વિકલ્પ અને સમ બની જાય છે.

સ્વાધ્યાય, ધ્યાન, તપ અને સંયમ
એ ચાર વસ્તુઓ સાધુ જીવનમાં મુખ્ય છે.
પ્રથમ પ્રહર - સ્વાધ્યાય, દ્વિતીય પ્રહર - ધ્યાન.
સ્વાધ્યાયનો વાસ્તવિક લાભ ધ્યાનથી જ મળે છે.
શાસ્ત્રો સાંભળવા કે લખવા છતાં તેના ઉપર ચિન્તન-
મનન - નિદિધ્યાસન ન થાય તો તે શાસ્ત્રવાક્યોનો
વાસ્તવિક અર્થ અથવા ભાવ પકડમાં આવતો નથી.
જ્યાં સુધી તેના ભાવોને પચાવવામાં ન આવે,
ત્યાં સુધી તે કેવલ શબ્દજ્ઞાન કહેવાશે.

ફરી ફરી સ્મરણ અને વારંવાર ધ્યાનમાં લાવવાથી જ
શાસ્ત્રીય જ્ઞાન પરિપક્વ બને છે.

<u>ધ્યાન એ ૫ પ્રકારના સ્વાધ્યાયથી પણ આગળની વસ્તુ છે.</u>
ધ્યાનદશામાં મન કેન્દ્રિત થઈને એક જ વિષયમાં રહે છે.
સાલંબન ધ્યાનમાં જિનમૂર્તિનું આલંબન ઘણું જ મહત્વનું છે.
V. Imp. નિરાલંબન ધ્યાન ત્યાર પછીની વસ્તુ છે.

'સ્વાધ્યાય' શબ્દ ઉપર વિચાર કરવાથી સ્પષ્ટ થાય છે કે આત્માનું પોતાના સ્વરૂપનું અધ્યયન કરવું તે પ્રધાન છે, શાસ્ત્રશ્રવણ કે પઠન તો તે સ્થિતિ પ્રાપ્ત કરવાનું સાધન છે. શાસ્ત્રો દ્વારા હું કોણ છું? મારું શુદ્ધ રૂપ અને વર્તમાન રૂપ કેવું છે? મારે શું કરવું જોઈએ અને શું ન કરવું જોઈએ? વર્તમાનમાં હું શું કરું છું? તેમાં ઉચિત-અનુચિત શું છે તથા આત્મજ્ઞાન માટે સાધક અને બાધક કારણો કયા કયા છે તે સર્વની જાણકારી મળે છે, એથી આત્માનું વાસ્તવિક સ્વરૂપ, વર્તમાન પરિસ્થિતિ અને ભાવિ કર્તવ્યનો અનુભવ કરી શકાય છે. શાસ્ત્ર ભણવા છતાં પોતાને ઠીક રીતે ન ઓળખ્યા, તો તે ભણવું સ્વાધ્યાયરૂપ નહિ ગણાય.

સ્વાધ્યાય બાદ ગંભીર ડુબકી મારીને
કોઈ એક વિષય પર મન કેન્દ્રિત કરવું
અને તત્ત્વને પ્રાપ્ત કરવું, તે ધ્યાનનું કાર્ય છે.

તમારી અંદર વિચારમાં ઊંડું છુપાયું છે, તે જ બહાર આવશે.

V.V. Imp. પરિસ્થિતિ ઉપર આપણો કાબુ નથી,
પણ આપણી વૃત્તિ ઉપર તો નિયંત્રણ અવશ્ય આવી શકે.

ફોકસની લેન્સ બદલાવવી સરલ જ
વૃત્તિમાં સંવાદમય અવસ્થા ઊભી કરશે.

વૃત્તિ અને પરિસ્થિતિ બંને સતત અથડામણમાં રહે છે.
પરિસ્થિતિ જીતે છે, તો માનવનું મૂલ્ય પશુથી વધુ નથી
અને વૃત્તિ જીતે છે, તો માનવનું મૂલ્ય દેવથી અધિક છે.
વૃત્તિ - પરિસ્થિતિ પર જય મેળવવાનો રસ્તો અપ્રાપ્તની
વેદના મૂકીને પ્રાપ્તના સંતોષમાં મનને પરોવવામાં છે.

જે કાંઈ થોડુંક આપણને મળ્યું છે, તે આપણી લાયકાત
અનુસાર છે, કારણકે પ્રકૃતિમાં સૂક્ષ્મ ન્યાયપ્રિયતા છે.

I accept એ self-dependent થવાનો ટૂંકો રસ્તો છે.

લોભ એ સંસાર છે, સંતોષ એ મોક્ષ છે.
સંસારનું મૂળ અપ્રાપ્તની ઇચ્છા છે,
મોક્ષનું મૂળ પ્રાપ્તમાં સંતોષ છે.

પ્રાપ્તિની વૃદ્ધિ માટે કૃતજ્ઞતા આવશ્યક છે.

આપણાથી વધુ સુખીને જોવાને બદલે, જો આપણાથી
વધુ દુઃખીને જોતા થશું તો સુખ આપણી રહેલામાં જ છે.

ૐ નમઃ

કારતક વદી ૫

કરુણાભાવ ભીનું હૃદય તે જ ધર્મ છે.
મૈત્રીભાવના વિનાની ધર્મની ક્રિયા નિષ્ફળ, નિઃસત્વ છે.
આપણાથી વધુ દુઃખી ઘણા છે તેનો વિચાર કરીશું,
તો આપણને ઘણું મળ્યું છે તે માટે
પ્રભુનો, પંચ પરમેષ્ઠિનો આભાર માનવાનું સૂઝશે.

'સંસાર દુઃખમય અને કષ્ટમય છે'
અનિત્ય ભાવના જે કોઈ ભાવે છે,
તેનામાં મૈત્રી અને કારુણ્ય આપોઆપ પ્રગટે છે અને
સંસારયાત્રાના સહપ્રવાસીઓ પ્રત્યે સમસંવેદન અનુભવાય છે.
સંસારભાવનાની આ મહામૂલી ભેટ છે.

'ભવ્યજીવમાં સિદ્ધત્વરૂપી કાર્યની ઉપાદાન કારણતા છે,
તે રીતે અરિહંત અને સિદ્ધમાં ભવ્યજીવના સિદ્ધત્વરૂપી
કાર્યની નિમિત્ત કારણતા છે' એ વાત શાસ્ત્રસિદ્ધ છે.

૦ ખામેમિ સવ્વજીવે, શિવમસ્તુ સર્વ જગતઃ અને
ચત્તારિ મંગલં । એ ૩ મળીને ભવની પાત્રતા વિકસાવે છે.
એક વડે કરુણાગુણ, બીજા વડે શાંતગુણ
અને ત્રીજા વડે દાસ્યગુણ કેળવાય છે.

૦ ભાવનું ઉત્પાદન સાપેક્ષ છે. સામા પ્રત્યે હૃદયમાં તો

જ ભાવ જાગશે કે આત્માને આપણા પ્રત્યે ભાવ હશે.
કદાચ કોઈને અકસ્માત કોઈ પ્રત્યે ભાવ જાગે, તો એમ
માની શકાય કે તે તેના પૂર્વના ભાવનું જ કાર્ય હશે.
એ દૃષ્ટિએ આપણને શ્રી અરિહંત કે શ્રી સિદ્ધ ભગવંત
પ્રત્યે જે ભાવ જાગે છે, તેનું કારણ તેમનો આપણા
પ્રત્યે ભાવ છે. તે સિવાય બીજું શું કારણ છે?
તે ભગવંતોમાં જગતના સૌ જીવો પ્રત્યે એક સુંદર,
શિવ અને સત્ય એવો વિલક્ષણ પ્રકારનો ભાવ સનાતન
રીતે વિદ્યમાન છે, જે વિશ્વને શુભ અને શુદ્ધ તરફ
આકર્ષે છે, જગતના જીવોમાં શુભ કે શુદ્ધભાવને જગાડે છે.

જો એવું ન હોય તો કોઈના પણ હૃદયમાં
શુભ કે શુદ્ધભાવ જાગે જ નહિ.

શ્રી અરિહંત દેવની પ્રત્યેક જીવ ઉપર જે કૃપા છે,
તે સમાન અને સંપૂર્ણ છે.

તે કૃપા કોઈના ઉપર અલ્પ કે કોઈના ઉપર અધિક નહિ.

પ્રત્યેકને સ્વસદૃશ કરવું એ જ એમનો આશય છે.
તેનું સ્વયં સંપૂર્ણ ફળ તે તેમની કૃપા છે.
એ ફળ પ્રત્યેક જીવ પામી રહ્યો છે.
મારા ઉપર એવા સ્વયં સંપૂર્ણ કૃપા એ પરમાત્માની છે.

તો પછી એ પ્રશ્ન થશે કે જે સંપત્તિ સિદ્ધ ભગવંતની છે,
તેમ જ આજે મારી હોવી જોઈએ.

ઉત્તરમાં કહેવાનું કે 'હા'. આજે શ્રી અરિહંત પરમાત્મા
મને એટલી જ સંપત્તિ આપી રહ્યા છે, પણ મારા
દ્રવ્યાદિ ચાર અને કાળાદિ પાંચ એમાં પ્રતિબંધક છે.
અરિહંતની સ્વસ્વદેશ જણાવવારૂપ કૃપા તે નિશ્ચય છે
અને મારા દ્રવ્યાદિ - કાળાદિ તે વ્યવહાર છે.
મેં ઉપાર્જિત કરેલા દ્રવ્ય આદિ
એમની સંપૂર્ણ કૃપાના પ્રકટીકરણમાં આવારક હોય,
તેમાં દોષ કૃપાનો નહિ, પણ મારા આવારકોનો છે.
બાહ્ય અપેક્ષાએ મારા વર્તમાન દ્રવ્યાદિ કે કાળાદિ
પરમાત્માની કૃપાનું જ પ્રકટીત સ્વરૂપ છે.
મારી વર્તમાન પાત્રતાનું એ પ્રતિફળ છે.
વર્તમાનમાં મને મળ્યું છે તેને જ હું યોગ્ય છું, એથી
અધિક કે હીન માટે હું અપાત્ર છું. મળે તો ય હાનિ થાય.
વર્તમાનમાં જે મળ્યું છે, તે જ સંપૂર્ણ છે.
પરમાત્માની પરમ કૃપાનું એ પૂર્ણ સર્જન છે.
કૃપા તો ઉચિત રીતે બધું જ આપી રહી છે,
છતાં આપણે વ્યર્થ ચિંતાઓ કરીએ છીએ.

તે પણ વિશ્વ સમગ્રની દૃષ્ટિએ વ્યર્થ નથી.
એ પણ કૃપાની જ બીજી બાજુ છે.
જો જગતમાં મલિન વૃત્તિઓ જ ન હોત,
તો કૃપા પણ ક્યાંથી હોત?
સરલ કૃપાની ઉત્પત્તિમાં પણ મલિનવૃત્તિઓ કારણભૂત છે.
એમ સમગ્ર દૃષ્ટિએ વિચારતાં અપૂર્વ સમત્વભાવ પ્રગટે છે.
આ જગતમાં કઈ વસ્તુઓ અનાવશ્યક છે, અસુંદર છે?
કર્મબંધ જેવી ન હોત તો કર્મમુક્તિ પણ કેવી રીતે હોત?
જગતમાં જે છે, તે બધું
જગતના અસ્તિત્વ માટે અત્યંત આવશ્યક છે.
એ રીતે સર્વ શુભ કે અશુભ વસ્તુઓ
કૃપાની જ બે બાજુઓ છે.
સર્વથા કર્મથી રહિત એવા સિદ્ધો પાસે કયું ઉપકરણ નથી?
કયું ઉપકરણ તેમને પ્રાપ્ત નથી?
ત્યાં અંતરાયનો ઉદય ન હોવાથી એવી કોઈપણ વસ્તુ નથી કે જે તેઓ ન આપી શકે. જો એમ ન માનીએ તો તેમને દાનાંતરાયનો ક્ષય કેમ મનાય? એવી જ રીતે કોઈપણ ઉપકરણાદિ વસ્તુ નથી કે જે તેઓ ન મેળવી શકે, ન ભોગવી શકે, ન ઉપભોગવી શકે કે ન ફોરી શકે.

સિદ્ધોના અનંતજ્ઞાનાદિ ૪ અનંત સુખ, અનંત વીર્ય અને
અનંત ક્ષણમાં વિલીન થઈ જાય છે. - સર્વાર્થસિદ્ધિ ટીકા

ચિત્તમાં રહેતા, ઇંદ્રિયોના પ્રવર્તક રાગાદિ ક્લેશોની નિવૃત્તિ
માટે મૈત્ર્યાદિ ભાવનાનું પ્રતિપાદન કરેલું છે

યતમાન સંજ્ઞા વૈરાગ્ય અથવા પ્રયત્નશીલ વૈરાગ્ય.

શાનો પ્રયત્ન? પ્રયત્નનો વિષય શો? પ્રયત્નનો પ્રકાર શો?
પ્રયત્નને કેન્દ્રિત ક્યાં કરવો?

યોગ = ચિત્તવૃત્તિ નિરોધ કે ચિત્તની નિરાકુળ એકાગ્રતા.
એકાગ્રતાની આડે આવનાર ચંચળતા છે.
ચંચળતાનું કારણ વિષયોનો મનમાં ઘુસારો
અને મનનો વિષયોમાં ઘુસારો.

વિષયો ઇંદ્રિય પ્રણાલિકા દ્વારા ચિત્ત પર ઘુસારો કરે છે.
એ આક્રમણ થવા દેવામાં ઇંદ્રિયોનો સળવળાટ કારણ છે.
ઇંદ્રિયોનો સળવળાટ પેદા કરનાર મનના ૩૨ દોષો છે.

મન એ રાગ-દ્વેષાદિ ક્લેશો અને
ઈર્ષ્યા - અસૂયાદિ ઉપક્લેશોથી ભરપૂર છે.
એ દોષો ચિત્તને ચંચળ કરી મૂકે છે.
ઇંદ્રિયોને બળાત્ વિષયોમાં ઝીંકે છે.
એ ક્લેશો જ ચિત્તને ચંચળ કરવામાં કારણભૂત છે.

ૐ અર્હં નમઃ

વિષયોને ચિત્તમાં લાવવામાં પાંચ ઈંદ્રિયો કારણભૂત છે.
ઈંદ્રિયોને તેમ કરવામાં પ્રેરણા કરનાર
રાગ-દ્વેષ, ઈર્ષ્યા - અસૂયાદિ ચિત્તના મળો છે.
એ મનના મેલો ઈંદ્રિયોને એકાંત વિષયોમાં જ પ્રવર્તાવી શકે,
તે માટે મનના મેલને ધોઈ નાંખવાના ઉપાયોના આચરણમાં
રાત-દિવસ મંડ્યા રહેવું તે 'વર્તમાન સંસાર વૈરાગ્ય' છે.
એ રાગ-દ્વેષાદિ મેલને ધુવે છે.

દાનધર્મની પ્રાપ્તિ ધનલબ્ધિ, શીલની પ્રાપ્તિ મનલબ્ધિ,
તપની તનલબ્ધિ તથા ભાવની પ્રાપ્તિ ભાવલબ્ધિ થાય છે.

૪ પ્રકારે ધર્મ: વસ્તુ સ્વભાવ તે ધર્મ, દશવિધ યતિધર્મ,
રત્નત્રયરૂપ ધર્મ અને છ જીવનિકાયની રક્ષારૂપ ધર્મ છે.

પ્રતિક્રમણ વડે ગત પાપકર્મ ટળે.
પ્રત્યાખ્યાન વડે અનાગત પાપકર્મ ટળે.
આલોચના વડે વર્તમાન પાપકર્મ ટળે.

કર્મચેતના ત્રસ જીવને હોય,
કર્મફલ ચેતના એકેન્દ્રિયાદિક જીવોને હોય તથા
જ્ઞાનચેતના સમ્યગ્દૃષ્ટિ જીવોને હોય છે.

ભવાભિનંદી = મિથ્યાદૃષ્ટિ, પુદ્ગલાનંદી = અવિરતિ,
આત્માનંદી = સર્વવિરતિ.

કારતક વદી ૬, સોમવાર

પૂ. આચાર્યદેવના દીક્ષાપર્યાયને ૬૨ વર્ષ પૂર્ણ થયા.
આજથી ૬૩મું વર્ષ શરૂ થાય છે.

'શુદ્ધૈકચિન્માત્રરૂપ પરમાત્મા છું'
એમ માનીને તેમનું ધ્યાન કરવાથી કૃતકૃત્ય થવાય છે.

શારીરિક શક્તિ તે બળ, આત્મિક શક્તિ તે વીર્ય અને
કર્મોદયજનિત શક્તિ તે પરાક્રમ.

જીવમાત્ર પ્રત્યે નમ્ર બનવા માટે જન્મ્યા છીએ.
એ નમ્રતામાં પ્રભુતા છુપાયેલી છે.

પ્રભુ પ્રભુ થયા છે, તે આ નમ્રતાના પ્રતાપે થયા છે, તેથી
પ્રભુના ભક્તે પણ સર્વ જીવો પ્રત્યે નમ્ર બનવું જોઈએ.
પોતાના અપરાધની ક્ષમા માંગવી જોઈએ
અને સર્વ પ્રત્યે મૈત્રીની ભાવના રાખવી જોઈએ.

'સર્વને રત્નત્રયરૂપ મોક્ષમાર્ગની પ્રાપ્તિ થાઓ
અને સર્વ જીવો પોતાનું આત્મહિત સાધો.' એ જાતિની
મૈત્રીભાવના સહિત અપરાધને ખમાવવાની ક્રિયા
એ પ્રભુ બનવાનો રાજમાર્ગ છે.

દયા એ ધર્મ છે, રત્નત્રયસ્વરૂપ છે,
સર્વ જીવને સુખી કરે છે.

સર્વ પ્રાણીમાત્રને આત્મવત્ જાણ,
સર્વ પ્રત્યે સમાન મૈત્રીભાવ દર્શાવ,
યથાશક્તિ ઉપકારાદિ કરી, તેમનું ભલું ચિન્તવવું.
અપરાધી પ્રત્યે પણ અંતરમાં બુરું ચિંતવવાનો દ્વેષપરિણામ ન
ધારણ કરવો. કોઈપણ જીવ પ્રત્યે ઉપેક્ષાભાવ દાખવવો નહિ.

અજ્ઞાનપણું આત્મદ્રવ્યનું ઘાતક છે.
મિથ્યાત્વ તે આત્મગુણ ઘાતક છે.
અવિરતિ આત્મશુદ્ધપર્યાય ઘાતક છે.
અજ્ઞાન અને મિથ્યાત્વ તે આત્માનું જીવપણું હણે છે,
અને આત્મસ્વભાવ અર્થાત્ કે પરિણતિને રૂંધે છે તથા
અવિરતિ દોષ આત્મિક સુખાનુભવને રોકે છે.

o જીવ શુદ્ધ જ્ઞાનોપયોગે ભાવનિર્જરા કરે છે.
વૈરાગ્યભાવ ઉદાસીનતાએ દ્રવ્યનિર્જરા કરે છે.
પૌદ્‌ગલિક ઇચ્છા એ જીવનું અજ્ઞાનપણું અને
મૂર્છા મિથ્યાત્વને પુષ્ટ કરે છે.

ક્રોધ, માનની જે ચોકડી × અર્થાત્ કે ૪ + ૪ = ૮ તથા ચાર
અરતિ, શોક, ભય, દુર્ગંધ - એ ૧૨ દ્વેષના ઘરની છે.
માયા, લોભાદિ ૮ અને હાસ્ય, રતિ તથા 3 વેદ-
એ ૧3 રાગના ઘરની છે.

૦ શરીરની ગતિ ઔદયિક ભાવે (વેદનીય) છે. પરિણામ
ગતિ વિષય-કષાયની પ્રવૃત્તિ મધ્યે ઇષ્ટાનિષ્ટરૂપે છે.
V. Imp. શ્રદ્ધાની ગતિ તત્ત્વ-અતત્ત્વ વિવેચનરૂપે છે.

આત્મદ્રવ્યમાં દ્રવ્યની શક્તિ તે સમ્યગ્દર્શનગુણ.
ગુણનો પ્રકાશ તે જ્ઞાનગુણ, પર્યાયનું કરવાપણું તે ચારિત્રગુણ.
દર્શનગુણે જીવનું આત્મદ્રવ્ય સુધરે, દ્રવ્યશક્તિ પ્રગટે.
જ્ઞાનગુણે આત્માના ગુણ પ્રકાશે, જીવના ગુણ સુધરે.
ચારિત્રગુણે જીવના પર્યાય સુધરે, સ્વરૂપરમણતા વધે.

સમ્યગ્દર્શનગુણે જન્મની પીડા ટળે, જ્ઞાનગુણે જરાની
પીડા ટળે અને ચારિત્રગુણે મરણની પીડા ટળે.

યોગજનિત કર્મ તપ-સંયમાદિથી, સત્તાગત કર્મ શુદ્ધોપયોગે,
મિથ્યાત્વપ્રત્યયિક કર્મ સમ્યગ્દર્શન વડે અને
અવિરતિપ્રત્યયિક કર્મ વિરતિ વડે ટળે.

નિશ્ચયનય આસ્તિકતા, દૃઢતા, ચિત્તની સ્થિરતા અને
વ્યવહારનય અપ્રમાદ અથવા ઉદ્યમ લાવે છે.

ઉપયોગ ૨ પ્રકારના છે: શુભોપયોગ તથા અશુભોપયોગ.
જીવ શુદ્ધોપયોગે ધર્મ પામે, અશુદ્ધોપયોગે કર્મ બાંધે.
જીવ શુભોપયોગે પુણ્ય અને અશુભોપયોગે પાપકર્મ બાંધે.
શુદ્ધોપયોગ સમ્યક્ત્વ પછી હોય. શુદ્ધોપયોગે સિદ્ધિ મળે.

શુભોપયોગ એ દાન - પૂજાદિ પરિણામરૂપ છે.

અશુભોપયોગ હિંસાદિ પાપ પરિણામરૂપ છે.

શુભોપયોગથી સદ્ગતિ કિન્તુ અશુભોપયોગથી દુર્ગતિ થાય.

જીવને ૧૨મા ગુણઠાણા સુધી શુભોપયોગ મિશ્રિત હોય, એ પછી ૧૩મે ગુણઠાણે જીવનો ઉપયોગ પૂર્ણ શુદ્ધ થાય. મિથ્યાદૃષ્ટિ જીવને શુભક્રિયા હોય પણ શુભોપયોગ નહિ, કેમકે શુભોપયોગ તો શુદ્ધિના ઘરનો છે. સમ્યગ્દૃષ્ટિને તે નિષ્કામરૂપ હોય અને મિથ્યાત્વીને તે શુભોપયોગ શુભક્રિયારૂપ, શુભાચારરૂપ હોય પણ તેમાં નિયાણારૂપ પૌદ્ગલિક સુખવાંછા હોય, માટે અશુભ જાણવો. સમ્યગ્-દૃષ્ટિ જીવ છદ્મસ્થપણામાં આત્મદ્રવ્ય જિનવચન પ્રતીતે જુએ - અનુમાને, ચેતનાલક્ષણગુણે પ્રત્યક્ષ કરે - અનુભવે, પરિણમનપર્યાયરૂપે અભેદ રત્નત્રયાત્મક નિજપદકંદ દેખે.

મનયોગે દર્શનશ્રદ્ધાન હોય, વચનયોગે જ્ઞાનોપદેશ, કાયયોગે ષટ્કાયની દયા એટલે યતનાપૂર્વક પ્રવર્તન હોય.

દ્રવ્યકર્મ = પૌદ્ગલિક. નોકર્મ = ઔદારિકાદિ પાંચ શરીર.

ભાવકર્મ = રાગ-દ્વેષાદિ અશુદ્ધ વિભાવપરિણતિ કરાવે તે.

વેદના = સુખ - દુઃખ સંવેદે તે. રોગ = ઘણો કાળ રહે તે.

આતંક = તત્કાળ પ્રાણઘાત કરે તેને 'આતંક' કહેવાય છે.

દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મ એ ૩ રોગ જ્યારે
યથાર્થવાદ, વિધિવાદ તથા ચરિતાનુવાદ ૩ પરમ ઔષધિ છે.
કર્મના શુભાશુભ ફળ પ્રત્યક્ષ છે. સમ્યક્ત્વનો ભાવ કેવળ
ભાવગમ્ય છે. સુખ-દુઃખાદિ લિંગ વડે અનુમાન થાય છે.
આગમપ્રમાણથી સર્વદ્રવ્યો જાણી શકાય છે.

## આત્મગુણો શેનાથી પ્રગટે?

ધર્મના શ્રવણ તથા તત્ત્વરુચિથી સમ્યગ્દર્શનગુણ પ્રગટે.
તત્ત્વાતત્ત્વ ગવેષક બુદ્ધિથી જીવને સમ્યગ્જ્ઞાનગુણ પ્રગટે.
વિષય-કષાય-પ્રમાદના ત્યાગથી સમ્યક્ચારિત્રગુણ પ્રગટે.
સ્વરૂપાનુભવલગ્નતા અથવા તો લીનતાથી વીર્યગુણ પ્રગટે.
દર્શનગુણનું સ્થાન ચક્ષુ, જ્ઞાનગુણનું સ્થાન હૃદય છે,
ચારિત્રગુણનું સ્થાન મસ્તક, વીર્યગુણનું સ્થાન બાહુ છે.
કર્મના આવરણે આત્માનું દ્રવ્ય બગાડ્યું છે.
રાગ-દ્વેષના વિભાવ વડે આત્માના ગુણ બગાડ્યા છે.
મન-વચન-કાયાના યોગવિકારે આત્મપ્રદેશો બગાડ્યા છે.

નહીં શા બનો અને તમે સર્વ કંઈ થશો.

Be nothing & you will be all things.
A sound mind in a sound body is
a thing to be prayed for.

ॐ नमः

કારતક વદી ૯

મોક્ષમૂલક સર્વ દર્શનો માને છે કે:

'ધર્મમાં સર્વનો વિચાર હોવો અનિવાર્ય છે.'

આતતાયી કે સ્વઘાતકને મારવામાં પણ સર્વના હિતનો જ વિચાર છે, છતાં તે વૈયક્તિક કે આત્મકલ્યાણની કામનાવાળો અને સર્વ ભૂતાત્મભૂતાત્મા, એ બંને ભાવો સહિત હોઈ શકે.

જો કે વેદાંત મતે તો

સર્વભૂતેષુ આત્માનં, સર્વભૂતાનિ ચાઽત્મનિ ।

એ સિદ્ધાંત હોવાથી

સર્વ ભૂતાત્મભૂતાત્મભાવ વિના ધર્મ હોઈ શકતો જ નથી. કર્મનો અબાધિત નિયમ, સમગ્ર વિશ્વનું ભૂલ વિનાનું વ્યવસ્થિત સંચાલન, સર્વ જીવોની ઉર્ધ્વગતિના સાધનોનું વિશ્વમાં અસ્તિત્વ કે સૂર્ય-ચંદ્ર-મેઘાદિ ઉપર નિયમન કરનાર એ સર્વ દર્શનોને માન્ય એવું એક સર્વજ્ઞ સર્વ શક્તિમાન ચેતનતત્ત્વ જ છે, જેને દર્શનકારો ઈશ્વર, ધર્મ, સ્વભાવ આદિ શબ્દોથી ઓળખાવે છે.

તે કદાપિ જડ, અલ્પજ્ઞ કે બદ્ધ જીવ ન હોઈ શકે.

જૈનોએ સ્વતંત્ર ઈશ્વર જેવા કોઈ મહાન એક વ્યક્તિને જગતના કર્તા-હર્તા માન્યા નથી, પરંતુ પ્રત્યેક જીવ

પોતપોતાના કર્મ મુજબ સ્વસંસારનું સર્જન કરે જ જાય છે,
તેથી અદૃષ્ટાનુસાર જ સંસારની બધી ઘટનાઓ બને છે.
વેદાન્તની દૃષ્ટિએ બધાને માયાવચ્છિન્ન (અવિદ્યાવચ્છિન્ન)
ઈશ્વર માન્યો છે. જૈનદૃષ્ટિએ નિશ્ચયનયથી સિદ્ધ સમાન છે,
એ અપેક્ષાએ સમગ્ર સંસારની બધી પરિસ્થિતિઓનો કર્તા
કોઈને કોઈ જીવનું કર્મ - અદૃષ્ટ જ છે એટલે જીવ પોતે
જ ઈશ્વર છે એ રીતે કર્તૃત્વવાદની સંગતિ થઈ શકે છે.

કારતક વદી ૧૦

V.V. Imp.

ભાવદાન એ શ્રેષ્ઠદાન છે.

'સર્વનું શુભ થાઓ' એવી જ એક ભાવના તે ભાવદાન છે.
તત્પૂર્વક થતી દાન - પૂજન આદિની ક્રિયાઓ ફળવતી છે,
અન્યથા ભાવદાન વિના થતી સર્વ ક્રિયાઓ નિષ્પ્રાણ છે.
દાન - પૂજનાદિ ક્રિયા પહેલાં પણ સર્વના શુભનો ભાવ
અને તેના પરિણામે એ ભાવમાં જ ઉમેરો થવો જોઈએ,
ત્યારે જ દાન - પૂજનાદિ સર્વ ક્રિયાઓ પ્રાણવાન બને.

તારે તે તીર્થ - પવિત્ર કરે તે તીર્થ.

તીર્થની યાત્રા એટલે

પવિત્ર એવા આત્મામાં રહેલા પરમાત્માની યાત્રા.
તે પાવન કરનાર છે અને તે જ ભવસાગર તારનાર છે.

હવે એ સમોવસરણના પ્રથમ ગઢ - વાહનના સ્થાને છે.
અપ્રશસ્ત કષાયો એ દ્વિતીય ગઢ - પશુના સ્થાને છે.
પ્રશસ્ત કષાયો એ તૃતીય ગઢ - ૧૨ પર્ષદાના સ્થાને છે.
આત્મા સિંહાસનના સ્થાને છે અને પરમાત્મા એ તેના ઉપર બિરાજમાન ચતુર્મુખ દેશના વર્ષાવતા તીર્થના સ્થાને છે.
ક્રોધદાહોપશમાવનાર, વિષયતૃષારૂપી તૃષ્ણાના છીપાવનાર અને કર્મમળરૂપી કચરાને બાળનાર એવા તીર્થસ્વરૂપ ભગવાનના દર્શન અંદરમાં પણ થાય તો જન્મ કૃતાર્થ છે.

## ભેદાભેદજ્ઞાન

છ કાયના ભેદજ્ઞાન વખતે પણ સર્વમાં ચૈતન્યનું અભેદજ્ઞાન ન હોય, તો એ શ્રદ્ધા ભાવથી શ્રદ્ધા નથી અને એ જ્ઞાન તત્ત્વથી (એકાન્તિક ભાવથી) સમ્યગ્જ્ઞાન નથી.
નમસ્કારાદિ ભાવો પ્રગટાવવા માટે અભેદનો અને કૃતજ્ઞતાદિ ભાવો પ્રગટાવવા ભેદનો બોધ આવશ્યક છે.
બેમાંથી એક પણ ન હોય તો સાધનાનો માર્ગ રૂંધાય છે.
તત્ત્વથી સાધના બની શકતી નથી.

o

*Kingdom of God is within you.*
*In God's provinces, there is no evil but only good or its preparation.*

કારતક વદી ૧૧, રવિવાર

સંગ્રહનયથી જીવત્વેન - જીવમાત્ર સાધર્મિક છે.
સાધર્મિકથી જીવ અભિન્ન છે,
તેથી સાધર્મિકની જેમ જીવતત્ત્વ પણ ઉપાદેય છે.
પોતાના જીવનું જીવત્વ જાણવા માટે
પર આ સર્વ જીવનું જીવત્વ જોવું અનિવાર્ય બને છે.
જેઓ સર્વમાં જીવત્વ જોઈ શકે છે,
તેઓ જ સ્વમાં રહેલું જીવત્વ જોઈ અને જાણી શકે છે.
પરમાત્મામાં પોતાને જોનાર જ પોતાનામાં પરમાત્માને જોઈ શકે છે, તેની જેમ સર્વ જીવમાં પોતાને જોનાર જ પોતામાં સર્વને જોઈ શકે છે. બાળ જીવોમાં જીવત્વને ન જોઈ શકનારો અજ્ઞાન અને મોહથી આવૃત્ત રહેલ છે અને તજ્જનિત કર્મનો આસ્રવ તથા બંધ કરી રહ્યો છે. તેનાથી બચવા સર્વ જીવમાં જીવત્વને જોવું - માનવું તે છે.
પછી બાળને જે કાંઈ પીડા આપવાનું થશે,
તે પણ અલ્પ હશે અને વળી નિર્ધ્વંસતાવાળું નહિ હોય.
ઉત્તમ પુરુષોના ભાવનામય હૃદયે કે સંસ્કારો હંમેશા જીવંત રહે છે અને તે ઝીલવાની પાત્રતા કે યોગ્યતા જેનામાં હોય,
તેના દ્વારા તે સંસ્કારો અમર થાય છે.

આપણે ત્યાં પણ કહ્યું છે કે:
ગ્રહણ કરીને મૂકેલ મનોવર્ગણાના કે ભાષાવર્ગણાના પુદ્ગલો
અસંખ્ય કાળ સુધી ટકીને રહી શકે છે.
તેને ગ્રહણ કરવાની શક્તિ જેનામાં હોય,
તે ગ્રહણ કરે તેમાં કાંઈ વિરોધ દેખાતો નથી.

મૈત્ર્યાદિ ભાવના સમ્યક્ત્વની હાજરીમાં હોય અને તેની પ્રાપ્તિમાં પણ કારણભૂત હોય, તેમ માનવામાં બાધ નથી. સમ્યક્ત્વના લક્ષણમાં અનુકંપા કહી છે અને તે દ્રવ્ય-ભાવ ઉભયરૂપ હોવાથી ચારે ભાવના તેમાં જ આવી જાય.

વળી ૯ તત્ત્વોની શ્રદ્ધા - સદ્દહણા હોય, તેમાં જીવતત્ત્વ ઉપરાંત સંવરતત્ત્વ પણ આવી જાય. સંવરતત્ત્વ સીધી રીતે ચારિત્ર સાથે સંબંધ રાખે છે, તેથી તેમાં અનિત્યત્વાદિ ૧૨ ઉપરાંત મૈત્ર્યાદિ ૪ ભાવના પણ લેવાનું કહ્યું છે. આથી ચારિત્રમાં પણ મૈત્ર્યાદિ ૪ ભાવના ગણી શકાય અને વૈરાગ્યમાં પણ તે ગણી શકાય.

તે વિના ખરો જ્ઞાનગર્ભિત વૈરાગ્ય ન જ ઘટે. સમ્યગ્જ્ઞાન કે ચારિત્રમાં સમ્યગ્દર્શન અર્થાત્ મૈત્ર્યાદિ ૪ ભાવનાઓ અનિવાર્ય છે. તે સિવાય જીવતત્ત્વનું યથાર્થ જ્ઞાન, યથાર્થ સંવેદન કે યથાર્થ સદ્દહણા કેમ કહી શકાય?

## ભક્તિપૂર્વક શરણું લેવાથી અભયતા

આત્મા માટે પરમ કલ્યાણકારી ઉપદેશાદિ દ્વારા ભગવાન જગતને અભય - શરણાદિ આપે છે અને એ રીતે અભયતાદિ છે જ, પરંતુ તે ઉપરાંત અત્યારે પણ પ્રભુને શરણે ભાવપૂર્વક જઈએ, તો પ્રભુ શરણું અવશ્ય આપે છે.

આ રીતનો ભાવ મનમાં કેળવવાથી અને
'પ્રભુ શરણું આદિ આપી જ રહ્યા છે'
તેવું માનવાથી આપણા ચૈતન્યમાં ભાવ - ઉત્સાહ વધે છે.
'અત્યારે પણ પ્રભુ અભયાદિ આપી રહ્યા છે'
તેવું હૃદયપૂર્વક માનવાથી પ્રભુ પ્રત્યે
આત્મિક અને અતિશયવાળી ભક્તિ જાગે છે.
તેથી ભક્તિથી આંતરવિશુદ્ધિ અને ભાવ - ઉત્સાહાદિ વધે છે.
તે જ પ્રભુએ આપેલા શરણાનું પ્રગટ ફળ છે.

ભક્તિથી ચિત્તની શુદ્ધિ અને તેમાં ઉત્પન્ન થતાં રસથી ચિત્ત બાહ્ય વિચારમાં ન જાય તે રૂપી એકાગ્રતા - ઉભય સિદ્ધ થાય છે. ચૈત્યવંદનાદિ સૂત્રો ભક્તિથી ભરપૂર છે, એનું જેમ જેમ ચિન્તન વધે, તેમ તેમ ભક્તિરસ વધે છે.

°

*Reverence for life means relativity in thinking & non-violence in action.*

## દ્વાદશાંગીનો ટૂંકસાર - ઉપમિતિ પૃ. ૨૦૩૮

દ્વાદશાંગી તો મોટા દરિયા જેવી છે.

તે ભગવાને ભાખેલી છે, તેનો ટૂંકસાર કૃપા કરી કહો.

હે આર્ય! આખા જૈન આગમનો સાર નિર્મળ ધ્યાનયોગ છે. સાધુ-શ્રાવકના મૂળ-ઉત્તરગુણો અને તેને અનુરૂપ ક્રિયાઓ કહી છે, તે સર્વનો અંતિમલક્ષ અને ફળ ધ્યાનયોગ છે. એ સર્વ ગુણો અને ક્રિયાનો હેતુ ધ્યાનયોગ સાધવાનો છે. કહ્યું છે કે મોક્ષ માટે ધ્યાનસિદ્ધિની તથા ધ્યાનસિદ્ધિ માટે મનઃપ્રસાદની જરૂર છે, જે શુદ્ધ એવા અહિંસાદિ અનુષ્ઠાનથી સાધી શકાય છે અને જેનું અંતિમ સાધ્ય છે મનઃપ્રસાદ. તેથી સર્વ અનુષ્ઠાનો ચિત્તશુદ્ધિ માટે જ કરવા.

વિશિષ્ટ પ્રકારે સાધકનું મન શુદ્ધ અને એકાગ્ર હોવું, તે સર્વથી ઉત્તમ પ્રકારનું ધ્યાન છે.

જે જે અનુષ્ઠાનો રાગ-દ્વેષ-મોહરૂપ વ્યાધિઓનો નાશ કરનારા થાય છે, તે જૈન મતમાં હો કે અન્ય મતમાં હો, તે સર્વસંતના મતને સંમત છે. જે અનુષ્ઠાન ચિત્તને મલીન કરનાર અને મોક્ષને રોકનાર હોય, તે કરનાર મુનિ હોય કે શ્રાવક, પણ તે અનુષ્ઠાન જિનમતથી બહાર છે.

ધ્યાનનો પરમ હેતુ માધ્યસ્થ્ય છે.

સંકલ્પ - વિકલ્પોને ઉત્પન્ન કરનાર રાગ-દ્વેષ છે,
તેનો વિચ્છેદ જેનાથી થાય, તે ઉપાય જિનશાસનમાં
કે અન્ય તીર્થમાં કહેલો હોય તો પણ દૂષણ યોગ્ય નથી,
કેમકે તે ભાવતીર્થમાં રહેલો છે.

એ ઉપાય એવો લેવો ઘટે કે જેનાથી રાગ-દ્વેષનો વિચ્છેદ થઈને ચિત્તના સંકલ્પ અને વિકલ્પો ટળાઈ જાય. વિશુદ્ધ કર્તવ્ય કરનારા મુમુક્ષુ ભાવાપ્રકરણના ધ્યેયનો આશ્રય કરીને મોક્ષને સાધે છે, એનું કારણ માધ્યસ્થ્ય છે. કેવળ શુદ્ધ માધ્યસ્થ્યભાવ ધારણ કરનાર નિર્મળ અંતઃકરણવાળા પુરુષાત્માને બિન્દુ વગેરે હોય પણ ચિત્તની વિશુદ્ધિ કરનાર થઈ પડે, એ જાણવાજોગ છે. 'બુદ્ધિ વિના હિંસા કરવાનું સારું પરિણામ બતાવનાર અને દેવ-દેવીના કૃત્ય સ્મરણમાત્રથી સર્વ પાપનો નાશ કરેનાર સર્વ તીર્થંકરો તત્ત્વથી તદ્દન ભટાર ચરનારા છે.' એ વચન યુક્તિ વગરનું અને વિવેકીને હાસ્યાસ્પદ છે.

સુંદર અનુષ્ઠાન, શુદ્ધ વર્તન અને
ધ્યેયની શુદ્ધતા - એ ત્રણ મળે,
ત્યારે ભવ ભ્રમરોગથી મુકાય છે.

સત્વ, લેશ્યા વિશુદ્ધિ, શાન્તિ, પરમ વાર્યાદિ એકાર્થક છે.

સત્ત્વથી જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ તથા ઐશ્વર્ય, રજથી અવૈરાગ્ય;
તમસથી અનૈશ્વર્ય, અજ્ઞાન તથા અધર્મ સંભવે છે.
સત્ત્વને શુદ્ધ કરવા તપ, ધ્યાન, વ્રત આદિ અનુષ્ઠાનો છે.
શુદ્ધ સત્ત્વ એક જ છે.
મોક્ષ, નિવૃત્તિ, શાંતિ, શિવ, અવ્યય,
અમૃત, અક્ષય, બ્રહ્મ, નિર્વાણાદિ એકાર્થક છે.
શબ્દની પાછળ રહેલો અર્થ કે ભાવાર્થ એ મુખ્ય વસ્તુ છે.
સર્વની અંદર ઊંડાણમાં એકવાક્યતા રહેલી છે.
સર્વેના વચનમાં સર્વ દૃષ્ટિઓ મળી જાય છે.
'પ્રણિધાન' એટલે ચિત્તવિશેષ, એક પ્રકારની સમાધિ.
बन्धुः सर्वसत्त्वानां सूनुः सर्वयोषिताम् ।
'હું સર્વ જંતુઓનો બંધુ છું અને સર્વ સ્ત્રીઓનો પુત્ર છું.
તેઓ પોતાની શક્તિથી મારા શેષ કર્મોનો છેદ કરો.'
સર્વ કર્તવ્યો લેશ્યાની વિશુદ્ધિ માટે છે.
લેશ્યા શુદ્ધ કરવી આજ્ઞાનું આરાધન - લેશ્યા મલીન કરવી
એ આજ્ઞાનું વિરાધન છે. 'લેશ્યા' એટલે આત્મપરિણતિ.
o લોકસ્થિતિના નિયમાનુસાર ભવપ્રપંચ ચાલે છે.
કાળ પરિણતિએ બનાવેલો છે,
કર્મ પરિણામે સત્તા જમાવેલી છે, એનો એ સ્વભાવ છે,

એની એ પ્રકારની ભવિતવ્યતા અને નિભવ્યતા છે.

એ અનેકાંતની અપેક્ષાત્મક પાંચ

કારણ સમુદાયરૂપે એકઠા થઈ ભવપ્રપંચને પેદા કરે છે.

એ કારણોનો પરિપાક થાય, ત્યારે એ ભવપ્રપંચનો

ઉચ્છેદ કરનાર પરમેશ્વરની કૃપા - અનુગ્રહ થાય છે.

એ અનુગ્રહ નિશ્ચય નયનું કારણ બને છે.

એ નિશ્ચય નયના બળથી જીવ જાણે છે કે મને જે

સુખ-દુઃખ, સંસાર કે મોક્ષ થાય છે, તે પરમેશ્વરની આજ્ઞાનું

આરાધન કરવા કે ન કરવાને પરિણામે થાય છે અને થશે.

લેશ્યાને શુદ્ધ કરનાર ગુણોમાં પ્રવૃત્તિ કરે છે અને

જે મલિન કરનાર હોય, તે ગુણોથી દૂર ખસે છે. તથા

લેશ્યા, શીઘ્ર શીઘ્રતાને તેના પર વિજય મેળવીને આત્મા

બનીને પોતાના અસલ સ્વરૂપમાં સ્થિત થાય છે.

Imp. જ્યાં સુધી ચૈતન્ય દેહગત હોય છે,

ત્યાં સુધી દેહના તમામ દુઃખ અને વેદના અસર કરે છે,

પણ એ ચૈતન્યને દેહથી મુક્ત કરી શકાય,

તો એની બિલકુલ અસર થતી નથી.

o

It is bad to start quarrel:

but worse to stay in it.

કારતક વદી ૧૨/૧

અનેક ભૂલો અને સ્ખલનો કરવા છતાં માનવજાતિનું
અસ્તિત્વ હંમેશા અર્થસભર અને રોચક રહ્યું છે.
ભારત એ કોઈ એક ભૌગોલિક ઘટક નહિ, પણ એક
આધ્યાત્મિક અભિવ્યક્તિ છે કે જેણે દુનિયાના દરેક ભાગ
આત્મા વડે - પરમતત્ત્વ વડે વ્યાપ્ત હોવાનું માન્યું છે.
કુદરતના દબાણો અને ઈતિહાસની કુપ્રવૃત્તિઓ ન દબાતાં
માનવ આ બન્ને અનિવાર્ય લાગતાં બળોથી ઉપર ઉઠે છે.

મનુષ્યમાં શેની અપાર શક્તિ રહેલી છે?

પોતાની જાતને બદલવાની અને ઈતિહાસને ઘડવાની.
મનુષ્યે પોતાની જાતને બદલવાની આ તાકાતને
જ્યારે જ્યારે સક્રિય બનાવી છે,
ત્યારે ત્યારે તે સાચા સર્જક તરીકે બહાર આવ્યો છે.
ક્રોધ, તિરસ્કાર કે હિંસા નહિ, પણ
કરુણા, ઉદારતા, નમ્રતા, સહનશીલતા - આ ગુણો વડે જ
માનવજાત એકમેકમાં સુગ્રથિત બનતી રહી છે.
ઇષ્ટદેવાદિનું તટસ્થ સ્વરૂપ ગમે તે હોય,
પણ ઉપાસનાને ઉપાસ્ય સ્વરૂપ સાથે નિસબત છે.
ઉપાસનામાં ઉપાસકનું ચૈતન્ય પણ ભળે છે, એટલે

ઉપાસક જેવી રીતે ઉપાસના કરે, તેવી રીતે ફળે છે.
કર્તારૂપે, અનુગ્રાહકરૂપે, વીતરાગત્વાદિરૂપે -
જેવી જેવી રીતે, જેને જેને પોતાની રુચિ - પ્રકૃતિ મુજબ
ઉપાસના કરવી હોય, તેવી તેવી રીતે તે કરી શકે છે.
તર્કશાસ્ત્ર તથા ધર્મસાહિત્યમાં તટસ્થ સ્વરૂપનું નિરૂપણ છે.
ઉપાસના વિભાગમાં પ્રકૃતિ મુજબ ઉપાસ્યનું વર્ણન છે.
એટલે જો વિભાગ જુદા કરવાથી
સમાધાન થાય છે અને માર્ગ પણ મળે છે.

કારતક વદી ૦૧૧

ધ્યાન એ વાસ્તવમાં અંતર્મુખાવૃત્તિ છે, તેથી તેના રહસ્યનો સ્વાદ અનુભવગમ્ય છે અને ગુરુપરંપરાના અભાવમાં બહુ જ ઓછા વ્યક્તિઓ તેમાં સફળ થઈ શકતી હોય છે. જો કે સતત અભ્યાસથી તેમાં થોડી-ઘણી પ્રગતિ થઈ શકે, પરંતુ વર્ષોની સાધના બાદ અનુભવમાર્ગ પ્રાપ્ત થાય છે. એની વચમાં પથભ્રષ્ટ કરનાર તથા શ્રદ્ધાને વિચલિત કરનાર જે અનેક બાધાઓ આવે, એ સર્વને પાર કરીને આગળ વધવામાં ઘણુ દૃઢ સંકલ્પ, સાહસ અને ધૈર્યની તથા ઉત્કટ લગનની આવશ્યકતા રહે છે. માટે ધ્યાનની પ્રક્રિયા અને સિદ્ધિને વિરલ જીવો જ પ્રાપ્ત કરી શકે છે.

તીર્થંકરોએ તેને નિત્યના આવશ્યક કર્મોમાં સ્થાન આપ્યું છે.
૬ આવશ્યકોમાં કાયોત્સર્ગ ધ્યાનનું એક આગવું સ્થાન છે.
તીર્થંકરોની મુદ્રા પણ ધ્યાનની જ પ્રેરણા આપે છે.

કાયોત્સર્ગ એ ઘણો જ મહત્ત્વનો સાધનામાર્ગ છે.

ધ્યાની ભિક્ષુ અધિકાંશ આત્માનંદમાં જ મસ્ત હોવાથી
લેખન અને ઉપદેશમાં વિરક્ત રહે છે.
એમને મૌન અને આત્મરમણ એ જ અધિક પસંદ છે.
ધ્યાનના ઘણા ગ્રન્થો તો શાસ્ત્રીય પરંપરા ઉપર આધારિત છે.
અનુભવપૂર્ણ ધ્યાન સંબંધી ગ્રન્થો ઘણા ઓછા મળે છે,
કિન્તુ જે મળે છે, તેના નામ નીચે મુજબ છે:

(૧) ધ્યાનચતુષ્ટય વિચાર
(૨) ધ્યાનમાળા (નેમિદાસ કૃત)
(૩) ધ્યાનશતક (જિનભદ્રગણિ)
(૪) ધ્યાનસ્વરૂપ (ભાવવિજય)
(૫) ધ્યાનદીપિકા (સકલચંદ્ર ઉપાધ્યાય)
(૬) ધ્યાનાધ્યયન - ધ્યાનામૃત (અભયચન્દ્ર)
(૭) અધ્યાત્મ અનુભવ યોગપ્રકાશ (ચિદાનંદ)
(૮) જ્ઞાનાર્ણવ (૯) ધ્યાનવિચાર (૧૦) યોગશાસ્ત્ર
(૧૧) ધ્યાનસાર (યશઃકીર્તિ) (૧૨) ધ્યાનસ્તવ (ભાસ્કરનન્દિ).

આ બધા શાસ્ત્રોના ગંભીર અધ્યયન સાથે ધ્યાનનો અભ્યાસ વધારવાની જૈન મુનિઓને ખાસ વિનંતિ છે.

<u>માગસર સુદી ૨, શુક્રવાર</u>

જે પોતાના અપરાધોની સતત ક્ષમા માંગ્યા કરે છે, તે જ અપરાધીઓ પ્રત્યે બહુ ક્ષમા રાખી શકે છે.

<u>ક્ષમાગુણ વિકસિત કરવા ક્ષમા માંગવાની ક્રિયા પાયારૂપ છે.</u>

પાયા વિના ઈમારત ચણી શકાય નહિ.

ક્ષમાધર્મરૂપી ઈમારત ચણવા માટે ક્ષમાયાચનરૂપી પાયો મજબૂત હોવો જોઈએ અને એ તો જ બને કે પોતાની ત્રુટીઓ, ખામીઓ, દોષો અને અપરાધોનો સતત ખ્યાલ અને તેમાંથી જન્મતી ક્ષમાયાચના પ્રત્યેક પળે હાજર હોય.

ત્રુટીઓનો સ્વીકાર તથા તે માટે ક્ષમાયાચન

એ બંને ક્ષમાધર્મના વિકાસના મૂળ છે.

<u>ત્રુટીઓના સ્વીકારમાંથી જન્મેલી નમ્રતા એ જ સાચી નમ્રતા અને એના પાયા ઉપર નિર્ભયતાનો મહેલ ચણી શકાય છે.</u>

સાચી નમ્રતા પ્રાપ્ત કરનારને હવે કોઈ ભય રહેતો નથી.

એ નમ્રતા અને નિર્ભયતાને સિદ્ધ કરવા માટે

જેમને એ નમ્રતા અને નિર્ભયતા સિદ્ધ થઈ છે,

તેમની કૃપાયાચના પણ જોઈએ.

એ રીતે ક્ષમાયાચના અને કૃપાયાચના - એ બે જ્યારે સાથે મળે છે, ત્યારે નમ્રતા અને નિર્ભયતા સિદ્ધ થાય છે. ક્ષમાયાચનાનું 'ખામેમિ' તથા કૃપાયાચનાનું 'નમામિ' સૂત્ર છે. એક નમ્રતા લાવે છે, બીજાથી નિર્ભયતા આવે છે. કર્મના વિચારથી નમ્રતા અને ધર્મના વિચારથી નિર્ભયતા આવે છે.

સં. ૨૦૧૮, માગસર સુદ ૩, રવિવાર

જીવમાત્ર નમસ્કારને પાત્ર છે, એવી જાગૃતિ સાધકને કથંચિત્ ઉપયોગી છે પણ અડચણકર્તા નથી. ગુણાધિક પ્રત્યેના નમસ્કારમાં રોમે રોમે ભક્તિભાવ વ્યાપ્ત થઈ જાય છે અને સમગ્ર વિશ્વના તમામ જીવોને અંતરનો નમસ્કારભાવ દાખવવાથી મૈત્ર્યાદિભાવો અંતઃકરણમાં તરવરે છે.

સંસારની વાસ્તવિકતાનો ખ્યાલ આવવાથી
એ સ્વાભાવિક પણ બને છે.

હાથ ઊંચો કરીને એક મહાત્મા 'કલ્યાણ થાઓ' એવા આશીર્વાદ આપે છે અને બે હાથ જોડીને એક મહાત્મા 'કલ્યાણ કરો' એવું વાંચ્છે છે, તે બેમાં આદરણીય શું?

પહેલામાં આશીર્વાદની છાયા સંભળાય છે,
બીજામાં નમસ્કારભાવ કાર્યશીલ છે.
આ વસ્તુ ખાસ ધ્યાન આપવા યોગ્ય છે.

માગસર સુદી ૬, બુધવાર

શ્રી નવકારમંત્રના પ્રથમ પાંચ પદની વિશિષ્ટ વિભાવના

ण = આત્મા - કુંડલિની

मो = આપે

अरिहंता = અરિહંતો

णं = પરમાત્મા - કુંડલિની ઉપર શૂન્ય
બ્રહ્મરંધ્રમાં કુંડલિનીનો પ્રવેશ.

ण - मो - सिद्धा - णं

ण - मो - आयरिया - णं

ण - मो - उवज्झाया - णं

ण - मो लोए सव्वसाहू - णं

एसो पंच णमोक्कारो, सव्व पावप्पणासणो
मंगलाणं च सव्वेसिं, पढमं हवइ मंगलं ॥१॥

આપે અરિહંત છીએ, આપે સિદ્ધ છીએ,
આપે આચાર્ય છીએ, આપે ઉપાધ્યાય છીએ,
આપે સર્વલોકના સાધુ છીએ.

'ण' આ ભાવના વડે 'णं' તત્ત્વને પામે છે.
'ण' એટલે આત્મા - આ પાંચ પ્રકારની ભાવનાઓ વડે
'णं' એટલે પરમાત્મતત્ત્વને પામે છે.

ॐ अर्हं नमः

Imp. અરિહંત એ પૃથ્વીતત્ત્વ છે - ક્ષાન્તિ.
સિદ્ધ એ જલતત્ત્વ છે - પ્રસન્નતા.
આચાર્ય એ અગ્નિતત્ત્વ છે - યોગ.
ઉપાધ્યાય એ વાયુતત્ત્વ છે - નિઃસંગતા.
સાધુ એ આકાશતત્ત્વ છે - અલેપકતા.

o નૈગમનય, સંગ્રહનય તથા વ્યવહારનય -
આ ત્રણે નયો સમ્યક્ત્વસામાયિક, શ્રુતસામાયિક અને
ચારિત્રસામાયિકને મોક્ષના અંગો માને છે.
ઋજુસૂત્રાદિ નયો ચારિત્રસામાયિકને જ મોક્ષાંગ માને છે.
'આત્મા સામાયિકરૂપ છે' એ દ્રવ્યાર્થિકનયનું શ્રદ્ધાન છે.
એ શ્રદ્ધાન વડે પર્યાયાર્થિકનયથી
આત્મામાં સામાયિકગુણ પ્રગટે છે. - आ.नि.गा.७९९
'યોગબિન્દુ'ના શ્લોક - ૪૦માં કહ્યું છે કે: 'યોગ' એવા જે
અક્ષર પણ વિધિપૂર્વક સાંભળાય, તો પાપક્ષય થાય છે.
'યોગબિન્દુ'ના શ્લોક ૨૨૯/૩૦માં ૪ ભાવના માટે કહ્યું છે કે:
મૈત્રી - દાક્ષિણ્ય, ધૈર્ય, ગાંભીર્યપૂર્વક પરકાર્ય કરવું.
પ્રમોદ - સાધુ પુરુષોનો બહુમાન - વર્ણવાદશ્ચ સાધુષુ।
કરુણા - દીનોદ્ધાર માટે આદર - દીનાદ્યુદ્ધરણાદરઃ।
માધ્યસ્થ્ય - કુશીલનો ઉપેક્ષા - સર્વત્ર નિન્દા-સંત્યાગઃ।

નાંદીયા, માગસર સુદી ૮, શુક્રવાર

## વિશ્વબંધુત્વનો મહિમા

વાંચો તો સર્વકલ્યાણ વાંચો, માત્ર સ્વકલ્યાણ જ નહિ.

વિશ્વપ્રેમી બનવું = વિશ્વમાં વ્યાપ્ત પરમાત્માને ઓળખવા.

પ્રેમ એ અનંત, નિરાકાર, નિર્વિકાર, સ્વયંભૂ, સર્વજ્ઞ,
સર્વશક્તિમાન, સર્વવ્યાપ્ત, સ્વયંપ્રકાશિત, જગન્નિયંતા છે.

આકૃતિની દૃષ્ટિ નમ્રતા લાવે છે, જ્યારે
પ્રકૃતિની દૃષ્ટિ નિર્ભયતા આપે છે.

આ ઉભયદૃષ્ટિ મળીને મોક્ષનો માર્ગ બને છે.

સંપૂર્ણ સેવક બન્યા વિના પ્રભુ દાસનું દુઃખ મટી શકતું નથી.

એ માટે સમસ્ત દુષ્કૃતની ગર્હા કરવાનું કહ્યું છે.

સર્વવિરતિની પવિત્ર કામના કરવાથી
અન્ય સર્વ કામનાઓ નષ્ટ થાય છે.

'અહંભાવનો ત્યાગ' એટલે આસક્તિનો ત્યાગ.

આસક્તિ તજે તેને આત્મા મળે.

લોભની માત્રા ઘટાડ્યા વિના લાભ કેવી રીતે થાય?

લાભની માત્રાથી લોભ વધે છે અને
લોભની માત્રા ઘટાડવાથી લાભ વધે છે.

ધર્મનો લાભ કેવલીપ્રરૂપિત ધર્મના શરણથી જ થાય છે.

અરિહંતરૂપી મંગલથી ક્રોધકષાય,
સિદ્ધરૂપી મંગલથી માનકષાય, સાધુરૂપી મંગલથી માયાકષાય
અને ધર્મરૂપી મંગલથી લોભકષાય નષ્ટ થાય છે.
અરિહંતથી મૈત્રી વધે છે, સિદ્ધથી પ્રમોદ વધે છે,
સાધુથી કરુણા પ્રગટે છે અને ધર્મથી માધ્યસ્થ્ય આવે છે.
કષાય નષ્ટ થયા વિના કષ્ટ નષ્ટ થતું નથી.
લોભ ગયા વિના ધર્મનો લાભ થતો નથી.

લૌકિક વ્યવહારનો અને અલૌકિક સત્યનો નિયમ:
'આપણે જેને જેવી રીતે અને જેવા ભાવથી ભજશો,
તેને તેવી રીતે અને તેવા ભાવે પામશો.'

જ્ઞાની પોતાની અંદરના ચિત્ત અને આનંદનો સત્માં રહી
ભક્ત પ્રભુના સત્ અને ચિત્તનો આનંદમાં લય કરે છે.
ભક્ત ઇષ્ટપ્રાપ્તિ માટે ઇષ્ટદેવ ઉપર આધાર રાખે છે,
જ્યારે જ્ઞાની પોતાની આત્મશક્તિ પર આધાર રાખે છે.
એક પરાવલંબી છે, બીજો સ્વાવલંબી છે.

વિચાર કે ભાવ વગરનો કેવળ બાહ્યાચાર જીવન ઉપર
ઝાઝી અસર કરતો નથી, તેથી તેવા આચારનું પુરેપુરું
પાલન થતું હોવા છતાં તેવા આચાર પાળનારાઓમાં
કંચન-કામિની પ્રત્યેનો મોહ એટલો જ જોવામાં આવે છે.

ॐ नमः

V. Imp.

રોહિડા, માગસર સુદ ૧૦

અબહુશ્રુતપણાના ૪ નિયમો

(૧) લખવા અને વાંચવાની જેમ એકાગ્રતાથી સાંભળવું.
(૨) નવો વિચાર સ્વીકારવા પૂર્વગ્રહને બાજુએ રાખવો.
(૩) ઉતાવળ અને આવેશ છોડીને ધૈર્ય રાખીને સાંભળવું.
(૪) યાદ રાખવા, વિચાર કરવા તથા જે કાંઈ ઉપયોગી જણાય, તેનું આચરણ કરવા માટે શ્રદ્ધાથી સાંભળવું.

ભારજ, માગસર સુદ ૧૪

૧૨૦ પ્રકૃતિમાંથી ૧૧૭ પ્રકૃતિ ઉપર કર્મનો અધિકાર છે, બાકીની ૩ પ્રકૃતિ ઉપર ધર્મનો અધિકાર છે.

કર્મરૂપ હોવા છતાં કાર્ય કર્મનું નહિ, પણ ધર્મનું કરતી હોય, એવી પ્રકૃતિઓ તો માત્ર ૩ જ છે, તેથી તેના ઉપર સત્તા ધર્મની જ છે.

૦ સેવાથી વિનય, વિનયથી આચાર, આચારથી સિદ્ધિ. સેવાનું મૂળ મૈત્ર્યાદિભાવના, તેનું મૂળ અરિહંત પરમાત્મા.

૦ ચારિત્રની માતા સમિતિ - ગુપ્તિ (અષ્ટપ્રવચન માતા) છે અને સમિતિ-ગુપ્તિની માતા મૈત્ર્યાદિ ભાવના છે. પ્રવચનમાં માતા તરીકે પ્રસિદ્ધિ પામેલ હોવાથી અને તેમાં ચારિત્રની છેલ્લી કક્ષા સંમિલિત હોવાથી 'માતા' સંબોધાય છે.

ॐ अर्हं नमः

આમ સર્વ પ્રકરણના ધર્મનું મૂળ મૈત્ર્યાદિ ભાવો છે અને તેનું મૂળ અરિહંત પરમાત્માઓનું વિશિષ્ટ આત્મદ્રવ્ય છે. મૈત્ર્યાદિ ભાવોને સિદ્ધ કરવા સકલ દ્વાદશાંગીનું નિરૂપણ છે. તેમાં બતાવેલા આચારો મૈત્ર્યાદિ ભાવનાઓનું ફળ છે.

ફળના અર્થીએ મૂળનું બહુમાન કરવું જોઈએ.
મૂળ એ ફળથી જુદું હોવા છતાં ફળનો આધાર તે જ છે.

તેન સ્યાદ્વાદમાલંબ્ય સર્વદર્શન-તુલ્યતાં ।
મોક્ષોદ્દેશાઽ વિશેષેણ યઃ પશ્યતિ સ શાસ્ત્રવિદ્ ॥૧॥

અર્થ: તે કારણથી સ્યાદ્વાદનું આલંબન લઈને મોક્ષના ઉદ્દેશથી ભેદભાવ વિના સર્વદર્શનોની તુલ્યતા(સમાનતા) જે જુએ છે, તે શાસ્ત્ર જાણનારો અર્થાત્ સાચો જ્ઞાની છે.

o

Better that man be born dumb, nay, void of reason, than that he employ the gifts of providence to the destruction of his neighbour. -Quintilian

o Bhavna is generally rendered as contemplation or meditation. But from what follows 'observance' may be taken as a better rendering.

## સુખચિંતા ૪ પ્રકારે

'સુખચિંતા' એટલે સુખની ઈર્ષાનો ત્યાગ અને તન-મનને દુઃખ ન થાય તેવું વર્તન. ઉપકારી [૧] સુખચિંતા, સ્વજન [૨] સુખચિંતા, સ્વપ્રતિપન્ન [૩] સુખચિંતા, સર્વ પ્રાણી [૪] સુખચિંતા - સુખચિંતાના આ ૪ પ્રકારો શાસ્ત્રોમાં વર્ણવેલાં છે.

## મુદિતા (ગુણવાન પ્રાણી પર દ્વેષ ત્યાગ)ના ૪ પ્રકારો

ગુણાધિકયંદૃષ્ટ્વા યઃ પ્રમોદરતિ | સુખમાત્ર મુદિતા (પરિણામ દુઃખકર), સદ્હેતુ મુદિતા (ઈહલોક હેતુક), સદનુબંધ મુદિતા (પરંપર સુખહેતુક), પરા મુદિતા (અવ્યાબાધ સુખમાં સંતોષ).

## કરુણા (દુઃખીની ઉપેક્ષાનો ત્યાગ)ના ૪ પ્રકારો

મોહજન્યકરુણા = વ્યાધિતને અપથ્ય ભોજન આપવું તે.
દુઃખદર્શનજન્યકરુણા = આહાર, ઔષધ, ધનાદિ વડે મદદ.
સંવેગજન્યકરુણા = સુખ એવા ધર્મહીનને સહાયક થવું.
અન્યહિતયુતાજન્યકરુણા = સર્વ જીવ કરું શાસનરસી ભાવ.

## ઉપેક્ષા (ઉદાસીનતા, વિરક્તિ)ના ૪ પ્રકારો

કરુણા ઉપેક્ષા = વ્યાધિતને અપથ્યાદિ ન અટકાવવા તે.
અનુબંધ ઉપેક્ષા = અધમ પ્રાણી ઉપર રાગ-દ્વેષનો ત્યાગ.
નિર્વેદજન્ય ઉપેક્ષા = કર્માધીન સ્થિતિ ઉપર વિચારણા.
તત્ત્વસાર ઉપેક્ષા = ધર્મહીન પ્રત્યે રાગ-દ્વેષનો ત્યાગ તે.

## વ્યવહારનય તથા નિશ્ચયનયમાં શો ભેદ?

વ્યવહારનય કાર્ય - કારણને ભિન્ન માને છે,

નિશ્ચયનય તે ભેદ માનતો નથી.

નિશ્ચયની વિચારણા પ્રતીતિરૂપ છે, તે પ્રવૃત્તિરૂપ નથી.

પ્રવૃત્તિરૂપતા વ્યવહારને વરી છે, જેથી

પ્રતીતિમાં નિશ્ચય અને પ્રવૃત્તિમાં વ્યવહારને આગળ કરવો.

નિશ્ચયનય એટલે તાત્ત્વિકદૃષ્ટિ.

નિશ્ચયનય વસ્તુના સ્થૂલ અને નૈમિત્તિક સ્વરૂપને નહિં,

કિન્તુ તે સૂક્ષ્મ અને ત્રૈકાલિક સ્વરૂપને ગ્રહણ કરે છે.

પહેલો નય બીજા નય સુધી કાર્યનો

સહાયક કે સાધક થાય તો નય, ન થાય તો નયાભાસ.

તે ક્રમશઃ આગળ લઈ જનાર બને તો નય.

પ્રથમના ચાર નિમિત્ત કારણના નયો છે. પોતાની પ્રબળ

પ્રેરણાથી આત્મદ્રવ્યને જાગ્રત કરે, સહાયક બને તો શુદ્ધ

વ્યવહાર, અન્યથા અશુદ્ધ વ્યવહાર કે વ્યવહારનયાભાસ.

સ્વગુણની હાલની આત્મદ્રવ્ય સ્વરૂપ છે,

તે ઋજુસૂત્રનયનો વિષય છે.

પછીના નયો આત્મદ્રવ્ય ઉપર કામગીરીરૂપે છે.

o તત્ત્વભાવના - અમિતગતિ રચિત.

<u>પાટણ, પોષ સુદ ૭</u>

આર્તધ્યાન અને રૌદ્રધ્યાનને છોડાવે છે.
ધર્મધ્યાન અને શુક્લધ્યાનને પ્રાપ્ત કરાવે છે.

આર્તધ્યાન = શારીરિક - માનસિક પીડા.
રૌદ્રધ્યાન = હિંસાદિ - ક્રોધાદિ પાપોનું સેવન.
ધર્મધ્યાન = દયા-દાન-ભક્તિ-સેવા-પ્રેમનો વિસ્તાર.
શુક્લધ્યાન = આત્મસમદર્શિત્વ - પરમાત્મસમદર્શિત્વ.

<u>પ્રભુને પકડવાનો ઉપાય</u>

મારી ઇચ્છા નહિ પણ તારી, મારો મત નહિ પણ તારો. તારો મત સર્વ સુખ પામો, તો મારો મત પણ તે જ. એનું જ નામ In tune with infinity અને તે જ સમ્યગ્દર્શન. પ્રભુને પકડવાનો ઉપાય પણ તે જ.

સ્વરૂપના ચિન્તન વડે પ્રભુ પકડી શકાય છે. જાણવું જોવું સ્વરૂપ પ્રભુનું તેની પછવાડે, આનુષંગિક છે. ખરું સ્વરૂપ મૈત્ર્યાદિભાવ છે, જેને સાધક સમજી શકે છે.

મૈત્ર્યાદિ ભાવો એ સમ્યગ્દર્શન ગુણનું મૂળ છે.

o प्रातिहरन्ति भव्यजनमनांसि पापानि च इति प्रातिहार्याणि । <u>અર્થાત્</u>: ભવ્યજીવોના મનમાં રહેલા પાપોને ચારે તરફથી હરી લે - દૂર કરે, તે પ્રાતિહાર્ય છે. - <u>બૌદ્ધગ્રન્થ</u>

ૐ નમઃ

## સાધનાનું હાર્દ - નવકારમંત્ર

જેવો દ્વેષનો પરિણામ જાય અને સ્નેહનો પરિણામ જાગે
એટલે ઇચ્છાઓ શાંત થાય - શમે અને તેથી વીતરાગભાવ
આવે, જેમાં વીતદ્વેષભાવ અને વીતમોહભાવ સમાઈ જાય.
દ્વેષભાવની જેમ રાગભાવ પણ સ્નેહભાવથી જ જાય છે.

એટલા માટે જ જીવમાત્ર પ્રત્યે
સ્નેહભાવ વિકસાવવો એ જ સાધનાનું હાર્દ છે.

તે માટે મોટામાં મોટો મંત્ર હોય, તો તે નવકારમંત્ર છે.
'નમો અરિહંતાણં' પદમાં અરિભાવ એ દ્વેષભાવ છે અને
તેને હણનારા એવા સર્વ અરિહંતોને તેમાં નમસ્કાર છે.

'અરિહં' પદ સૂચવે છે કે:

'અરિહંત' એ સ્નેહભાવનું પ્રતીક છે.

'અરિહં'માં સકલવિશ્વ પ્રત્યે સ્નેહભાવ ધારણ કરનારને
નમસ્કાર છે. સ્નેહભાવથી તેઓ ત્રણે ભુવનને પૂજ્ય છે.
એ સ્નેહભાવ નમસ્કાર કરનારને રાગરહિત બનાવે છે.
'રાગરહિત' એટલે ઇચ્છારહિત, તૃષ્ણારહિત, વાસનારહિત.

સર્વ પ્રત્યેના સ્નેહથી વાસના શમી જાય છે,
તે હકીકત અરિહંત પદ જણાવે છે.

સઘળા શત્રુઓને જેઓએ જીતી લીધા તે 'અરિહંત' છે.

૨૦૬૫, પોષ વદી ૫, શુક્રવાર

સ્નેહભાવ એકબાજુ દ્વેષભાવને - બીજીબાજુ રાગભાવને
હણી નાખી ત્રિભુવન પૂજ્યપદને અપાવે છે,
તેથી દ્વેષભાવને હણવો, સ્નેહભાવને નમવો, રાગભાવને
શમવો - એ પ્રથમ પદના મહામંત્રનો ગર્ભાર્થ સદ્ભાવ છે.
તેને જેઓ જાણે, તે મંત્રના જાપ સાથે અર્થની ભાવના કરી
અંતરાત્મભાવને પામે અને ચિત્તના વિક્ષેપોને નિવારે છે.

સ્નેહભાવ અને નવકારમંત્ર

દ્વેષને હણવો, સ્નેહને નમવો અને રાગને શમવો
એ નવકારમંત્રનું તાત્પર્ય છે.
પ્રથમ પરમેષ્ઠિ જીવાત્માઓ પ્રત્યે સ્નેહથી ભરપૂર છે,
તેથી તેમને નમવું એ સ્નેહને જ નમવા બરાબર છે.
જે સ્નેહને નમે છે, તે સ્નેહથી ભરપૂર બને છે.
સ્નેહ એ એક જ એવી ચીજ છે કે જે
એકબાજુ દ્વેષને શમાવે અને બીજીબાજુ રાગને હણાવે છે.
સ્વસુખવિષયક રાગ એ સર્વસુખવિષયક રાગથી હણે છે.
સ્વદુઃખવિષયક દ્વેષ એ સર્વદુઃખવિષયક દ્વેષથી હણે છે.
એ માટે અધિકારી થવું હોય તેણે સૌ પહેલાં સર્વ જીવ
પ્રત્યે કરેલા અપરાધની ક્ષમાપના કરી લેવી જોઈએ.

ॐ अर्हं नमः

## ११ कडी रत्नकणिकाओ

(१) प्रवृत्तिरप्यमीषां परार्था ।

भिन्न ग्रन्थिवाळाओनी सर्व प्रवृत्ति परार्थ माटे होय अने मैत्र्यादि भावोनी सांकळे बंधायेल होय.

'योगदृष्टि समुच्चय'मां एना हेतुओ आपतां कहे छे के:

शुद्धबोधस्वभावेन विनिवृत्ताग्रहत्वतः ।

मैत्र्यादिपारतन्त्र्येण गंभीरोदाराशयत्वात् ॥

अर्थात्: शुद्ध बोध वडे आग्रह दूर थवाथी, मैत्र्यादि परतंत्रपणाथी, गंभीर-उदार परिणामवाळा होवाथी...

(२) सत्त्वादिषु मैत्र्यादिभाव: तेषु यत् संयमनं शुद्धि-संवेदनरूपं तेन विनिर्मुक्तं क्रियामात्रं प्राय: शुद्धोपासा-बहुमानविहीनानां । -उपदेशपद गा. २४१ टीका

अर्थात्: जीवो प्रत्ये मैत्र्यादि भाव, तेनुं जे सम्यग्पालन ते शुद्ध संवेदनरूप होय छे. तेनाथी रहित, शुद्ध आराधना बहुमानथी रहित जीवोनुं ज्ञान प्राय: मात्र क्रियारूप होय छे.

(३) जेओ अर्हद्दर्शनमां रहेल छे, तेओ समस्त-जन्तु-संघात - हितोद्यतचेतस्क-सकलकालं दृश्यन्ते ।

-उपमिति पृ०५१ अर्थात्:

उद्यत चित्तवाळा सदा जीवसमूहना हितमां ज तत्पर देखाय छे.

(૪) સમશત્રુમિત્રતાશીલમિતિ । - ધર્મબિન્દુ સૂત્ર-૨૫૭

ટીકાxxx શત્રૌ મિત્રે ચ સમાનમનસ્કતા શીલમુચ્યતે।

અર્થાત્: શત્રુ - મિત્ર પ્રત્યે સમાનભાવ તે 'શીલ' કહેવાય.
જ્યાં સુધી આ બુદ્ધિ અથવા આ સમાનભાવ ન આવે, ત્યાં સુધી ચારિત્ર એ ફક્ત દ્રવ્યચારિત્ર છે. ભાવ વિના કરેલ વેશપ્રદાન એ ચારિત્રનો સ્પષ્ટ આરોપમાત્ર જ છે.
(સૂત્ર ૨૬૬/૮) અપરાધી પ્રત્યે પણ આ ૪ ભાવનાથી જો ઉદાર બનું રહેવાય તો ચારિત્ર ન ટકે.

(૫) ધર્મપણામાં મૈત્ર્યાદિ ભાવો - પરાર્થવૃત્તિ અનિવાર્ય છે, કિન્તુ ધર્મપ્રાપ્તિની યોગ્યતા પણ આ ભાવો વિના ન આવે.

- ઉપમિતિ ભાષાંતર પૃ. ૧૭૨૨

(૬) વિશુદ્ધ ધર્મનું સાધન તમારા આત્માને પ્રાપ્ત થાય એવી ઇચ્છા રાખો છો, તો તમારા પ્રથમ કર્તવ્યો છે કે:

શરૂઆતમાં તમારે દયાળુતા સેવવી.

બાળકનો જરા પણ તિરસ્કાર કરવો નહિ.

પરોપકાર કરવા માટે બને તેટલો પ્રયત્ન કરવો.

(૭) અન્યના ગુણો તરફ પ્રેમ કરવાનો અભ્યાસ કરવો.

ધર્મ કરનારની પ્રશંસા અનુમોદના કરવી.

(૮) દુઃખી પ્રાણીઓને દુઃખમાંથી છોડાવવાની ઇચ્છા કરવી.

(૪) પારકાના દોષો કે અપવાદો જરા પણ બોલવા નહિ.
પરના મર્મ પ્રગટ કરવા નહિ.

(૫) 'શ્રી તત્ત્વાર્થ સૂત્ર'માં કહે છે: પરસ્પરોપગ્રહો જીવાનાં ।
અહીં જીવનો સ્વભાવ પરાર્થ જ કહ્યો છે.

પરાર્થ એ સ્વભાવ છે, સ્વાર્થ એ વિભાવ છે.
જેટલો પરાર્થભાવ, તેટલો સ્વભાવનો ઉઘાડ થતો જાય.

કેવળ પંડિતાઈથી અને પાઠો ગોખવાથી કદાપિ ધર્મનું રહસ્ય
હાથ નહિ આવતું. એને માટે અમુક આંતરિક વિકાસ
જોઈએ, એ વિના શાસ્ત્ર વિગતો આપી શકે, બોધ નહિ.

ધર્મ એ વિવાદનો વિષય નહિ,
તે અનુભૂતિનો અને જીવનમાં જીવવાનો વિષય છે.

બાળજીવો વૈષયિક આનંદમાં ડૂબેલા રહે, તેમ ધર્મના બાળ
પણ બૌદ્ધિક આનંદમાં સંતોષ માનીને અટકી જાય છે.
આત્મિક આનંદ એથી પર છે.
એ માટે બૌદ્ધિક પ્રવૃત્તિથી બહાર નીકળી જઈને
આત્મસાધનામાં લાગી જવું જોઈએ,
અન્યથા એમ જ આયુષ્ય પૂર્ણ થઈ જાય.

બૌદ્ધિક કસરતમાં સમય અને શક્તિ વપરાઈ જતાં
સાધના માટે સમય અને શક્તિ રહેતાં નહિ.

સાધનાનું બળ વધ્યા પછી બાળકને સમજાવવા માટે
આટલી મહેનતની પણ જરૂર નહિ રહે,
થોડા શબ્દો પણ શ્રોતાને અસર કરશે.
વળી સત્યની પ્રતીતિ સૌને સરખી રીતે કરાવી શકાતી નથી,
વ્યક્તિના વિકાસ અનુસાર જ તે બની શકે છે.
સ્વને કેન્દ્રમાં રાખીને પણ જે સદાચારનું પાલન થાય,
તે પ્રાથમિક ભૂમિકામાં ઉપકારક છે.
માત્ર એ પરમાર્થ ધર્મ નથી, એટલો ખ્યાલ રહેવો જોઈએ.
આર્તધ્યાનના જે ચાર પાયા છે,
તેને એક વાક્યમાં સંક્ષેપથી કહેવા હોય, તો
'જેના કેન્દ્રમાં માત્ર સ્વસુખ - સ્વદુઃખની વિચારણા જ છે,
તે ધ્યાન આર્તધ્યાન છે' એમ કહેવામાં ખોટું નથી.
તે સુખ ભૌતિક હો કે આધ્યાત્મિક, એમાં ભેદ પડતો નથી.
આધ્યાત્મિક સ્વસુખ-દુઃખવિચારણામાં સર્વના સુખ-દુઃખની
વિચારણા અને તે માટેની ભાવના અંતર્ગત થઈ જ જાય છે.
(૭) ભાવહિંસા અંગેનું પ્રાયશ્ચિત હોય તો મૈત્રી, કરૂણા;
અન્ય કાંઈ હોય તો કરૂણાની ભાવના અવશ્ય હોય.
'પાપથી કર્મબંધ - કર્મબંધથી દુર્ગતિના દુઃખો'
સાધકે એમ સમજ લઈને પોતાને કર્મબંધથી અને બાળ

જીવોને પીડાથી બચાવવા જેવાની ભાવના કરાવે જ છે, તેથી તે સ્વપરવિષયક કરુણા અને મૈત્રીનો જ એક પ્રકાર છે.

(૮) મૈત્ર્યાદિ ૪ આત્માના મૂળભૂત ગુણો છે. સમ્યક્ત્વ પ્રાપ્ત થતા તાત્વિક રીતે તે સર્વ પ્રગટ થાય છે અને પછી વધુ ને વધુ નિર્મળ બનતા જ જાય છે.

સમ્યગ્દર્શનરૂપ આત્મગુફામાં એને જોઈ શકાય.

આસ્તિક્યાદિ એ મૈત્રીના જ લિંગો છે.

- મૈત્રી = જીવતત્ત્વ પ્રત્યેની રુચિ/શ્રદ્ધા.
- કરુણા = પાપ-પુણ્યતત્ત્વ પ્રત્યેની રુચિ/શ્રદ્ધા.
- પ્રમોદ = મોક્ષ (પરમાત્મ) તત્ત્વ પ્રત્યેની રુચિ/શ્રદ્ધા.
- ઉપેક્ષા = અજીવે જીવતત્ત્વ પર જમાવેલ બળાત્કૃ અરુચિ.

પ્રમોદમાં પુણ્ય, સંવર, નિર્જરા અને મોક્ષ પ્રત્યે રુચિ છે. કરુણામાં પાપ, આશ્રવ, બંધ પ્રત્યે અરુચિ છે. માધ્યસ્થ્યમાં અસાધ્ય, દુઃખી તથા નિજગત રાગ-દ્વેષ પ્રત્યે અરુચિ છે.

(૯) કેટલાક આચાર્યો દાનાદિ લબ્ધિઓને સાદિસાંત માને છે, તેમના મતે મોક્ષમાં તે ન હોય.

મૈત્રી અને કરુણા અનંત કરુણામાં, પ્રમોદ આનંદગુણમાં તથા ઉપેક્ષા વીતરાગભાવમાં વિલીન થાય છે.

(૧૦) રુચિ, પ્રેમ, શ્રદ્ધાન ગુણ મૈત્ર્યાદિ ૪ ભાવોરૂપે પરિણમે.

ભવ્યને જ જીવ પ્રત્યે મૈત્ર્યાદિ ભાવો જાગે,
અભવ્યને સદા અવરાયેલા રહે.

(૨૨) પ્રતિપુદ્ગલપરાવર્ત મલહ્રાસ જે રીતે ક્રમશઃ થાય છે,
એમાં મૈત્ર્યાદિ ગુણો કારણભૂત છે.

મોક્ષની ઇચ્છાનું કારણ એ જ ગુણો સમજાય છે.
અપુનર્બંધકનો બધો વિકાસ પણ એ ગુણોના કારણે છે.
પ્રત્યેક આસ્તિક દર્શનમાં મૈત્ર્યાદિ છે અને
તે જીવને સમ્યગ્દર્શનાદિ જૈનમાર્ગમાં લાવે છે.
જગતનો બધો વ્યવહાર મૈત્ર્યાદિ ઉપર નભે છે.
મૈત્ર્યાદિ ચાર ભાવો જ વિશ્વના ધારક છે.

જીવતત્ત્વ = અખિલ જીવજાતિ.
અજીવતત્ત્વ = અખિલ જડજગત.
સ્વધર્મ = સર્વ આત્માનો ધર્મ.
સ્વદયા = સર્વજીવહિતચિન્તા.

'એગે આયા' સૂત્રથી ૨૪ રાજલોકના આત્મા એક જ છે.
કર્મના ભેદથી પડાતો વિભાગ દુઃખગર્ભિત છે.

○

## 6 great physicians

(1) sunlight (2) air (3) water
(4) exercise (5) rest (6) food.

ચારૂપ, વદ ૫

'નમો' મંત્રની સાથે દયા-ક્ષમાની ભાવના ઝળહળવી જોઈએ.
દયાથી દુઃખપ્રહાણ અને ક્ષમાથી પાપપ્રહાણ ઈચ્છિત અંત પામે.

એ બેની સાથે પ્રણામ લેવામાં આવે, ત્યારે સ્વદુઃખપ્રહાણ આપોઆપ થાય છે. તે જ મોટું મંગળ છે. સ્વદુઃખપ્રહાણ રૂપી સાધ્યની સિદ્ધિ માટે પરદુઃખપ્રહાણ અને સ્વપાપપ્રહાણ રૂપી સાધનની અર્થાત્ દયા-ક્ષમાની લાગણી તથા ભાવના અવશ્ય હોવા જોઈએ. ક્ષમા, દયા, શાંતિ-પ્રેમગુણ, પ્રભાવ આદિ પરમાત્માના દિવ્યગુણો છે. તે નામ ગ્રહણ કરવા પહેલાં અને પછી અવશ્ય ગ્રહણ કરવા યોગ્ય છે, તેથી નામનું ગૌરવ વધે, મહિમા પ્રગટે છે.

o જેમ મહાસાગરથી વિછૂટું પડેલું બિન્દુ ન ટકે અને
મહાસાગરથી વિછૂટું પડેલું મીન જીવે નહિ,
તેમ વિશ્વથી વિછૂટું પડેલું મન પણ ટકે કે જીવે નહિ.
અસંજ્ઞીપણું કે એકેન્દ્રિયપણું પ્રાપ્ત થાય.

o મૈત્રી આદિ ભાવનાઓનાં બળે પળાતા પંચમહાવ્રત અને સમિતિ-ગુપ્તિ તે 'ભાવચારિત્ર' છે, અન્યથા 'દ્રવ્યચારિત્ર' છે. જે સર્વને અભય ન આપે તે સાધુ નહિ, તેમ સર્વની હિતચિંતારૂપ મૈત્રીભાવ નહિ, ત્યાં સાધુપણું કેમ ટકે?

તેનો અભિલાષ ન રહે તો શ્રાવકપણું પણ કેમ ટકે?

સ્વજાતિને ભૂલે તે માનવતા ગુમાવે.

અજીવ પોતાનો જડત્વધર્મ ન ચૂકે,
તો જીવ પોતાનો ચેતનધર્મ કેમ ચૂકે?

આત્મામાં શક્તિનો ભેદ છે, ભાવનામાં શક્તિનો ભેદ નથી.

સજાતીયની હિતચિંતા તે સ્વદયારૂપી શાશ્વતધર્મ છે,
કેમકે તેમાં સ્વપરભેદનો ભાવ છે,
તેથી માત્ર પુણ્યકર્મ આપી તે ચાલ્યું જાય છે.
મુક્તિપર્યંત પહોંચાડનાર તો
સ્વદયા અને સજાતીયની હિતચિંતા જ છે.

એક જીવનો ધર્મ સર્વનું રક્ષણ કરે છે.

પાંચમાં આરાને છેડે એક સાધુ સર્વનો રક્ષક બને છે.

એક ધર્મીજીવને અનંતા પંચપરમેષ્ઠિનું પીઠબળ મળે છે,
કેમકે તેના પાસે શિવમસ્તુની ભાવના
અને પંચપરમેષ્ઠિનું શરણું છે.

'નમો' પદ પંચપરમેષ્ઠિ સાથે અને મનમાં શિવમસ્તુની
ભાવના સર્વ જીવો સાથે સંબંધ કરાવી આપે છે.
પરમેષ્ઠિનો સંબંધ ધર્મવૃદ્ધિ કરાવે છે.
જીવોનો સંબંધ પાપ ઉપર પ્રતિબંધ મૂકાવે છે.

જ્યાં શાતલેશ્યા આવે, ત્યાં તેજોલેશ્યા કામ ન કરી શકે.
સંસારી જીવોની સ્વાર્થ વૃત્તિ એ તેજોલેશ્યાના સ્થાને છે.
શિવમસ્તુની ભાવના એ શાતલેશ્યાના સ્થાને છે.
સર્વજીવહિતચિન્તારૂપ મૈત્ર્યાદિથી
શુભ સવિકલ્પ દશા પેદા થાય છે.
જઘન્ય પરહિતચિન્તાથી શરૂ થઈ ઉત્કૃષ્ટ છેદન - ભેદન
વખતે પણ હિતબુદ્ધિ ટકી રહેવારૂપ વાસીચંદનકલ્પદશા છે.
તેમાંથી જે નિર્વિકલ્પ દશા આવે
સ્વભાવરમણતા પ્રગટ થાય તે સાધ્ય છે.
ત્યાં ચિન્તા કે ભાવની કોઈ જરૂર નથી.

પરમાત્માના ન્હવણજળનો મહિમા

ન્હવણજળ શિવમસ્તુ ભાવનાનું સાક્ષાત્ અમૃતજળ છે.
'તે જળ નથી, પણ પ્રભુનો ભાવ છે'
એમ માનીને પછી આ જગતના સર્વ જીવોને ખમાવવા,
શિવમસ્તુનો ભાવ ભાવવા,
પંચ પરમેષ્ઠિ અને નવપદનો પ્રસાદ માની,
'બધામાં આ ભાવ આવો' તેવો ભાવ કરી, નવકારની
૯ બાધા, ૯ ઉવસગ્ગહરંની અને સિદ્ધચક્રની માળા ગણી,
મોટી શાંતિ ગણીને મકાનમાં, આંખમાં અને બધાને છાંટવું.

ॐ नमः

પાટણ, મહા સુદ ૨

માન્યતા છે કે ગાયત્રીમંત્ર દ્વારા બુદ્ધિ વધે, જ્યારે ખાત્રી છે કે નવકાર દ્વારા જીવમાત્ર સાથે સ્નેહનો પરિણામ વધે છે. કામના પૂર્ણ કરવા માટે દક્ષિણાવર્ત શંખને પણ ટપી જાય તેવા પ્રભુબિંબ શંખેશ્વર પાર્શ્વનાથની પ્રતિમા છે.

'પારસ' શબ્દ પાર્શ્વનાથ, પાર્શ્વયક્ષ, પાર્શ્વમણિ
અને સ્વઆત્મતત્ત્વનો વાચક છે.

મહા સુદી ૬, શનિવાર

જેમ 'નાખ્યા એટલું ડૂબ્યું' એ સત્ય ગણાયું છે, તેમ 'ન નાખ્યા એટલું પાપ' એ પણ સ્વીકારવું જોઈએ. ધર્મ કર્યો એટલો લાભ, તેમ ન કર્યો તેટલું નુકસાન. વ્રત લીધા અને પાળ્યા એટલો ધર્મ, તેમ ન લીધા અને લઈને ન પાળ્યા એટલો અધર્મ પણ માનવો જોઈએ.

જો પ્રભુની પૂજા કરી તે ધર્મ હોય, તો પૂજા ન કરી તેને અધર્મ માનતાં પણ શીખવું જોઈએ. પ્રભુનમનનો લાભ માનનારે ન નમવાનો ગેરલાભ પણ માનવો. આજે આપણને ધર્મનો પ્રેમ છે પણ અધર્મનો ભય નથી. પ્રભુ માટે આદર ભાવથી નમસ્કાર સારો એમ માનીએ, તો નમસ્કાર ન કરીએ તેથી નુકસાન છે, એમ પણ માનવું.

કોઈપણ કાર્ય સારું હોય છે એમ માન્યું તો જ કોઈપણ
જો તે કરવા તરફ પ્રેમ અને ન કરવાનો ભય પેદા થતો હોય.
જો એ પ્રકારની લાગણી ન હોય, તો એકે પ્રકારની
લાગણી નહિ - માત્ર ભય જ છે, એમ સ્વીકારવું જોઈએ.

મહા સુદ ૧૦, બુધ, કણાસાનો પાડો, પાટણ

નવકારનો આશ્રય અંત સમયે ૧૪ પૂર્વીઓ પણ લે છે. તે
દુર્ધ્યાનરૂપી વિપત્તિને દૂર કરે છે, માટે ૧૪ પૂર્વનો સાર છે.
કરેમિભંતે એ અભિધેયની દૃષ્ટિએ દ્વાદશાંગીનો સંક્ષેપ છે.
તે દ્વાદશાંગીનું અભિધેય રત્નત્રય હોવાથી
તેને જ સંક્ષેપમાં 'સામાયિક સૂત્ર' કહે છે.
આમ સામાયિક એ રત્નત્રયને સંગ્રહી લેનાર હોવાથી
તે પણ ચૌદ પૂર્વનો સંક્ષેપ છે.

૦ ભવ્યને ભવરાશિ ઉપર સ્નેહ સંભવે છે, પણ
તે પોતાના સુખના અભિપ્રાયથી હોય છે.
સ્વસુખનિરપેક્ષ એવો સર્વના સુખના ભાવરૂપી સ્નેહ
ભવ્યને સ્પર્શી શકતો નહિ. ભવ્યની ભવ્યતા સ્વ-
નિરપેક્ષ સર્વના સુખની વિચારણાના અસંભવમાં રહેલી છે,
તેથી જ ભવ્યતાપરિપાકનો ઉપાય સર્વસાપેક્ષ અરિહંતાદિના
શરણ, સ્વાર્થગર્હા અને પરાર્થની અનુમોદનામાં રહેલો છે.

સર્વસાપેક્ષ એવા સ્વસુખનો વિચાર જીવમાં પ્રગટાવવાના
સાધન તરીકે અરિહંતાદિનો આશ્રય અનિવાર્ય છે.
દુર્ધ્યાનનું કારણ માત્ર સ્વસુખનો જ વિચાર છે.
તેમાંથી છૂટવા સર્વસાપેક્ષ સ્વનો વિચાર અને તેને દૃઢ
કરનાર અરિહંતાદિનો આશ્રય પરમ આલંબનભૂત છે.
અરિહંતોની આજ્ઞા સતત જગદુદ્ધારનું કાર્ય કરે છે.
આજ્ઞાકારકથી આજ્ઞા અભિન્ન છે,
તેથી જગદુદ્ધારનું કાર્ય અરિહંતો દ્વારા થાય છે.
આજ્ઞાપાલકથી પણ આજ્ઞા અભિન્ન છે,
તેથી 'આજ્ઞા તેના કરનારા તથા પાળનારા દ્વારા વિશ્વના
જીવોનું ઉદ્ધાર કાર્ય કર્યા જ કરે છે' એવી શ્રદ્ધા જ્યારે
હૃદયમાં સ્થિર થાય, ત્યારે આજ્ઞાપાલન પર સ્વાભાવિક
પ્રેમ ઉત્પન્ન થાય અને આજ્ઞાભંગનો ભય પેદા થાય છે.
પ્રભુની આજ્ઞા 'સર્વનું શિવ થાઓ' એવી ભાવનાપૂર્વક
ઘણું આશ્રવોનું વર્જન અને સંવરોનું સેવન કરવામાં છે.

o માતૃકા અનાદિકાળથી સિદ્ધ છે માટે સિદ્ધ.
તે શબ્દ અર્થ માત્રમાં વ્યાપક છે માટે સંસિદ્ધ.
તે પુરુષ પરંપરાથી ચાલી આવી છે માટે પ્રસિદ્ધ.
એ રીતે સિદ્ધ, સંસિદ્ધ અને પ્રસિદ્ધ
એવી માતૃકાના ધ્યાનથી શાસ્ત્રના પારગામી બનાય છે.

ॐ અર્હં નમઃ

મહા સુદ ૧૩, શનિ

પોતા પ્રત્યે કઠોર થવું તે 'તપ' છે,
બીજા પ્રત્યે કોમળ થવું તે 'અહિંસા' છે.
ઇંદ્રિયો અને મન પ્રત્યે ઉગ્ર થવું તે 'સંયમ' છે.
મન-ઇંદ્રિયોની વાસના પર વિજય માટે જ મનુષ્ય ભવ છે.
ઇતિહાસ, ભૂગોળ, ગણિત, વિજ્ઞાન, અર્થ, કામશાસ્ત્ર -
એ સૌનું જ્ઞાન મેળવ્યું - બધાનું સૌને છે, માત્ર નથી એક
હું કોણ ? ક્યાંથી આવ્યો ? અને ક્યાં જવાનો ? તેનું.

કૃતજ્ઞતાથી ભક્તિની પાત્રતા

માર્ગ બતાવ્યો એ ઉપકાર અને માર્ગરૂપ એ પણ ઉપકાર.
'માર્ગરૂપ' એટલે રત્નત્રય સ્વરૂપ.
જેમના દર્શનથી રત્નત્રય પ્રગટ થાય.
કૃતજ્ઞતા ટકાવવા અને ભક્તિ પ્રગટાવવા માટે,
ઉભય પ્રકારે પ્રભુ માન્ય છે.
ભક્તિ પણ મુક્તિ માટે છે.
કૃતજ્ઞતા ભક્તિને પાત્ર બનવા માટે છે.
ભાવમૈત્રી કેળવવા માટે એ મૈત્રી જેમનામાં છે, તેમની
ભક્તિ અત્યંત જરૂરી છે. એ ભક્તિ જ મુક્તિનું એટલે
રાગ-દ્વેષ-મોહરૂપી દોષોથી રહિત થવાનું પરમ સાધન છે.

o દોષીની નિંદા ન કરવાથી જેમ દોષ લાગે છે,
તેમ ગુણીની પ્રશંસા ન કરવાથી પણ દોષ લાગે છે.
દોષ સુધારવા એ કર્તવ્ય છે,
પણ સુધાર્યા પછી નિંદા ન કરે, તે કર્તવ્ય નહિ.
ગુણ પ્રાપ્ત કરવા તે કર્તવ્ય છે,
પણ ગુણવાનની પ્રશંસા ન કરે, તે કર્તવ્ય નહિ.
સકળ જીવરાશિ પ્રત્યેનો ઉત્કૃષ્ટ સ્નેહ એ તીર્થંકર
પરમાત્માના જીવનમાં છે, તેથી તેઓ ત્રિભુવનને પૂજ્ય છે.

o હજારો શાસ્ત્રાભ્યાસ કરતાં એક દલીલ,
હજારો દલીલો કરતાં એક દૃષ્ટાંત અને
હજારો દૃષ્ટાંતો કરતાં એક સંસર્ગ વધુ અસરકારક છે.
હૃદયના ઉમળકાથી થતી સર્વજીવહિતભાવના
એ આત્માને સ્વચ્છ બનાવવાનો ઉપાય છે.

o

૧. આત્મસમદર્શિત્વ. ૨. પરમાત્મસમદર્શિત્વ.
3. સર્વાત્મસમદર્શિત્વ.

These three things are fundamental necessities for the entire change and transformation of the human nature into the divine one.

ॐ अर्हं नमः

મહા સુદ ૧૫, સોમ

## દયા એ ધર્મનું મૂળ

દયા ભરપૂર છે માટે દેવ, દયામય છે માટે ગુરુ અને
દયાનું આચરણ છે માટે ધર્મ.
દેવ-ગુરુમાં દયા છે, માટે ભક્તિને પાત્ર છે.
દયાના આચરણમાં દેવ-ગુરુની ભક્તિ છે અને
દેવ-ગુરુની ભક્તિમાં દયાનું બહુમાન છે.
દેવની ભક્તિ કરે અને ગુરુની ન કરે, તો તે ભક્તિ નથી.
દેવ કહે છે કે: જે મને માને તે ગુરુને માને
અને જે ગુરુને માને તે મને માને.
Imp. ગુરુભક્તિના પ્રભાવે દેવભક્તિ મળે છે અને
દેવભક્તિના પ્રભાવે ઉત્તમ ગુરુનો સંયોગ મળે છે.
દેવ અને ગુરુને માને અને દયાને ન માને,
તેના ઉપર દેવ અને ગુરુ પ્રસન્ન થતા નથી.
દેવ-ગુરુને પ્રસન્ન કરવા માટે દયા છે અને
દયાને વિકસાવવા માટે દેવ-ગુરુને પ્રસન્ન કરવાના છે.
ધર્મ, પરલોકનું કે મોક્ષનું કોઈ તત્ત્વ હોય, તો તે દયા છે.
જીવની દયામાં જ્ઞાન-દર્શન-ચારિત્ર છે.
જીવની દયામાં જ સાચો ધર્મ છે.

જ્યાં ધર્મ છે, ત્યાં મન-વચન-કાયાના શુભ આશ્રવ છે.
જ્યાં શુભ આશ્રવ છે,
ત્યાં તેને પ્રવર્તાવનાર મિથ્યાત્વ મોહનીયનો ક્ષયોપશમ છે.
<u>સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન સંવર</u> છે.
સમ્યગ્દર્શન મિથ્યાત્વનો સંવર છે.
સમ્યગ્જ્ઞાન અજ્ઞાનનો સંવર છે.
જ્યાં દયા છે, ત્યાં ચારિત્ર છે.
ચારિત્ર એ અવિરતિનો, કષાયનો, પ્રમાદનો, અશુભ યોગોનો સંવર છે. જ્યાં સંવર છે, ત્યાં નિર્જરા છે. નવા આવતાં કર્મ રોકાય છે અને પૂર્વના કર્મ નિર્જરે છે. નિર્જરાનો હેતુ બાર પ્રકારનો તપ છે. દયામાં અનશનાદિ બાહ્ય અને પ્રાયશ્ચિતાદિ અભ્યંતર તપ સમાઈ જાય છે.
દયા એ હિંસારૂપ પાપનું પ્રાયશ્ચિત છે.
V. Imp. દયા જીવ અને જીવેશ્વરનો વિનય છે.
દયા એ એક પ્રકારની વૈયાવચ્ચ છે.
દયામાં જીવવિચાર, નવતત્ત્વ, દંડક, સંગ્રહણી, કર્મગ્રન્થ, ક્ષેત્રસમાસનો સ્વાધ્યાય, શ્રી જિનાગમનું બહુમાન અને દ્વાદશાંગી પ્રવચનનું આરાધન છે.
દયા એ શુભધ્યાન, સ્વાર્થનું વિસર્જન, પરમાર્થનું સેવન છે.

ૐ નમઃ

સ્વાર્થવિસર્જન અને પરમાર્થસેવન એ જ સાચો કાયોત્સર્ગ.
દયામાં અનશન, ઉણોદરી, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, કાયક્લેશ,
ઇંદ્રિય કષાયયોગની સંલીનતારૂપી બાહ્યતપનું તત્ત્વ છે.
દયા વડે ઇચ્છાનિરોધ જેવું ભળેલું છે, એટલે બાહ્ય-
આભ્યંતર તપ આરાધાય છે, જે વડે નિર્જરા થાય છે.
દયા એ સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યગ્ચારિત્ર છે.

આત્માને આત્મા વડે, આત્મા માટે, આત્માથી,
આત્માને વિષે જાણવો, તે કેવળ દયા વડે જ શક્ય છે.
જીવ જ્યારે જીવને જુએ, જાણે, તેનું હિતચિંતન કરે છે,
ત્યારે તે દર્શન-જ્ઞાન-ચારિત્રની વૃદ્ધિ કરે છે.
જીવ ઉપર જીવનો એ જ ઉપકાર છે.
સુખ-દુઃખ, જીવિત-મરણ, શરીર, વચન,
શ્વાસોચ્છ્વાસ, મન - એ બધા પુદ્ગલના ઉપકાર છે.
એક જીવ બીજા જીવનો ઉપકાર કરે છે,
તે જ્ઞાન-દર્શન-ચારિત્ર વડે કરે છે.
સુખ-દુઃખાદિની પ્રાપ્તિ થાય છે,
તે જીવ વડે નહિ પણ પુદ્ગલ વડે છે.
જ્ઞાન અને દર્શનની પ્રાપ્તિ જીવ વડે જ થાય છે, કેમકે
એક જીવ પોતે જ બીજા જીવનું હિત કરી શકે છે.

હિત કરવાની શક્તિ જીવ વિશેષ

અજીવ કોઈપણ એટલે કે પુદ્ગલ આદિ તત્ત્વમાં નથી.
ધર્મતત્ત્વ ગતિમાં અને અધર્મતત્ત્વ સ્થિતિમાં સહાય કરે છે.
કાળતત્ત્વ પરિવર્તનમાં - આકાશ અવકાશદાનમાં સહાય કરે છે.
જીવ અજીવ કશામાં સહાયકારક થઈ શકતો નથી,
તે માત્ર જ્ઞાનાદિ ગુણમાં સહાય કરે છે.
તીર્થંકરો વડે ગણધરભગવંતો, ગણધરભગવંતો વડે
સાધુ મહાત્માઓ, સાધુ મહાત્માઓ વડે ચતુર્વિધ સંઘ અને
ચતુર્વિધ સંઘ વડે જીવલોક જ્ઞાનાદિ ગુણોને પામે છે.
જીવને જીવના હિતનો વિચાર
એ જ સાચું જ્ઞાન - દર્શન - ચારિત્ર છે.
રત્નત્રયી જીવતત્ત્વને સાપેક્ષિત છે.
જીવે અજીવ જીવને જીવ તરીકે જાણ્યો નથી,
તે જ તેનું અજ્ઞાન છે.
અજીવ જીવને જીવ તરીકે જોયો નથી,
એ જ તેનું મિથ્યાત્વ છે.
જીવને જીવ સાથે આત્મસમાન વર્તન થયું નથી,
તે જ તેનું અસત્ચારિત્ર છે.
તે ત્રણે દોષોને ટાળવાનો ઉપાય એક દયાધર્મ જ છે.

મહા વદી ૯, સોમ

इच्छा, नरजम्मंमि, सुरजम्मंमि, तीर्थंकरजम्मंमि
दुःखपंकमग्गस्स जगत उद्धिधापडितिरावती ।

સમજૂતિ: ૩ જન્મ સુધી દુઃખપંકમાં મગ્ન જગતને ઉદ્ધારવાની ઉત્કૃષ્ટ ઇચ્છા તીર્થંકરદેવના આત્માઓને હોય છે. તે ઇચ્છા કેવળજ્ઞાન થયા પછી સ્વભાવરૂપ બની જાય છે, તેમ તીર્થંકર પરમાત્માઓના આત્માને સવરિ થયા પછી અને મુક્તિમાં ગયા પછી પણ તેમનું આત્મદ્રવ્ય સ્વભાવસિદ્ધ કરુણાવાન હોવાથી સાદિસાંતપણે જગતનો ઉદ્ધાર કરવાની શક્તિવાળું કરી શકાય. એ શક્તિને નીચેના શબ્દોથી શાસ્ત્રકાર ભગવંતો સુપેરે સંજોવે છે:

अचिंतसत्तीजुत्ता हि ते भगवंता,
परमकल्लाणा, परमकल्लाणहेऊ सत्ताणं ।

સમજૂતિ: ખરેખર તે ભગવાન અચિન્ત્યશક્તિયુક્ત છે, પરમકલ્યાણ સ્વરૂપ તથા જીવોને પરમકલ્યાણરૂપ છે.

છદ્મસ્થપણાની પ્રશસ્ત ઇચ્છા
સવરિપણામાં સ્વભાવરૂપ બની જાય છે.
બધું જાણવાનું જેમ આત્માને જાણવા માટે છે,
તેમ બધું શાસ્ત્રાધ્યયન પરમાત્માને જાણવા માટે છે.

0 સારામાં સારા ભવિષ્યની આશા રાખવી અને
ભૂંડામાં ભૂંડા ભવિષ્ય માટે તૈયાર રહેવું;
એમાં જ સલામતી અને સમાધિ છુપાયેલી છે.

0 <u>ત્રણ શલ્ય</u>

મિથ્યાત્વશલ્ય, નિયાણશલ્ય અને માયાશલ્ય.
મૈત્રીથી માયાશલ્ય, કરુણા અને પ્રમોદથી નિયાણશલ્ય તથા
માધ્યસ્થ્યથી મિથ્યાત્વશલ્ય જાય.

0 <u>'ધર્મ' એટલે અહિંસા, સંયમ અને તપ.</u>

અહિંસા = વિશ્વમૈત્રી - ક્રાન્તિ.
સંયમ = જીવનશુદ્ધિ - દાન્તિ.
તપ = કર્મમુક્તિ - શાંતિ.

<u>ક્લેશ અને કષાયમુક્તિ માટે એવા પ્રવૃત્તિમાત્ર ધર્મ ગણાય.</u>

આ નવકારમંત્ર એ પરમાત્માને માત્ર જાણવાનું જ નહિ,
પણ જાણીને આદર તથા બહુમાન બતાવવાનું સાધન છે.
પરમાત્માને અને તે દ્વારા પોતાના શુદ્ધાત્માને ઓળખવો
એ સકલ આગમોનું, વેદોનું, શાસ્ત્રોનું રહસ્ય છે.

0 <u>બુદ્ધિ અને બોધિ</u>

મનુષ્યમાં બુદ્ધિ છે, પણ બોધિ નથી.
બોધિનું કારણ ધર્મની પ્રશંસા છે.

જ્યાં સુધી મનુષ્યની બુદ્ધિમાં બુદ્ધિનો સદુપયોગ કરવાની બુદ્ધિ નથી, ત્યાં સુધી તે બુદ્ધિ બોધિરહિત છે, સમ્યગ્ નથી.

બુદ્ધિને સમ્યગ્ બનાવનાર બુદ્ધિ એ
બુદ્ધિનો સદુપયોગ કરાવનાર બુદ્ધિ છે.

બુદ્ધિ વડે સર્વનું કલ્યાણ થાય એવા માર્ગો શોધવા તે બુદ્ધિનો સદુપયોગ છે અને એ જ બુદ્ધિ વડે સર્વ નિરંકુશ સ્વાર્થ સાધવાના માર્ગો જ વિચારવા, શોધવા અને પ્રચારવા - તે બોધિરહિત બુદ્ધિ કે બુદ્ધિનો દુરુપયોગ છે.

ઉપયોગિતાની દૃષ્ટિ મનુષ્યને સ્વાર્થ સાથે બાંધી રાખે છે.
ભાવુકદૃષ્ટિ નિઃસ્વાર્થ હોવાથી તે સૃષ્ટિને સાચી રીતે જુએ છે.
દિવ્યદૃષ્ટિ આત્મામાં બધા વસ્તુઓનું પ્રતિબિંબ જુએ છે.
પછી ભાવુક સર્જક બને, દ્રષ્ટા દ્રષ્ટા મટી સ્રષ્ટા થાય છે.

મૈત્રી - મુદિતા એ હૃદયની વૃત્તિઓ છે,
બુદ્ધિની ત્યાં પહોંચ નથી.

o પ્રારબ્ધના બળે આવી પડેલા કર્મોને
વિશ્વાસના પગથિયાં બનાવવા જોઈએ.

ગમે તેવા વિકટ પ્રારબ્ધમાંથી પણ નવી શક્તિ મેળવી
પ્રારબ્ધને પ્રગતિનું એક સાધન બનાવી શકાય છે.
જે આનંદપૂર્વક પ્રારબ્ધને ભોગે, તેને પ્રારબ્ધ નડતું નથી.

## વાસનાત્યાગ    વદી ૩, ૭૯૬

મન, વાસના, ઇચ્છા, તૃષ્ણા - એ સૌ એકાર્થક છે.
વાસનાત્યાગની સરલ યુક્તિ પહેલાં તામસી વાસનાઓ છોડીને મનમાં મૈત્રી આદિની શુદ્ધ વાસનાઓ રાખે અને એ અનુસાર વ્યવહાર કરે, પછી એને પણ મનમાંથી કાઢી કેવલ એક ચિન્માત્રાવસ્થાને પ્રાપ્ત કરવાની વાસના રાખે. ત્યાર પછી મન અને બુદ્ધિસહિત આ વાસનાને છોડીને જે અવસ્થા શેષ રહે એના ધ્યાનમાં સ્થિર રહે. આ પ્રકારે જે વાસના દ્વારા બાજી વાસનાઓ છોડી દેવાય, એને ય છોડી દેવા.

જેણે 'સર્વ કાંઈ બ્રહ્મ છે' એ ભાવનાથી પોતાનું અજ્ઞાન નષ્ટ કર્યું, એને કદી વાસનાનો ઉદય ન થાય.

### ૪ પ્રકારે વાસના

(૧) તામસી વાસના = સ્વ ભૌતિક સુખનો જે કેવલ અભિલાષ, આર્ત - રૌદ્ર ધ્યાન.

(૨) શુદ્ધ વાસના = સર્વના સુખની ઇચ્છા, ધર્મ - શુક્લ ધ્યાન.

(૩) મોક્ષાભિલાષ = સ્વ આત્મિક સુખનો જ અભિલાષ, ચિન્માત્રાવસ્થાને પ્રાપ્ત કરવાની ઇચ્છા - શ્રેણી આરોહણ.

(૪) મોક્ષપ્રાપ્તિ = મન - બુદ્ધિરહિત સ્વસ્વરૂપાવસ્થાન, આત્મલાભ - ઘાતીકર્મનો ક્ષય.

ॐ अर्हं नमः

સંસારની અસારતા એટલે કષાયની અસારતા.

મોક્ષની સારભૂતતા એટલે કષાયથી છોડાવનાર
મૈત્ર્યાદિ ભાવોની સારભૂતતા.

Imp. ચાર ગતિ એ ચાર કષાયનું ફળ છે.
પાંચમી ગતિ એ મૈત્રીભાવનું ફળ છે.

<u>વિષયનો વિરાગ, કષાયનો ત્યાગ, મૈત્રીનો રાગ અને ક્ષાન્ત્યાદિમાં પ્રવર્તન - એ ૪ મોક્ષના પરમ ઉપાયો છે.</u>

સંસારની અસારતા જણાવવા પણ જો સંસારમાંના કષાયોની અસારતા ન જણાવાય, મોક્ષની સારતા જણાવાય પણ તેના ઉપાયોની સારભૂતતા ન સમજાવાય, તો તેનું પરિણામ એ આવે કે ચાર ગતિ ઉપર વિરાગ આવે, પાંચમી ગતિ ઉપર રાગ આવે, ભૂખ ઉપર દ્વેષ જાગે પણ ભોજન ઉપર પ્રેમ ન જાગે; આરોગ્ય ઉપર રાગ થાય, પરન્તુ ઔષધ ઉપર રાગ ન થાય - તેના જેવું અજ્ઞાન ગણાય. જ્ઞાન તે છે જે આરોગ્ય અને ઔષધ ઉભયને સારું માને.

જેમ આરોગ્યને તો સૌ સારું માને જ છે,
તેમ ઔષધને સારું માનવાનો ઉપદેશ આપવો જોઈએ,
તેવી રીતે ભૂખને તો સૌ દુઃખ માને જ છે,
તેમ ભોજનને સારું માનવાનો ઉપદેશ આપવો જોઈએ.

ભોજન અને ઔષધના સ્થાને સ્નેહભાવ, મૈત્રીભાવ છે.
ભૂખ અને રોગના સ્થાને સ્વાર્થભાવ, કષાયભાવ છે.
આ દેશના એ સદ્દેશના છે.

<u>સંસારથી મોક્ષની યાત્રા</u>

<u>સંસાર</u> = ચાર ગતિ = ચાર કષાય = પાંચ વિષય.
રાગ-દ્વેષ-મોહભાવ = સ્વાર્થ વિચાર. તેનો પ્રતિપક્ષ એટલે
પંચમગતિ = ક્ષાન્ત્યાદિ ચાર ધર્મ = મૈત્ર્યાદિ ચાર ભાવ =
પાંચ પરમેષ્ઠિ = અરાગ-દ્વેષ-મોહભાવ = સ્નેહભાવ.
સ્નેહભાવ = સર્વના હિતનો વિચાર = <u>મોક્ષ</u>.

એ મોક્ષને મેળવવા જરૂરી છે ધર્મ. પોતાને ઇષ્ટ-અનિષ્ટ તે સર્વને ઇષ્ટાનિષ્ટ સમજી તેના નિવારણની ઇચ્છા = ધર્મ. સર્વ જીવોને ઉપકારક તરીકે જોવાથી તેમના પ્રત્યે જે શુભ વર્તન થાય છે, તેથી મળનારું પુણ્ય પુણ્યાનુબંધી પુણ્ય બનીને તેનાથી પ્રાપ્ત થતી સિદ્ધિઓ અને વિભૂતિ પણ સર્વ જીવોને ઉપકારક થાય, તેવી જ પ્રાપ્ત થાય છે.

દયા ભૂતેષુ વૈરાગ્યં વિધિવત્ ગુરુપૂજનમ્ ।
વિશુદ્ધા શીલવૃત્તિશ્ચ પુણ્યં પુણ્યાનુબન્ધ્યદઃ ॥

<u>અર્થાત્</u>: જીવો પ્રત્યે દયા-વૈરાગ્ય, વિધિપૂર્વક ગુરુપૂજા અને વિશુદ્ધ શીલવૃત્તિ - આ પુણ્યાનુબંધી પુણ્યના ફળ છે.

ॐ अर्हं नमः

दट्ठूण पाणिनिवहं भीमे भवसागरम्मि दुक्खत्तं ।
अविसेसओ अणुकंपं दुहा वि सामत्थओ कुणइ ॥

સદ્ભાવ: ભયંકર ભવસમુદ્રમાં જીવસમૂહોનું દુઃખીપણું જોઈ
સામર્થ્ય પ્રમાણે અને ભેદભાવ વિના
બંને પ્રકારની અનુકંપા કરવી જોઈએ.

સિદ્ધના જીવો સિદ્ધપણાની પ્રતીતિ કરાવીને સંસારના જીવો દુઃખી પ્રત્યેની કરુણા જગાડીને ઉપકાર કરી રહ્યા છે, એ રીતે ભક્તિ-મૈત્રી-કરુણાદિ શુભભાવો જગાડવા માટે આલંબન તરીકે સંસાર-મોક્ષ ઉભયના જીવો ઉપકાર કરે છે. આવું સમજાવનાર તીર્થ હોવાથી તીર્થ નમસ્કરણીય છે. તીર્થના ઉપકાર વડે આત્માને જ સ્વર્ગ-મોક્ષના સુખો મળે. અભવ્ય એ મોક્ષને અને અરિહંતની કૃપાને માનતો નથી, બાકી બધું દૃશ્ય હોવાથી તેને માને છે.

મુક્તિ અને કૃપા એ બન્ને અતીન્દ્રિય હોવાથી તેના શ્રદ્ધાના વિષયમાં આવતા નથી, તેથી તે અભવિ છે. ભવ્યજીવ સિદ્ધો, અરિહંતો, આચાર્ય, ઉપાધ્યાય, સાધુઓની કૃપાને માને છે અને સર્વ ભૂત પ્રાણી ઉપર કૃપા કરે છે.

જે કૃપાને માને, તે જ કૃપાને કરે.

જે કૃપાને ઉપકારક તરીકે માને,

ઉઁ નમઃ

તે કૃપાના વિષયભૂત જીવોને પણ ઉપકારક માને અને
કૃપાના કર્તા એવા અરિહંત - સિદ્ધોને પણ ઉપકારક માને.
તીર્થનો નમસ્કાર એ રીતે સંસારી અને સિદ્ધ ઉભયના
જીવો પ્રતિ નમસ્કારનો હેતુ બને છે,
ગુણબહુમાનનો ભાવ જગાડે છે.
ગુણ કરનારનું બહુમાન એવો અર્થ કરવાથી
ગુણી અને ગુણ કરનાર એમ ઉભયનું ગ્રહણ થાય છે.
જે સર્વ જીવોને આત્માધિક સમજી,
મૈત્રીભાવથી મૈત્રીસ્વરૂપ બનીને અવ્યાબાધ સુખનો
અનુભવ કરનારા અને બીજા સૌને પણ અવ્યાબાધ
સુખ પમાડનાર થયા, મૈત્રીસ્વરૂપ બનાવવા માટે તીર્થ
અને શ્રુતને ભેટ તરીકે આપી ગયા, તેનું નામ 'દેવાધિદેવ'.

<u>મહા વદી ૫, શનિવાર</u>

આત્માના અનંત ગુણોમાંથી સમ્યગ્દર્શન જેવા એક જ
ગુણમાં જે અનંતુ સુખ છે, તેના અનંતમાં ભાગનું સુખ
પણ ભૌતિક સાધન - સામગ્રી આપી શકતી નહિ હોતી.
પ્રાચીનકાળમાં જે બાહ્ય સામગ્રીઓ રાજા - મહારાજાને પણ
ઉપલબ્ધ નહોતી, તે આ વિજ્ઞાનના યુગમાં સામાન્યમાં
સામાન્ય મનુષ્યને પણ સુલભ બની ગઈ છે, પરંતુ પ્રાચીન

કાળમાં ક્રમાનુક્રમાં ક્રમાનુ માનવના ઘરમાં જે શાંતિ હતી, તે આજના મહર્દ્ધિક અને સમ્રાટને સ્વપ્નમાં પણ નહિ. સંસારના દુઃખો આકસ્મિક નહિ પણ સુખરૂપી વૃક્ષોની છાયા છે. છાયા દૂર કરવા હોય તો વૃક્ષોને દૂર કરવા એ જ ઉપાય છે.

સાંસારિક સુખોની ઇચ્છાને છોડીશું અરત
બધા જ દુઃખોનો અંત આપોઆપ આવી જશે.

આજની પ્રાર્થના: ૐ મહા વદી ૭, બુધવાર

હું સર્વ જીવોનો અપરાધી છું માટે સર્વની ક્ષમા માગું છું, તે સર્વે મને ક્ષમા આપો. સર્વ જીવો મારા ઉપકારી છે માટે હું તેમને સર્વેને નમું છું, મારી નમસ્કાર તે સ્વીકારો. અપરાધ કરવાની વૃત્તિ અને ઉપકાર ન માનવાની વૃત્તિ, ઉભય વૃત્તિને પેદા કરનાર પુદ્ગલસુખની કામના છે, તેનો હું ત્યાગ કરું છું. મારે માટે જે ઇચ્છું છું, તે સર્વ માટે ઇચ્છું છું. મારે માટે નહિ ઇચ્છતો, તે સર્વ માટે નહિ ઇચ્છતો. એ રીતે મારી ઇચ્છાને હું શમાવું છું, અપરાધને ખમાવું છું, ઉપકારને મનાવું છું, ઇચ્છાને શમાવું છું અને એ રીતે સર્વ જીવોનો આરાધક બનું છું. આરાધક બનીને પંચ પરમેષ્ઠિને શરણે જાઉં છું. તેઓ મને શરણ આપો. તેઓના અચિંત્યશક્તિના પ્રભાવથી મારા સર્વ કર્મોનો ક્ષય કરો.

ॐ अर्हं नमः

## સર્વોત્તમભાવ

દુર્ગતિ અને દોષના ભયથી પળાતું ચારિત્ર એ 'બાહ્યચારિત્ર'.
અભ્યંતર ચારિત્ર માટેની તે પૂર્વતૈયારી છે.

અભ્યંતર ચારિત્રનો પ્રારંભ ભાવનાત્મક ક્રિયાથી થાય છે.

ભાવનાત્મક ક્રિયા = આત્મસમદર્શિત્વભાવ સહિત થતી ક્રિયા.
તેનાથી સિદ્ધોમાં રહેલ સર્વોત્તમભાવને સિદ્ધ કરવાનો છે.
સિદ્ધના જીવો સર્વને આત્મસ્વરૂપ, પ્રભુરૂપે,
પોતાની જેવા જ સચ્ચિદાનંદસ્વરૂપે જુએ છે.
આ ભાવ આત્મસમદર્શિત્વભાવમાંથી જ પેદા થાય છે.
સર્વ જીવોને પોતાના જેવા કે પોતાનું જ સ્વરૂપ સમજવાથી
સર્વોત્તમભાવનાં અધિકારી થઈ શકાય છે.
દોષ સેવવા નહિ કેવળ એટલું જ શિક્ષણ મળે તો અને
જગતના જીવો પ્રત્યે આત્મસમાન ભાવ ન આવે તથા
પ્રભુની જેવો સર્વોત્તમભાવ પામવાનું લક્ષ્ય ન હોય, તો ગમે
તેટલો ઉપદેશ હોવા છતાં અવસરે દોષનું સેવન થવાનું જ.

આચારાત્મક ક્રિયામાં આવતા દોષો
આત્મસમદર્શિત્વભાવથી જ જીતી શકાય.

પ્રભુ સાથે સંબંધ છૂટે, ત્યારે જ આવેશ - આગ્રહો આવે,
અહીં જ મનને સતત પ્રભુમાં જોડી રાખવું અનિવાર્ય છે.

# નમસ્કારનો પ્રારંભ

નમસ્કારનો પ્રારંભ ક્ષમાપનાથી થાય છે.
ક્ષમાપના સ્વરૂપના કર્મબંધમાં અને કર્મબંધના ઉદયમાં
ન્યૂનતા ભાવ સૌને ઊંચે ભાવનાર ઉત્ક્રાંતિનું મહાન અંગ છે.

'જેને તું હણે છે, તે તું જ છે'
એમ સમજવાથી જેમ હિંસાનો ત્યાગ થાય, તેમ
'જેને તું નમે છે, તે તું જ છે'
એમ ગ્રહણ કરવાથી નમસ્કાર ભાવથી ભરપુર બને છે,
પોતાની ઉપર હોય તેટલો ભાવ પરમાત્મા ઉપર આવે.
પરમાત્મા ઉપર ભરપુર ભાવ આવવાથી
પોતાનો આત્મા જ પરમાત્મા બને છે.

શંખેશ્વર પાર્શ્વનાથ દેવાધિદેવપણે છે.
ધરણેન્દ્ર સર્વ ગુણીને ધારણ કરનાર ચારિત્રપણે છે.
પદ્માવતી સરસ્વતીનું બીજું નામ હોવાથી જ્ઞાનપણે છે.
'સર્વ મનોવાંછિત પૂરક દક્ષિણાવર્ત શંખ જેવો પોતાનો પાર્શ્વ
અરિહંત આત્મા છે' એવા શ્રદ્ધા સહિત થતો નમસ્કાર
પશ્ચાનુપૂર્વીથી રત્નત્રયધર આત્માનો નમસ્કાર બને છે.
ચારિત્ર અને જ્ઞાન સહિત દેવાધિદેવને નમસ્કાર કરવાથી
આપણું સમ્યગ્દર્શન નિર્મળ થાય છે.

## અભેદ ભાવે થતો નમસ્કાર

સકલ ઇષ્ટ સિદ્ધિનો નિરૂપચરિત હેતુ બને છે.

અરિહંતને નમતી વખતે આત્મા પોતે જ ભાવનિક્ષેપે આગમથી અરિહંત બને છે, તેથી તે નમસ્કાર એમ આત્મભિન્ન નોઆગમથી ભાવઅરિહંતને પહોંચે છે, તેમ આત્માભિન્ન આગમથી ભાવઅરિહંતને પહોંચે છે.

વળી 'જેને તું નમે છે, તે તું જ છે'

એ વાક્ય સાદૃશ્ય અસ્તિત્વના અભેદથી જેમ સાચું છે, તેમ સ્વરૂપ અસ્તિત્વના અભેદથી પણ સાચું જ છે.

સાદૃશ્ય અસ્તિત્વનો અભેદ = તિર્યક્ સામાન્યથી અભેદ.

સ્વરૂપ અસ્તિત્વથી અભેદ = ઊર્ધ્વતા સામાન્યથી અભેદ.

અરિહંતને નમનારો અને નમનીય પર્યાય - બંનેનો આધાર આત્મદ્રવ્ય એક જ છે, તેથી અભેદ નમસ્કાર થાય છે. એ રીતે ભેદ અને અભેદ - ઉભયથી નમસ્કાર એક જ નમો अरिहंताणं । પદ વડે થઈ જાય છે, એવા હૃદયપૂર્વક થતો નમસ્કાર એ ભાવનમસ્કાર બને છે.

ૐ નમો अरिहंताणं । એ ૯ અક્ષરના મહામંત્રના અર્થની ભાવના મિત્તી મે સવ્વ ભૂએસુ । મંત્રના ૯ અક્ષરમાં છે.

જે અર્થભાવનાપૂર્વક મહામંત્રનું સ્મરણ સતત કરે છે,

તેના અંતરાય નાશ પામે છે, તેને અંતરાત્મભાવનું ભાન થાય છે, બહિરાત્મભાવનો નાશ થાય છે, અંતરાત્મભાવનો લાભ થાય છે, પરમાત્મભાવને યોગ્ય બને છે, શારીરિક વ્યાધિઓ અને માનસિક આધિઓથી મુક્તિ મળે છે.

મંત્ર એ ભક્તિવાચક છે. તેનો અર્થ મૈત્રીવાચક છે.

મૈત્રી વિના ભક્તિ અને ભક્તિ વિના મૈત્રી નહિ.

મૈત્રીથી સ્નેહરાગ નાશ પામે. ભક્તિથી દૃષ્ટિરાગ નાશ પામે.

વિરતિથી કામરાગ નાશ પામે.

મુક્તિનો હેતુ વિરતિ છે, વિરતિનો હેતુ ભક્તિ છે, ભક્તિનો હેતુ મૈત્રી છે, મૈત્રીનો હેતુ ક્ષમાપના છે, ક્ષમાપનાનો હેતુ ધર્મના નિયમની શ્રદ્ધા છે અને ધર્મના નિયમની શ્રદ્ધાનો મુખ્ય હેતુ ઋણનું ભાન છે.

o 'પ્રપંચ મારક છે' એનો અર્થ:

પ્રપંચ પ્રત્યે ભાવ - આસક્તિ ઘાતક છે.

તો 'ગુરુ તારક છે' એનો અર્થ શો ?

એનો અર્થ: ગુરુ પ્રત્યે શિષ્યનો ભાવ એ તારક છે.

'ગુરુ' એટલે ચર્મચક્ષુથી દેખાતી વ્યક્તિ જ નહિ,

પણ આપણા અંતઃકરણમાં વસનારો 'ગુરુભાવ'.

ગુરુ પ્રત્યેનો 'ભાવ' એ જ ખરો ગુરુ છે.

દેવ એ પણ ચર્મચક્ષુએ દેખાતી માત્ર મૂર્તિ જ નહિ, પણ
આપણા અંતઃકરણમાં વસનારી દેવભક્તિનો ભાવ છે.
એ ભાવ જ ખરા દેવ છે.

ગુરુ અને ગુરુભાવ, દેવ અને દેવભક્તિ નિરનિરાળાં છે
તેવો તેવો ભાવ કે તેવી તેવી ભક્તિ ઉત્પન્ન થવામાં
તે તે વ્યક્તિ જ મુખ્ય અને મૂળ કારણરૂપ બને છે,
માટે તે તે વ્યક્તિ પ્રત્યે પણ તેટલો જ,
બલ્કે તેથી પણ અધિક આદરનો ભાવ રહેવો જોઈએ.
જો ન રહે તો ગુરુભાવ કે દેવભક્તિ
અંતરમાં ઉત્પન્ન જ થઈ ન કહેવાય.

નામ, નામી અને નમન

એ ત્રણેનો સંગ્રહ નવકારમાં થયેલો છે.
નામ અને નામી અભિન્ન છે.
નામ એ નામીનો શબ્દરૂપ અવતાર છે.

નવતત્ત્વ

નવતત્ત્વમાં જીવ કે અજીવતત્ત્વ અસાર નહિ,
આશ્રવ અને બંધતત્ત્વ અસાર છે.
સંવર, નિર્જરા અને મોક્ષ એ ત્રણે તત્ત્વો સારતત્ત્વ છે.
સંસાર સાર કે અસાર?

સાર અને અસાર એમ બંને તત્ત્વો સંસારમાં છે, એટલે આશ્રવ અને બંધની અપેક્ષાએ સંસાર અસાર છે પણ સંવર અને નિર્જરાની અપેક્ષાએ સંસાર સાર છે. સંસારને સાર કે અસાર બનાવનાર મનુષ્યની મનોવૃત્તિ છે. જે મનોવૃત્તિ સર્વ જીવોને આત્મતુલ્ય ગણીને સંવર-નિર્જરાના સાધનોરૂપ સંયમ અને તપનું સેવન કરે છે, તેને માટે આ સંસાર સારરૂપ છે.

તેથી વિપરીત જીવન જીવનારા, અસંયમી અને ઇચ્છા-પૂર્તિ માટે જ જીવન ગાળનારને માટે સંસાર અસાર છે. સંસારની અસારતા જીવાદિ તત્ત્વો કે ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોની વ્યવસ્થામાં નથી પણ એ વ્યવસ્થાના અજ્ઞાનમાં, મોહમાં, આગ્રહમાં તથા રાગ-દ્વેષાદિ દોષો અને ક્લેશોમાં છે.

## ગુરુલાઘવ

દેહાત્મબુદ્ધિને લીધે જીવ બ્રહ્મથી સંકોચાઈ લઘુ બની ગયો છે. લઘુત્વ પણ એક પ્રકારે લાઘવ જ છે અને તે લઘુલાઘવ ગુરુલાઘવની ઉપાસનાથી હતો - ન હતો થઈ જાય છે, તેથી ગુરુલાઘવ સર્વમાં શ્રેષ્ઠ છે.

ગુરુલાઘવની ઉપાસનાથી બ્રહ્મલાઘવને જઈ પહોંચાય છે, તેથી ગુરુને 'બ્રહ્મદઃ' પણ કહ્યાં છે.

ॐ नमः

ध्यानमूलं गुरो मूर्तिः पूजामूलं गुरोः पदम् ।
मंत्रमूलं गुरो वाक्यम् मोक्षमूलं गुरोः कृपा ॥१॥

સમજૂતિ: ધ્યાનનું મૂળ ગુરુની મૂર્તિ, પૂજાનું મૂળ ગુરુના ચરણ, મંત્રનું મૂળ ગુરુવાક્ય, મોક્ષનું મૂળ ગુરુકૃપા છે. ગુરુ પોતાના સ્પર્શ, દૃષ્ટિ, છાયા, તેજ, અનુગ્રહ અને વિચારથી પારસ, કચ્છપ, દર્પણ, કૌંચ અને સૂર્યકાન્તની જેમ તારક થાય.

યોગ એટલે યુક્તિ

નાની અમથી યુક્તિથી જે કાર્ય થાય, તે મોટી શક્તિથી ન થાય. બળ કરતાં કળ ચડે છે. કળનું જ બીજું નામ 'યોગ' છે. જગની ઉન્નતિ માટે જ નિસર્ગદેવતા કામ કરી રહેલ છે. તેનું કામ ઝડપી કરવા માટે યોગની યુક્તિ બતાવી છે.

Yoga in its entirety is a mental, moral, physical and psychic discipline.

સ્વાધ્યાયથી શું થાય? સ્વાધ્યાય એ સત્સંગ છે. તેનાથી અજ્ઞાન, નાસ્તિકતા, રાગ-દ્વેષ-અભિનિવેશ દૂર થાય. સ્વાધ્યાય એ સંતવાણી કે સંતોના અક્ષરદેહરૂપ છે. તેનો સત્સંગ સત્શાસ્ત્રોના સ્વાધ્યાયથી થાય છે.

સ્વાધ્યાયમગ્ન પુરુષ એકલો હોય, તો પણ કલ્યાણકારી સત્પુરુષોના સંગમાં જ રહેલો છે.

કુદરતી જડ કુદરતી નહિ પણ ચેતનની આકર્ષકતા છે,
આધિ સ્વાધ્યાય એ પવિત્ર પુરૂષોનું માનસિક મિલન છે.

મહાન પુરૂષોનું માનસિક મિલન અસીમ અને
અગાધ તથા દુર્લભ છે, છતાં તે કદી નિષ્ફળ જતું નહિ.

કલ્યાણકારી સત્પુરૂષોનું માનસિક મિલન
પરમાત્માની પ્રાપ્તિમાં દ્વારરૂપ હોવાથી પરમ ઉપકારક છે.
સર્વ શાસ્ત્રોના વાચ્ય, લક્ષ્ય અને વ્યંગ્ય તથા તાત્પર્યરૂપ
અર્થ પરમાત્મા છે. તેનો વાચક શબ્દ ૐકારરૂપ પ્રણવ છે.

## પ્રણવમંત્ર ૐકાર

વર્ણો માત્રનો સાર પ્રણવ છે.
સ્વાધ્યાયરૂપી માળાનો મેરૂ-મણકો પ્રણવાક્ષર છે.
પરમાત્માનું નામ સત્યનું પણ મહાસત્ય છે.
શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ હોય તે જ પ્રણવનો પૂરો અર્થ
જાણીને પછી તેનું અર્થભાવન અને જપ કરી શકે છે.

°

*Turn thee thy whole heart
unto the lord and
thy soul shall find rest.
know yourself and you will
know the world and the God's.*

## Transcendental meditation

This is a simplest technique of deeper meditation to lead our minds to the field of eternal happiness to fall away mental tensions, worries & depression & to regain our original being - normal self.

## Physical values of deep meditation

It readily removes worries, muscular tension and puts an end to the very cause of psychosomatic ailment. It is a non-medicinal tranquillizer & helps to heal the diseased parts quickly by creating healing power in the body suffering from headaches, heart, lungs, gas troubles & insomia etc. are directly helped to recover their health.

## mental values of deep meditation

It unfolds mental faculties & makes the mind strong & powerful, developing

thought force, memory, retentivity, intuition and other mental capacities. It tends to normalize the system and develops the personality putting an end to our nervous and muscular tensions. It also puts an end to irritability, anger, cruelty and other passions distorting life, creating disharmony & leading to unnatural, immoral and sinful behaviour in the life of the individual & society. Its the most scientific & direct approach to self realisation, the unfoldment of Cosmic consciousness and experience of ultimate reality - bliss of the absolute. It brings us to conscious levels of life of eternal freedom on earth. The inner hidden happiness, creativity & wisdom are the Heaven within of sanskara.

The bliss of the transcendent સચ્ચિદાનંદ is same as the નિર્વાણ of mahavir. It is a direct link to connect the inner spiritual and outer material values of life. It directly brightens the luster of material glories of day-to-day living by the light of the innerself. Practical training of deep meditation also includes theortical training of the idealogy of deep meditation, its simplicity, universality, effectivity & far reaching results.

Relationship with the different branches of learning, philosophy and religions is also established here. Intellectual understanding of the different spiritual experiences, the states of self-realisation & Cosmic consciousness is developed herewith.

પંચાસર, સં-૨૦૬૯, માગસર વદી ૫

૦ અહિંસાનું સાધન સંયમ અને તપ છે.
એનું સમ્યગ્જ્ઞાન અને જિનાજ્ઞા પ્રત્યે આત્મસમર્પણ
એ પ્રભુઆજ્ઞાનું આરાધન કરવા જરૂરી વસ્તુઓ છે.

વર્તન વગરની ઉચ્ચ વિચારસરણી એ વંધ્ય છે,
પોથીમાંના રીંગણાં જેવી છે.

વિચારનું ફળ વર્તન છે, તે જ્યાં હોતું નથી,
ત્યાં વિચાર એ માત્ર બુદ્ધિ અને વાણીનો વિલાસ છે,
માયા અને છેતરપીંડી છે, ખાલી રંગોળી-આડંબર માત્ર છે.

ધાર્મિકતા અથવા આધ્યાત્મિકતાના ઘણાં ગુણગાન
કરવા છતાં આપણે વર્તનમાં એનાથી દૂરને દૂર કેમ?
અહિંસા-સંયમ-તપને એ જ કારણે મંગલ તરીકે ગણાવ્યાં,
કેવળ વાચિક મૈત્રી, વાચિક વૈરાગ્ય કે વાચિક અનાસક્તિને નહિ.
અહિંસા વિનાની મૈત્રી, સંયમ વિનાનો વૈરાગ્ય અને
તપ વિનાની અનાસક્તિ વાંઝણી છે.

ધ્યાનની એકાગ્રતા માટે શું જરૂરી?

ધ્યાનની એકાગ્રતા માટે આહારશુદ્ધિ,
ભક્ષ્યાભક્ષ્યાદિના વિવેકરૂપ આચાર શુદ્ધિ અને
પ્રાયશ્ચિત, વિનય, વૈયાવચ્ચ તથા સ્વાધ્યાયાદિ વિચારશુદ્ધિ.

## ધ્યાન એ ઉપયોગની એકાગ્રતા સ્વરૂપ છે અને ઉપયોગ એ અભેદસૂચક છે.

અરિહંતાદિના ઉપયોગવાળો જીવ નય-વિશેષથી અરિહંતાદિ સ્વરૂપ બને છે. નમસ્કારની ક્રિયા શબ્દથી, અર્થથી અને ક્રિયાથી ઉપયોગની એકાગ્રતાને લાવનારી છે, તેથી નમસ્કરણીય વસ્તુઓની સાથે અભેદને સાધનારી છે. નમસ્કારની ક્રિયા સામાન્ય સ્વરૂપ ઉપયોગથી માંડીને વિશેષ સ્વરૂપ ઉપયોગ, તેની વિશુદ્ધિ, ભાવના, ધ્યાન, અર્પિતતા અને અભેદતા ભાવ નિર્જરાનો હેતુ બને છે.

## નિષ્કામ કર્મયોગ

નવકારમંત્રથી જીવરાશિ પ્રત્યે સ્નેહના પરિણામ જાગે, જે અહિં શત્રુઓનો નાશ કરે છે. સર્વ પ્રત્યે સ્નેહપરિણામ જાગવાથી લોભવૃત્તિ જાય છે તથા માયાવૃત્તિ રહેતી નથી, બીજાને આત્મસમ ન ગણવારૂપ મિથ્યાવૃત્તિ પણ ટકતી નથી. મોક્ષમાર્ગમાં શત્રુવૃત્તિ જવાથી તેની સાથે રહેવાવાળી માનવૃત્તિ, ક્રોધવૃત્તિ, કામવૃત્તિ આદિ પણ જવા લાગે છે. સકલ સત્ત્વ પ્રત્યે સ્નેહ - સદ્ભાવનાં પરિણામ જાગવા,

એ પરમેષ્ઠિ ભગવંતોની કૃપા વિના શક્ય નથી.

એ કૃપા ભક્તિ વિના લભ્ય નથી.

ॐ अर्हं नमः

કૃપા જેમ અહેતુકી છે, તેમ ભક્તિ પણ નિષ્કામ જોઈએ.
એવી ભક્તિ જ નિષ્કામ કર્મ કરવાનું સામર્થ્ય પ્રગટાવે.
સ્નેહમાં લેવાની નહિ, પણ આપવાની વૃત્તિ જ રહે છે.
એનું જ નામ 'નિષ્કામતા' છે.
પ્રભુના શાસનમાં નિયાણબંધનો નિષેધ કર્યો છે.
તે નિષેધનું પાલન સ્નેહના પરિણામથી જ શક્ય છે અને
સ્નેહનો પરિણામ પરમેષ્ઠિની નિષ્કામ ભક્તિથી શક્ય છે.

## નિષ્કામ કરુણા અને ભક્તિ

નિષ્કામ ભક્તિ તેમની નિષ્કામ કરુણાના વિચારે જાગે,
નિષ્કામ કરુણા આત્મતત્ત્વના સાચા સંવેદનથી જાગે છે.
તે સંવેદન જીવો પ્રત્યે મૈત્ર્યાદિ ભાવો સ્વરૂપ હોય છે.
પ્રથમ જીવતત્ત્વનું આલોકન થાય છે,
પછી તેનો ઉપલંભ થાય છે, અંતે એનું આચરણ પ્રગટે છે.
આલોકન સામાન્ય સ્વરૂપનું-ઉપલંભ વિશેષ સ્વરૂપનો.
આચરણ આલોકન અને ઉપલંભની તીવ્રતારૂપ છે.
આલોકન = દર્શન, ઉપલંભ = જ્ઞાન, આચરણ = ચારિત્ર.
એ ત્રણે રત્નત્રય સ્વરૂપ છે.
નિષ્કામ કર્મ-કરુણા-ભક્તિ પણ રત્નત્રયસ્વરૂપ છે.
નમસ્કાર વડે તે ત્રણેની પ્રાપ્તિ સુલભ બને છે.

ॐ नमः

શંખેશ્વરજી, માગસર વદી ૬, સોમ

## રૂપેરી રત્નકણિકાઓ

(૧) જેમ ઉખરભૂમિમાં અનાજ પાકતું નહિ, તેમ વ્યવહાર-નયની શ્રદ્ધા વિનાના જીવમાં નિશ્ચયનયના વિષયોનું સાધન થઈ શકતું નહિ. વ્યવહારવાળાનો થોડો પણ બોધ શુક્લપક્ષના ચંદ્રમાની જેમ વૃદ્ધિ પામે છે.

વ્યવહાર લોપકનો વધારે પણ બોધ
કૃષ્ણપક્ષના ચંદ્રમાની જેમ ક્ષય પામે છે.

(૨) તમારા નામને તો ભૂલી જ જજો.
નામ તો લોકોએ તમને ઓળખવા માટે પોતે આપેલું છે.
અરે, તે તમારું નામ જ નહિ એમ માનો.

(૩) લાખોમાંથી કોઈક જ ધનના લોભમાંથી બચી શકે છે, કરોડો લોકોમાંથી કોઈક જ નારીના મોહમાંથી બચી શકે છે તથા લોકૈષણાના મોહમાંથી અસંખ્યાતામાંથી કોઈક જ બચી શકે. ધનલોભ, નારીનો મોહ અને લોકૈષણાની આ બુદ્ધિ કાઢવા તે ઘણા જ કઠિન છે. એ બુદ્ધિ ત્યારે જ કાઢી શકાશે કે

જ્યારે જાતને પર્યાયાર્થિક દૃષ્ટિએ અને
જગતને દ્રવ્યાર્થિક દૃષ્ટિએ
જોતાં શીખવાની ટેવ પાડવામાં આવશે.

(૪) જિનવર પૂજા તે નિજપૂજના.

પ્રભુની પૂજા તે જ આત્માની પૂજા છે.

એ ન્યાયે પરભક્તિ એ સ્વભક્તિ છે.

જેમ પ્રભુપૂજા વિના આત્મપૂજા થઈ શકતી નથી, તેમ પરભક્તિ વિના સ્વભક્તિ - સ્વહિત સાધી શકાતું નથી. પરભક્તિ એ જ સ્વભક્તિ. પરકરુણા એ જ સ્વકરુણા. પરપ્રમોદ એ સ્વપ્રમોદ. પરદોષોપેક્ષા એ સ્વમાધ્યસ્થ્ય.

(૫) 'જિનસ્વરૂપ થઈ જિન આરાધે,

તે સહી જિનવર હોવે રે'

જે ધ્યાનાદિ સાથે ભક્તિવાળો

ભક્તિકાળે પ્રભુસ્વરૂપ બની જાય છે, એનો સ્વીકાર છે. જીવમાત્રમાં જૈનત્વનો અંશ છે અને જૈનમાત્રમાં જિનેશ્વરત્વનો અંશ છે. જિનેશ્વર ભગવાનમાં આપણો આત્મા રહેલો છે અને આપણા આત્મામાં સર્વ જિનેશ્વરો રહેલા છે. આ વિચારણા નીચેના મંત્રમાં છે:

ૐ હ્રીં અર્હં નમો જિણાણં, હ્રીં નમઃ સ્વાહા।

સર્વહિતચિંતાથી નિરપેક્ષ સ્વહિતચિંતા આત્મતત્ત્વમાં ભેદ પાડનારી હોઈ કથંચિત્ હિંસાદિક છે. બીજા આત્માને અનાત્મ સ્વરૂપે જોનારી હોઈ કોઈ અપેક્ષાએ મિથ્યાત્વને પોષે છે.

ॐ अर्हं नमः

સં-૨૦૬૯, માગસર વદ ૮

## નિમિત્ત અને ઉપાદાન

યોગ્યતાની સાથે અનુકૂળતા મળે ત્યારે વિકાસ થાય છે.
એ અનુકૂળતામાં મુખ્ય કારણ સમર્થ ઉપાદાન
અને સમર્થ નિમિત્ત પણ હોય છે.
નિમિત્તની પ્રબળતા ઉપાદાનમાં જાગૃતિ લાવે છે.
નિગોદમાં ભવિતવ્યતાની, અસંજ્ઞીમાં કર્મની અને ચરમાવર્તમાં
કાળની મુખ્યતા કહેવાય છે, તે યોગ્યતાની અપેક્ષાએ છે.
નિમિત્તની અપેક્ષાએ મુખ્યતા અનુગ્રહકારની છે.
અકામ નિર્જરા વખતે મુખ્યતા સંક્લેશકારની છે,
કેમકે જીવની ક્રિયાનો સહકાર નથી.
સકામ નિર્જરા વખતે જીવની ક્રિયા ભળે એ વિશેષતા છે,
પરંતુ અનુગ્રહ તો ચાલુ જ છે.
આશીર્વાદ અને શ્રાપ ફળે છે.
આંતરડી ઠારવાથી કે આંતરડી કકળાવવાથી પણ
આપણને શુભાશુભ ફળ મળે છે.
સત્પુરુષો અને પરમપુરુષો સદા અનુગ્રહશીલ હોય છે.
Hero worship અને divine worship
વચ્ચે રહેલો તફાવત એથી સાબિત થાય છે.

માગશર વદી ૯

## આત્માના ધર્મની અનાત્મા શરીરમાં કલ્પના

(૧) આત્મા અવિનાશી છે, કિન્તુ
એના બદલે ક્ષણભંગુર શરીરને અવિનાશી માનવું.

(૨) આત્મા સ્વભાવથી સુખરૂપ છે,
તેના બદલે દુઃખરૂપ સુખશૂન્ય શરીરને
સુખરૂપ બનાવવાનો જીવનભર પ્રયત્ન કરવો.

(૩) આત્મા પરમ પવિત્ર છે,
તેના બદલે અપવિત્રતાના ધામરૂપ શરીરને પવિત્ર માનવું.

o દ્રષ્ટૃદૃશ્યયોઃ સંયોગો હેય હેતુઃ । -૨/૧૭
અર્થાત્ઃ દ્રષ્ટા અને દૃશ્યનો સંયોગ હેયનું કારણ છે.
'સંયોગ' એટલે પરસ્પર વિરોધી સ્વભાવવાળા
પદાર્થોના સ્વભાવનું અભિન્નતામાં આરોપણ થવું તે.
'કર્મ એ ઈશ્વરની જ માયા છે' એનો અર્થ એ છે કે:
કર્મોમાં જે સુખ-દુઃખ આપવાની અચિન્ત્ય શક્તિ છે, તે
મનુષ્યના મનની શક્તિ નથી,
કિન્તુ મનથી અધિક-મનથી પર એવા જીવની શક્તિ છે.
આત્માના ધર્મોને પરમાર્થ તરીકે જાણનારી દૃષ્ટિ
એ જ્ઞાનદૃષ્ટિ અથવા દિવ્યદૃષ્ટિ છે.

શરીરના ધર્મોને સત્ય માનનારી દૃષ્ટિ વ્યવહારિક દૃષ્ટિ છે.

બંને દૃષ્ટિઓ ભૂમિકાભેદે સત્ય છે.

એક બાજુ એક દૃષ્ટિ ખુલ્લી રાખ્યે જ યથાર્થ બોધ થાય.

દૃષ્ટા આત્માના ધર્મોનો, દૃશ્ય દેહના ધર્મોમાં આરોપ કરવો જોઈએ નહિ, તો જ સંશય-વિપર્યયરહિત યથાર્થ જ્ઞાન થાય.

આપણે જ્યારે સ્નેહ વિનાનું સમર્પણ કરીએ છીએ, ત્યારે તે વ્યર્થ જાય છે. પૂજા કરો તો અનન્ય પ્રેમથી કરો.

સત્વગુણ વધે પ્રભુના મિલન માટે આતુરતા વધશે.

કર્મનાં ફળ ભોગવવાનાં જ છે, એમાં દોષ કોને દેવાનો?

દાંત તળે જીભ કચરાય તો દંડ કોને આપશો?

મજામાં સૌ સાથ આપે,

સજા જીવાત્મા એકલાને ભોગવવી પડે.

કાળની પકડમાંથી કાળના પણ કાળ પ્રભુ જ છોડાવે.

સર્વ જીવોના હિતચિંતનમાં જેને ભગવદ્ભાવ જાગ્યો, તે કાળના મુખમાંથી છૂટી જાય છે.

સમુદ્રના મંથનની જેમ જીવનનું પણ મંથન કરવાનું છે અને મંથન કરીને ભક્તિ અને જ્ઞાનરૂપી અમૃત મેળવવાનું છે.

દેહેઽહં મતિરજ્ઞાનતા ।

અહંકૃતિ: દેહમાં 'હું'પણાની બુદ્ધિ ત્યાગ કરી.

જાગૃત અવસ્થાના સંકલ્પોના પ્રવાહને સ્વપ્નવત્,
નાશવાન, ક્ષણભંગુર, દુઃખરૂપ અને વ્યર્થ સમજી તેને દૂર
કરી સંકલ્પરહિત બનવું. પ્રભુનામ ઝેરને અમૃત બનાવે.

સાધનાની શરૂઆતમાં કીર્તિ મળે છે.
તેનાથી જે રાજી થાય તેને ભગવાન મળતા નથી.
લક્ષ્મી નારાયણને મળે. નારાયણ = જેનું દિલ કોમળ-મૃદુ છે.
મનનો માલિક ચંદ્રમા છે. બુદ્ધિનો માલિક સૂર્ય છે.
મન-બુદ્ધિને સ્થિર કરી ધ્યાન કરવા લાગો એટલે
વિષયરૂપી શત્રુ આડે આવીને ઊભો રહે છે.
જ્ઞાનરૂપી સુદર્શનચક્રથી વિષયરૂપી શત્રુનો શિરચ્છેદ કરવો.
જ્યાં સુધી સંતની કૃપા ન મળે,
ત્યાં સુધી એકલા જ્ઞાનથી વિષયરૂપી શત્રુ મરતો નથી.
જીવાત્મા પાસે પરમાત્મા 3 વસ્તુઓ માંગે છે:
તન, મન અને ધન.
પ્રભુ કહે છે: સત્કર્મ તારું છે, શરીર પણ તારું નથી.
જે તન, મન, ધન ભગવાનને સમર્પે છે...
તેનું, તેના શરીરનું અને તેની ઇંદ્રિયોનું
રક્ષણ ભગવાન સ્વયં કરે છે
અર્થાત્ ભગવાન તે તન, મન, ધનમાં વાસ કરે છે.

સં-૨૦૨૯, પોષ સુદ ૨, ૭૬૩

મૈત્રી એ આત્મહિતચિંતારૂપ છે. ત્યાં આત્મહિતચિંતામાં સ્વપરનો ભેદ નથી એટલે આત્મતત્ત્વની હિતચિંતા એ મૈત્રી હોઈ તેના વડે ક્રોધની જેમ કામશત્રુ પણ હણાય છે.

પરહિતચિન્તાથી ક્રોધ-વૈર હણાય છે.

સ્વાત્મહિતચિન્તાથી કામ-સ્નેહાદિ હણાય છે.

o બ્રાહ્મણોને જ્ઞાનતેજથી, ક્ષત્રિયોને ક્ષાત્રવટથી, વૈશ્યોને ધનથી અને શૂદ્રોને વયથી માન મળે છે.

o સંગ્રહથી વિગ્રહ વધે છે. ધન બધું શુદ્ધ હોતું નથી, તેથી તેનો પાંચમો ભાગ તો દાનમાં જવો જ જોઈએ.

આપત્તિમાં ભગવાનનું સ્મરણ કરવું.

સંપત્તિમાં સર્વસ્વનું દાન કરવું.

o માખણનો ચોર એટલે મૃદુ મનનો ચોર.

કૃષ્ણ એ પરમાત્મા છે, ગોપી એ જીવ છે.

કૃષ્ણચરિત્ર શ્રવણીય છે, જ્યારે રામચરિત્ર અનુકરણીય છે.
રામ મર્યાદાપુરુષોત્તમ, જ્યારે કૃષ્ણ એ પૂર્ણપુરુષોત્તમ છે.

રામ જીવનમાં ઉતારવાથી સ્થિરતાને પમાય છે.

o ઋણ, મરણ, ભોજન અને ભજન-
એ ચારે ય પોતે જ કરવા પડે, એમાં બદલી ન ચાલે.

શંખેશ્વરજી, પોષ સુદ ૯

## અનુગ્રહ એટલે...

વીતરાગનો અનુગ્રહ એટલે નિષ્કામ અનુગ્રહ.
અહીં 'વીતરાગતા' શબ્દ એ વિશેષણ છે, કિન્તુ
અનુગ્રહના અભાવનો સૂચક નહિ,
પણ અનુગ્રહ કરવાની પાછળ કોઈ કામના રહી નહિ
એવા અર્થનો તે સૂચક છે.
રાગ-દ્વેષ-મોહના ક્ષય પછી જ પૂર્ણ નિષ્કામતા આવે છે,
ત્યાં સુધી અંશે પણ સકામતા રહી જાય છે એટલે વીતરાગ
જ શ્રેષ્ઠ અનુગ્રહકાર થઈ શકે છે, એ તાત્પર્ય છે.

અનુગ્રહ શુભ સંકલ્પ સ્વરૂપ છે.
જીવની યોગ્યતા પ્રમાણે શુદ્ધ આત્માઓ અનુગ્રહ કરે જ.
એ અનુગ્રહ તેમનો સ્વભાવ ન હોય તો તેઓનો આત્મા
સંપૂર્ણ શુદ્ધ થયો છે, એમ કહી શકાય જ નહિ.

જગમાત્ર પ્રત્યે અનંત કરુણા
એ શુદ્ધ આત્માઓનું સ્વરૂપ જ છે.
જાપમાં નામ અને નામીનો કથંચિત્ અભેદ છે.
સત્યસંકલ્પવાળા પુરુષોનો શબ્દ એ મંત્રરૂપ બને છે.
મંત્ર ફળવા પાછળ મંત્રસ્રષ્ટાનો સંકલ્પ ફળે છે.

ૐ નમઃ

<u>મંત્ર રચનારાઓમાં સદાય સંકલ્પ રહેલ છે કે</u>:
'અમુક વિધિથી અને અમુક નિયમોના પાલનથી
મંત્રનો જાપ કરનારને અમુક ફળ મળો'.
સંકલ્પ એ શબ્દશક્તિ દ્વારા કાર્ય કરે છે.
મંત્રદ્રષ્ટાઓનો સંકલ્પ તેમના શબ્દોમાં ઉતરે અને એ
શબ્દો સાથે અભેદભાવે જોડેલો સંકલ્પ જ ફળ આપે.
નિશ્ચયની અપેક્ષાએ વ્યવહાર અને
વ્યવહારની અપેક્ષાએ નિશ્ચય ઉપકારક છે.
પંખીના સ્થાને બંને પક્ષ જળવાયા છે.
0 અગ્યાર ઈંદ્રિયોને પ્રભુમાં પરોવવી તે <u>એકાદશી</u>.
પ્રભુની સમીપમાં રહેવું તે <u>ઉપવાસ</u>.
બધામાં સમતાભાવ રાખે તે <u>જ્ઞાની</u>.
બધામાં ઈશ્વર છે એવું જ્ઞાન થવું તે ખરું <u>જ્ઞાન</u>.
ઈશ્વરનો સાક્ષાત્કાર થયા પછી
શાસ્ત્રનું બીજું કોઈ પ્રયોજન રહેતું નથી.
સર્વને રડાવે તે <u>રાવણ</u> (કામ).
સ્ત્રીણાં સ્ત્રીસંગીનાં સંગમ: ત્યાજ્ય: ।
<u>અર્થાત્</u>: સ્ત્રીઓનો તથા સ્ત્રીનો સંગ કરનારાઓનો
સંગમ ત્યાગ કરવા યોગ્ય છે.

શરીર રૂપી અયોધ્યા. દશરથ એટલે જે દશે ઇન્દ્રિયોરૂપી ઘોડાઓને કાબુમાં રાખી રામ તરફ લઈ જાય. દશરથને ત્યાં પ્રભુ પુત્રરૂપે અને રાવણને ત્યાં કાળરૂપે આવે છે.

કૌશલ્યા = નિષ્કામ બુદ્ધિ. સુમિત્રા = શ્રદ્ધા. કૈકેયી = કુબુદ્ધિ.

રામ = આરામ. માતા-પિતાની સેવા, એકપત્નીવ્રતાદિ ગુણો જીવનમાં ઉતારે રામ મળે. રામ વિના આરામ નહિ.

બાળકની જેમ નિર્દોષ બને તેને રામ મળે.

બાળક માતા-પિતાનો સેવક અને નિર્વિકાર હોય.

કામ એ રાવણ છે, કેમકે તે જીવમાત્રને રડાવે છે.

રામનું માયાવીરૂપ ધારણ કર્યું રાવણને સીતામાં માતા દેખાણા.

જેનું ચિન્તન કરવાથી કામનો નાશ થાય, તે ઇશ્વર.

કામને આધિન થાય તે જીવ. કામને આધિન કરે તે શિવ.

ભગવાનથી જે ક્ષણ પણ વિભક્ત ન થાય, તે 'ભક્ત'.

સીતા = પરાભક્તિ. ત્યાં શોક ન હોય, તેથી અ-શોકવન.

લંકા = કાળ. જે કામને મારે, તે કાળને પણ મારી શકે.

જેને કામ મારે, તેને કાળ પણ મારે.

ન સ્પૃશેત્ દારવીમપિ ।

અર્થાત્: લાકડાની સ્ત્રીનો પણ સ્પર્શ વર્જ્ય છે.

દંભ = કામ-અભિમાન, તે જીવમાત્રને કેદમાં રાખે છે.

કામ પહેલાં આંખમાં અને પછી મનમાં આવે છે.

માનવ કાયામાં વિષયાનંદ હોય ત્યાં સુધી બ્રહ્માનંદ ન આવે.

૧૧ ઇંદ્રિયો ધ્યાનમાં એકાગ્ર થયે સાક્ષાત્કાર થાય છે.

દરેક ઇંદ્રિયોને ભક્તિરસમાં તરબોળ કરી દો,
પછી વિષય રૂપી પવન તેને અસ્થિર કરી શકશે નહિ.

બ્રહ્મભુવનમાં વિષયરસનું સ્થાન ન રહે.

વિદેહ = દેહમાં રહેવા છતાં દેહના ધર્મો જેને ન સ્પર્શે તે.
રાજા જનક વિદેહી હતાં.

ચિત્રકૂટ ચિત્ત અથવા અંતઃકરણનો, શબરી શુદ્ધ ભક્તિનો,
સૂર્પણખા મોહનો અને લક્ષ્મણ વૈરાગ્યનો પર્યાય છે.

બળદેવ શબ્દબ્રહ્મ છે જ્યારે કૃષ્ણ પરબ્રહ્મ.
બુદ્ધિને શબ્દબ્રહ્મ રોકે છે અને કામને પરબ્રહ્મ મારે છે.

કંસ એ અભિમાન અને કૃષ્ણ એ નિરાભિમાનનું પ્રતીક છે.

મનુષ્ય શરીર એ કુરુક્ષેત્ર અથવા મનુષ્યનું કાર્યક્ષેત્ર છે.
તેમાં પ્રવૃત્તિ-નિવૃત્તિનું યુદ્ધ અહર્નિશ ચાલુ છે.
શરીરરથમાં જે કૃષ્ણને સારથિ તરીકે બેસાડે, તે જીતે છે.

સુભદ્રા એટલે કલ્યાણ કરનારી અદ્વૈત બ્રહ્મવિદ્યા.

જે બીજાને યશ આપી પોતે યશ ન લે, તે યશોદા.

સેવક બુદ્ધિ ઈશ્વર પાસે લઈ જાય, કર્તા બુદ્ધિ નહિ.

ભગવાન માટે જે જાગે, તેને ભગવાન મળે.
આત્માકાર વૃત્તિ તે રાધિકા, આત્માભિમુખ વૃત્તિ તે ગોપી.
શરીરને વસ્ત્ર ઢાંકે છે, આત્માને વાસના ઢાંકે છે.
વૃત્તિઓના આવરણનું નષ્ટ થઈ જવું તે ચીરહરણલીલા
અને તેનું આત્મામાં રમણ-મિલન થઈ જવું એ રાસલીલા.
અહીં વસ્ત્રોની ચોરી નહિ પણ ગુપ્તિગત કામવાસનાની ચોરી છે.
રાસલીલા એ કામલીલા નહિ પણ કામવિજયની લીલા છે.
સર્વને આનંદ આપે, તેને ત્યાં પરમાનંદ આવે છે.
વસ્ત્રસંન્યાસ કરતાં પ્રેમસંન્યાસ શ્રેષ્ઠ.
પ્રેમનો સિદ્ધાંત એ ખ્રિસ્તી ધર્મનું રહસ્ય છે.
તેને સાત્ત્વિક, નિઃસ્વાર્થ, મૈત્ર્યાદિભાવો કહી શકાય.
પરમાત્માનો પ્રેમ નિઃસ્વાર્થ અને સાત્ત્વિક છે,
તેથી જ પ્રેમ પાડોશી (સર્વ) પ્રત્યે રાખવાનો કહ્યો છે.
જેમ ભક્તિ અને મૈત્રી પરસ્પર સંબદ્ધ છે,
તેમ જ પ્રભુ ઉપરનો પ્રેમ તથા પડોશી પ્રત્યેનો પ્રેમ છે.
નિર્વૈર અને નિર્વાસન થવાથી ઈશ્વર સાથે મૈત્રી થાય.
ઈશ્વર સાથે મૈત્રી થાય તે માટે
જીવો સાથે નિર્વૈરતા-પુદ્ગલો પ્રત્યે નિર્વાસનતા જોઈએ.
સંતની પરીક્ષા આંખ અને મનથી થાય છે.

## <u>અવિદ્યાના પાંચ દોષ</u>

(૧) દેહાધ્યાસ (૨) ઇંદ્રિયાધ્યાસ (૩) પ્રાણાધ્યાસ
(૪) અંતઃકરણાધ્યાસ (૫) સ્વરૂપ વિસ્મૃતિ.

o ચામડીનો વિચાર કરે તેને ચમાર જાણવું પડે.

માનવ શરીર એ જ <u>વ્રજ.</u>

વ્રજાતિ ભગવત્ સમીપં સ વ્રજઃ ।

<u>અર્થાત્</u>: જે ભગવાનની પાસે જાય તે વ્રજ.

ભગવદ્‌ભક્ત સર્વમાં એક ઈશ્વરને જ શોધે છે.

ઈશ્વરનું ચિંતન કરતાં કરતાં જીવ ઈશ્વરમય બની જાય.

આત્મામાં જે શક્તિ છે, તે પરમાત્માની છે,
તેથી આત્મા-પરમાત્મા એક જ છે.

શુભ વિચારો હંમેશા ફૂલે છે.

પવિત્ર વિચારો કર્યે હૃદય પવિત્ર અને શુદ્ધ બને છે.

તન્મે મનઃ શુભસંકલ્પમસ્તુ ।

<u>અર્થાત્</u>: તેથી મારું મન શુભસંકલ્પવાળું હો.

<u>ધ્યાન વિના સાક્ષાત્કાર, વિવેક વિના તન્મયતા થતી નથી.</u>

<u>જ્ઞાન અને વૈરાગ્ય ભગવાનની બે આંખો છે.</u>

<u>ભક્તિ અને વંદન ભગવાનને બાંધે છે.</u>

<u>પુષ્ટિમાર્ગ</u> = દરેક કાર્યમાં પુષ્ટાવલંબન, ઈશ્વરનું અનુસંધાન.

ઈશ્વર દરેકના હૃદયમાં સુતેલ છે, તેને જગાડવાના છે.
કપડા જેટલી કાળજી કાળજાની રાખો તો મન બગાડે નહિ.
નિરાકાર મુક્ત આત્માને મનને લીધે બંધન થાય છે.

મન મરે એટલે મુક્તિ મળે.

કામ-ક્રોધ મહામલ્લ છે, તેની સાથે કુસ્તી કરવાની છે.
અત્યંત સાવધ રહેશો તો જ કામ-ક્રોધને મારી શકશો.
[illegible] ક્રોધ, [illegible] કામ અને [illegible] કુબુદ્ધિ રહેલાં છે.
જ્ઞાન - વૈરાગ્યરૂપી પુત્ર વિનાની ભક્તિ વાંઝણી છે.

ઉત્તમમાં ઉત્તમ વસ્તુ પ્રભુને દાનમાં આપવી,
એ જ ભક્તિ અને એ જ શુદ્ધ ભાવ છે.

જીવ ઈશ્વરનો અંશ છે. જીવ ઈશ્વર સ્વરૂપ છે.
હૈયામાં જ્યાં સુધી જીવો પ્રત્યે વિરોધ હોય,
ત્યાં સુધી પરમાત્મામાં નિરોધ થઈ શકે નહિ.
નિરોધ માટે નિર્વૈરતા અને નિર્વાસનતા જોઈએ.
વાસના ઉડી જાય એટલે આપોઆપ નિરોધ થાય.
શરીર મરવાથી નહીં, મુક્તિ તો મનના મરવાથી જ મળે છે.
મન વિષયોથી હટી જાય અને ઈશ્વરનું ચિંતન કરે ત્યારે
અથવા દેહાધ્યાસ છુટી જાય અને
બ્રહ્માકારવૃત્તિ થાય, એટલે પછી જ મુક્તિ મળે.

o નીતિથી આવેલું ધન એ મહાલક્ષ્મી છે,
અનીતિથી આવેલું ધન અલક્ષ્મી છે.

विषयाक्रान्तचित्तानां नावेशः सर्वदा हरेः । भक्तिः

વિષયથી વ્યાપ્ત ચિત્તમાં હરિનો પ્રવેશ કદાપિ થતો નથી.

જીવ નિજકર્મ નિર્મિત તનુ છે.

ભગવાન સ્વનિર્મિત તનુ છે અર્થાત્ આનંદસ્વરૂપ છે,
જેમ ખાંડનો ઘાટ ખાંડમય હોય, તેમ તે આનંદમય હોય છે.

જ્ઞાનની વાતો કરવાની નથી, તેનો અનુભવ કરવાનો છે.

ભક્તિ અને જ્ઞાન બંનેમાં અભેદ સિદ્ધ થાય છે.

એકલા ભક્તિથી ભગવાન ગોકુળમાં જ દેખાશે,
જ્ઞાનથી તે સર્વત્ર દેખાશે.

સંયોગમાં ચક્ષુદર્શન, વિયોગમાં માનસદર્શન થાય છે.

ગૃહસ્થને ક્રમસર મુક્તિ છે, સાધુને સદ્યમુક્તિ છે.

o

ભોગ અને ભક્તિને વેર છે.

ભોજન જેવું સરસ તેવું ભજન સરસ નહિ થાય.

A feast of the body is a fast for soul.
A fast of the body is a feast for soul.

o Whoever tries for great objects
must suffer something. - Plutarch

o શબ્દબ્રહ્મનું ચિન્તન કરવાથી અંતઃકરણની વાસનાઓનો ધીરે ધીરે ક્ષય થશે. નામનો જપ કરતાં તેમાં તન્મયતા થાય એટલે સંસારદાવાગ્નિ શાંત થાય. વિષયાનંદ, બ્રહ્માનંદ, ભજનાનંદ, નાદબ્રહ્મ અને નામબ્રહ્મની એકતા થવી જોઈએ.

દૃષ્ટા, દૃશ્ય અને દર્શનમાં એકતા = એકાગ્રતા.

નિષ્કામ ભાવથી કરેલું કર્મ પાપને બાળે છે,

સકામ ભાવથી કરેલું સ્વર્ગ અપાવે છે.

શરીરનું મિલન તુચ્છ છે, મનનું મિલન દિવ્ય છે.

જીવ ઈશ્વર સાથે મૈત્રી કરે તો જીવ પણ ઈશ્વર બને છે.

દેહ છોડતા વખતે હજાર વીંછી કરડે તેટલી વેદના થાય છે.

તેવી વેદનામાં પણ જો ભગવાનનું નામ જીભ પર રહે,

તો તેવી વ્યક્તિનું જીવન ધન્ય બને છે.

જન્મ-મૃત્યુ-જરા-વ્યાધિ-દુઃખ-દોષાનુદર્શનમ્ ।

અર્થાત્: જન્મ, મૃત્યુ, જરા, રોગ, દુઃખ અને દોષનું દર્શન કરવું.

આધ્યાત્મિક શરીર, સૂક્ષ્મ શરીર, મન-એકાર્થક સમજવા.

કામવિકાર એ હૃદયનો રોગ છે.

એકતાનતા માટે શૃંગાર અને કરુણ એ બે પ્રધાનરસ છે.

પરમાત્મા, હૃદય, વાણી, પ્રાણ, બુદ્ધિ સાથે રમણ-મિલન.

યોગ એટલે જીવ અને ઈશ્વરનો સંયોગ.

Imp. પ્રેમ અંતરંગ છે, જ્યારે મોહ બહિરંગ છે.
પ્રેમ ત્યાગ માંગે છે, જ્યારે મોહ ભોગ માંગે છે.
પ્રેમ વિયોગમાં પુષ્ટ થાય, મોહ સંયોગમાં પુષ્ટ થાય છે.
<u>શરીરથી વિષયોનો ત્યાગ એ ત્યાગ, મનથી ત્યાગ તે સંત્યાગ.</u>
અનાદિકાળથી જીવ-માયાનું અવિરત યુદ્ધ ચાલ્યા કરે છે.
માયા જીવને જગતના મિથ્યા વિષયોમાં ફસાવી રાખે છે,
માટે જ સ્તુતિ કરવાની છે કે:
'હે ભગવન્ ! મારા માયાના બંધનોને આપ તોડી નાંખો.'
ધર્મકથા ઇંદ્રિયોની શુદ્ધિ કરે છે,
તેથી ગંગાસ્નાન કરતાં પણ તે અધિક છે.
જીવ અને ઈશ્વરનો પહેલો સંબંધ શબ્દથી થાય છે,
જેમ કે 'હું તમારી છું' એ વેવિશાળ કે વાગ્દાન છે અને
'નમો અરિહંતાણં ।' એનું પ્રતીક છે.
શરીરની ઉત્પત્તિ જ કામથી થયેલ છે,
તેથી મનુષ્યોના શરીરો વિલાસી છે.
તેમાં યોગ માર્ગ અને જ્ઞાનમાર્ગ પ્રાપ્ત થવા મુશ્કેલ બને છે.
ભણે બધા, પણ જીવનમાં ઉતારે કોઈક જ.
<u>ભગવન્નામ સુલભ છે અને જીભ સ્વાધીન છે,</u>
<u>છતાં જીવો નરકમાં જાય છે એ મોટું આશ્ચર્ય છે.</u>

ॐ अर्हं नमः

જીવો દરરોજ યમમંદિરમાં જઈ રહ્યા છે,
તો ય દુનિયામાં બાકી બચેલો સ્થિર રહેવા ઇચ્છે છે,
એથી મોટું આશ્ચર્ય બીજું શું?

ભક્તિહીન જીવો નરકમાં - મૈત્રહીન તિર્યંચમાં જાય છે.

આનંદ બહાર નહિ પણ અંદર છે.

વિષયોન્મુખ દૃષ્ટિ અંતર્મુખ કરવાથી આનંદ જ બાકી રહે.
મનને રોકવા બીજો કોણ આવે? તે તો પોતે જ રોકવું પડે.
બુદ્ધિ ઉપર નહિ પણ પાપ અને પુણ્ય ઉપર નિર્ભર રહો.

ચોવીસ ગુરુઓનાં નામ

(૧) પૃથ્વી - ધૈર્ય, ક્ષમા (૨) વાયુ - સંતોષ અને અસંગતા
(૩) આકાશ - નિર્લેપતા (૪) અગ્નિ - પવિત્રતા, નિષ્પાપતા
(૫) જળ - સ્વચ્છતા, મધુરતા, શીતળતા (૬) પિંગલા વેશ્યા
(૭) ચંદ્રમા - સૌમ્યતા, સંપત્તિ-વિપત્તિમાં સમાનતા (૮) સાપ
(૯) સૂર્ય - સ્વપર પ્રકાશકતા (૧૦) કબુતર - અનાસક્તિ
(૧૧) અજગર - સંતોષ (૧૨) ભ્રમર - સંસારમાં ફસાય છે.
(૧૩) મધુમક્ષિકા - અતિ સંગ્રહ વડે વિનાશ (૧૪) મત્સ્ય
(૧૫) સમુદ્ર - અગાધતા (૧૬) હાથી (૧૭) હરિણ (૧૮) વાનરી
(૧૯) કુરર પક્ષી (૨૦) કન્યા (૨૧) લુહાર (૨૨) ભૃંગી કીડો
(૨૩) બાળક (૨૪) પતંગા.

લૌકિક કાર્યો પણ તન્મયતા માંગે છે,
તો અલૌકિક કાર્યો તન્મયતા વગર કેમ સિદ્ધ થાય?

આત્મજ્ઞાની મુક્ત બને છે, કિન્તુ
આત્મજ્ઞાન વગરના જીવો બંધાયેલાં રહે છે.

સંસાર વૃક્ષનાં બે ફળ: ભોગ અને મોક્ષ.

ખાવાને માટે રડવું નહિ, પીવાના માટે ન રડવું.

<u>ચાર પ્રશ્નોત્તર</u>

<u>પ્રશ્ન</u>: મોટામાં મોટું દાન કયું? <u>ઉત્તર</u>: અભયદાન.
<u>પ્રશ્ન</u>: મોટામાં મોટું તપ કયું? <u>ઉત્તર</u>: કામનાનો ત્યાગ.
<u>પ્રશ્ન</u>: મોટામાં મોટો પંડિત કયો?
<u>ઉત્તર</u>: બંધ-મોક્ષનું તત્ત્વ જાણે તે.
<u>પ્રશ્ન</u>: મોટામાં મોટો જ્ઞાની કયો?
<u>ઉત્તર</u>: પુસ્તકમાં લખેલું જીવનમાં ઉતારે તે.

o અસંતોષી તે ગરીબ, નિંદાની અસર ન થાય તે ભક્ત.

મન આપવા લાયક એક ઈશ્વર જ છે.

નહિ દૃષ્ટેઽખિલાત્મનિ | <u>અષ્ટાવ</u>:
સૌ આત્મામાં મને (પરમાત્માને) જોયે છતે (મોક્ષ થાય છે).

'અમુમુક્ષુ' એટલે પાપ - પુણ્યનો વિચાર કરવાને બદલે
બુદ્ધિ અને વ્યવહારની બાબતોનો જ વિચાર કરે તે.

જગતને પીડા કરવાથી આપણને પીડા થાય છે અને
જગતને સુખી કરવાથી આપણને સુખ થાય છે,
એ રીતનો કર્મનો અટલ નિયમ જ જગતજીવોની સાથેનો
આપણા આત્માનો નિત્ય સંબંધ સૂચિત કરે છે.
આ નિત્ય સંબંધના અસ્વીકારરૂપ
ઉદાસીનતા પણ અજ્ઞાન અને મોહના ઘરની વસ્તુ છે.

## લોકપુરુષ-સ્વરૂપ ભાવના

(૧) વિશ્વપુરુષ - અનાદિ, સનાતન, સુસ્થિત, સુપ્રતિષ્ઠ, મહાકાય, ભીમકાંત.
(૨) મસ્તક (બ્રહ્મરંધ્ર)માં સિદ્ધ ભગવંતો - કેવળજ્ઞાન - સમાધિ.
(૩) મુખભાગમાં પાંચ ઇંદ્રિયો, પાંચ અનુત્તરો સ્થિત છે.
(૪) કંઠભાગમાં ૯ ગ્રૈવેયકો, ૯ વિશુદ્ધિ ચક્રો આવેલા છે.
(૫) વક્ષઃસ્થળમાં સર્વ દેવલોકોની ઉપસ્થિતિ રહેલ છે.
(૬) ઉદરભાગમાં સર્વ દ્વીપ તથા સમુદ્રો ઉપસ્થિત છે.
(૭) પગને ભાગે નારકી - અધર્મીઓ ઉપસ્થિત રહેલ છે.
નારકી, અધર્મીઓને પગેથી કચડે છે, જ્યારે
ધર્મીઓ તથા દેવોને તેઓ છાતી સાથે આલિંગિત કરે છે.
(૮) બધામાં આ મહાપુરુષ અને આ મહાપુરુષમાં બધા.
તેનું જ નામ અર્હન, કેવળજ્ઞાન અથવા પ્રભુની આજ્ઞા.
સર્વ દ્રવ્ય - ક્ષેત્ર - કાળ - ભાવો તેનો આધાર છે.

બધાં શાસ્ત્રો તે આત્માને કહે છે,

બધાં શાસ્ત્રો પડે તે આત્મા પોતાને કહેવડાવે છે.

એ વિશ્વપુરુષ તે હું અને હું તે જ એ મહાપુરુષ.

તે જ પ્રત્યેક જીવ અને પ્રત્યેક જીવ તે જ.

વિશ્વવાદ, જીવાજીવવાદ, ૯ તત્ત્વવાદ.

એનું ભાવથી સર્જન ભાવન કરતાં

હૃદય અતિ વિશાળતા-આર્દ્રતાને અનુભવે છે તથા

આનંદ, રોમાંચ અને રસનો સાગર રેલાય છે.

જગતથી તે ભિન્નાભિન્ન છે પણ સંગ્રહથી તે સર્વમાં છે.

એવંભૂતથી તે કોઈમાં અન્યમાં નહિ. શિવનું તાંડવ નૃત્ય

કહે છે: 'સબમેં હૈ ઔર સબમેં નાહીં, તું નટરૂપ અકેલો.'

શિવ એ નટરાજ, જગત્-પ્રકૃતિ એ નટરાજનું અર્ધું અંગ છે.

ધ્રુવ તે શિવ અને ઉત્પાદ તથા વ્યય તે તાંડવ નૃત્ય.

ઉત્પાદવ્યયધ્રૌવ્યયુક્તં સત્‌નો સમન્વય

એ રીતે તાંડવ નૃત્યમાં થઈ શકે છે.

હક્ક માંગો નહિ પણ આપો અને આપતાં શીખો.

હક્ક મેળવવા માટે બીજા પ્રત્યે આત્મીય વર્તન કરવું પડે છે.

ક્રાંતિ = આપણને આપણા હક્ક મળો. એ મિથ્યાવિચાર છે.

ઉત્ક્રાંતિ = મને મારું સ્વરૂપ મળો. એ સમ્યક્‌વિચાર છે.

ॐ

સ્વરૂપ મેળવવા માટે જાગૃત પ્રત્યે સૌજન્ય વર્તન કરવું પડે છે.
સ્વત્વ = ખોવાયેલું સ્વરૂપ, વ્યક્તિત્વ = માયાવી સ્વરૂપ.
મનોરંજનથી નહિ પણ મંથનથી જ શાશ્વત સત્ત્વ મળે.
पात्रापात्रविवेकोऽस्ति धेनु - पन्नगयोरिव ।
तृणात् संजायते क्षीरं क्षीरात् संजायते विषम् ॥
(ભાષાંતર માટે જુઓ પરિશિષ્ટ-૧)

## અહંતાનો ત્યાગ

વિનાશી પદાર્થોમાં અહંબુદ્ધિનો ત્યાગ એ ખરો ત્યાગ છે.
નિર્બળ ચિત્તના મનુષ્યોને મન પર કાબુ મેળવવાનો પ્રયત્ન
કઠિન લાગવાથી નિરપરાધી સ્થૂલ દેહને કષ્ટ આપે છે.
અહંતાનો ત્યાગ એ જ મહાત્યાગ છે.
જે અહંતાનો ત્યાગ કરે, તેને સર્વ વસ્તુઓ મળી રહે છે,
કારણ કે સર્વ સંપત્તિઓનું પ્રભવ સ્થાન આત્મા જ છે.
આત્મા જ સર્વ સંપત્તિઓનું રહેઠાણ છે.
આત્મજ્ઞાનથી વિશ્વજ્ઞાન-વિશ્વ ઉપર આધિપત્ય મળે છે.
અજ્ઞાનથી આચ્છાદિત છે, તે 'ચિત્ત' છે અને
આત્મજ્ઞાનથી ભરપૂર છે, તે 'સત્ત્વ' છે.
હું ચૈતન્ય માત્ર છું,
દેહ, મન, વચન, જન્મ-મરણ, સુખ-દુઃખથી પર છું.

'હું સર્વવ્યાપક, નિર્લેપ, સર્વવિદ છું'
આવો અનુભવયુક્ત નિશ્ચય જેને છે, તે મહાત્યાગી છે.

દ્વૈતપ્રપંચ સત્ય છે, દ્વૈતજ્ઞાન મિથ્યા છે.

અહીં પ્રદેશાદિ ભેદ છે, ભગવદ્ અભેદ છે.

પુષ્ટિ અથવા ભગવદનુગ્રહ કોઈપણ સાધન વગર
પોતાના સ્વરૂપના બળથી જ કાર્ય કરે જ છે.

ફળના પ્રાગટ્યનું સાધન પ્રેમલક્ષણા ભક્તિ છે.

દૂધનું દહીં એ પરિણામ છે, રજ્જુમાં સર્પ એ વિવર્ત છે.
શુક્તિમાં રજત બુદ્ધિ એ ય વિવર્ત છે પણ વિકાર નહિ.

બ્રહ્મ અવિદ્યાવશાત્ જીવરૂપે ભાસે છે.

જ્ઞાનથી અવિદ્યાની નિવૃત્તિ થતાં જીવત્વનો નાશ થાય.
જીવનું કર્તૃત્વ-ભોક્તૃત્વ બુદ્ધિના સંબંધે છે, પરમાર્થે નહિ.

જીવ એ બ્રહ્મનું પ્રતિબિંબ અથવા આભાસ છે.

દ્વૈત બધું અવિદ્યાનું કાર્ય છે.

પતિને કારણે પતિ પ્રિય નથી પણ આત્માને કારણે એ
પ્રિય છે એટલે કે પતિ એ આત્મા છે, માટે જ પ્રિય છે.

વાસુદેવે ભગવતિ ભક્તિયોગઃ પ્રયોજિતઃ ।
જનયત્યાશુ વૈરાગ્યં જ્ઞાનં ચ યદહૈતુકમ્ ॥ (પરિશિષ્ટ-૨)

એક અને તર્કથી અગમ્ય અને અનુભવ વડે ગમ્ય
એવું જ્ઞાન અને એવો વૈરાગ્ય ભક્તિ વડે પ્રાપ્ત થાય છે.

भक्तिर्विरक्तिर्भगवत्प्रबोधः ।

અર્થાત્: વૈરાગ્યવાળી ભક્તિ એ ભગવાનનું જ્ઞાન છે.

तुष्टिः पुष्टिः क्षुदपायोऽनुघासं । અર્થાત્:
ભગવાન સંબંધી ભક્તિ એ તુષ્ટિ છે, વૈરાગ્ય એ પુષ્ટિ છે. જ્ઞાન એ કોળિયે-કોળિયે ભૂખ દૂર કરવા સમાન છે.
સમર્પણ, આત્મનિવેદન, સર્વાત્મભાવ ભક્તિ, શરણાગતિ, પ્રપત્તિ, તાવકીનત્વ (ભગવદ્ આધીનપણું), દાસત્વ આદિ ભક્તિના પ્રકારો છે. ઉત્સવ એ ભેદ ટાળવા માટેનું પર્વ છે.

## શ્રવણ-મનન-નિદિધ્યાસન

વાચ્યાર્થનું મહત્ત્વ છે તેથી વધુ લક્ષ્યાર્થનું અને તેથી પણ વધુ વ્યંગ્યાર્થનું છે. શ્રવણથી વાચ્યાર્થનું જ માત્ર ગ્રહણ થાય છે. લક્ષ્યાર્થ માટે મનન અને વ્યંગ્યાર્થ માટે નિદિધ્યાસન જોઈએ.

એટલે જ શાસ્ત્રકારોએ
મનન અને નિદિધ્યાસનને અનિવાર્ય માન્યા છે.

श्रुत्या युक्त्या स्वानुभूत्या ।

અર્થાત્: શ્રુતિ, યુક્તિ અને અનુભવ એમ પ્રમાણ ગણાય છે.
એકલો અનુભવ મિથ્યા પણ હોય.

સ્વાનુભૂત્યેકમાનાય કહ્યું છે ત્યાં શ્રુતિ, યુક્તિ વડે અનુભૂતિ પર્યન્ત પહોંચનારને જ પ્રમાણ તરીકે કહેવાનું તાત્પર્ય છે.

મનન = શબ્દપાઠીની સાથે અર્થપાઠી પણ બનવું તે.

श्रुति विरोधान्न कुतर्कापसदैः स्वात्मलाभः ।

અર્થાત્: શ્રુતિઓના પરસ્પર વિરોધને લઈને જે ખોટા તર્ક કરે છે, તેને આત્મલાભ થતો નથી.

द्वासुपर्णा सयुजा सखाया समानं वृक्षं परिषस्वजाते ।
तयोरन्यः पिप्पलं स्वाद्वत्त्यनश्नन्नन्योऽभिचाकशीति ॥

- શ્વેતાશ્વતર ઉપનિષદ

અર્થાત્: જીવાત્મા-પરમાત્મારૂપ બે પક્ષીઓ સાથે રહેતાં મિત્રો છે અને એક જ શરીરરૂપી વૃક્ષમાં ભેટીને રહેલાં છે. તેમાંનું એક પક્ષી (જીવાત્મા) મીઠું લાગતું (કર્મનું) ફળ ખાય છે અને બીજું (પરમાત્મા) તેને ન ખાતાં માત્ર જોયા કરે છે.

समाने वृक्षे पुरुषो निमग्नोऽनीशया शोचति मुह्यमानः ।
जुष्टं यदा पश्यत्यन्यमीशमस्य महिमानमिति वीतशोकः ॥

અર્થાત્: એક જ વૃક્ષમાં આસક્ત બનેલો પુરુષ (જીવાત્મા) પોતાની લાચારીને લઈને મોહ પામીને શોક કરે છે,

પણ...

જ્યારે એ જીવાત્મા બીજા (પરમાત્મા)ને નિયંતા તરીકે જુએ છે, ત્યારે 'આ બધો તો આનો જ મહિમા હું જોઈ રહ્યો છું' એમ સમજીને શોકરહિત બને છે.

## તીવ્ર તથા મંદ વૈરાગ્ય

જો જીવાત્મા પોતાના સ્વરૂપને 'હું પરમાત્મા છું' એમ જાણી તો તે શા ફળની ઇચ્છાથી કયો રાગ પાર પાડવા શરીર ધારણ કરીને સંતાપ પામે? અર્થાત્ ન જ પામે. આ બન્ને શ્રુતિઓ અભેદોપાસના અને અભેદજ્ઞાનનું પ્રતિપાદન કરે છે. અધિકારી પરત્વે બન્ને સાચી છે. મંદ વૈરાગ્યવાળા માટે ભેદોપાસના દ્વારા ભેદજ્ઞાન પ્રાપ્ત કરવું યોગ્ય છે, એ જ રીતે તીવ્ર વૈરાગ્યવાળા માટે અભેદોપાસના દ્વારા અભેદજ્ઞાન પ્રાપ્ત કરવું યોગ્ય છે, એટલે બંને પ્રમાણરૂપ છે.

श्रुतिद्वैधं तु यत्र स्यात् तत्र धर्मावुभौ स्मृतौ ।
उभावपि हि तौ धर्मौ सम्यगुक्तौ मनीषिभिः ॥१॥

– मनुस्मृति (પરિશિષ્ટ-૩)

## વ્યક્તિની ઉપાસના

અશરીરી, સર્વવ્યાપી અને સર્વ જીવોમાં અંશરૂપે રહેલા ઈશ્વર અને ઈશ્વરના સર્વોપરિત્વ ઉપર રચાયેલા ઈશ્વર પ્રીત્યર્થ સર્વકામ કરવાની અને તમામ જીવસૃષ્ટિને પ્રભુના બાળ માનીને વહેંચી ખાવાની તથા સંયુક્ત પુરુષાર્થ કરવાની સહકારની ભાવના ઉપર ભારતીય સંસ્કૃતિનું મંડાણ છે.

## બુદ્ધની ભૂલએ વ્યક્તિવાદને જોર આપ્યું.

તેનાથી 'સમષ્ટિ એ સર્વથી અધિક' એ સિદ્ધાંતના સ્થાને વ્યક્તિની આસપાસ સમાજ રચાવા લાગ્યો તથા તમામની શુભેચ્છા, શુભકામના અને પ્રેમ ઉપર રચાયેલું તંત્ર લોપ થવા માંડ્યું અને ઈશ્વરની આરાધનામાંથી ચ્યુત થયેલા માનવોએ વ્યક્તિની આરાધના કરવા માંડી. ઈશ્વરપ્રીત્યર્થ કર્મના સ્થાને વ્યક્તિપ્રીત્યર્થ સ્વરૂપ પ્રગટ્યું.

## હક્ક અને ફરજ

બુદ્ધની ભૂલથી સામાજિક જવાબદારીને બદલે વ્યક્તિઓના અધિકાર અગ્રસ્થાને મૂકાયા.

ભારતીય સંસ્કૃતિમાં અધિકારનો અર્થ હક્ક નહિ પણ પાત્રતા, લાયકાત, જવાબદારીનું ભાન પેદા કરવામાં આવતો તેના સ્થાને 'અધિકાર' એટલે વ્યક્તિનો હક્ક એ અર્થ ફેલાયો. દરેક વ્યક્તિ પોતાની ફરજ બજાવે, તેના બદલે દરેક વ્યક્તિ પોતાના હક્કને માંગવા લાગી. એથી ટીંસાતોંસી, દેખાદેખી, વેરઝેર, દ્વેષદાવાનળ ભભૂકી ઊઠ્યો. દરેક પોતાના હક્ક આગળ કરે પણ જવાબદારી નહિ. દરેક વ્યક્તિ બીજા કરતાં પોતાને સવાયો માને; સત્તા માટે પડાપડી કરે, બીજાને ઉતારી પાડવાના પ્રયાસોમાં જ રચ્યો-પચ્યો રહે.

## પ્રતિશરીરલિંગ

આત્માને 'પ્રતિશરીરલિંગ' કહેવાનું પ્રયોજન એ છે કે જીવાત્મા વ્યાપક વસ્તુને સંપાદન કરવી હોય, અગર તેના રૂપનું નિરૂપણ કરવું હોય, ત્યારે શાખા-ચંદ્રન્યાય સ્વીકારવો જોઈએ, એકદેશીય નિરૂપણ કરવું જોઈએ. જેમ કે નિરંજન-નિરાકાર દેવતત્ત્વની ઉપાસના કરવી હોય તો તે પ્રતિમા વિના ન જ થઈ શકે. વ્યાપક ચૈતન્યની અભિન્નતા અને એકરસતાનું સંવેદન કરવું હોય તો પ્રતિશરીરલિંગ ચૈતન્યના અનુભવથી જ કરાવી શકાય.

નિત્ય શબ્દના વિભુ પરમાત્મા પરમેશ્વરનો મહિમા જાણવા
અનિત્ય, અંતઃકરણાવચ્છિન્ન ચૈતન્યના જ્ઞાન વડે,
ઉપાસનાદિ ધ્યાન ક્રિયા વડે અગર
જ્ઞાન-ધ્યાન ઉભય વડે પ્રયત્ન થઈ શકે છે.

## સર્વ નિક્ષેપોમાં કરુણા

પ્રભુના નામ-રૂપ-દ્રવ્ય-ભાવ ચારેમાં કરુણા ભરેલી છે.
તેનો સાક્ષાત્કાર કરવો એ આત્માર્થીનું કર્તવ્ય છે,
અન્યથા કૃતઘ્નતા અને અભાગિતા પોષાય છે.
દુઃખીના દુઃખ નાશ કરવાની શક્તિ જેમાં હોય,
તે તત્ત્વ કરુણામય કહેવાય.

નામથી પાપ બંધ થાય તથા પાપ બંધથી દુઃખ બંધ થાય.
સ્થાપનાથી પણ પાપ બંધ થાય. દ્રવ્યથી પણ કરુણાભાવ
સમેત છે. ભાવથી સાક્ષાત કરુણામૂર્તિ છે. પ્રભુની કરુણાનું
ધ્યાન એ જ વાસ્તવિક ભક્તિભાવની વૃદ્ધિનું સાધન છે.

કરુણાભાવ શુદ્ધ જીવનો સ્વભાવ છે.

તે નામ - આકૃતિ - દ્રવ્ય - ભાવ વડે બહાર આવે છે.

## તૃષ્ણામુક્તિ

સર્વ મુંઝવણો અને મુશ્કેલીઓનો ઉપાય તૃષ્ણામુક્તિ છે.
સર્વ તૃષ્ણાથી મુક્ત થવાની કળા તત્ત્વજ્ઞાન શીખવે છે.
તૃષ્ણામુક્ત મનોદશામાં જ શાંતિ અને શક્તિ ખીલે છે.
ઇચ્છારહિત મનની સ્થિતિ એ જ તત્ત્વજ્ઞાનનું ધ્યેય છે.
પ્રત્યેક ઇચ્છા આપણને બાહ્ય પદાર્થો પ્રત્યે લઈ જાય છે અને આપણે જાત ઉપરનું વર્ચસ્વ ખોઈ બેસીએ છીએ.
વિજ્ઞાને દુનિયાને નાની અને સુખ-સગવડભરી કરી છે, ઇતિહાસે ભૂતકાળમાંથી ડહાપણ સંઘર્યું છે. અનેક સમ્રાટોની મહત્ત્વાકાંક્ષા કરતાં નિસર્ગની મહાસત્તા વધુ બળવાન છે.

o સ્થાન અને કરણના અભિઘાતથી જે ધ્વનિ ઉત્પન્ન થાય, તે આહત ધ્વનિ અને તેવા અભિઘાતની અપેક્ષા વિના સ્વયમેવ ઉદિત થાય, તે અનાહત ધ્વનિ છે.

અવ્યક્ત અનાહતનું કોઈ ઉચ્ચારણ કરી શકતું નથી અને તેને કોઈ અટકાવી શકતું નથી, તેથી જ શરીરની અંદરમાં તે 'શબ્દબ્રહ્મ'નું ઉચ્ચારણ સ્વયમેવ-આપમેળે થાય છે.

સં. ૨૦૨૯, પોષ વદી ૧૨

દાન = દેયનું હેયોપાદેય રૂપે પૃથક્કરણ.

ચારિત્ર = હેયનું દાન અને ઉપાદેયનું આદાન.

દર્શન = હેયના ત્યાગની અને ઉપાદેયના ગ્રહણની ઝંખના.

દર્શનો સત્યનો વિષય નથી, ભાવનાનો વિષય છે.

અદ્વૈત એ સત્ય નથી પણ અદ્વૈત ભાવના તે સત્ય છે.

## આભાસવાદ

ચૈતન્યનો આભાસ-પ્રતિબિંબ અંતઃકરણ ઉપર તથા અનેક કામનાઓવાળી બુદ્ધિ ઉપર જે પડ્યું, તેનું જ નામ જીવ. અંતઃકરણે રહેલું ચૈતન્ય મળીને જીવ 'સંસારી' કહેવાય છે, પરંતુ આ જીવરૂપી ચેતનને અંતઃકરણથી જુદું કહેવું હોય, ત્યારે અંતઃકરણને ઉપાધિ માનવામાં આવે છે અને જીવને સાક્ષી અગર કૂટસ્થ કહેવાય છે. બંનેને ભેગાં કરીને 'જીવ' કહેવાય. તે વખતે અંતઃકરણના સુખ-દુઃખાદિક ચેતનમાં અને ચેતનના જ્ઞાનાદિ ગુણ અંતઃકરણમાં મનાય છે. આ સિદ્ધ કરે કે પરમાત્મા-જીવાત્માના વિશેષમાં ભેદ નથી.

અંતઃકરણ વિશિષ્ટ ચૈતન્ય,
અહીં વિશેષ્ય અંશમાં સુખ-દુઃખાદિ ક્લેશ નથી.
વિશેષણ અંશ જે અંતઃકરણ છે, તેમાં જ તે છે.
આને આભાસવાદ અથવા બિંબ-પ્રતિબિંબવાદ કહેવાય છે.
જો વિશેષ્ય અંશ જે ચૈતન્ય,
તેમાં સુખ-દુઃખાદિ માનવામાં આવે, તો
પરમાત્મામાં પણ માનવા પડે, જે કોઈ વાદીને અભિમત નથી.
આભાસવાદની સાત ભૂમિકાઓ અને ૫ ભ્રાંતિઓ છે.
તેમાં એક કર્તા-ભોક્તાપણાની ભ્રાંતિ છે. જેમ સ્ફટિકમાં
રક્ત-શ્યામ પુષ્પનો વર્ણ ભાસે છે, તે રીતે અંતઃકરણના
કર્તા-ભોક્તાપણાનો ભાવ કે અનુભવ જીવમાં ભાસે છે.
સ્ફટિક શ્વેત છે, છતાં ઉપાધિને કારણે રક્ત-શ્યામ લાગે છે.
સુષુપ્તિમાં અંતઃકરણના વિયોગ વખતે
શરીરમાં થતી વેદના વગેરે વિસરાઈ જાય છે તથા જેમ
નિદ્રામાં સુખ-દુઃખનું વિસ્મરણ થઈ જાય છે, તેથી
તે ધર્મ જીવના નહિ પણ અંતઃકરણના સાબિત થાય છે.
તેથી જ અંતઃકરણને અપેક્ષાએ જડ કહેલ છે.
સુખ-દુઃખ જડના ધર્મ છે,
એથી વિપરીત આનંદાદિ ચૈતન્યના ધર્મો છે.

# આત્માની વ્યાપકતા

સાંખ્ય શાસ્ત્રનું મુખ્ય તાત્પર્ય પુરૂષાર્થ અને
તેનું સાધન પ્રકૃતિ-પુરૂષ વચ્ચે વિવેકખ્યાતિ છે.
બુદ્ધિના અવિવેકથી આત્માને બંધની પ્રાપ્તિ છે.
માત્ર બોધ થાય તેવું વાક્ય તે અવાંતર વાક્ય.
અવાંતર વાક્ય પરોક્ષ જ્ઞાન કરાવે છે.
દૃઢ બોધ કરાવે તેવું વાક્ય તે મહાવાક્ય.
એનાથી પરોક્ષ અને ભાળથી પ્રત્યક્ષ જ્ઞાન થાય છે.
'હું બ્રહ્મ છું' એ પ્રત્યક્ષ જ્ઞાન છે.

## ચિતિ શક્તિ

એકાગ્રતા સ્વાભાવિક છે,
ભટકતું ચિત્ત રાખવું એ અસ્વાભાવિક છે.
એકાગ્રતામાં પ્રયત્નની આવશ્યકતા નથી.
ભટકતું ચિત્ત રાખવામાં પ્રયત્નની આવશ્યક છે. એકાગ્રતા
કરવામાં પ્રયત્ન અટકે છે, તેથી બળનો સંચય થાય છે.
ચિત્તને ભટકતું કરવામાં પ્રયત્નનો વેગ વધે છે, તેથી બળનો
ક્ષય થાય છે. બાળકની જેમ એકી વખતે એક જ કામ
કરવાનો અભ્યાસ કરો. નાનાં કાર્યોમાં પડેલો મનનો
અભ્યાસ મોટાં કાર્યોમાં સર્વદા ઉપયોગમાં આવે છે.

ચિત્ત શક્તિ પ્રાપ્તિ અભિમુખ થવાના કાર્યનું વ્યસન પાડવું જરૂરી છે. તેમ કરવાથી સર્વાંગ ચિત્તમય થઈ જવાશે.

## યાદ - દયા

દયાની વિરુદ્ધ યાદ અને યાદની વિરુદ્ધ દયા છે.
'ફરીયાદ' શબ્દ ફરીવાર દયા કરવા સૂચવે છે.
કોઈપણ વસ્તુની ફરીયાદ કરવાની ત્યાં સુધી જ રહે છે, કે જ્યાં સુધી ફરીવાર દયા કરવામાં આવતી નથી.
ફરીયાદ કરવાની ટેવ પાડવા કરતાં જેના પ્રત્યે ફરીયાદ હોય, તેના પ્રત્યે દયા કર્યે તે હંમેશ માટે મટી જાય છે.
કોઈની ભૂલ પણ ફરી યાદ કરાવવાને બદલે તેને ફરી દયા-ક્ષમા-માફ કરવાથી તે ભૂલ જલ્દી સુધરે છે.
બાળની ભૂલ સુધારવાનો અકસીર ઉપાય ફરીયાદ નહિ, પણ ફરી ફરી દયા કરવી તે છે.
પોતાની ભૂલ પણ જેટલી ફરીયાદથી જતી નથી, તેટલી દયાથી, માફીથી, ક્ષમાના ભાવથી જાય છે.
યાદના બદલે દયા શબ્દ વધારે બળવાન છે.

°

Divine is benificial dynamically always. Love of God and love of neighbour are mutually related. One depends on anotther.

## પાંચ મનનીય મૌક્તિક

(૧) આ 'પંચસૂત્ર' સાધુસ્વરૂપમાં એક વિશેષણ એવું છે કે:

પરોવયારનિરયા (પરોપકારનિરત)।

(૨) 'ધર્મ સંગ્રહણી' ગાથા-૧માં આમ કહ્યું છે કે:

ધમ્મો સપરોવયારજુત્તો। અર્થાત્: ધર્મ પરોપકારથી યુક્ત હોય.

(3) આ વિનયવિજયજી કૃત 'શત્રુંજયની વિનંતિ' ગાથા-૫૭ પ્રભુ આદિનાથના સ્તવનમાં ૧૮ પછીની કડીઓમાં પાંચે કારણો પર અરિહંતોનું પ્રભુત્વ હોય તેવો ભાવ નીકળે છે.

(૪) સંઘપૂજાની મહત્તા

(a) સંઘપૂજાનો વિષય મોટો હોવાથી તે બહુ ગુણવાળી છે. તીર્થંકર પછી તીર્થ સંઘથી ચાલે છે, માટે સંઘ મહાન છે.

(b) સંઘ એટલે અનેક જીવોમાં રહેલ સમ્યગ્દર્શન આદિ ગુણસ્વરૂપ હોવાથી ગુણનો સમુદાય 'સંઘ' કહેવાય છે. પ્રવચન, તીર્થ, સંઘ - એ બધા જ એકાર્થક શબ્દો છે.

(c) તીર્થંકરપણું શેનું ફળ છે? શાસ્ત્રોમાં કહ્યા પ્રમાણે એ તીર્થરૂપ પ્રવચનમાં કહેલા અનુષ્ઠાનની આરાધનાનું ફળ છે. નમસ્તીર્થાય। કહીને ૨૪ તીર્થંકરો ધર્મદેશના કરે છે.

(d) સંઘના આદર્શ સભ્ય થવાથી સંઘના ગુણો જેવા કે વિનય તથા કૃતજ્ઞતાગુણનું આદર્શ રીતે પાલન થાય છે.

(૨) કૃતકૃત્ય તીર્થંકર પ્રભુ એમ ધર્મદેશના આપે છે, તેમ તીર્થને નમસ્કાર કરે છે, તે ઉચિત પ્રવૃત્તિરૂપ છે. તે જિનનામકર્મનો જે ઉદય વર્તે છે, તેનું ઔચિત્ય છે.

(૩) સંઘને પૂજવાથી પૂજનીય સર્વ વસ્તુની પૂજા થાય છે. સંઘથી ચઢીયાતી પૂજનીય વસ્તુ ૩ ભુવનમાં બીજી છે નહિ.

(૪) સંઘપૂજાનો પરિણામ મહાન વિષયવાળો છે, કેમકે સંઘ મહાન છે. સર્વ સંઘની પૂજા ન થઈ શકે તો દેશાધિદેશના ચરણરૂપી એક અંગની પૂજાના દૃષ્ટાંતે પણ સંઘના એકભાગને પૂજનારો પણ પુણ્યવાન ગણાય છે, ભાગ્યશાળી મનાય છે.

(૫) ધર્મ જગતને ધારણ કરે છે. એ વાત સ્પષ્ટ છે કે પ્રવણ પરિણામ: । અન્નો મૈત્ર્યાદિ ભાવ સંયુક્તં । બંને એક જ છે. પરિણામની સાથે મૈત્ર્યાદિનો અભેદભાવ છે.

મૈત્ર્યાદિ વિના જગતને કોણ ધારણ કરી શકે?

એક પણ ભાગ્યવાન પુરુષના હૃદયમાં જ્યાં સુધી મૈત્રી હશે, ત્યાં સુધી મૈત્ર્યાદિ દ્વારા જગદ્ધારણનું કાર્ય ચાલુ રહેશે.

સર્વથી ઉત્કૃષ્ટ જે અશુભ પરિણામ, તેના કરતાં એક માત્રા અધિક સદા અશુભ પરિણામ દુર્ગતિમાં જતા જીવોને થતો નથી, એનું કારણ એ છે કે સત્પુરુષોના હૃદયમાં મૈત્ર્યાદિરૂપ ભાવધર્મની સ્થાપના છે.

એ ધર્મ વિના જીવોના અશુભ પરિણામની કોઈ મર્યાદા ન રહે. સર્વોત્કૃષ્ટ અશુભ પરિણામની અપેક્ષાએ તેમ એક પણ માત્રા હીન સદા અશુભ પરિણામ પણ (અપેક્ષાએ) શુભ ગણાય.

આવી અશુભની માત્રામાં જે ન્યૂનતા થઈ,
તેમાં કારણ પણ સત્પુરુષોના હૃદયમાં રહેલો ધર્મ છે.

મૈત્ર્યાદિ સ્વરૂપધર્મમાં ધારણ કરવાની શક્તિ શબ્દોમાં આવે તેમ નથી, પણ સ્પર્શ થતા સમજાય છે કે ધર્મ એક સદા પ્રેમપુંજ છે, જેના વડે આપણે સૌ ધારણ કરાઈ રહ્યા છીએ. એ પ્રેમપુંજને કેવળ આત્મા, આત્મા વડે આત્મામાં જ જાણી શકે, જોઈ શકે અને અનુભવી શકે. પરમાત્મતત્ત્વની સાથે ભાવાનુસંધાન થતાં જ એક એવું મોજું આત્મદ્રવ્યમાં ફરી વળે છે કે જેની મીઠાશ અવર્ણનીય છે. એ મીઠાશ તે ધર્મ છે કે જે ધારણ કરે છે અથવા તો પરમાત્મરૂપ સર્વ જીવો સાથે ભાવાનુસંધાન થતાં જ જે આહ્લાદ-આનંદાદિ ઉત્પન્ન થાય, તે જગતને ધારણ કરે છે. એની શક્તિને કેવળ કેવલિ ભગવંતો જ જાણી શકે. યોગીઓ એ પરિણામને સ્પર્શવાના સતત પ્રયત્નોમાં હોય છે.

દર્શન-જ્ઞાન-ચારિત્રનો આત્મા
પૂર્વોક્ત સમસ્ત જંતુવિષયક સ્નેહનો પરિણામ છે.

આ પરિજ્ઞાનની ભાવપરિણતિ, સ્વરૂપ ભાન
સિદ્ધ ભગવંતોમાં પૂર્ણ છે.

એ જ ભાવપરિણતિને શ્રી ઉપમિતિકાર ભગવંત
પરમ કારણ તરીકે સંબોધે છે.

આ બધી અપેક્ષાઓને સાથે રાખીને મૈત્ર્યાદિભાવો તરફ જોવાય, ત્યારે તે ભાવોની મહાનુભાવતાનો સાચો ખ્યાલ આવે.

o 'અહિંસા' એટલે અન્ય જીવો તરફ સદ્ભાવ.

'અનેકાંત' એટલે અન્ય વિચારો (ધર્મો) તરફ સદ્ભાવ.

'અપરિગ્રહ' એટલે અન્ય પદાર્થો તરફ નિઃસ્પૃહતા.

અહિંસામાં સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય છુપાયેલા જ છે.
અપરિગ્રહમાં સંતોષ, સહિષ્ણુતા અને નિઃસ્પૃહતા રહેલાં છે.

વસ્તુઓ સાથે સંબંધ
જરૂરિયાત પુરતો જ જોઈએ, તૃષ્ણાવાળો નહિ.

વ્યક્તિઓ સાથે સંબંધ
ન્યાયપૂર્વકના સંતોષ પુરતો જોઈએ, લોકસંજ્ઞા માટે નહિ.

વિચારો સાથે સંબંધ
તત્વ સમજવા પુરતો જોઈએ, સ્વઆગ્રહ પોષવા નહિ.

o Passive forceથી જે કાર્ય થાય છે,
તે aggressivenessથી કદાપિ થતું નથી.

શેરીસા, ચૈત્ર સુદ ૧૫, ૨૦૪૩ વર

જીવત્વ સામાન્યને જીવતત્ત્વમાં રહેલું જીવત્વ ચૈતન્ય
સ્વરૂપ છે. ચૈતન્ય એ સર્વ ગુણોમાં શિરોમણિભૂત ગુણ છે.
તેના ઉપરનો સ્નેહ અને આદર એ પણ ગુણ છે,
તે ગુણ ઉપર રાગને બદલે અરાગ કે દ્વેષ હોય,
તો સમ્યક્ત્વ કે તત્ત્વશ્રદ્ધાન ટકે નહિ,
તેથી સમ્યક્ત્વની અંતર્ગત ચૈતન્યશક્તિ હોવી જોઈએ.

most Important

અમદાવાદ, ચૈત્ર વદ ૬, ૨૦૪૩

પુદ્ગલમાં સુખ આપવાનો ગુણ નથી.
જીવમાં પણ સ્વરૂપથી દુઃખ આપવાનો સ્વભાવ નથી.
સુખ ઉપર રાગ અને દુઃખ ઉપર દ્વેષ સ્વભાવથી છે.
'પુદ્ગલમાં સુખ આપવાની શક્તિ છે' એ ભ્રમ છે.
એ ભ્રમનું નિવારણ જેમ જિનવચનથી થાય છે,
તેમ 'જીવમાં દુઃખ આપવાનો સ્વભાવ છે'
એ ભ્રમનું નિરસન પણ જિનવચનથી જ થાય છે.
જીવ પર દ્વેષ થવાનું કારણ જીવમાં દુશ્મનબુદ્ધિ પેદા થાય છે.
પુદ્ગલમાં દુશ્મનબુદ્ધિ નથી, તેથી દ્વેષભાવના સંભવ નથી.
પુદ્ગલમાં રાગ થવાનું કારણ
'તે સુખનું સાધન છે' એવી ભ્રાંતિ છે.

સુખના સાધન હોવાની એ ભ્રાંતિના નિવારણ માટે
પુદ્‌ગલના સ્વભાવનું ચિંતન કરીને વૈરાગ્ય કેળવવાનો છે.
જીવ ઉપર દ્વેષ થવાનું કારણ જીવમાં દુશ્મનબુદ્ધિ રહેલી છે,
એને નિવારવા માટે 'દરેકે દરેક જીવ કર્મને પરવશ છે'
એમ વિચારી જીવમાત્ર પરત્વે મૈત્રીભાવ કેળવવાનો છે.
દરેક જીવ ઉપરનો સ્નેહભાવ જ્યારે એની ટોચે પહોંચે
એટલે દ્વેષભાવનો અંત આવે તથા પુદ્‌ગલમાં ખેદભાવ
એની ટોચે પહોંચે એટલે રાગભાવનો અંત આવે છે.
તેમાં જિનવચન સહાયક થાય, તેથી ભક્તિ પેદા થાય છે.
એ ભક્તિ જિનેશ્વરોનું ધ્યાન કરાવવામાં કારણભૂત થાય,
તેથી મુક્તિનો હેતુ બને છે. મુક્તિનો હેતુ જિનધ્યાન છે.
જિનધ્યાનનો હેતુ જિનવચનનો વિચાર છે. જિનવચનનો
સાર પુદ્‌ગલ પ્રત્યે માધ્યસ્થભાવ છે અને જીવ પ્રત્યે
સ્નેહભાવ કેળવવો તે છે. એનું જ નામ 'સામાયિક' છે.

સામાયિકનો 'સામ' શબ્દ મૈત્રીવાચક છે.
'સમ' શબ્દ માધ્યસ્થ્યવાચક છે અને
'સમ્મ' શબ્દ એ બેનો સંયોગવાચક છે.
માધ્યસ્થ્યભાવ એ ખીર છે, મધુરભાવ એ ખાંડ છે.
એ બેનો સંયોગ સમ્મભાવ કરાવે છે.

એ રીતે સામાયિકના અહીં અંગોની સાર્થકતા
જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપી રત્નત્રયીની આરાધનામાં છે.

૦ પ્રેમ ત્યારે જ શુદ્ધ બને છે, જ્યારે તે વિશ્વવ્યાપક
બને છે. જે પ્રેમ વિશ્વવ્યાપક નથી, તે સંકુચિત હોય છે.
સંકુચિત પ્રેમ એ દ્વેષનું જ રૂપ છે.

નવકારનો શબ્દ પણ પુણ્ય બંધાવે છે.
નવકારરૂપી પારસમણિના પારસમાં આવેલ
સહુ કોઈ સુવર્ણ બને છે.
ઉન્માર્ગને પલટો ખવડાવવાની તાકાત એક નવકારમાં છે.

૦ હાથ-પગ, હૃદય અને મસ્તક મળીને મનુષ્ય બને છે.
હાથ-પગ એ ચારિત્ર, હૃદય એ દર્શન અને
મસ્તક એ જ્ઞાનનું અંગ છે.

૦ નિદ્રા એ મૃત્યુની સખી છે, બેન છે.

કલોલ, વૈશાખ સુદ ૧૨, બુધ

નવકારમાં ભગવાનની પૂજા નથી, પણ ભગવદ્ભક્તિ છે.
સકલ જીવરાશિનું કલ્યાણ કરવું
એ પરમેષ્ઠિ ભગવંતોને સ્વભાવરૂપ બની ગયું છે.
પંચ પરમેષ્ઠિનો એ સ્વભાવ
એમના નામ-રૂપ-દ્રવ્ય-ભાવ એ ચારેમાં અવતરે છે.

નવકારના પહેલા પાંચ પદમાં રહેલા પાંચેપાંચ પરમેષ્ઠિઓ
સાથે નિશ્ચયથી ત્રણે કાળ અને ચૌદ રાજલોકમાં
પોતાના સ્વભાવથી સર્વનું કલ્યાણ કરી રહેલા છે.

છેલ્લા ચાર પદમાં તેમને નમસ્કાર કરનારા ચારે ગતિના સમ્યગ્દૃષ્ટિ જીવો, ધ્યાતા-ધ્યેયસ્વરૂપ બને એ ન્યાયે આગમથી ભાવનિક્ષેપે પરમેષ્ઠિરૂપ બનીને તે સકલ પાપના વિધ્વંસક તથા સકલ મંગલના ઉત્પાદક બને છે.

નોઆગમથી ભાવનિક્ષેપે અરિહંતાદિ પરમેષ્ઠિઓ છે,
જ્યારે આગમથી ભાવનિક્ષેપે પરમેષ્ઠિઓ
તેમના જ્ઞાતા અને ઉપયોગવંત ધ્યાતા બને છે.

પાલનપુર, વૈ સુ ૧૩, ૨૦૬

નવે પદોમાં અરિહંતોનું તેજ વિલસે છે, કોઈમાં સાક્ષાત્, કોઈમાં પરંપરાએ. નોઆગમથી તે તેજ પરમેષ્ઠિઓમાં સાક્ષાત્ છે, આગમથી સાક્ષાત્ તેમને નમસ્કાર કરનારમાં છે. એથી ઉલટું અપેક્ષાઓને એકસામટી લેવામાં આવે, તો નવે પદોમાં અને ત્રણે ભુવનોમાં પણ અરિહંતોનું તેજ જ અરિહંતોનો પ્રભાવ વિલસી રહ્યો છે. અરિહંતો, પછી તે ત્રણે કાળના અને સર્વ ક્ષેત્રોના હો પણ જાતિથી એક છે, તેથી 'એકનો જ પ્રભાવ સર્વમાં છે' એ વાક્ય સત્ય છે.

એની શ્રદ્ધા સૌમાં સ્થૈર્ય, ધૈર્ય અને શુદ્ધિને નિપજાવે છે. શ્રી અરિહંતના સ્મરણમાં ત્રણ ભુવનનું સારભૂત સ્મરણ છે. ત્રણે ભુવનમાં રહેલ શુભતત્ત્વ એ શ્રી અરિહંતના જ પ્રભાવથી છે. અશુભ પણ અશુભતર કે અશુભતમ ન બનતું હોય, તો તેને તેમ બનતું અટકાવનાર શુભ, શુભતર અને શુભતમપણું અરિહંત અને તેના તેજનું છે. ઉત્ક્રાંતિના માર્ગે રહેલ વિશ્વને ટકાવનાર, વેગ આપનાર, અપક્રાંતિ ન થવા દેનાર જે તત્ત્વ, તે અરિહંતતત્ત્વ છે. સદા દૃઢ નિશ્ચય થઈ ગયા પછી અરિહંતોનું સ્મરણ એ ભાવસ્મરણ બનીને જગતના જીવોનું રક્ષણ કરે છે.

પાનસર, ચૈ સુ ૧૪

પ્રાણીમાત્રને સ્વસુખ અને તેના સાધનો ઉપર અનુરાગ તથા સ્વદુઃખ અને તેનાં હેતુઓ ઉપર અસાધારણ દ્વેષ હોય છે. સર્વના સુખ ઉપર રાગ અને સર્વના દુઃખ ઉપર દ્વેષને કેળવવાના સ્વભાવથી તેનું નિવારણ સરળ બને છે.

ધોળાસણ, ચૈ વ ૧, રવિ

પંચ નમસ્કાર જ્યાં જ્યાં છે, ત્યાં ત્યાં સર્વ પાપનો અર્થાત્ પાપભાવનો અહિત સ્વાર્થબુદ્ધિનો નાશ કરે છે તથા તે નમસ્કાર જેઓના પણ હૃદયમાં વસે છે, તે સર્વને

ॐ अर्हं नमः

સર્વ મંગળોમાં પ્રથમ મંગળ અરિહંત પ્રધાન મંગળ બને છે.
પ્રધાન અરિહંત શ્રેષ્ઠ, મુખ્ય અથવા મૂળ મંગળરૂપ ધર્મ છે.
ધર્મ એ જ મંગળ છે અને તે અહિંસા-સંયમ-તપરૂપ છે.
તે ધર્મરૂપી મંગળનું મૂળ સર્વ જીવરાશિ ઉપર સ્નેહનો
નિષ્કામ પરિણામ છે. એ પરિણામ જ અહિંસારૂપ, સંયમ
વ્યાપારરૂપ, તપશ્ચર્યાદિરૂપ બને છે. અહિંસા એ જીવમૈત્રીનું,
સંયમ એ અહિંસાનું અને તપ એ સંયમનું પ્રતીક છે.

તપથી સંયમની શુદ્ધિ, સંયમથી અહિંસાની શુદ્ધિ
અને અહિંસાથી જીવમૈત્રી વધે છે.
જીવની મૈત્રી પરમેષ્ઠિની ભક્તિને વધારે છે
અને પરમેષ્ઠિની ભક્તિથી જીવની મૈત્રી વધે છે,
એમ અન્યોન્ય કારણ બને છે.

જીવમૈત્રીથી અહિંસા, અહિંસાથી સંયમ, સંયમથી તપ વધે છે.
તપમાં ધ્યાન પ્રધાન છે. ધ્યાનની સામગ્રી સંયમ, સંયમની
સામગ્રી અહિંસા, અહિંસાની સામગ્રી જીવમૈત્રી, જીવમૈત્રીની
સામગ્રી પરમેષ્ઠિની ભક્તિ છે, પંચ પરમેષ્ઠિ ભક્તિની
સામગ્રી જીવમૈત્રી છે, જીવમૈત્રીની સામગ્રી અહિંસા છે,
અહિંસાની સામગ્રી સંયમ, સંયમની સામગ્રી તપ, તપની
સામગ્રી ધ્યાન અને ધ્યાનની સામગ્રી પરમેષ્ઠિ ભક્તિ છે.

એ રીતે સમતા અને ધ્યાન તથા ધ્યાન અને સમતા પરસ્પર કાર્ય-કારણરૂપ બનીને મુક્તિનો માર્ગ બને છે.

મોક્ષ કર્મક્ષયથી, કર્મક્ષય આત્મજ્ઞાનથી અને આત્મજ્ઞાન આત્મધ્યાનથી થાય છે. આત્મધ્યાનથી સમતા નિષ્કંપ બને છે.

સમતાની સામગ્રી ભાવનાઓ આદિ છે,

તેથી તે ધર્મરૂપી મંગળનું મૂળ છે.

તે મંગળના મૂળની પ્રાપ્તિ પંચ નમસ્કારથી સિદ્ધ થાય છે.

મહેસાણા, પો. વ. ૨, સોમ

અંતરાત્મામાં પરમાત્માના ગુણોનો અભેદ આરોપ થવો તે ધ્યાનનું ફળ છે અને તે સંસર્ગારોપથી થાય છે.

સંસર્ગારોપ = જેના તાત્ત્વિકાનંત ગુણો આવિર્ભાવ પામેલા છે, એવા સિદ્ધ આત્માઓના ગુણો વિષે અંતરાત્માનો ઉપયોગ.

તે ચંચળ ચિત્તવાળાને ઇંદ્રિયોના નિગ્રહ વિના થતો નથી. ઇંદ્રિયોનો નિરોધ જિનપ્રતિમાદિના ધ્યાનરૂપી આલંબન વિના થતો નથી, માટે તત્ત્વની પ્રાપ્તિમાં ધ્યાન ઉપકારક છે.

પરમાત્માના ગુણોનો સંસર્ગારોપ એટલે 'તાત્સ્થ્ય' અને

પરમાત્માનો અભેદ આરોપ એટલે 'તદંજનતા.'

ગુણોમાં ચિત્તનો ઉપયોગ તે 'સંસર્ગારોપ' અને

દ્રવ્યમાં ચિત્તની એકાગ્રતા તે 'અભેદારોપ.'

પ્રભુમાં આત્માને જોવો તે 'સંસર્ગારોપ' અને આત્મામાં પ્રભુને જોવા તે 'અભેદારોપ'. તન્મયપણે એકાગ્રતારૂપ સ્થાનને જ ધ્યાન કહેલું છે. ભાવના એ ધ્યાનની અભ્યાસ ક્રિયા છે. અનુપ્રેક્ષા એ મનન ક્રિયા અથવા ચિંતનરૂપ ક્રિયા છે. ગૃહસ્થોને ભેદથી ઉપાસના-સેવા કરવારૂપ દ્રવ્યપૂજા ઉચિત છે અને અભેદ ઉપાસનારૂપ ભાવપૂજા સાધુને યોગ્ય છે. જો કે ગૃહસ્થને ભાવનોપનીત માનસ નામે ભાવપૂજા હોય, છતાં પણ કાષ્ઠિકી ભાવપૂજા તો ચારિત્રવંતને જ હોય, એ વિશેષતા જાણવી.

ગુણનું સ્મરણ અને બહુમાન રૂપ ઉપયોગવાળી સવિકલ્પ ભાવપૂજા ગૃહસ્થોને હોય, તો પણ નિર્વિકલ્પ ઉપયોગવાળી સ્વરૂપમાં એકતારૂપ ભાવપૂજા તો નિર્ગ્રન્થોને જ હોય છે.

વીસનગર, પો વ ૫, ૨૦૨૨

'નમસ્કારના પ્રત્યેક અક્ષરમાંથી ભાવરાશિ પ્રત્યે સ્નેહભાવ ઝરે છે' એવો અનુભવ જ્યારે થવા લાગશે, ત્યારે સમજવું કે મંત્રચૈતન્ય પ્રગટવા લાગ્યું છે.

પો વ ૬, શુક્ર

મ્હારાથી કંઈ કરવું નહિ, કરવું એક પ્રભુથી. પ્રભુને અને તેમની શક્તિને ભૂલી જવા એ જ મોટામાં મોટી ભૂલ છે.

જો ભગવાનની મહત્તા ન ભૂલે તો તે નિર્ભય છે.
ભગવાનનું સ્મરણ એ જ ભવભયનું રક્ષણ છે.
એ જ ગતિ, મતિ, શરણ, આધાર, પ્રાણ અને ત્રાણ છે.
માનવથી ડરવું એ જ ભગવાનને ભૂલવું છે.
ભગવાનથી છૂટો પડેલો કોઈપણ માનવ તેમના સ્મરણથી
યુક્ત થયેલ ભક્તિમાનને ભય પમાડવા સમર્થ નથી.
પ્રભુની ભક્તિથી અને સ્મરણમાત્રથી માનવ ભગવાન બની
જાય, પછી તે પોતાની શક્તિથી કામ કરતો નથી પણ
ભગવાનની શક્તિથી કામ કરે છે, એમ તેણે માનવું જોઈએ.
'ભગવાનના સ્મરણથી આપણું રક્ષણ થાય છે'
એ નિશ્ચયનો સિદ્ધાંત છે.
'પ્રભુ આપણું રક્ષણ કરે છે માટે તેમનું સ્મરણ કરવું જોઈએ'
એ વ્યવહારનો સિદ્ધાંત છે.

વૈ.વ.૭, શનિ

માનુષી શક્તિથી મનુષ્ય ઉપર પોતાની અસર પાડવાનો
પ્રયત્ન કરવો, તે મોહજાળના 'અહં' સાથે અથડામણમાં
આવવાનો પ્રયત્ન કરવા બરાબર છે. એથી કાર્યસિદ્ધિને
બદલે પરસ્પર સંક્લેશની વૃદ્ધિ થવાનો પ્રસંગ આવે છે.
અહં ઉપર અહંનું વર્ચસ્વ સ્થાપવાનો પ્રયત્ન કરવાને

જગતે અહં ઉપર અર્હંનું પ્રભુત્વ સ્થાપવાનો પ્રયાસ કરવામાં આવે તો તે શક્ય, સુલભ, સહજ, ધર્મરૂપ, વિશુદ્ધિજનક છે.

અર્હંનું સ્મરણ એ સંપત્તિ છે, વિસ્મરણ એ વિપત્તિ છે.

વિશ્વના પ્રભુ 'અર્હં' છે, એટલા માટે 'અર્હં'નો સેવક વિશ્વનો ભગવાન બને છે. 'અહં' એ વિશ્વનો ગુલામ છે, તેથી 'અહં'ના ગુલામ બનનારને વિશ્વના ગુલામ બનવું પડે.

'અહં' એ કર્મપ્રકૃતિનું સર્જન છે, તેથી પરાધીન તત્ત્વ છે. 'અર્હં' એ આત્મતત્ત્વનું શુદ્ધરૂપ છે, તેથી સ્વાધીન તત્ત્વ છે. સ્વાધીન તત્ત્વની ઉપાસનાને છોડીને જે પરાધીન તત્ત્વની ઉપાસનામાં જોડાય, તે પરાધીનતર બને તે સહજ છે.

પરાધીનતામાંથી મુક્ત થવાની ઇચ્છાવાળાએ સ્વાધીનતત્ત્વની ઉપાસનામાં જોડાવું જોઈએ.

એથી પરાધીનતાનો અંત આવી સ્વાધીનતાનું પ્રભાત ઉઘડે છે. અર્હંનું પ્રભુત્વ વિશ્વ ઉપર સ્વીકારીને તેની ઉપાસનામાં લીન થનાર વિશ્વ ઉપર પોતાનું પ્રભુત્વ સ્થાપિત કરી શકે છે.

પોતાનું પ્રભુત્વ સ્થાપિત કરવા માટે અહંનો આશ્રય લેનાર અર્હંની પ્રભુતાને કેવી રીતે પામે? જેઓનું પ્રભુત્વ છે, તેઓનું સ્વામિત્વ સ્વીકારનાર જ વિશ્વનો સ્વામી બનવાને લાયક થઈ શકે છે.

૨૯, ૮ ૫ ૯, સોમ

અહંતાનો ત્યાગ કરીને પરમાત્માના સંકલ્પ સાથે આપણા સંકલ્પનું ઐક્ય થાય ત્યારે જ આપણે સંસારના યથાર્થ સ્વરૂપને જાણી શકીએ. ત્યાં સુધી આપણું સર્વ જ્ઞાન સાપેક્ષ અને મર્યાદિત રહેવાનું. જ્ઞાનેંદ્રિયોનો ઉપયોગ બહારના સંવેદનોને અંદર લઈ જવા અને કર્મેંદ્રિયોનો ઉપયોગ અંદરના શુભ સંકલ્પોને ક્રિયાત્મક રૂપ આપવા માટે છે.

ચિત્ત સંસ્કારોનો સંગ્રહ કરે છે,

અહંકાર એ પ્રત્યેકમાં 'હું'પણાનું આરોપણ કરે છે.

મનનું કાર્ય બહારના સંવેદનોને એકત્રિત કરીને

બુદ્ધિ સમક્ષ રજુ કરવાનું અને

બુદ્ધિએ કરેલા નિર્ણયોનો અમલ કરવાનું છે.

વસ્તુઓ અને શરીરોના નાશથી પંડિતોને શોક થતો નથી.

ઉત્ક્રાંતિવાદ = સૂક્ષ્મરૂપમાંથી સ્થૂળરૂપમાં આવિષ્કાર થવો તે.

કર્માધ્યક્ષની પૂર્વે કર્મસંકલ્પ રહેલ છે જ.

ધર્મ એ પ્રત્યક્ષ અનુભવનો વિષય છે, વાદવિવાદનો નહિ.

જ્ઞાની સર્વ વિશ્વને પોતાની અંદર

પોતાના સંકલ્પજન્ય સ્પંદન તરીકે અનુભવે છે.

વિશ્વ વ્યવસ્થિત છે. તેની એ વ્યવસ્થા કર્મના નિયમથી છે.

કર્મનો નિયમ અટલ, અકાટ્ય, શાશ્વત, ધ્રુવ અને નિત્ય છે.
તેને વશ સમગ્ર વિશ્વ છે અને એ નિયમ ધર્મને વશ છે.

ધર્મ ઉપર પ્રભુત્વ મેળવવાથી કર્મ અને
કર્મજનિત સમગ્ર વિશ્વ ઉપર પ્રભુત્વ મેળવી શકાય છે.
ધર્મ ઉપર પ્રભુત્વ તો જ મળે કે પ્રભુ પ્રત્યે કિંકરપણું
પ્રગટે, પ્રભુના મહાન સંકલ્પને અનુસરતો સંકલ્પ
આપણામાં જન્મે. પ્રભુનો સંકલ્પ વિશ્વને માટે હોય છે.

આપણો સંકલ્પ આપણા સુખ-દુઃખ પૂરતો છે,
તેને બદલીને વિશ્વમય કરવાથી પ્રભુની સમીપ જવાય છે.
ધર્મમાં વૈયક્તિકતા - વ્યક્તિવાદ ન ટકે, સંઘવાદ જોઇએ.

શંખ - સુદર્શન ચક્ર - ગદા - પદ્મનું ઉદ્દેશરહસ્ય

વિષ્ણુની ઉપાસના એટલે
અંતરમાં વ્યાપક ચૈતન્ય સાથે એકતા સાધવાની પ્રક્રિયા.
To identify oneself with Cosmic consciousness.
શંખ, સુદર્શન ચક્ર, ગદા અને પદ્મ - એ ચાર આયુધો
મન, બુદ્ધિ, અહંકાર, ચિત્તને વિદારવા-વિસ્તારવા સમર્થ છે.
પોતાનું મન પ્રભુમાં મગ્ન કરી દે, તેના જીવનનો જયનાદ
શંખની જેમ ગાજી ઉઠવાનો, તેથી મનનું પ્રતીક શંખ છે.
મન પ્રભુમાં મગ્ન બનાવવું એ શંખપ્રતીકનો ઉદ્દેશ છે.

'સુદર્શન'માં 'સુ' એટલે સુષ્ઠુ તથા 'દર્શન' એટલે અવલોકન. બુદ્ધિ, મેધા, ધી શક્તિને પરમ સત્યરૂપી સવિતાનારાયણ સાથે જોડવાથી અજ્ઞાન, અંધકાર કે મળ આવરણ ટકે નહિ. સુદર્શન ચક્ર એ બુદ્ધિને અજવાળતું જ્ઞાનનું પ્રભામંડળ છે.

ગદા એ અહંકારને ચૂરેચૂરા કરનારું ભગવાનની ગર્વગંજનશક્તિનું સીધું-સાદું પ્રતીક છે. શંખ મનને જગાડે છે, ચક્ર બુદ્ધિને અજવાળે છે, તો ગદા અહંકારના ભુક્કા કરે છે. ગર્વં દલયતિ ઇતિ ગદા। 'વિષ્ણુ' એટલે વ્યાપક. ચૈતન્યની ઉપાસના કરનારો પોતાના ક્ષુદ્ર અહંકારમાં કેવી રીતે અટવાઈ રહે? એના પોતાના જુદા અસ્તિત્વનો પરપોટો ફૂટી જ જવાનો. મન શુદ્ધ થયું, બુદ્ધિ ઉજ્જ્વળ થઈ, અહંકાર ગળી પડ્યો એટલે ચિત્તમાં નિર્મળતા-નિર્લેપતા પ્રગટી, તે પદ્મ છે. ઇંદ્રિયો અને તેના પ્રેરક મન, બુદ્ધિ, અહંકારે ચિત્તમાં જે ભેદભાવ-આસક્તિ ઊભાં કર્યાં છે, તેને છિન્નભિન્ન કરી એક વિરાટ ચૈતન્યમાં તન-મન-સુરતી લગાવવા, તે જ વિષ્ણુની સાચી ઉપાસના છે.

આવા સંકેતો સમજવા માટે શંખ શબ્દ શ્રવણશક્તિને, ચક્ર દૃષ્ટિરૂપ શક્તિને, ગદા ઇચ્છાશક્તિને તથા પદ્મ

સ્પર્શ-ગંધશક્તિને રસરૂપ પરમાત્મા લઈ ખેંચી જાય છે.
રસો વૈ સઃ । એ રસરાજની આરાધના કરવા માટે
આ ૪ પ્રકારના આયુધો પ્રેરણા આપે છે.

આપણા કાન ભગવાનના નામનો મધુર ધ્વનિ સાંભળે,
આપણી આંખ ભગવાનના રૂપમાધુર્યનું દર્શન કરે,
અહંકારનો નાશ થતાં ભગવાનના સ્પર્શને માણે, ત્યારે
આપણી ઘ્રાણેન્દ્રિય પ્રભુના પાદપદ્મની મધુર સુગંધ માણે
એમાં જ સાધકના જીવનની સાર્થકતા છે.

સિદ્ધસ્વરૂપી અરિહંત, આચાર્યરૂપી અરિહંત,
ઉપાધ્યાયસ્વરૂપી અરિહંત, સાધુસ્વરૂપી અરિહંત,
તેમના નમસ્કારસ્વરૂપ અરિહંત,
તેના પ્રયોજનસ્વરૂપ અરિહંત, તેના ફળસ્વરૂપ અરિહંત.

નમસ્કાર એ અભેદસાધક, એકતાનિષ્પાદક,
તાદાત્મ્યજનક અનુષ્ઠાનવિશેષ છે.

o વિદ્યાર્થી કે અર્થાર્થી ? વિદ્યાને બદલે ધન કમાવાનું કામ કરાય છે, માટે વિદ્યામાં તેજ, ગાંભીર્ય, ઊંડાણ નથી આવતું.

o 'એકનું સુખ તે બીજાનું દુઃખ' એ જંગલનો કાયદો. વાઘનું સુખ હરિણનું દુઃખ, હરિણનું સુખ વાઘનું દુઃખ.
બધાનું સુખ એ શહેરનો કાયદો છે.

ૐ

છીંદવાડા, ૯-૫-૯૦

Imp.

## સાધના

ગ્રન્થોનું અધ્યયન કરવાથી અથવા ખાવામાં અમુક ચીજ છોડવાથી કે ઉપવાસ વગેરે કરવાથી સાધના થાય છે? ના. સાધનામાં મુખ્ય વસ્તુ એ છે કે એકમેકને સહન કરીએ, એકમેકનું ગૌરવ કરીએ અને દોષોને નહિ પણ ગુણોને મહત્ત્વ દઈએ, એ જ સાધનાનું સાચું ચિહ્ન છે.

## ધ્યાનકળા

આપણા જીવનમાં ક્ષણે ક્ષણે જે કાંઈ તત્ત્વનો સંચાર થઈ રહ્યો છે, તેનું નિરીક્ષણ કરવું એનું નામ 'ધ્યાન'. વ્યાપક અર્થમાં ધ્યાન એટલે જે કાંઈ 'સ્વાત' છે, તેના સાથેના સર્વ સંબંધોને છેદી નાંખવાની ક્રિયા.

## પદાર્થોમાં આસક્ત થયેલ મન

સમર્થ અને શુદ્ધ નથી હોતું, પછી એકાગ્ર કેવી રીતે બને? આ એકાગ્રતા એટલે કોઈ મર્યાદિત એક પદાર્થમાં લુપ્ત થવું તે નહીં, પરન્તુ સમગ્રતામાં એકલીનતાની સ્થિતિ.

## સમય, સ્થળથી અતીત - ગતિમાન

અનેક સ્વરૂપી તત્ત્વનો જે વિકાસ થઈ રહ્યો છે, તેમાં ચિત્તને સ્થિર કરવું, એનું નામ 'ધ્યાન'.

કોઈ વસ્તુને નકારવા અર્થ નહિ પણ શાતા અને શાતાના ભેદને અને અંતિમ ચૈતન્યને સમજવું, તે 'ધ્યાન' તથા મનની સમાધિયુક્ત સ્થિતિ પણ તે જ ગણાય. એ સ્થિરતાપૂર્ણ ધ્યાન એ શાન્તિ અને પૂર્ણતાને વધારે છે.

V. Imp. દવાની દુકાનમાં દવાની બાટલીઓ જોવા છતાં અને કિંમતી હોવા છતાં તેને લેવાનું મન નિરોગીને કદી થતું નથી, તેમ પાંચે વિષયોથી ભરેલી સંસારની ચારે ગતિને જોવા છતાં તે વિષયોને ગ્રહણ કરવાનું મન નિરોગીને કેમ થાય? જેને તેમાંથી કોઈ એક પણ વિષયને ગ્રહણ કરવાનું મન થાય છે, તે તેટલા અંશમાં રોગી છે, એમ સિદ્ધ થાય છે.

સંસારમાં જીભ જેવા બનો કે જે
ઘીને ચાટવા છતાં પોતે ચીકણી થતી નથી, પણ
કમલપત્રવત્, વેશ્યાવત્, ધાવમાતાવત્
તે અલિપ્તને અલિપ્ત જ રહે છે.

રાગરોષ તથા દુઃખદોષ ભગાડવાના ઉપાયરૂપે ૨ દોહા:

તુલસી મમતા રામ સે સમતા સબ સંસાર,
રાગ ન રોષ ન દોષ દુઃખ સ્નેહ તરે ભવપાર. ...(૧)
તુલસી આ સંસાર મેં પંચરત્ન હૈ સાર,
સાધુમિલન અરુ હરિભજન, દયા, દાન, ઉપકાર. ...(૨)

ૐ નમઃ

સિહોર, વૈ વ ૧૧, બુધ

## જૈનશાસનનું માર્મિક ધ્યાન

જ્ઞાન = વાચના, પૃચ્છના, પરાવર્તના આદિ સૂત્રસ્વાધ્યાય.
ધ્યાન = આવશ્યક, પ્રતિક્રમણ, પડિલેહણાદિમાં એકાગ્રતાભાવ.
તચ્ચિત્ત, તન્મન, તલ્લેશ્ય વગેરે આત્મદશા એ 'ધ્યાન'.
ચાલતી વખતે બરાબર રીતે ઈર્યાસમિતિનું તથા બોલતી વખતે વચનગુપ્તિ - ભાષાસમિતિનું બરાબર પાલન કરવું તે જ આપણા જૈનશાસનનું માર્મિક ધ્યાન છે.
જ્ઞાન-ધ્યાન = સૂત્રાર્થપઠન-પરાવર્તન-અનુપ્રેક્ષા-અનુષ્ઠાન.
ધ્યાનયોગ = મ.વ.કા.ની એકાગ્રતા સાથે સૂત્રાર્થનું પારાયણ.
ધ્યાનમાં રહેતા = સૂત્ર અને અર્થના પારાયણમાં રક્ત રહેતા.
ધ્યાન = ક્રિયામાં એકાગ્રતા, જ્ઞાન = શાસ્ત્રમાં એકાગ્રતા.

જ્ઞાનક્રિયાભ્યાં। એ મોક્ષનું રહસ્ય છે.

## બીજથી ફળ - ધર્મથી મોક્ષ

બીજ એ ધર્મપ્રશંસા અને અંકુર એ ધર્માભિલાષા છે.
છોડનો કાંડ એ ધર્મશ્રવણ અને નાળ એ ધર્મશ્રદ્ધા છે.
વૃક્ષના પત્ર એ ધર્માચરણ અને પુષ્પ એ સ્વર્ગસુખ છે.
પ્રાંતે ધર્મવૃક્ષની ઉપર આવતું ફળ એ મોક્ષસુખ છે.

o

Knowledge is virtue.

<u>ડુભાવા, વૈ. વ. ૧૨, ૨૦૪૬</u>

સમ્યગ્જ્ઞાન વિના આત્મા-પરમાત્માનું સ્વરૂપ સમજાતું નથી અને ધ્યાન-ચિંતન વિના એ સ્વરૂપનું યથાર્થ ભાન થતું નથી. અહીં 'આત્મનિષ્ઠબુદ્ધિ' કે 'અંતરાત્મપણું' છે. ક્રિયાઓનું કેન્દ્ર બદલ થાય અને ઇંદ્રિયો જ નહિ પણ મનને (બહિર્મન - અંતરમનને) બનાવે, જેથી ઉત્તરોત્તર અંતરાત્મા જાગ્રત થઈ મુક્તિસોપાન ચડવાના અભિલાષને પુષ્ટ કરે. ધર્મ અધર્મનો નાશક છે, ધર્માન્તરીનો નહિ.

જ્ઞાન એ આત્માનો સ્વભાવ છે.

જે જેનો સ્વભાવ, તે પ્રત્યે તેનું સ્વાભાવિક વલણ હોય. <u>દરેક આત્માનું સ્વાભાવિક વલણ જ્ઞાન પ્રત્યે હોય છે, તે જ બતાવે છે કે જ્ઞાન એ આત્માનો સ્વભાવ છે.</u>

<u>પોતે જે કાંઈ જાણે છે, તેથી કાંઈને કાંઈ વધારે જાણવા તરફ દરેકનો પ્રયત્ન હોય છે.</u>

જ્ઞાનશક્તિના આધારે જગતમાં ચેતનતત્ત્વની પ્રતિષ્ઠા છે. એ શક્તિના આલંબનથી જ પ્રાણી પશુમાંથી મનુષ્ય, તેમાંથી દેવ અને દેવમાંથી ઈશ બને છે.

જ્ઞાનની અધિષ્ઠાત્રીદેવી એ સરસ્વતી-શારદા-શ્રુતદેવી છે. તે કુન્દેન્દુતુષારહારધવલા તથા શ્વેત વસ્ત્રાવૃતા કહેવાય છે.

સરસ્વતી દેવી સાધનાની સાત્ત્વિકતાને રજૂ કરે છે.
તેને ચાર હાથ હોય છે. બે હાથમાં વીણા, એકમાં માળા
અને એકમાં પુસ્તક હોય છે. પુસ્તક એ જ્ઞાનનું, માળા
એ ભક્તિનું અને વીણા એ કળાનું સૂચક છે. વિદ્યાતત્ત્વ
જેમ સત્યસ્વરૂપ છે, તેમ સૌંદર્યસ્વરૂપ પણ છે.
'સત્યં શિવં સુન્દરં।' જણાય ત્યારે સમગ્રતાનું દર્શન થયું
ઇત્યાદિ છે. વીણા સંગીતસૂચક, મયૂર નૃત્યસૂચક અને
ચિત્ર કળાસૂચક છે. શ્વેત કમળ, તેની સહસ્ત્ર પાંખડીઓ,
બ્રહ્મજ્ઞાનનું નિરૂપક છે. તે 'હંસવાહિની' પણ ઇત્યાદિ છે.
વળી મયૂર કળાસૂચક છે તથા હંસ એ જ્ઞાનસૂચક છે.
જ્ઞાનીજનનો સ્વાભાવિક ધર્મ ક્ષીરનીરની જેમ સત્યાસત્યનો
વિવેક કરવો અને અસત્ય છોડીને સત્યનો સ્વીકાર તે છે.
આમ સરસ્વતી અજ્ઞાનનો નાશ - રસનો સંચાર કરનારી છે.

દક્ષિણ હિંદની સરસ્વતીનું ચિત્ર

પદ્માસન, અર્ધનિમિલિતનેત્ર, વીણા, કમળ, માળા, પુસ્તકધર.

ભગવતી સરસ્વતીનું પ્રભુત્વ ત્રિકાળાબાધિત છે.

તે ચાર પુરુષાર્થની સાધક છે, અજ્ઞાનાંધકારનાશક છે અને
ઉન્નતગામિની પ્રેરણાપ્રદાયક છે.
બ્રાહ્મણોની સરસ્વતી, બૌદ્ધોની શારદા, જૈનોની શ્રુતદેવી,

બૌદ્ધોના પ્રજ્ઞાપારમિતા, કવિઓના વાગ્દેવી,
મિલ્ટનની મ્યુઝ, ખ્રિસ્તીઓના મિનરવા છે.

પ્રત્યેક જીવાત્મામાં રહેલ ચૈતન્યશક્તિ, ઈશ્વરીય ચિત્શક્તિ,
જ્ઞાનાધિષ્ઠાત્રી ભગવતીની પરમશક્તિને સદાકાળ વંદન.

o બદ્ધ આત્માનું સ્વરૂપ મેલથી ખરડાયેલા દર્પણ જેવું છે.
મેલ દૂર કરવાથી દર્પણ સ્વભાવતઃ પ્રતિબિંબને ગ્રહણ કરે,
તેમ કર્મો ખસે તો જ્ઞાન જાગૃત થાય.
તેને દૂર કરવાના સાધનોમાં તપ મુખ્ય છે.
તપથી આત્મા શુદ્ધ થાય અને જ્ઞાન જાગૃત થાય છે.
જ્ઞાન અને તપનો આ સંબંધ પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાનમાં કે
ભૌતિક વિજ્ઞાનવાદમાં દેખવામાં આવતો નથી.

o ખ્રિસ્તી અને ઈસ્લામ ધર્મ
શ્રદ્ધાપ્રધાન, ભક્તિપરાયણ છતાં ય જ્ઞાનપરાઙ્મુખ છે.

o તું બાળક જેવો થા અને ઈશ્વરમાં સંપૂર્ણ શ્રદ્ધા ધારણ કર.

o શ્રાવકના ૧૨ વ્રતમાં ૪ વ્રતનો આધાર પ્રેમ અને
૮ વ્રતનો આધાર સંતોષ છે,
જેથી વીતરાગતા અને સ્વાધીનતા પ્રાપ્ત થાય છે.
હૃદયમાં ગૌરવનો ભાવ રાખવો...
તે ભાવપૂજા છે, પૂજાનો ભાવ છે.

ॐ

30/5/1962

ॐ अर्हते नमः । 'અર્હત' શબ્દનો અર્થ બહુ વ્યાપક છે.
પરમાત્મા પાસેથી બળ અને આત્મશક્તિ માગવાનાં છે, જેથી
આપણામાં રહેલ પાશવતત્ત્વ ઉપર દિવ્યતત્ત્વનો વિજય થાય.

'આત્મા જ્ઞાન અને પ્રેમ સ્વભાવી છે'

એવું ભાન કે આત્મજાગ્રતિ માત્ર મનુષ્યયોનીને શક્ય છે.
જીવનનો ઉદ્દેશ જ્ઞાનને વધારવાનો, અજ્ઞાનને ઘટાડવાનો,
પ્રેમને વિકસાવવાનો અને દ્વેષને મારવાનો હોવો જોઇએ.

Imp. કલ્પવૃક્ષ, ચિન્તામણિ અને પારસમણિ,
રેલ, સ્ટીમર કે મોટર; સૂરજ, ચંદ્ર કે દીપક કાંઈ કરતા નથી.
ઇચ્છા ન કરે તેને કલ્પવૃક્ષ કે ચિન્તામણિ પણ શું આપે?
સ્પર્શ વિના પારસમણિ અને બેસ્યા વિના વાહન શું કરે?
પોતે દેખે નહિ તો દીપક વગેરે શું કરે? એ નિશ્ચયનો મત છે.
પોતે ઇચ્છે, બેસે કે દેખે તો પણ એ કલ્પવૃક્ષાદિ જ
ન હોય, તો શું ફળ મળે? આ વિચાર વ્યવહારનો છે.

નિશ્ચય સત્ત્વસ્પર્શી છે, વ્યવહાર ફળસ્પર્શી છે.
સત્ત્વનો વિચાર એ કાર્યસાધક નથી, કિન્તુ દર્શનવાદ છે.

ક્રિયાની સિદ્ધિ સત્ત્વના વિચારમાં નથી,
પણ સ્વભાવના વિચારમાં છે.

ચાણસ્મા, વૈ. વ. ૧૧, શનિ

'દવા ખાવાથી રોગ દૂર થાય છે' એમ કહેવાને બદલે 'દવા ન ખાવાથી રોગ વૃદ્ધિ પામે છે' એમ કહેવું યોગ્ય છે, કેમકે રોગની વૃદ્ધિ અટકાવનાર દવા છે. દવાના સેવનથી જેમ દવાને ગૌરવ મળે અને દવા ખાનારને નમ્રતા વધે, તેમ 'નમસ્કાર કરવાથી લાભ થાય છે' એમ માનનારને પંચપરમેષ્ઠિ નમસ્કારની ક્રિયાનું ગૌરવ વધે છે અને 'નમસ્કાર ન કરવાથી જે વિનાશ થાય છે, તેને નમસ્કાર અટકાવે છે' એમ માનવાથી નમસ્કારની ક્રિયા કરનારને અહંકારદોષ થતો નથી, પણ 'જેને નમસ્કાર કરવામાં આવે છે, તેનો પ્રભાવ પોતાનું રક્ષણ કરે છે' એવી પ્રતીતિ થવાથી રક્ષણ કરનારનું જ બહુમાન વધે છે, ક્રિયા કરનારનું નહિ. ક્રિયાનું અભિમાન તોડવા અને જેનાથી રક્ષણ થાય છે, તેના પ્રત્યે ભક્તિ જોડવા ક્રિયા ન કરવાથી થતાં નુકસાનનો વિચાર મુખ્ય બનાવવો જરૂરી છે.

o દાનથી વસ્તુ ઉપરની મમતા જાય છે, પણ 'વસ્તુના અવિયોગરૂપ અધ્યવસાય' નામનું આર્તધ્યાન માત્ર દાનથી જતું નથી, પણ તે શુભધ્યાનથી જાય છે માટે મમતાનાશક દાન જેટલું ઉપકારી છે, તેટલું જ

આર્તધ્યાન નિવારક શુભ ધ્યાન પણ ઉપકારક છે.
અશુભભાવરૂપ પરિણામથી બંધ થાય છે અને
આત્મભાવરૂપ પરિણામથી મોક્ષ થાય છે.
સર્વનય મત = નિશ્ચયનય. એકનય મત = વ્યવહારનય.
નિશ્ચયનય સકલ દેશરૂપ હોવાથી પ્રમાણ છે.
વ્યવહારનય વિકલ દેશરૂપ હોવાથી અપ્રમાણ છે.
મનુષ્ય કોઈનું દુઃખ જોઈને દુઃખી-સુખ જોઈને સુખી થાય.
મૃત્યુ જોઈ વિહ્વળ બને છે, જનમ જોઈ આનંદ પામે છે.
આ અનુભવ છે અને મનુષ્યનો મૂળભૂત સ્વભાવ છે.
આ જાતની એકતા કે તાદાત્મ્ય એ
આકાંક્ષા, જિજ્ઞાસા કે કુતૂહલ નહિ પણ અનુભૂતિ છે.
આ અનુભૂતિની આડે આવનાર મનુષ્યના વિકારો જ છે.
પ્રાણીમાત્રની એકતા એ જ નૈતિકતાનું મૂળ છે.
મનુષ્યમાત્રને એ એકતાનો અનુભવ સ્વયં છે. એ તર્ક,
બુદ્ધિ કે ખોજનો વિષય નહિ, સર્વને સ્વસંવેદન સિદ્ધ છે.
મનુષ્યની સદાચરણની પ્રેરણાનો આધાર આ અધ્યાત્મ-
વિજ્ઞાન છે. બધા જીવો સાથે તારો સંબંધ તાદાત્મ્યનો
અને એકતાનો છે. તું એનામાં છે-એ તારામાં છે. આ
સિવાય બીજો કોઈ જવાબ અધ્યાત્મવિજ્ઞાન પાસે નહિ.

Imp. चाणस्मा, जेठ सु २, रवि

उद्वेगादिकनो त्याग करीने चित्तने स्वस्थ करवुं ते 'धृति.'
चित्त स्वस्थ थवानी मार्गानुसारिता रुचि थाय ते 'श्रद्धा.'
मार्गानुसारिता बुद्धिथी कर्मक्षयोपशमलाभ थाय ते 'सुश्रुषा.'
सर्प बहार वांकी चाले, राफडामां पेसतां सीधो थई जाय,
तेम श्रवणादिमां बुद्धि सरल-सत्यालिंगी थाय ते सुश्रुषा.
आत्मतत्त्वचिन्तनथी सुश्रुषा. ते श्रवणादि ग्रहणरूप थाय छे.
ते विना मात्र आलाप बने पण ग्रहण न बने.
श्रवणादिकथी जेम जेम बुद्धि शुद्ध थती जाय, तेम तेम
आत्मतत्त्व चिन्तननी उत्पत्ति थती जाय ते 'विविदिषा.'
आत्मतत्त्वचिन्तनथी श्रवणादि ग्रहण उत्पन्न थतां
सम्यक्त्वनी प्राप्ति थाय ते 'विज्ञप्ति.'
ते आत्माना शुभ परिणामरूप छे, तेथी धर्मनो लाभ
उत्पन्न थाय छे, तेथी भावांतरनी वृद्धि थाय, अने
उत्तरोत्तर लाभवृद्धिथी देशविरत्यादिक गुणस्थान, श्रेणि-
आरोहण, घातीकर्मनो क्षय तथा कृतकृत्यता प्राप्त थाय छे.

o तृष्णा अने दुःखमां तफावत छे.

तृष्णा थकी दुःख उत्पन्न थाय पण तेने ज दुःख न कहेवाय.
तृष्णारहितने पण दुःख होई शके.

ॐ अर्हं नमः

યતિએ આહારસંજ્ઞા વિના આહાર કરવો,
તે સંજ્ઞા મોહનીય કર્મના અભિનિવેશરૂપ છે.
તે ઉત્કર્ષ પામવાને લીધે 'તૃષ્ણા' કહેવાય છે.

ચાર કારણે આહારસંજ્ઞા ઉપજે:

(૧) ખાલી પેટ થવાથી (૨) ક્ષુધા વેદનીય કર્મના ઉદયથી
(૩) આહારનો વારંવાર ઉપયોગ કરવાથી
(૪) આહારાદિકની કથા સાંભળવાથી.

આહાર અવર્જનીય છે, મૈથુન વર્જનીય છે.
આહાર પ્રશસ્ત ધ્યાનનું અને મૈથુન દુર્ધ્યાનનું કારણ છે. મોહનીય કર્મના ઉદયથી જીવને માનસદુઃખ ઊભું થાય છે. માનસદુઃખ અરતિરૂપ છે. વસ્તુ મળે તો રતિ મોહનીયના ઉદયે અવિયોગની ઇચ્છા રહ્યા કરે છે. વસ્તુ ઉપરના ગાઢ અનુરાગથી આર્તધ્યાનને વશ થઈ જીવ દુઃખ જ પામે છે. માટે મોહમૂઢ જીવને પરમાર્થથી સુખ નથી. સુખ-દુઃખ હોવા છતાં રાગ-દ્વેષ હોય જ એવો નિયમ નથી. દેહગત સર્વ સુખ-દુઃખ ઇંદ્રિયાધીન નથી. સાતા અને મોહથી જે ઉત્પન્ન થાય તેને ઇંદ્રિયોની અપેક્ષા છે, પરંતુ અપ્રમત્ત યતિને જ માનસિક સુખ થાય તથા ક્ષુધાદિ અશાતાના ઉદયથી થતાં દુઃખમાં ઇંદ્રિયોની અપેક્ષાનો નિયમ નથી.

રતિ-અરતિ મોહનીય અને શાતા-અશાતા વેદનીય જે કર્મ એક નથી. પ્રબળ પુણ્યથી કેવલીને ક્ષુધાદિ પરાભવ પામે છે. સ્થિતિ-સત્તાની અપેક્ષાએ અઘાતીકર્મ કેવલીને બળેલા દોરડી જેવાં કહ્યાં છે, ઉદયની અપેક્ષાએ નહિ.

બળ અને વીર્યમાં ભેદ છે.

શરીરનું પરાક્રમ તે 'બળ'. અંતરંગશક્તિવિશેષ તે 'વીર્ય'.

શરીરનું બળ યોગપ્રત્યય છે અને

યોગ એ શરીરના કર્મપરિણતિવિશેષ રૂપ છે.

રાગ વિનાની ચેષ્ટા કે પ્રયત્નને ઇચ્છા નહિ 'કૃપા' કહેવાય.

સાધુને આહારકથા અતિચારરૂપ છે પણ આહારક્રિયા નહિ.

આહાર નિદ્રાનું કારણ નથી પણ સહચારી છે.

ઘણો આહાર કરવાથી દર્શનાવરણીય કર્મનો વિપાકોદય થાય છે.

પાત્ર પણ અપ્રમત્ત યતિને શરીરની જેમ ધર્મનું સાધન છે. પાત્ર જેમ પરદ્રવ્ય છે, તેમ શરીર પણ પુદ્ગલદ્રવ્ય છે, તેથી આત્માથી બાહ્ય છે. કેવલીને આહારગ્રહણથી રતિરૂપ વૃત્તિ નહિ, પણ ક્ષુધાનાશરૂપ વૃત્તિ તો માનવી જોઇએ.

0 મનુષ્ય જીવનની એક મીનીટની કીંમત દેવતાના લગાલગ બે કરોડ પલ્યોપમ જેટલી છે.

0 ધર્મનું બીજ પરહિતચિંતારૂપ જીવદયા છે.

ૐ અર્હં નમઃ

કાઉ, વૈ ૫ ૦૧૧ ના આવેલા વિચારો

પાટણ બોર્ડીંગ, જેઠ સુદ ૨, સોમ

'કાર્યને પરતંત્ર કારણ છે' એમ નિશ્ચયમતનું કથન છે.
'કારણને પરતંત્ર કાર્ય છે' એમ વ્યવહારમત કહે છે.
'કાર્ય-કારણ અત્યંત સાપેક્ષ છે' એમ સ્યાદ્વાદ કહે છે.
કારણની તરફ દૃષ્ટિ એ વ્યવહાર છે.
કાર્ય તરફ દૃષ્ટિ એ નિશ્ચય છે.
જેમ કાર્ય ઉપર સત્તા (સ્વામિત્વ) આપણી નથી,
તેમ કારણો ઉપર પણ સ્વામિત્વ (કર્તૃત્વ) આપણું નથી.
બંને પરસ્પર સાપેક્ષ હોવાથી કાર્ય ઉપર કારણનું અને
કારણ ઉપર કાર્યનું સ્વામિત્વ છે.
અથવા નિશ્ચયથી કાર્ય ઉપર સ્વામિત્વ પરમાત્માનું
અને કારણો ઉપર સ્વામિત્વ જીવાત્માનું છે.
અથવા નિશ્ચયથી સ્વામિત્વ કાર્યનું છે
અને વ્યવહારથી સ્વામિત્વ કારણનું છે.

જેઠ સુદ ૭, શનિ

ઘણું ઘણું જાણવા-જોવા છતાં એ નિશ્ચિત છે કે:
જો પોતાની અલ્પતા બરાબર જાણી કે માપી ન શકાય,
તો મહાન બનવાની પાત્રતા માનવ કદી ન પ્રગટાવી શકે.

## ૫ પ્રકારના યજ્ઞો (Sacrifice)

બ્રહ્મયજ્ઞ, દેવયજ્ઞ, પિતૃયજ્ઞ, માનવયજ્ઞ અને ભૂતયજ્ઞ.

तम्हा अत्तुवगारम्मि साहिए परोवयारमूलम्मि ।
धीरपुरिसाणुचिण्णे परोवयारम्मि जइयव्वं ॥

- ભવભાવના ગા-૮

અર્થ: તેથી પરોપકારમૂલ એવો આત્મોપકાર કરેલો હોવાથી ધીરપુરુષોએ આચરેલ પરોપકારમાં યત્ન કરવો.

પાઠશાળા, જેઠ સુ ૯, સોમ

o મૂર્તિને જડ માનનાર જડ છે.

o 'આશીર્વાદ' એટલે કલ્યાણ પામો એમ કહેવું તે.
શાણા માણસો આશીર્વાદના અર્થી હોય છે.
તેના અભાવે તન-ધનની કોઈ કીંમત નથી.
મનની પુંજ આખા જગતનું દારિદ્ર્ય ટાળી શકે છે,
તે શક્તિ તન-ધનમાં નથી.

સુખ એ કર્મની ચોરી છે, જ્યારે દુઃખ એ કર્મનું ઋણ છે.
ચોરી કરીને મોજ માણનાર વધારે ગુનેગાર બને છે.
ઋણ કરેલું ન ચૂકવનાર એ પણ વધુ દુઃખી થાય છે.
ઉપકારી પ્રત્યે કૃતજ્ઞભાવ એ ભવસાગર તરવાનો ઉપાય છે.
માણસ તન-ધનથી ભલે દરિદ્ર હો,

ॐ अर्हं नमः

પણ મનથી દરિદ્ર નહિ કિન્તુ કૃપણ છે.
કૃપણ પોતાની મનની મૂડીનો તે ઉપયોગ કરી શકતો નથી.
ઉદાર પ્રકૃતિવાળો તેનો ઉપયોગ કરી શકે છે.
કૃપણ કોઈનું સારું જોઈ શકતો નથી.
મનની પુંજી = સદ્‌વિચાર. તે મનુષ્યના ખજાનામાં એટલા
બધા પડ્યા છે કે અનંતકાળ સુધી દાન કરે તો પણ ન ખૂટે.
ગુણ તો મેળવી છે જ પણ ગુણાનુરાગ તેથી પણ મેળવી છે.
संकल्पे वसति सिद्धिः ।
सर्वं सत्त्वे प्रतिष्ठितं ।
અર્થાત્ઃ સંકલ્પમાં સિદ્ધિ વસે છે. સર્વ સત્ત્વમાં પ્રતિષ્ઠિત છે.
પંચ મહાવ્રત એ જ મોટા મંત્ર છે, તંત્ર છે,
દેવો પણ તેને આદરમાન કરે છે.
વસ્તુતઃ 'સંસાર' એટલે વેર અને 'મોક્ષ' એટલે મૈત્રી.
વેરમાંથી મૈત્રી સર્જવાનું કાર્ય આ જૈનશાસન કરે છે.
ચોર છે માટે ચોકીયાત જોઈએ.
કાંટો કાઢવા માટે કાંટાની જરૂર પડે છે,
તેમ મનના સંસ્કારો દૂર કરવાનું કામ પણ મનથી જ થાય છે.
विशेषेण अस्यते इति व्यसनं ।
અર્થાત્ઃ જેના વડે વિશેષથી જીવ દુર્ગતિમાં ફેંકાય તે વ્યસન.

જેઠ સુ ૧૦, લોચ

સમાધિમરણ માટે

(૧) રોજ બાંધી લોગસ્સની માળા ફેરવી.
(૨) વદી ૧૦નું એકાસણું અથવા આયંબિલ કરવું.
(૩) અઠવાડીયે એકવાર આરાધનાનું સ્તવન બોલવું જ.

કુદરત, કાળ અને કર્મને યાદ કરી
જ્યાં નવકાર ગણવામાં આવે તો આર્તધ્યાન ટળી જાય.

o નૈવેદ્ય અને નિવેદન એ બે એકાર્થક છે.
નિવેદન, અર્પણ, સમર્પણ એ સૌ પણ એકાર્થક જ છે.

o સ્વાર્થ એ અંધકાર છે, પરાર્થ એ પ્રકાશ છે.
સ્વાર્થ એ પશુતા છે, પરાર્થ એ માનવતા છે.
સુગંધી પુષ્પના વિચારમાત્રથી મન પ્રફુલ્લિત થાય છે,
જ્યારે અશુચિનો વિચાર પણ થુ થુ કરાવે છે.

o

No man should be judged by his defects. Great virtues a man has are his own, but his errors are common weaknesses of humanity and should never be counted in estimating his character.

- Swami Vivekanand

જેઠ સુ ૧૧/૧, બુધ

પ્રભુની પ્રભુતા, આશયની શુદ્ધિ અને આત્માનું સમર્પણ
એ ત્રણે મળે ત્યારે આરાધના પૂર્ણ બને.

જેઠ સુ ૧૧, ગુરુ

ધર્મને ભગવાનની પરમવત્સલતા, સહજ પદ્ધતિ અને પરમકારુણિકતાનો અનુભવ તીર્થસ્થાનોમાં થતો હોય છે. ઉપાસનામાં તર્ક ન હોય. તર્કથી લખેલા ગ્રન્થમાં જ તર્ક માટે કેવો અભિપ્રાય છે, તે નીચેના સૂક્તમાં જણાઈ આવશે:

तत्त्वनिर्णयशून्याभिर्बाधिताभिः परस्परम् ।
अभिमानैकसाराभिर्जिह्रीमस्तर्कयुक्तिभिः ॥१॥

(પરિશિષ્ટ-૪)

૦ આપણે આ લોકની વ્યક્તિઓમાં પુરાઈ ગયા છીએ, પરમાત્માની સાથેના સમાગમથી આ લોકથી પર અલૌકિકનું દ્વાર ઉઘડે છે. પરમાત્માની મૂર્તિ પરમાત્માનો સીધો સમાગમ કરાવી આપે છે, એ દેશ-કાળથી પર છે.

જ્યાં તું મારાથી જુદો નથી ત્યાં...
હું તો તને શી રીતે નમું ?

મૈત્રી આદિ ભાવના ભલે ન હોય, પણ
મૈત્રી આદિ પરમાત્મામાં વર્તમાનકાળે પણ છે.

માંડળ, જેઠ સુદ ૧૪, રવિ

જેવી રીતે દેશના હૃદયમાં સર્વના હિતનો વિચાર જાગતો હોય છે, સર્વ જનોના કલ્યાણની ભાવના રહેલી છે, તેવી રીતે જેના હૃદયમાં સર્વના હિતનો વિચાર જાગતો હોય, તે જ શિષ્ય બનવાની યોગ્યતાને ધારણ કરે છે.

મન આત્મા સાથે મળે ત્યારે આત્મિક દિવ્યભાવ,
મન મન સાથે મળે ત્યારે માનસિક વરભાવ અને
મન દેહ સાથે મળે ત્યારે ભૌતિક પશુભાવ જન્મે છે.

પશુ અને પાશ એક અર્થમાં છે. પાશ એટલે સાંકળ.

મોહ, ભય અને લજ્જા એ પશુભાવ છે, પાશ છે,
જે માનવરૂપી પશુને જકડી રાખે છે.

પશુભાવની સાંકળબંધીથી છૂટવા માટે માનવે સાધનાનો માર્ગ લેવો જોઈએ. આ પશુભાવ બદલવાનો સરળ અને ઉત્તમ એકમાત્ર માર્ગ તે ઇષ્ટદેવની સાધના છે. પોતાના ઇષ્ટદેવની સાથે તેણે એકતા સાધવાની છે. ઇષ્ટદેવના ધર્મો, ગુણો અને આચાર-વિચારો પોતાના ભાવની સાથે એક થાય, એ પ્રકારે સાધના કરવાની છે

તથા 'હું અને મારા ઇષ્ટદેવ એક છીએ'
એ પ્રકારનો બ્રહ્મભાવ સૌથી પ્રથમ મેળવવાનો છે.

બંનેમાં કોઈ જાતનો ભેદ નથી.

પરબ્રહ્મ સ્વરૂપે આત્મા અને પરમાત્મા એક છે,
સર્વમાં વ્યાપીને રહેલા છે, સર્વત્ર વિલસે છે.
પ્રત્યેક ઈંધણમાં અગ્નિ એક જ છે.

આ બ્રહ્મભાવ સર્વોત્તમ છે પણ તે એકદમ જાગતો નથી.
તે મેળવવા માટે ધ્યાનભાવ કેળવવાનો છે.
હૃદયરૂપી વિશાળ કમળ પર પોતાના ઇષ્ટદેવ બિરાજમાન છે,
તે ઇષ્ટદેવનું સ્વસ્થ થઈને એકચિત્તે ધ્યાન ધરવું જોઈએ.
ધ્યાન દ્વારા પાણીમાં મીઠું મળી જાય,
તેમ પોતાની બધી વૃત્તિઓ બ્રહ્મભાવમાં વિલીન થાય છે
તથા 'પોતે ઇષ્ટદેવ કરતાં જુદો છે'
તે પ્રકારનો ભેદભાવ ઓસરી જાય છે.
બ્રહ્મભાવ માટે ધ્યાનભાવ અને
તે માટે સ્તોત્રભાવ કેળવવો જોઈએ.
સ્તોત્રભાવનું પહેલું પગથિયું પૂજાભાવ છે.
ઇષ્ટદેવના અર્ચન-પૂજન તેમની નજીક લઈ જાય છે.
પશુભાવ ઢીલો કરવા માટેનો આ સાધનાનો માર્ગ છે,
જેમાં પૂજાભાવ, સ્તોત્રભાવ, ધ્યાનભાવ અને બ્રહ્મભાવ
ક્રમશઃ આગળ એકસાથે કેળવવાની જરૂર છે.

જેઠ વદી 3, બુધ

વસ્તુમાત્ર ઉત્પાદ - વ્યય - ધ્રૌવ્યભાવના ત્રિધર્મવાળી છે.
એને માત્ર એક ઉત્પાદ ધર્મવાળી જોવાથી બહિરાત્મભાવ
વધે કે બહિરાત્મ દશાવાળા તેના ઉત્પાદ ધર્મને જ જૂએ છે.
ઉત્પાદ - વ્યય ઉભય ધર્મને અંતરાત્મભાવવાળા જૂએ છે.
ઉત્પાદ અને વ્યયની સાથે રહેલ
ધ્રૌવ્યભાવ તરફ નજર રાખનાર પરમાત્મભાવને પામે અને
એકલો ધ્રૌવ્યભાવ જોનાર મોહગર્ભ વૈરાગ્યવાન બને છે.

શ્રદ્ધા એટલે શું?

અલ્પજ્ઞ, અલ્પજ્ઞાભિમાન માનવને જો શ્રદ્ધાનું બળ મળે,
તો તે સર્વજ્ઞ - સર્વજ્ઞાભિમાન બની શકે છે.
શ્રદ્ધા એ કોઈ માળાનો મણકો, કાષ્ઠ - પાષાણની મૂર્તિ કે
કોઈ પૌરાણિક ગ્રન્થ નથી. પ્રામાણિકતા, નીતિમત્તા, પ્રેમ,
લાગણી કે એવા કોઈ એક શબ્દથી શ્રદ્ધા કહી શકાતી નથી,
પરંતુ આકાશ કે વાયુની જેમ તે સર્વ પાછળ વીંટળાયેલી છે.
શ્રદ્ધાનો જન્મ અંતરના ઊંડાણમાંથી થતો હોય છે અને
ત્યાં જ તેનું પરિણમન થાય છે.

શ્રદ્ધા જો સાચી હોય, તો તેની સાથે જ
પ્રેમ, મમતા, વિનય, વિવેક, નમ્રતા લાવેલા હોય છે.

તેનું અંતર હંમેશા આનંદમાં નિમગ્ન રહે છે.

શ્રદ્ધા અને નિરાશાને વિરોધ છે.

શ્રદ્ધાળુ નિરાશ થતો નથી, નિરાશાવાનને શ્રદ્ધા હોતી નથી.

o ઉપવાસ અને મૌન એ બ્રહ્મશક્તિની સાધના છે.

દેહનો અધ્યાસ ઘટ્યા વિના બ્રહ્મમાં સ્થિર થવાતું નથી,
ઉપવાસ એમાં મદદરૂપ થાય છે.

બ્રહ્મવૃત્તિમાં ચિત્ત કેન્દ્રિત થતાં સઘળી વૃત્તિઓ અને આવેગો અંતઃકેન્દ્રિત થાય છે, તેનું નામ 'સંયમ' છે.

જેટલા પ્રમાણમાં પોતાનું જીવન સંયમી,
તેટલા પ્રમાણમાં તે સાધક જગત માટે નિરૂપદ્રવી રહે છે.

વિશ્વકલ્યાણની શરૂઆત સ્વજાત સંયમથી
અને સદાચારની અભિમુખતાથી થાય છે.

સાચા સાધકને ધનવાન-યશવાન બનવાની કામનાને સ્થાને નિરભિમાની, નિરહંકારી, નમ્ર બનવાની કામના હોવી જોઈએ.

નમ્રતા અને નિરહંતાના અભાવમાં માનવને મળતી શરીર, ધન કે બુદ્ધિની સંપત્તિ અપલક્ષણ રાક્ષસતાને જ વધારે છે.

મનુષ્યે નમ્ર બનવા પોતાને મળેલ વસ્તુના
માલિક મટી ટ્રસ્ટી બનવા માટે કોશિશ કરવી જોઈએ.

આત્મવિચાર વગરનું રાજકારણ, અર્થકારણ, સમાજકારણ
મનુષ્યસમાજનું હિત નહિ, પરંતુ અહિત જ કરશે.

જો આપણા રાગ-દ્વેષો કાબૂમાં નહિ હોય તો ગમે
તેટલી આર્થિક સંપત્તિ કે ગમે તેટલી રાજસત્તા મેળવીશું,
તો પણ સુખ અને શાંતિ કદાપિ નહિ જ મળે.

આત્મવિચાર અને આત્મસંયમ - એ બે ચાવી
વિનાશનું સર્જન અટકાવવા માટે રામબાણ ઈલાજ છે.
એ વિષેની આપણી અશ્રદ્ધા આપણને નબળા કરી નાંખે છે.
વ્રતોના આચરણ ઉપર જ આત્મશક્તિના સંચયનો આધાર
છે અને સંકલ્પો આત્મશક્તિથી જ સિદ્ધ થાય છે.

સર્વ શક્તિનું મૂળ મનુષ્યની સંકલ્પશક્તિ જ છે.

આધ્યાત્મિક શક્તિ એ જ આંતરિક તાકાત છે.
શક્તિનો વિકાસ સાધવા જે ઉપાયો ઘટે, તે યોજવા જોઈએ.

આધ્યાત્મિક દૃષ્ટિને મુખ્ય રાખીને જ
સમાજ, અર્થ અને રાજકારણમાં લોકસંગ્રહની દૃષ્ટિથી કાર્ય
કરનાર વ્યક્તિઓને તથા સંસ્થાઓને સત્કાર આપવો.

ઉન્માદં વીક્ષ્ય પદ્માનાં કુમુદાનાં ચ મંદતાં ।
ક્ષણિકત્વં વિભૂતિનાં ચેતસા નિશ્ચિકાય સઃ ॥૧॥

પ્રકૃતિ: સૂર્યવિકાસી કમળોનું ખીલવું
અને ચંદ્રવિકાસી કમળોનું બીડાવું જોઈને
મન વડે પદાર્થોના ક્ષણિકપણાનો તેણે નિશ્ચય કર્યો.

ક્ષણિક સુખ = જેની પાછળ ક્ષણ પછી દુઃખ રહેલું છે એવું સુખ.
હજુ દુઃખ નથી આવ્યું તેવું સુખ, એમ પણ કહી શકાય.

વૃદ્ધાવસ્થા, રોગ અને મૃત્યુ સૌને વળગ્યા છે.

યુવાવસ્થા, તંદુરસ્તી અને જીવન - એ ત્રણ વસ્તુઓ પણ છે, પરંતુ તે ત્રણ વસ્તુઓ અખંડ રહેતી નથી,
મનુષ્યની ઇચ્છાશક્તિની તેના પર હકુમત ચાલતી નથી.
ઇચ્છાશક્તિથી તેમાં વધ-ઘટ કદાચ થઈ શકે,
પણ તેનો સમૂળગો અભાવ થતો નથી.

વૃદ્ધાવસ્થા, રોગ અને મૃત્યુ - એ મોહને લીધે નહિ, કિન્તુ કુદરતના નિયમને લીધે થાય છે, તેથી ઘરના ત્યાગથી તે ૩ વસ્તુઓનો ત્યાગ થતો નથી. ખરી વસ્તુ કેવળ ઘરનો ત્યાગ કરવામાં નથી, પણ એનો મોહ-પકડ છોડવામાં છે.

દુઃખનું કારણ શું?

સંસારનો અતિસંગ દુઃખનું કારણ છે.
મનની નિઃસંગ સ્થિતિ કેવળ સંસારના ત્યાગથી જન્મતી નથી,
કિન્તુ એની અસારતાના નિશ્ચયમાંથી જન્મે છે,
તેને પરિણામે સંગાતિ આપોઆપ છુટી જાય છે.
ઉપનિષદો કહે છે કે:
જ્યાં સુધી મનના તરંગો ન શામે, ત્યાં સુધી બધું ક્ષણિક જ છે.

ૐ નમઃ

આત્મા જ્યારે મનની પારના
સ્થિર પ્રદેશોમાં આવી પહોંચે છે, ત્યારે કશું ક્ષણિક નથી.
'બધું ક્ષણિક છે' એવું કહેનાર કે જાણનાર દ્રષ્ટા તો
કોઈ શાશ્વત કે તટસ્થ હોવો જ જોઈએ.
તે વગર બધું ક્ષણિક છે, એવો અનુભવ કોણ કરશે?
આત્માનો પ્રદેશ જો શાશ્વત છે, તો પછી સંસાર ક્ષણિક છે
એની ચિંતા કરવી એ પણ આરામ છે. સંસાર એ મનનો
તમાશો છે. મનુષ્ય જો મનની પાર આવેલા આત્માના
પ્રદેશોમાં રહેવાનો અભ્યાસ રાખે તો પછી તે સંસારની
ક્ષણભંગુરતાદિની ઉપરછલ્લી વાતોમાં રસ જ નહિ લે.
યોગાભ્યાસથી મનની પાર રહી શકે-મોહ તજી શકાય છે.
આત્મમસ્તીની છોળો આગળ ક્ષણિકત્વની વાતો ફીક્કી
અને ઉપરછલ્લી લાગે છે. આત્માનુભવ પછી
જગતની તો હયાતિ જ હોતી નથી પછી ક્ષણિકત્વ ક્યાં?
સંસારનું મૂળ જે આત્મા, તેનો જેને અખંડ સંયોગ રહેતો
હોય, ઈશ્વરનો જેને અનુભવ હોય, તેનો સંસાર પણ
હંમેશા ઈશ્વરનો વિલાસ બને છે. સંસારની ક્ષણિકતાનો નહિ
પણ ઈશ્વરની શાશ્વતતાનો વિચાર એ વધુ ઉપાદેય છે.
બાહ્યત્યાગ કરતાં વિકારવૃત્તિઓનો ત્યાગ એ મહાન ત્યાગ છે.

કોઈપણ વ્રત, નિયમ કે તપથી પ્રભુ મળતા નથી, પરન્તુ તે
પ્રભુએ સર્જેલ સદ્‌ગુણોના સેવનથી પ્રભુપ્રાપ્તિ થાય છે.

'સેવા'નો અર્થ સહેલો છે પણ મર્મ અઘરો છે.

સેવા કોની? જીવનમાં ઝેર રેડી, જીવનને કલુષિત કરનારી
વૃત્તિઓની સેવા એ સેવા નથી પણ સેવાની સાંકળો માત્ર છે.
તેને ફગાવી દઈ સાચી સેવા ત્યાગમાં છે.

'ત્યાગ એ સેવા અને સેવા એ ત્યાગ'
એ જ્યારે સમજાય છે, ત્યારે સેવાનો મર્મ સમજાય છે.

સર્જન માટે સંકલન અને સંકલન માટે
વ્રત, નિયમ, મૌન, ઉપવાસ આદિ આવશ્યક છે.

ભારતીય સંસ્કૃતિ અતિપ્રાચીન અને સમન્વયકારી છે.
અશાંત અને પીડિત માનવીઓને
પોતાના આધ્યાત્મિક તત્ત્વજ્ઞાન દ્વારા
શાંતિમાર્ગે લઈ જવાનું સામર્થ્ય તે આજે પણ ધરાવે છે.

શસ્ત્ર સાધુ પુરુષોના રક્ષણ માટે અને ધન દાન માટે છે.
ત્યાગીને ભોગવી જાણ અને બીજાના ધનની ઇચ્છા ન કર.
બાહ્યસમૃદ્ધિ સાથે આંતરિક આધ્યાત્મિકતાની પણ જરૂર છે.
એ બંનેનો સમન્વય આવશ્યક છે, ઉપરાંત
તપ, સંયમ, ઉપાસના, પ્રાર્થના, શ્રદ્ધા બધાની જરૂર છે.

## આધ્યાત્મિક જીવનની સામગ્રી

આગળ એકવાર જણાવ્યા પ્રમાણે
આધ્યાત્મિક જીવનની સામગ્રી દુર્ગુણો જ છે.
દુર્ગુણોનું અસ્તિત્વ જ
આપણે માટે ખાસ સામગ્રી પુરી પાડે છે.

દુર્ગુણોને આત્મશાન્તિમાં ફેરવી નાંખીએ, ત્યારે આત્માનું અને પરમાત્માનું સામર્થ્ય એક બની જાય છે. દુર્ગુણોરૂપી કચરો બાળીને ફળદ્રુપ ખાતર પ્રાપ્ત કરવાથી હૃદયવાટિકાની રમણીય હરિયાળી ઊભી કરી શકાય છે. આધ્યાત્મિક જીવનની પ્રાથમિક ભૂમિકા માટે જે સામગ્રી આપણને મળી છે, તેમાં સૌથી સરસ સામગ્રી આપણા દુર્ગુણની છે. દુર્ગુણ ટાળવા એક વાત છે અને એ વિષે આપણે કાંઈક પણ જાણતા હોઈએ એ બીજી વાત છે. આ બીજી જ વાત મહત્વની છે અને એ જ ખરી ભૂમિકા છે. દુર્ગુણો છે માટે જ આપણે તેની સામે યુદ્ધ ખેલીને આધ્યાત્મિક સોપાન ક્રમશઃ ચઢી શકીએ છીએ. જાદુઈ લાકડી ફેરવે અને સ્વર્ગ અહીં ઊતરી આવે એવો સરળ કોઈ માર્ગ છે નહિ.

o

Rome was not built in a single day.

જેઠ વદી ૪, ૨૦૪૬

'શ્રદ્ધા' એટલે આશા, 'અશ્રદ્ધા' એટલે નિરાશા.

વિશ્વાસમૂલિકં પ્રામાણ્યં |

પૂર્ણ વિશ્વાસનું નામ 'પૂર્ણ શ્રદ્ધા.'

અપૂર્ણ વિશ્વાસનું નામ 'અપૂર્ણ શ્રદ્ધા.'

ધર્મમાં શ્રદ્ધા એટલે ધર્મનું સેવન કરનારને કદી પણ દુઃખ ન આવે તેવો પરિપૂર્ણ વિશ્વાસ. નિત્યપણા, શાશ્વતપણા, ધ્રૌવ્યપણાની શ્રદ્ધા આત્મા માટે અને અનિત્ય, અશાશ્વત, અધ્રૌવ્યપણાની પુદ્ગલ માટે.

એ શ્રદ્ધા રાગ-દ્વેષ જીતવાની જડીબુટ્ટી છે. અનિત્યાદિ ૧૨ અને મૈત્ર્યાદિ ૪ ભાવનાઓની એકરસતા અગત્યતા સ્યાદ્વાદ માને છે, તેનું કારણ શરીરાદિ સર્વ પદાર્થોને નિત્યાનિત્ય અને કથંચિત્ ભિન્નાભિન્ન માન્યા છે.

શરીર અને આત્માનો સંબંધ ભેદાભેદ છે તથા શરીર અને આત્મા પોતે પણ કથંચિત્ નિત્યાનિત્ય છે. વૈરાગ્ય પ્રાપ્તિ માટે ભેદ અને અનિત્ય અંશનો વિચાર વધારે ઉપકારક છે, તેથી અનિત્યતાદિ ભાવનાઓમાં તેનો જ ઝોક આપેલ છે. જીવ જીવનો સંબંધ પણ ભેદાભેદવાળો અને જીવ પદાર્થ પણ કથંચિત્ નિત્યાનિત્ય ધર્મવાળો

હોવાથી મૈત્ર્યાદિ ૪ ભાવનાઓમાં અભેદ અંશને મહત્ત્વ આપ્યું છે. જો તેમ ન કરવામાં આવે, તો 'જીવને હણનાર તું તને જ હણે છે' એમ કેમ કહી શકાય? ત્યાં અભેદને મુખ્યતા આપવાને લીધે જ હિંસા રોકાય છે.

વળી તેમાં અનિત્ય અંશને પ્રાધાન્ય અપાય છે,

અન્યથા હિંસા થાય જ કેવી રીતે?

<u>અહિંસાદિ વ્રતની સ્થિરતા માટે અભેદ અંશને પ્રાધાન્ય ન અપાય, તો હિંસાદિ દોષ અટકી જ કેવી રીતે શકે?</u>

સ્વહિંસા વખતે નિત્ય અંશનું મહત્ત્વ,

પરજીવની હિંસા વખતે અનિત્ય અંશનું મહત્ત્વ,

એ રીતે જે સ્થળે જે અંશને મહત્ત્વ આપવા લાયક હોય તે અંશને મહત્ત્વ અપાય તો જ સંક્લેશનું નિવારણ, વિશુદ્ધિનું ઉત્પાદન, વ્રતનું સ્થૈર્ય, અવ્રતનો ત્યાગ થઈ શકે. પરધનાપહરણ વખતે તે ધનનો તે વ્યક્તિની સાથે અભેદને આગળ કરવાનો છે. 'પરધન લેતાં પ્રાણ જ લીધાં' વગેરે પંક્તિઓ આ રીતે જ સંગત થાય. સ્વધનાપહાર વખતે ધનનો અને પોતાનો ભેદસંબંધ વિચારવો ઉપકારક થાય.

એ રીતે જૈનદર્શન સંમત ભેદાભેદ,

નિત્યાનિત્ય અંશને જુદી જુદી અપેક્ષાએ પ્રધાન બનાવવા,

પ્રાધાન્ય આપી આત્મકલ્યાણમાં સહાયક કરી શકાય છે. એ વિચારે અનિત્યત્વાદિ ભાવનાઓની જેમ જ મૈત્ર્યાદિ ભાવનાઓ ય વ્રત-વૈરાગ્યની સ્થિરતા માટે ઉપકારક છે, તેથી તે ભાવનાઓના સંવરપણામાં લેશમાત્ર આંચ ન આવે. એકને સંવર અને એકને આશ્રવ કહેવું રહેતું નથી. અભેદને આગળ કરવામાં ન આવે તો વ્યવહાર અને ભેદને આગળ કરવામાં ન આવે તો નિશ્ચય અશુદ્ધ બને.

બંનેની શુદ્ધિ ટકાવી રાખવા માટે બંનેને પોતપોતાના સ્થાને પ્રાધાન્ય આપવું આવશ્યક ઠરે છે. બંને વિચાર એવી રીતે સંકળાયેલા છે કે તેને એક-બીજાથી સર્વથા સ્વતંત્ર કરી શકાય તેમ નથી. ઘન શરીરના અભેદ કરતાં જીવને જીવત્વની સાથે અભેદ શાશ્વત છે.

જેઠ વદી ૫

જીવ એ ધ્યાતા છે, શિવ એ ધ્યેય છે.
ધ્યાન સર્વ જીવોનું કરવાનું હોય છે.

નમ્રતા એ પાત્રતા છે, તે પરદ્રવ્યનો ઉપકાર માનવાથી આવે. વ્યવહારનયે ભાવિતને જ પરદ્રવ્યનો ઉપકાર માનવાનો હોય. પાત્રમાયાન્તિ સંપદઃ। એ નિયમ મુજબ નમ્રતાવાનને નિશ્ચયનયનો વિષય આત્મદ્રવ્ય આપોઆપ પ્રાપ્ત થાય.

સિદ્ધાત્મા પરોક્ષ છે, પ્રત્યક્ષપણે સર્વ જીવો સિદ્ધનું જ
ભિન્ન ભિન્ન સ્વરૂપ ધારણ કરીને જીવલોક પર ઉપકાર
કરી રહેલ છે, એ ભાવના જ સિદ્ધિનું પરમ કારણ છે.

પાટણ, જેઠ વદી ૧૨, શુક્રવાર

વ્યવહારનયને ન સ્વીકારવાથી તીર્થનો વિચ્છેદ થાય છે.
વ્યવહારનયનું સૂત્ર परस्परोपग्रहो जीवानाम् । तथा
सुख-दुःख-जीवितमरणोपग्रहकराश्च । એ બે છે.
નિશ્ચયનયને ન સ્વીકારવાથી તત્ત્વનો વિલોપ થાય છે.
નિશ્ચયનું સૂત્ર उपयोगो लक्षणम् । એ સૂત્ર છે.
જીવમાં જ મોક્ષ પામવાની યોગ્યતા છે.
એનો સ્વીકાર ન કરવાથી મોક્ષતત્ત્વનો વિચ્છેદ થાય છે.
વ્યવહારનયને માનવાથી અંતઃકરણની વિશુદ્ધિ થાય છે તથા
પ્રકૃષ્ટ શુભ અધ્યવસાયની પ્રાપ્તિ થાય છે,
કેમકે તેનો વિષય 'પર' હોવાથી અહંકારનો નાશ થાય છે.
અહંથી પર થવા માટે પરની ઉપયોગિતા છે.
વ્યવહારનય અંતઃકરણની વિશુદ્ધિ કરે છે, તેથી ઉપાદેય છે,
અંતઃકરણની વિશુદ્ધિ રત્નત્રયીને પુષ્ટ કરે છે.
૦ દ્વિતિ = ભેદવૃત્તિ, અદ્વિતિ = અભેદાકાર વૃત્તિ,
કાશ્યપ = જેની મનોવૃત્તિ બ્રહ્માકાર બની છે, તેવું મન.

ॐ નમઃ

જેઠ વદી ૧૪, શનિ

## સોક્રેટીસ, પ્લેટો અને એરીસ્ટોટલના સિદ્ધાંતો

(૧) માનવજાતિનું આખરી ધ્યેય
સદ્‌ગુણનો વધારો કરવામાં રહેલું છે.

(૨) સદ્‌ગુણ અને જ્ઞાન
એકબીજા ઉપર આધાર રાખનારી વસ્તુઓ છે.

(૩) સદ્‌ગુણોનો વધારો કરવા માટે
દરેક મનુષ્યએ બુદ્ધિને કેળવવી પડે છે.

## બુદ્ધિના ૭ દોષો

અતિરાગ, અતિદ્વેષ, અતિમોહ, અતિઆગ્રહ (પૂર્વગ્રહ, ધૃતગ્રહ) અન્યાય, અસહિષ્ણુતા તથા એકવચનિતાનો અભાવ છે.

o ગુણરાગીતા, પાપભીરુતા, અશઠતા, લજ્જા, દયા, સત્ય, શિવ, સુંદર, દાક્ષિણ્ય, અક્ષુદ્ર, મધ્યસ્થ, અનુરતા એ સૌભાગ્યગુણો છે.

જેઠ વદી ૦)), રવિવાર

વિરક્તિ માટે પ્રકૃતિની દૃષ્ટિએ આત્મદ્રવ્યની પ્રીતિ કેળવવી જોઈએ અને મોક્ષ માટે જાતિગત અભેદ-આત્મદ્રવ્યની ઉપાસના કરવી જોઈએ. પ્રકૃતિની દૃષ્ટિ તૃષ્ણાનો અને અભેદની દૃષ્ટિ ઈર્ષ્યા, અસૂયા, દ્વેષાદિ ઉપક્લેશનો છેદ કરે. કર્તૃત્વાભિમાનનો અંત લાવવા કર્તવ્ય જેવું છે, તેને સોંપવું.

જગત તરફથી જ્ઞાન મળે છે,
દેહ-મન-ઇંદ્રિયો તરફથી દ્રવ્યજીવન મળે છે અને
જીવ તરફથી ભાવજીવન મળે છે.

દ્રવ્યપ્રાણ કે ભાવપ્રાણ ઉભયનો આધાર પુદ્ગલ અને જીવ છે અને તે બન્ને ઉપર પ્રભુત્વ જગતના જીવોનું છે, તેથી તે સર્વનું ઋણ માથે ધારણ કરનાર આત્મા નમ્ર, અભિમાનરહિત અને આત્મજ્ઞાનનો પૂર્ણ અધિકારી બને છે.

<u>અષાઢ વદી ૬, રવિવાર</u>

<u>૪ ભાવનાની વ્યાખ્યા</u>

(૧) મૈત્રીભાવના = સર્વે જીવો મિત્ર સમાન છે.
(૨) પ્રમોદભાવના = પરજીવને સુખી દેખી રાજી થવું.
(૩) કારુણ્યભાવના = દુ:ખી પ્રત્યે અનુકંપા, કરુણા આણવી.
(૪) માધ્યસ્થભાવના = પાપી કે અધર્મી પ્રત્યે ખેદ (નાખુશી).

જે ભાવના જે આત્મસ્વરૂપવાળી છે, તે સ્વરૂપ પ્રગટ કરવાનો ઉદ્યમ કરી, તે જ આત્મસ્વરૂપ પ્રગટ કરવું, એ જ ભાવના ભાવવાનો અર્થ - હેતુ - પ્રયોજન છે.
૧૨ ભાવનાઓમાં ૪ ભેળવતાં ૧૬ ભાવના પણ થાય છે.

o <u>જે આત્માને વિષમ સ્થિતિમાંથી સમ સ્થિતિમાં લાવે,</u>
<u>તે સાધન એટલે 'સામાયિક.'</u>

ધ્યાન ૨ પ્રકારે: યોગની એકાગ્રતા અથવા વૃત્તિનો નિરોધ.
સંવરતત્ત્વ આત્માનું સ્વરૂપ હોવાથી આદરણીય છે.
નિર્જરાતત્ત્વ તે આત્માનું સ્વરૂપ છે.

કુદરતની સાથે રહેવું = પોતાના આત્માની સાથે રહેવું, આત્માનું ચિન્તવન કરવું, ચિત્તશુદ્ધિ માટે પ્રયત્નશીલ બનવું.

Imp. ઉદર ભરવા માટે થોડું અન્ન, દેહ ઢાંકવા થોડું વસ્ત્ર, વસવાટ માટે થોડું સ્થાન, બુદ્ધિ માટે થોડું શાસ્ત્ર, મન માટે થોડી ઉપાસના અને હૃદય માટે થોડી સેવા એ જીવનનિર્વાહ અને વિકાસની પ્રાથમિક જરૂરિયાતો છે. એટલાથી સંતોષ માની જીવન ગુજારનાર કુદરતની સાથે અર્થાત્ પોતાના આત્માની સાથે રહી આનંદ માણી શકે છે.

અષાઢ વદી ૮, સોમવાર

દ્રવ્યાર્થિકનયે જીવ એ સામાયિક છે. એનો સ્વીકાર કર્યા વિના જીવગુણરૂપ પર્યાયાર્થિકનયનું સામાયિક ન પ્રગટે.
'વ્યવહારનયથી નમસ્કારનું સ્વામિત્વ નમસ્કાર્યનું છે'
અને સ્વીકાર કર્યા વિના નિશ્ચયનયથી નમસ્કારકર્તા નમસ્કારના ફળનો ભોક્તા થઈ શકતો નથી.
દ્રવ્યસાપેક્ષ પર્યાય અને વ્યવહારસાપેક્ષ નિશ્ચય સાધનાના વિષય બને ત્યારે જ સાધનાનો પ્રારંભ થાય છે.

સામાન્ય વિના વિશેષ હોઈ શકતું નથી, તેમ એમ જ દ્રવ્ય વિના પર્યાય કે વ્યવહાર વિના નિશ્ચય પણ સંભવી શકતો નથી. વ્યવહાર પરદ્રવ્યનું કર્તૃત્વ માને છે. પરના આલંબને જ સ્વમાં ક્રિયા થાય છે, તેથી વ્યવહાર નમસ્કાર એ જ નિશ્ચય નમસ્કારનું કારણ છે. એ દ્રવ્યાર્થિકની નીતિ ઉપર જ પર્યાયાર્થિકનયનું અસ્તિત્વ છે.

o પરહિતચિંતા એ પરચિંતા નથી, આત્મચિંતા છે.

મૈત્રી-મુદિતાદિ એ પરને અનુલક્ષીને છે છતાં ત્યાજ્ય નથી.

ત્યાજ્ય પરચિંતા એ પરની ખોટી પંચાત છે.

મૈત્રી આદિ ગુણોમાં તો પર સાથે આત્માનો સાચો સંબંધ છે

એટલે આત્મચિંતા છે.

દા.ત.: વિચારવું કે 'બધાનું હિત થાઓ' આ દુઃખીને જોઈ દિલ દ્રવિત થવું અથવા ગુણીને જોઈ આનંદ થવો કે બધાના દોષ પર દૃષ્ટિ જતી હતી, તેને બદલે ઉપેક્ષા કરી. આ બધું પરને લક્ષીને છે, છતાં એ પરચિંતા નથી પણ પરની સાથે આત્માનો ગુણ સંબંધ છે, તેથી સુંદર આત્મચિંતા છે. પરહિતચિંતા પરદુઃખસંવેદન, પરગુણદર્શન, પરદોષ-ઉપેક્ષા- એ બધા આત્મચિંતાના રૂપક છે, આત્મચિંતામાં સહાયક-પ્રેરક છે, અર્થ-કામ અને પરચિંતાથી બચાવનાર છે.

V. Imp.

આત્મા અનાદિકાળના મોહવશ
પૌદ્ગલિક સુખમાં સદા લંપટ બનેલો છે કે
એ બીજાના ગુણો જોવા તરફ અંધ બન્યો છે.
બીજાના હિત ઘવાય, સુખ લોપાય, દુઃખ ઊભા થાય,
એને દૂર કરવા તરફ એ બેપરવા, નિષ્ઠુર, કઠોર છે;
એ મહાદુર્ગુણ છે; એ મહામલિનતા છે.
એ દુર્ગુણોને કાઢવા માટે
પરહિતચિંતા, પરકરુણા, પરપ્રમોદ ઉપયોગી બને છે.
પોતાને ગમે તેટલાં કષ્ટ પડે પણ કોઈનું અહિત ન થાય,
પરદુઃખ પ્રત્યે કઠોર ન બનાય કે દોષ તરફ દૃષ્ટિ ન જાય,
એ કાળજા કોમળતા સ્વરૂપ છે.
એ કોમળતા રાખે તો બેપરવાઈ, નિષ્ઠુરાઈ જેવા દોષોથી બચાય.
પરહિતચિંતાથી એ કાળજા-કોમળતા આવે છે, એટલે
એમાં આત્મચિંતા મુખ્ય બને છે ત્યારે અર્થચિંતા-
વિષયચિંતા-પરચિંતા આદિ ગૌણ બની જાય અને બહુ
જગા મળતી નહિ તથા ધીમે ધીમે એ નીકળી જાય છે.
જે ભવ્યાત્મા વીતરાગ પરમાત્માની
અનંત કલ્યાણકારિણી વાણી
પોતાના જીવનમાં ઉતારશે, એનું અનંત કલ્યાણ થશે.

ૐ

શ્રા સુ ૨, બુધ

Every being is related to other.
None is free without relation or
debt to others, till he attains સિદ્ધદશા.

સુ ૨, ગુરુ

વૈરાગ્ય અને ઉપશમથી વિષય અને કષાય જતી શકાય.
દોષદર્શનથી વૈરાગ્ય અને ગુણદર્શનથી ઉપશમ પ્રાપ્ત થાય.
વસ્તુમાં જેમ દોષ છે, તેમ ગુણ પણ છે.
એકલા દોષ જ જોવાથી નિરાશા પેદા થાય છે.
એકલા ગુણ જ જોવાથી આસક્તિ જન્મે છે.
સાપેક્ષતાથી ગુણ અને દોષને જોવાથી
સમત્વ-સમતા-શાંતિ-સુખ જળવાઈ રહે છે.

સુદી ૪, શુક્રવાર

શબ્દાર્થસંબંધઃ શક્તિઃ ।
અર્થાત્: શબ્દ અને અર્થના સંબંધનું નામ 'શક્તિ' છે.
સંબંધશક્તિના ઘટવા-વધવાથી
શબ્દના અર્થનો હ્રાસ યા વૃદ્ધિ થયા કરે છે.
સંબંધના લાભથી અર્થનો જન્મ અને અલાભથી મરણ થાય.
એ સંબંધને કોઈ 'વૃત્તિ', તો કોઈ 'વ્યાપાર' કહે છે.

શબ્દ કારણ, શક્તિ વ્યાપાર અને અર્થ બોધ કાર્ય છે.

શક્તિ સ્ફોટનિષ્ઠ છે.

શબ્દશક્તિની ૪ કલા છે, જે વસ્તુનું અભિધાન કરે છે:

દિક્, કાલ, સાધન અને ક્રિયા.

શબ્દની શક્તિ આ ચારેચાર રૂપોમાં પ્રગટ થાય છે અને પરમાત્મા અસીમ અને અગમ્યરૂપને વ્યવહારની સીમામાં લાવીને ગમ્ય અને બોધ બનાવે છે.

નામ, રૂપ, લીલા અને ધામ - ભક્તિના ૪ આલંબનો છે.

ભક્તિમાં પ્રેમ ઉપરાંત આલંબનનું મહત્ત્વ અને પરમાત્માના દર્શનો અનુભવ એ પરમ આવશ્યક અંગ છે.

શબ્દના અસામાન્ય ઉત્કર્ષને પ્રેમ-ભક્તિના આલંબન રૂપે સ્થિર કરીને સદાચાર અને ભક્તિ અન્યોન્યાશ્રિત બનેલ છે.

શ્રા સુ ૧૦

સાધનભક્તિ ગૌણી ભક્તિ - વૈધી ભક્તિ નવધાભક્તિ છે.

રાગાનુગા પરમપ્રેમરૂપાભક્તિ - સાધ્યભક્તિ પરાભક્તિ છે.

૦ વિશ્વવ્યવસ્થા, પ્રયોજનાત્મક, પ્રયોગાત્મક તથા પ્રબોધાત્મક છે. તેનો જેમજેમ વિચાર થાય છે,

તેમ તેમ પ્રમોદભાવ વધતો જાય છે,

તેથી તે પ્રમોદાત્મક - આનંદાત્મક પણ છે.

ॐ अर्हं नमः

શ્રાવણ વદી ૫, સોમ

સર્વત્ર સમતા અને હિતચિન્તનરૂપ સામાયિક છે.
તિર્યક્ સામાન્યના વિચારથી
આત્મત્વેન = સર્વ આત્મા સમાન છે,
એ તત્ત્વજ્ઞાનથી પ્રાપ્ત છે.
રાગના હેતુઓમાં રાગ ન કરવારૂપ અને
દ્વેષના હેતુઓમાં દ્વેષ ન કરવારૂપ
સમતા સામાયિક
ઊર્ધ્વસામાન્યરૂપ આત્મધર્મના વિચારથી સુલભ છે.
જીવોમાં પરસ્પરોપગ્રહતા તિર્યક્ સામાન્યના કારણે છે
અને આત્મ ઉપગ્રહતા ઊર્ધ્વતા સામાન્યના કારણે છે.
આપણું બધું કામ આપણે જ કરવું પડે એવો નિયમ નથી.
દૃષ્ટા. ગાડીમાં બેસવાનું આપણે, પરંતુ
ઇષ્ટસ્થાને પહોંચાડવાનું કામ ગાડીનું.
ખોરાક ખાવાનો આપણે, કિન્તુ
તુષ્ટિ-પુષ્ટિ આપવાનું કામ ખોરાકનું અને શરીરયંત્રનું.
દેવપૂજા ઇત્યાદિ કરવાનું આપણે અને
ફળ આપવાનું કાર્ય તે તે ધર્મવિધાનનું,
તેથી બંધાતા શુભકર્મનું.

ૐ અર્હં નમઃ

શ્રાવણ વદી ૮, બુધ

૦ પ્રત્યેક અનુષ્ઠાનમાં જિનાજ્ઞા અનુસ્યૂત છે,
તે વિનાનું તે નિરપેક્ષ અનુષ્ઠાન તાત્ત્વિક નથી.
તે દ્વારા આજ્ઞાકારક અરિહંતનું ધ્યાન
પણ અનુસ્યૂત રહે એ સ્વાભાવિક જ છે.
આજ્ઞા અને આજ્ઞાકારક કથંચિત્ અભિન્ન છે.
ધમ્મો આણાએ પડિબદ્ધો । સૂક્તિઃ
ધર્મ આજ્ઞાથી બંધાયેલો છે અર્થાત્ આજ્ઞાપાલન એ ધર્મ છે.
આજ્ઞારહિત ધર્મ ઘાસના પૂળા-સમાન નીવડે છે.
વિશેષ આવશ્યક ગાથા ૮૯૬ પ્રમાણે શ્રુતના એકાર્થિક નામો:
શ્રુત, સૂત્ર, ગ્રન્થ, સિદ્ધાંત, પ્રવચન, આજ્ઞા, ઉપદેશ, આગમ.
નામ જડ હોવા છતાં Signatureની જેમ ચેતનની
શક્તિ ધરાવે છે. પ્રતિમા નિર્જીવ હોવા છતાં government
છાપની જેમ ચેતનની શક્તિ સાથે સંબંધ ધરાવે છે.
નવકારશીથી ૧૦૦ વર્ષનું પાપ કપે છે.
નવકારથી ૫૦૦ સાગરોપમનું પાપ જાય છે.

૦

What is cohesion in matter is love in man.
man is the greatest radio & is able
to connect himself with the higher force.

શ્રાવણ વદી ૧૨, રવિવાર

## ધર્મના મર્મને ભેદનાર પર્યુષણ પર્વ

ધર્મમાં બળવાન મોહનીય. મિથ્યાભિમાનાદિ તેના સૈનિકો છે.
ક્ષમાપનાદિ મોહના મર્મભૂત સ્થાને અને મર્મનું ભેદન થાય છે.
પર્યુષણ પર્વ દાન-શીલ આદિ વડે ચોથા આરાની વાનગી છે.
કૃપણ ઉદારભાવને, નિઃશીલ શીલવાનભાવને, અતપસ્વી તપભાવને, નિર્દય દયાળુભાવને, અવિરતિ વિરતિધરભાવને અને કષાયી ઉપશમભાવને પામે છે.

જેણે મન-વચન-કાયાદિ પર ભગવાનના દર્શન કરવા હોય, તેણે ત્રણ ગઢ જીતવા જોઈએ.

૪૨ પ્રકારના પુણ્યનું પોષણ અને ૮૨ પ્રકારના પાપનું શોષણ મૈત્રીભાવમાં રહેલું છે. તેની આરાધનાનું પર્વ પર્યુષણ છે.

એક ક્ષમાપનાદિ જ દશે પ્રકારનો ધર્મ આરાધાય છે.
પર્વ, પોતે તરે, તેને આચરીને બતાવનારા ત્રણે પવિત્ર છે.
કાંધાદિ કરજ ચૂકાવવા માટે આ પર્વના દિવસો છે.
સમજીને કરે તેનું અનંત ફળ છે.
અહિંસા-સંયમ-તપનું પ્રાધાન્ય છે, માટે લોકોત્તર પર્વ.
ક્રોધનાશ અથવા મૈત્રીભાવ ઉજવવાનો, માટે મહોત્સવ.
અનાદિ સંબંધભૂત-કષાયાદિનું મૃત્યુ, માટે મુંડન.

મનુષ્યભવ, આર્યદેશ - જાતિ - કુળ, પંચેંદ્રિયપૂર્ણ નિરોગી
શરીર, દીર્ઘાયુષ્ય, સુપરિવાર, સુગુરુયોગ, શ્રમણોની સેવા,
તત્ત્વની રુચિ, ધર્મની ઉત્કૃષ્ટતા અને અરિહંતાદિની ભક્તિ,
સ્વાધ્યાય, શ્રદ્ધા તથા વીર્ય ફોરવવા વાર્ષિક પર્વ છે.
આષાઢ ચાતુર્માસ, પર્યુષણની અઠ્ઠાઈ, સંવત્સરી વગેરે
પર્વના દિવસે તપ કરવાથી પર્વનું બહુમાન થાય.

મળેલી સઘળી ય સામગ્રીનું સાફલ્ય
ભણવા - ભણાવવા તથા શીખવા અને શીખવવામાં છે.
ઇંદ્રિયોમાં જિહ્વા જીતી તેણે જગત જીત્યું.
જિહ્વા મૌન, મિતાહાર અને ઉપવાસથી જીતાય છે.
અહં - મમથી મુક્તિ એ જ ખરી મુક્તિ છે.

ગુપ્તિમાં મનોગુપ્તિ અને ક્ષમાવંતમાં આદર્શ અરિહંતો છે.
આત્મવિચારનો અર્થ self analysis થી નહિ, પણ
મનોવિશ્લેષણથી છે. તેન ત્યક્તેન ભુંજીથા: । ત્યાગીને
ભોગવો. પ્રેમ અને ત્યાગ એ માનવહૃદયનું સર્વસ્વ છે.
હૃદયમાં રહેલા પ્રેમભાવના ત્યાગના સિદ્ધાંત ઉપર નિર્ભર છે.
મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષા એ બધી ભાવનાઓનું
મૂળ પ્રેમ અને ત્યાગ છે. ત્યાગ એ પ્રેમનું જ સ્વરૂપ છે.
જ્યાં પ્રેમનો ઉદય થશે, ત્યાં ત્યાગનો ઉદય થવાનો જ.

28/8/62

## દયા એ પ્રભુ પ્રેમનું સ્વરૂપ છે.

'બીજો હું તેથી તે. જે દુઃખ બીજું, તે દુઃખ મારું'
આવો વિચાર સ્વાર્થી મનુષ્ય કદી પણ કરી શકતો નથી.
જ્યારે જીવ જીવનના દુઃખથી પીગળે છે, ત્યારે જ તેને
આત્માનુભવ, આત્મદર્શન, આત્મવિચાર જાગશે ઇત્યાદિ.

ધાર્મિક શિક્ષણ એટલે આધ્યાત્મિક શિક્ષણ.

સત્ય અને અહિંસાનો પાયો ત્યાગ અને પ્રેમ જ છે.
પ્રેમ અને ત્યાગની ભાવના વિના સત્ય અને અહિંસા
એ તો વાસી અન્ન છે. કોઈએ પણ તેને ખાવાનું નથી.
દિલ દરિયા જેવું મોટું નહિ હોય, માત્ર સદા અહંકારથી
ફુલેલાં હશે, સામાનાં દુઃખ અને વેદના સમજવાની સુકોમળ
ભાવના નહિ હોય, તો સત્ય અને અહિંસા એ બે ય
શબ્દો એ માત્ર ગળામાં ઘાલેલાં બે પથ્થર રૂપ જ રહેશે.
આધ્યાત્મિક શિક્ષણ માટે હૃદયમાં ઈશ્વર સ્થાપના કરવી પડે.
એ સ્થાપનાની સાથે પ્રેમ-ત્યાગની ભાવનાનો વિકાસ થશે.
ઈશ્વરની આજ્ઞાએ જીવન ચલાવવું એ જ સાચું જીવન છે.
જ્ઞાન વિચાર કરી શકે છે પણ પ્રેમ તો મેળવે છે.
ખ્યાતિ, પ્રતિષ્ઠા અને સંપત્તિ એકજીવનને જુદા પાડે છે.

પ્રેમ જોડે છે કે ઇચ્છાત્યાગીઓ ધન-સંપત્તિ આદિ માંગતા નથી, પણ માંગે છે વિશ્વપ્રેમનો પરમ મંત્ર.

V. [signature]. મન એ અણુથી પણ અણુ અને મહતથી પણ મહત બનવાની તાકાત ધરાવે છે. જ્યારે તે અણુથી પણ અણુ બને છે, ત્યારે તે એટલું નાનું બની જાય છે કે એમાં કોઈનો સમાવેશ જ ન થાય. હરાયા ઢોરની જેમ સૌને પરાયા ગણી પોતાની પાસેથી દૂર હડસેલી મૂકે. દુનિયામાં પોતાનું કહી શકાય એટલું નહીં કંઈ છે જ નહિ એમ વર્તે અને એ જ મન જ્યારે સંકુચિતતાનો મળ છોડીને વિશાળ થવા લાગે છે, ત્યારે એની વિશાળતાની પણ કોઈ સીમા રહેતી નથી; સમગ્ર વિશ્વનો સમાવેશ થવા છતાં પણ જગ્યા ખાલી રહે છે. એવાને મન આખું વિશ્વ પોતામય-મિત્રરૂપ બની જાય. તેના હૃદયમાં વિશ્વના સર્વ જીવો સાથે પ્રેમભાવ અથવા સમભાવ સિવાય બીજો કોઈ ભાવ રહેતો જ નથી. એ માટે હૃદયની સંકુચિતતા તરફ અરુચિ જાગવી જોઈએ, એની અકલ્યાણકારિતાનું ભાન થવું જોઈએ તથા હૃદયની વિશાળતાનો મહિમા પણ સમજાવો જોઈએ. એ પછી સરલ હૃદય વિશદ અને વિશાળ થવાની પ્રક્રિયા લાધી ગઈ સમજો.

ધર્મમાર્ગ જ હૃદયની વિશાળતા સાધવાનો રાજમાર્ગ બને છે.
નિર્મળતા અને વિશાળતા એ એક જ વસ્તુના બે નામો છે.
આત્મસાધનાની નાની - મોટી દરેક પ્રક્રિયાના કેન્દ્રમાં
ચિત્તની શુદ્ધિને જ મૂકવામાં આવી છે.

હૃદયમાં વૈરભાવ કે રાગભાવ ભર્યો હોય,
ત્યાં વિશ્વમૈત્રીની પ્રતિજ્ઞાનું પાલન અશક્ય છે.

ઉદારતાપૂર્વક બીજાને તેની ભૂલોની માફી આપવી અને નમ્રતાપૂર્વક પોતાની ભૂલોની માફી માગવી, તે અહિંસા-કરુણા કે પછી પ્રેમની સાધનાની અનિવાર્ય શરત છે. આવા ઉદાર અને નમ્ર જીવનમાં જ પરમાત્મભાવ પ્રગટે. પરમાત્મભાવની પ્રાપ્તિ એ જ વિશ્વમૈત્રીની છેલ્લી મંઝિલ છે, તેથી 'ખામેમિ સવ્વ જીવે |' પ્રભુ આપણો આનંદ જ્યાં સદા ય ગાજતો રહે છે, એ રાજમાર્ગ ઉપર ચાલવાની શક્તિ - બુદ્ધિ મળે એ જ અભ્યર્થના.

૦ સંવર એટલે મન - વચન - કર્મનો સંકોચ.

સંવરથી નવા કર્મના બંધન થતા નથી.
તપથી જુના બંધનો કપાઈ જાય છે.
અહિંસાના બે રૂપ છે: સંયમ અને તપ.
સંયમ એ સંવર - સંકોચરૂપ તથા તપ નિર્જરારૂપ છે.

અહિંસાધર્મના પાલન માટે વિચારમાં અનેકાંત જોઈએ.
અહિંસામાંથી જ જૈન ધર્મનો દાર્શનિક સિદ્ધાંત અનેકાંત ફલિત થયો છે. વિચારનાં દ્વાર ખુલ્લાં મૂકવાથી બધાના વિચારોમાંથી સત્યનો અંશ જડી આવશે. બીજાના સત્ય વિચારને પણ અસત્ય માનવા અને તેનો આગ્રહ ધરાવવો એ જ અનીતિ, અન્યાય અને હિંસાનું પગથિયું છે.
આથી અહિંસકને અનેકાંતવાદી થવું અનિવાર્ય છે.

અહિંસાથી ફલિત થતું દર્શન તે અનેકાંત અને
અનેકાંતથી ફલિત થતો આચાર તે અહિંસા.

તે અહિંસામાં સૂક્ષ્મતમ જીવોની પણ રક્ષાની ભાવના છે, તેને આધારે જ આચરણના વિધિનિષેધોની પરંપરા છે.

આચરણની પાછળ દર્શન ન હોય,
તો આચરણની સાધનામાં નિષ્ઠા આવતી નથી.

આથી દરેક ધર્મમાં જીવના બંધ-મોક્ષનો તથા જગત સાથેના સંબંધનો અને જગતના સ્વરૂપનો વિચાર આવશ્યક કરે છે. સત્યના કોઈ એક અંશને પણ અન્યાય ન થાય, તે ખાતર જૈનદર્શનને સકલ દર્શનોના નયોના સમૂહરૂપ કહ્યું છે. અંશતઃ જીવથી કર્મોનું પૃથક્ થવું તે 'નિર્જરા' છે અને જીવથી કર્મોનું સર્વાંશે પૃથક્ થવું તે જ કહેવાય 'મોક્ષ'.

જે કારણોએ જીવ કર્મના સંબંધમાં આવે છે તે આશ્રવ.
એ કારણોનો નિરોધ તે સંવર.
જીવ - અજીવ (કર્મ)નું એક જેવા થઈ જવું તે બંધ.
રાગ-દ્વેષ, મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, યોગ - એ બંધના
હેતુઓ છે, તેથી આશ્રવ અને સંસારવૃદ્ધિ થયાં કરે છે.
એનો નિરોધ કરવાની પ્રક્રિયા એ સંવર છે.
સંવરના હેતુઓ
વિરતિ, સમ્યક્ત્વ, અકષાય અને અપ્રમાદ છે.
તેટલા માત્રથી સંતુષ્ટ ન થતાં જીવ કર્મથી છુટવા માટે
તપશ્ચર્યાદિ આકરાં અનુષ્ઠાનો પણ કરે છે,
તેથી આંશિક છુટકારો થતાં થતાં અંતે મોક્ષને પામે છે.

૦ તારો દુનિયાથી ઉંચો, અનાસક્ત અને પ્રકાશમય છે
પણ તે બહુ નાનો છે.
મહાપુરુષને તારાની ઉપમા આપી શકાય પણ સૂરજની નહિ.
કૃષ્ણનું જ્ઞાનસ્વરૂપ સોનાની બંગડીની જેમ પ્રકટ છે.
બાળ માનવ રજ્જુમાં સર્પની જેમ દેખાય છે,
રજ્જુ જ્ઞાનને સ્થાને છે, તેનો લોપ થતાં અજ્ઞાન દેખાય છે.
રજ્જુનો લોપ થઈને સર્પની જેમ મનુષ્યમાં જ્ઞાન રહેલું છે,
છતાં દેખાતું નથી. સર્પની જેમ તે માનવ જ દેખાય છે.

ઉૐ નમઃ

ભાદરવા સુદ ૨

અનેકમાં રહેલી એકતા જોવી એ ગુહ્ય છે.
એકલવાયાપણું માનવું એ ભ્રમ છે, માટે દુઃખરૂપ છે.
અનેકમાં એકની ભાવના એ ગુહ્ય છે, માટે સુખરૂપ છે.
સર્વ સાથે મૈત્રી છે એટલે મારે કોઈ અપરાધી નથી.
કોઈ સાથે વૈર નથી એટલે
મારે કોઈને ક્ષમા આપવાનું પ્રયોજન પણ નથી.
શિવ અને કાળજી આત્મતત્ત્વ સર્વત્ર છે.
પછી એકલવાયાપણું કેમ લાગે?

ભાદરવા સુદ ૧૧, સોમવાર

પ્રભુ શું આપે છે?
નામાદિ વડે આલંબન અને ઉપદેશાદિ વડે તીર્થ આપે છે,
સાધના અને સિદ્ધિ વડે આદર્શ આપે છે.
આલંબન, ઉપદેશ, આદર્શ અને તેના ફલસ્વરૂપ
શુભધ્યાન અને સદ્ગતિ આપે છે.
આ વસ્તુઓ આપવાની શક્તિ માત્ર પ્રભુમાં છે તેથી પ્રભુ
સર્વોત્તમ છે અને પ્રભુની ભક્તિ પરમઉત્કૃષ્ટ કર્તવ્ય છે.
સાચી ભક્તિ આજ્ઞાપાલનમાં છે.

°

*If I rest, I rust.*

ભાદરવા સુદ ૧૨

જો ઈયળની memory capsule એટલે કે મગજ
દશ લાખ વિગતો યાદ રાખી શકે છે.

o असमाधानात् तपोवृद्धिः समाधानात्तु तपः क्षयः ।

o योगयुक्तो विशुद्धात्मा विजितात्मा जितेन्द्रियः ।
सर्वभूतात्मभूतात्मा कुर्वन्नपि न लिप्यते ॥

(પરિશિષ્ટ-૫)

o યોગ એક દિન કે એક ક્ષણમાં સિદ્ધ ન થાય,
એ માટે સેંકડો વર્ષ પણ ઓછા છે.

નિદ્રામાં, આહારમાં, ભયમાં, મૈથુનમાં, પરિગ્રહમાં તથા ધ્યેયમાં
સર્વ મનુષ્યો સમાન છે.

ધ્યેયનું ધ્યાન અને નિદ્રાનો આરામ જો સ્થિતિ સરખી છે.
એક વ્યક્તિ શું કરી શકે છે તે જાણવા માટે એક કણ
અણુ-એટમ બની શકે છે. એટમ-આત્મન સમાનાર્થક છે.
કર્મપ્રભાવ કર્તા સુધી સીમિત નથી, સંપૂર્ણ બ્રહ્માંડ પર પડે.

ભાદરવા સુદ ૧૪

સમકિતનું મૂળ મધ્યસ્થદૃષ્ટિ છે, તેનું મૂળ સામાયિકનો
લાભ છે, એનું પણ મૂળ કર્મના સિદ્ધાંતનું જ્ઞાન છે.
એ જ્ઞાન જ સમ્યગ્દૃષ્ટિ આપે છે.

એ સમ્યગ્દૃષ્ટિ જ મધ્યસ્થ દૃષ્ટિનું બીજું નામ છે. ગમે તેવું ઘોર અસત્ય પણ કોઈ ચોક્કસ દૃષ્ટિબિન્દુથી સત્ય છે, માત્ર તે ચોક્કસ દૃષ્ટિબિન્દુને શોધતાં આવડવું જોઈએ. દા.ત. ધ્રુવના તારાની દિશા સ્થિર પણ પોતે અસ્થિર છે, ખંડાળાનો ઘાટ સુંદર પણ છે અને બિહામણો પણ છે. દહીં અને સાકર મધુર છતાં કફ અને અનિષ્ટ પણ છે. કુતરાં ભસવાથી રાતે ઊંઘ ઊડી ગઈ પણ ચોર ભાગી ગયા, તેથી તેનું ભસવું એક જ કાળે ઇષ્ટ-અનિષ્ટ ઉભય છે. થર્મોમીટરમાં વધીને ૨ ડીગ્રી અને ઘટીને ૨ ડીગ્રી તાવ અનુક્રમે શોક પણ પછી આનંદનું વાતાવરણ સર્જે છે. સત્ય બહારની વસ્તુમાં નહિ પણ તે વસ્તુ પ્રત્યેના આપણા યોગ્ય દૃષ્ટિબિન્દુમાં છે, તેની શોધખોળ કરવી એ સાપેક્ષવાદીનું કર્તવ્ય છે. રાગ અને દ્વેષને જીતવાનો અને તેના પેલા પાર રહેલ સમભાવમાં સ્થિર થવાનો સાપેક્ષવાદ સિવાયનો બીજો કોઈપણ ઉપાય નહિ. 'દરેકેદરેક સત્ય સાપેક્ષ છે' એ વાત નિરપેક્ષ સત્ય છે.

Truth is relative to our standpoints.
This is an absolute truth
that truth is always relative.

ॐ નમઃ

ભાદરવા વદ ૯

સુખ અને શાંતિ હૃદયનાં ઊંડાણમાં જ છુપાયેલાં છે.
હૃદયગુફાનાં દ્વાર દિવ્યજીવનની ચાવી વડે ખોલે, તો જ
મનુષ્ય સુખ અને શાંતિ મેળવી શકે.

એ સુખ અને શાંતિ ભોગવિલાસની વસ્તુઓમાં નથી,
તેથી તેને ત્યાં ન શોધતાં હૃદયના ઊંડાણમાં જ્યાં એનું સ્થાન
છે, ત્યાં શોધવા જોઈએ. મનુષ્ય પોતાના હૃદયમાં છુપાયેલા
આ મહાન સંપત્તિથી અજ્ઞાત છે અને તે પ્રેમ-વિશ્વપ્રેમ
પ્રત્યેક જીવ તરફ અનુકંપાની, પ્રેમની, સેવાની ભાવના છે.
આ દૈવીગુણોનો આધારસ્થંભ એ છે કે જીવમાત્ર દિવ્ય છે.
બધા જીવોની પાછળ એક દૈવીતત્ત્વ રહેલું છે.
પ્રતિક્ષણ આ સત્યનું પાલન કરવું એ દિવ્યજીવનની ચાવી છે.
સર્વગુણોના આધારસ્તંભ સમું આ ભવ્ય સત્ય સમજાશે,
ત્યારે જ ભય-ચિંતા અને ઉદ્વેગ હૃદયમાંથી વિદાય લેશે.
બધા તરફ પ્રેમ અને સહાનુભૂતિની લાગણીથી જોતાં શીખશે,
ત્યારે એ ભાવ જીવમાત્ર સાથે એકતાનો અનુભવ કરાવશે,
એમાં જ સાચાં સુખ અને શાંતિ પ્રકટ થવા માંડશે.
પોતે જ તદ્રૂપ થઈ રહેવું તે અહં-મમ ટાળવાનો ઉપાય છે.
દેહ એ અદૃષ્ટનું પરિણામ છે, જેનાથી સુખ-દુઃખાનુભવ છે.
તેના દૃષ્ટા થઈને રહેવું, તે જ મુક્ત થવાનો માર્ગ છે.

<u>ભાદરવા વદ ૯, શનિ</u>

યુદ્ધ અને સંઘર્ષનો જન્મ માનવના મગજમાં જ થાય છે
અને તેથી ત્યાં જ શાંતિ સ્થાપવાની આવશ્યકતા છે.
શંકા-તિરસ્કારનાં જાળાં માનવ મગજમાં ઉત્પન્ન થાય છે,
માટે તેનો તત્કાળ નાશ કરવો જોઈએ.
માનવ મનની મહત્તા માટે સદા જાગરૂક રહેવું જોઈએ.
તે માટેના પ્રેરણાશ્રુતિ આપણાં સર્વ ધર્મશાસ્ત્રો છે.

<u>ભાદરવા વદ ૧૦, રવિ</u>

કોઈપણ અનિષ્ટ બહારથી ઉદ્ભવતું નથી.
બાહ્ય દેખાતા અનિષ્ટનું ઉગમસ્થાન મનુષ્યનું અંતર છે,
એટલે અંતરમાં રહેલા અસદ્વૃત્તિ ઉપર સદ્વૃત્તિનો વિજય
અને હિંસકવૃત્તિ ઉપર અહિંસકવૃત્તિ પ્રાધાન્ય મેળવે,
તો જ માનવતાનાં મૂલ્યોની પ્રતિષ્ઠા મજબૂત કરી શકે.
સદ્વૃત્તિ, અહિંસકવૃત્તિ, મૈત્ર્યાદિભાવો,
સામાજિક અને સમત્વ - એ સર્વ સમાનાર્થક છે.
૦ હિંસામાંથી અહિંસા તરફ જવું તે '<u>પ્રગતિ</u>'.
વારસાગત હિંસકવૃત્તિઓ ઉપરનો વિજય, તે '<u>સંસ્કૃતિ</u>'.
રાજકીય સ્વતંત્રતા, આર્થિક સમાનતા અને વિશ્વબંધુતાને
સમાજમાં સૌએ ખાસ પ્રેરવા જોઈએ.

ચંદ્રલોક ઉપર વિજય મેળવનાર મહાસત્તા
પોતાની જાત ઉપર વિજય મેળવી શકશે?
હિંસકભાવ, સ્વાર્થભાવ, પશુભાવ પર વિજય મેળવી શકશે?
'વેર વેરથી શમતું નથી, અવેરથી જ શમે છે'
આ સનાતન ધર્મ છે.
સર્વે જીવો જીવવા ઈચ્છે છે,
કોઈપણ જીવ મરવા ઈચ્છતો નથી,
માટે જ સર્વ નિર્ગ્રન્થો ઘોર પ્રાણીવધને વર્જ્ય ગણે છે.
'આપને જે મહાન જીવનદર્શન (જ્ઞાન) પ્રાપ્ત થયું છે,
તે અન્ય સર્વને પ્રાપ્ત થાઓ
અને જેના વડે આપણું જીવન કૃતાર્થતાભર્યું લાગે છે,
તે અવલંબન (ક્રિયા) અન્ય સર્વને સુલભ બનો.'
ઉપદેશ આપવો અને ધર્મવિચારની સમજુતી ફેલાવવી
એ નિર્ગ્રન્થોના જીવનનો મુખ્ય વ્યવસાય છે.

ભાદરવા વદ ૧૨, ભોમ

'गुणाः कुर्वन्ति दूतत्वं दूरेऽपि वसतां सताम् ।
केतकीगंधघ्राणाय स्वयं आयान्ति षट्पदाः ॥१॥'

ભાવાર્થ: દૂર વસતાં છતાં સજ્જનો માટે ગુણો 'દૂતત્વ' કરે છે. કેતકીની ગંધને સૂંઘવા ભમરાઓ સ્વયં આવે છે.

'એકાકી ન રમતે । દ્વિતીયાદ્વૈ ભયં ભવતિ ।'

પ્રકૃતિ: એકલી પ્રકૃતિ અભેદમાં જ્યારે રમમાણ ન રહે,

તો બીજાથી (ભેદમાં) ભય થાય છે.

પ્ર. બીજાની-પરાયાની બીક ક્યારે ન રહે?

ઉ. જ્યારે પારકી પોતીકી બને ત્યારે.

જ્યાં પરાયાપણાની ભાવના ન હોય,
ત્યાં પારકું મનુષ્ય પોતીકું બને અને જીવન સંપન્ન થાય છે.
જ્યાં બીજું મનુષ્ય પોતીકું ન હોય,
પરાયાપણાની ભાવના જ્યાં હોય,
ત્યાં એ બીજું મનુષ્ય આપણે માટે દુઃખદાયી થઈ પડે છે
અને જીવન વિપત્તિવાળું બની જાય છે.

સંપત્તિ અને વિપત્તિનું એક લક્ષણ એ છે કે
જ્યારે મનુષ્યમાં પરાયાપણાની ભાવના ઓછી થાય છે
અથવા બિલકુલ રહેતી નથી, ત્યારે જીવન સંપન્ન થાય છે.
જ્યારે પરાયાપણાની ભાવના વધારે હોય કે તીવ્ર બને,
ત્યારે જીવન વિપત્તિવાળું થઈ જાય છે.

બીજાને નિજનાં બનાવવા, અભેદ-અદ્વૈતની સ્થાપના
કરવી એ જ પ્રગતિ અને સંસ્કૃતિનો ખરો સિદ્ધાંત છે.
જીવનનું મહત્ત્વ આ એક જ છે.

આપણે પરસ્પર ભેદરહિત થવું એ જ
જીવનનું એક મૂળભૂત મૂલ્ય થઈ પડે છે અને તે છે પ્રેમ.
સૃષ્ટિ માટે મૂલ્યવાન વસ્તુઓમાં સૌથી મૂલ્યવાન છે પ્રેમ.
પરસ્પર પ્રેમના અભાવમાં સૃષ્ટિનું ટકવું એ અસંભવ છે.
મારું, તમારું, સહુનું કે જીવમાત્રનું મુખ્ય ભાગ્ય એક જ છે:
આપણે સૌ એક જ ચૈતન્યના
અંશ - અંગ - અવયવ - તરંગ - ચિનગારીઓ છીએ.
સૌ જીવને મળેલ આ એક જ ભાગ્યને જે અનુભવશે નહીં,
એને ભલે સેંકડો ભાગ્ય મળ્યાં હશે તો પણ તે એળે જશે.

o વિશ્વાસ એટલે વિશ્વનો શ્વાસ.

વિશ્વાસ વસ્તુસ્વભાવના જ્ઞાનથી વધે છે.
વિજ્ઞાન કે વેદાંત કરતાં પણ વિશ્વાસની શક્તિ વધુ છે,
તેનો મહિમા વેદાંતે ગાયો અને વિજ્ઞાને સ્વીકાર્યો પણ છે.
જપ પણ વિશ્વાસ અને સ્થિરચિત્તપૂર્વક થવો જોઈએ.

o

*Where there is faith, there is no fear,*
*but always cheer & supreme bliss is near*
*and that too here in this life.*
*It cannot be expressed*
*but can only be experienced.*

o જડતાની આશા વિના કાર્ય તે ધર્મ, જ્યારે
જડતાની આશાથી થાય તે વ્યવહાર.

o સદ્ભાવથી સદ્બુદ્ધિ આવે અને સદ્વર્તન પણ થાય.
તે બે વિના જે થાય તે જૂઠું, બાકીનું સાચું.

વર્તમાન યુગ ચેતનનો શત્રુ - જડનો પૂજારી થતો જાય છે.
ચેતન એ સદ્બુદ્ધિ - સદ્વર્તન - સદ્ભાવશક્તિને વધારનાર
છે, એથી વિરુદ્ધ આ યુગ એ ૩ શક્તિનો હ્રાસ કરનાર છે.
જીવનમાં અસત્ય - ચોરી - અનાચારનું સેવન કદી ન કરવું.
ધર્મ = સ્નેહ - દયાના પરિણામ. અધર્મ = ઈર્ષ્યા તથા મમતા.

o રોગનિવારણનાં ૪ સાધન

અસત્ત્યાગ = વિરેચન. ભજન = ઔષધ.
શ્રદ્ધા = અનુપાન. શાંતિ = પરેજ.

o પ્રભુની કરુણા અકારણ, સહજ, પરમ અને સતત
રીતે જે વહી રહી છે, તેનો અનુભવ બાળ જીવો પ્રત્યે
કરુણા દર્શાવવાનો સ્વભાવ કેળવવાથી શીઘ્ર થાય છે.

o

ધર્મ શીખવી શકાતો નથી, પણ
આપી શકાય છે, તેમાં દીક્ષા પ્રવેશ કરાવી શકાય છે.

True religion is not taught like history or
math, but transmitted like light & heat.

ॐ अर्हं नमः

0 ऋणरोगादिदारिद्र्यं पापं च अपमृत्यवः ।
भय-शोकमनस्तापाः नश्यन्तु सर्वेषां सर्वदा ॥१॥
सर्वबाधाप्रशमनं त्रैलोक्यस्य अखिलेश्वरी ।
एवमेव त्वया कार्यं सर्वेषां वैरिनाशनम् ॥२॥

- सप्तशती श्री सूक्त

સદુક્તિ: સર્વ પ્રાણીઓના ઋણ-રોગાદિ-દારિદ્ર-પાપ-અપમૃત્યુ-ભય-શોક-મનના તાપ સદા નાશ પામો. (૧) હે ત્રૈલોક્યની અખિલેશ્વરી! તું સર્વ પીડાઓને શાંત કરે છે, તે રીતે તારે હંમેશા વૈરીઓનો નાશ કરવો. (૨)

कल्याणानां निधानं कलिमलमथनं पावनं पावनानां ।
पाथेयं यन्मुमुक्षोः परमपदसुखप्राप्तये प्रस्थितस्य ।
बीजं धर्मद्रुमस्य प्रभवतु भवतां भूतये रामनाम ॥१॥

સદુક્તિ: કલ્યાણનિધાન, કલિમલ મથન કરનાર, પાવનોને પવિત્ર કરનાર, પરમપદના સુખની પ્રાપ્તિ માટે પ્રયાણ કરનાર મુમુક્ષુને ભાથા સમાન ધર્મરૂપી વૃક્ષનું બીજ એવું 'રામ' (પ્રભુ)નું નામ તમારી વિભૂતિ માટે થાઓ.

0 सर्वथा भवप्रपंचविरतो मोक्षैकगतचेतसा ।
समर्पितो महात्मैष जिनानां जन्मनाशिनाम् ॥११॥

(परिशिष्ट-६)

તત્ત્વપ્રાપ્તિની ભૂખ જાગ્યા પછી તત્ત્વ સહેજે સમજાય છે. એ વિના 'વિદુષાં શાસ્ત્રસંસારઃ।' એ ઉક્તિ જ સાચી રહેવાની. શાસ્ત્રોના પારગામી કહેવાવું એ એક વાત છે અને શાસ્ત્રવચનોનાં રહસ્ય તથા ભાવ સુધી પહોંચવું એ બીજી વાત છે. સંયમની સાધનાનું પરંપર ધ્યેય મોક્ષ ભલે રહ્યું પણ અનંતર ધ્યેય શું, એ વિચાર પણ કેટલાને?

સંયમસાધનાનું સાક્ષાત્ ફળ આત્માનુભૂતિ છે. આ કાળ-ક્ષેત્રે મોક્ષ એ પરંપર ધ્યેય, અનંતર ધ્યેય છે આત્માનુભૂતિ. એ અર્થે જો સાધના (સંયમ, સ્વાધ્યાય તપ, જપાદિ) થાય તો વાદવિવાદને સ્થાન જ ન રહે. સાધના દ્વારા આત્માનુભૂતિ પ્રાપ્ત થતાં સંશય, મતભેદ વગેરેનો વિલય થઈ જઈને ભવમાત્ર પ્રત્યે બંધુભાવ અને આત્મામાં અનેરી શાંતિ છવાઈ રહે. એ સાધના-પથે ગયા વિના શાસ્ત્રવચનોના મર્મ નહિ પામી શકાય.

અનુભવ હંસ ચંચુ જો લાગે, તો નવિ દીસે વળગો રે.

- ૬૭ બોલની સજ્ઝાય

શ્રુતભાવથી આત્મા અને દેહનો ભેદ જાણ્યા પછી જો અનુભવ અભેદનો રહે તો આત્માનુભવ થયો કેમ કહેવાય?

આતમજ્ઞાની શ્રમણ કહાવે, બીજા તો દ્રવ્યલિંગી.

- વાસુપૂજ્ય સ્તવન

o ખૂબ વાત એ છે કે માર્ગાનુસારિણી બુદ્ધિ હતાં જ આત્મા જે કંઈ વાંચે કે સાંભળે, તેમાંથી તત્ત્વભૂત વાત જ તારવે, અતત્ત્વ ફેંકી દે. એ ભલે શાસ્ત્રોનો જ્ઞાતા ન હોય છતાં તેવા પ્રકારના ક્ષયોપશમથી તત્ત્વ-અતત્ત્વમાંથી તત્ત્વને ખેંચી પોતાનો વિકાસ કરતો જાય, એમ બાજ ખારું પાણી છોડી દઈ મધુર જળથી પોતે વિકાસ સાધે તેમ.

o

*<u>Education</u> is the manifestation of the perfection in man.*

*<u>Religion</u> is the manifestation of divinity already in man.*

*<u>Intellect</u> is mind's eyes.*

o *To be silent with the mouth is much:*
*To be silent with the ears is more:*
*To be silent with the mind is the most,*
*for it gives both power and peace.*

o *Sow a thought and you reap an act:*
*Sow an act and you reap a habit:*
*Sow a habit and you reap character:*
*Sow a character & you reap a destiny.*

ॐ अर्हं नमः

आत्मनात्मानं स्वसंवेदन एव नाऽन्येत् ।

- योगशास्त्र प्र-४ श्लो-३ टीका (પરિશિષ્ટ-૭)

આત્મજ્ઞાનના માર્ગે પ્રયાણનો પ્રારંભ કરનારમાં નમ્રતા-સરળતાનું પાથેય જોઈએ. આત્મસાક્ષાત્કાર કહો કે 'आत्मा आत्मना आत्मानं वेत्ति।' કહો, જે એક જ છે. એની પ્રાપ્તિ આ જીવનમાં શક્ય છે. એને લક્ષ્ય બનાવાય તો સત્ય આપમેળે જ આપણા સામે ઉઘાડું થઈ જાય. વાદવિવાદનો અંત નથી. આ માર્ગે આગળ વધતાં અંતિમ ધ્યેય સિદ્ધ થાય તે પૂર્વે પણ ચિત્તપ્રસન્નતા, મનની સ્વચ્છતા, સત્યાનુભૂતિની જાગૃતિ, નિર્ભયતા, નિશ્ચિંતતા, સંતોષાદિ આત્મગુણોની વિભૂતિ પાસે આવતી જાય છે, જેમ અંધારી રાતે માર્ગ ઉપર આગળ વધતાં દૂર રહેલું ફાનસ નિકટ જઈએ તેમ વધુ પ્રકાશિત દેખાય છે તેમ.

જે મનુષ્ય મૈત્રી, મુદિતા, કરુણા અને ઉપેક્ષા
એ ચાર સ્મૃત્યુપસ્થાનોની ભાવના કરે છે,
તે પોતાના માટે દ્વીપનું નિર્માણ કરે છે,
એ જ ધર્મ શરણ છે.

(દ્વીપ = ભવસમુદ્રમાં શરણસ્થાન)

- બૌદ્ધ ગ્રન્થ દીર્ઘનિકાયના મહાપરિનિબ્બાણ સુત્ત

ૐ નમઃ

જૈનધર્મનું આ સૂત્ર સૂચવે છે કે:
મૈત્ર્યાદિ ૪ ભાવો અને શરણાપદના અર્થનો અભેદ છે.
એ દ્રષ્ટિએ ચઉશરણ સૂત્ર મહત્વનું છે.
નાનાથી મોટામાં કેન્દ્રસ્થાને દ્રષ્ટા પોતાની જાત રહેલ છે.

નવકાર મંત્રનું પ્રયોજન

અનાદિથી ભેદમાં અભેદનો અને અભેદમાં ભેદનો જે
અધ્યાસ થયેલ છે, તેને પલટીને ભેદમાં ભેદનો, અભેદમાં
અભેદનો શુદ્ધ બોધ - અભ્યાસન રમણતા મેળવવા તે.

ચાર શરણા એટલે...

અરિહંત=પ્રમોદ, સિદ્ધ=ઉપેક્ષા, સાધુ=મૈત્રી, ધર્મ=કરુણા.
ગુણ-દોષની પરીક્ષા કરવી એ વિવેક.
પરીક્ષા કરીને ગુણને ગ્રહણ કરવો અને
દોષને છોડી દેવો એ પણ વિવેક છે.
નિર્ગુણી વ્યક્તિ ગુણની સ્તુતિ કરી ગુણવાન થાય છે.
નાનકડા મગજમાં અસંખ્ય વાતો સમાય છે,
તે આપણા જ આત્માની શક્તિને પુરવાર કરે છે.
દુનિયામાં જેવા વિચારો તેવા આકૃતિઓ સર્જાય છે.
સમ્યક્ત્વથી અધિક શક્તિ વિરતિમાં છે,
તેથી વિરતિધરને દેવો પણ પૂજે છે.

સં. ૨૦૪૯, ભાદરવા વદ ૧૪

જેમ ખેતરમાં નાંખેલ બીજ આપોઆપ પ્રગટ થાય,
તેમ ધર્મસંસ્કાર હૃદયમાં નાંખ્યા હોય તો આપમેળે પ્રગટે.
મૈત્રી ભાવાભાવાદિ તત્ત્વજ્ઞાનની શ્રદ્ધાદિ બને છે.
એના ફળસ્વરૂપ દેવ-ગુર્વાદિ ઉપર બહુમાન જાગે અને
ષડ્જીવનિકાયની વિરાધનાદિ બચવા ભાવ વિરતિવ્રત ગ્રહે.

મૈત્રી આદિ આત્માનું સ્વરૂપ છે.

અનંતાનુબંધી મિથ્યાત્વ આદિ ટળવાદિ ભાવનારૂપે જ્ઞાન
થાય અને સત્ય મુજબ વિરતિ દ્વારા સક્રિય બને છે.
વિરતિ વ્રતના બધા અંગો તત્ત્વથી મૈત્રીનાં જ સ્વરૂપ છે.

૦ પાયસમાં જેમ વૃદ્ધિનું કારણ ગોધનનો અંગૂઠો,
જ્ઞાનમાંહિ અનુભવ તિમ જાણો, તે વિણ જ્ઞાન તે જૂઠો.
૦ સંશય નવિ ભાંજે શ્રુતજ્ઞાને, અનુભવ નિશ્ચય જેઠો,
વાદવિવાદ અનિશ્ચિત કરતો, અનુભવ વિણ જાય હેઠો.
- ઉ. યશોવિજયજી

૦ રસભાજન મેં રહત દ્રવ્ય નિત, નહિ તસ રસ પહિચાન
તિમ શ્રુતપાઠી પંડિતકું પણ, પ્રવચન કહત અજાન,
ઘટ મેં પ્રગટ ભયો નહીં, જૌં લૌં અનુભવજ્ઞાન. -ચિદાનંદજી

૦ તન્માદ્દુર્કૃડિનવગાહેઽપિ સ્પષ્ટસંવિત્ત્યા । (પરિશિષ્ટ-૮)

ॐ नमः

Dhrangadhra (Saurashtra), Dt. 15-3-63

## જ્ઞાનનો ઉદ્દેશ

જ્ઞાનનો ઉદ્દેશ જગતના શાશ્વત અધિષ્ઠાનનું અને તેના અનેકવિધ આવિર્ભાવોનું જ્ઞાન સંપાદન કરવાનો હોય છે.
જ્ઞાન = મન - ઈંદ્રિયો દ્વારા અવલોકન કરી અનુમાન કરવું. આવા જ્ઞાનને 'પરોક્ષ જ્ઞાન' નહીં, પ્રત્યક્ષ થતી અનુભૂતિને 'અપરોક્ષ જ્ઞાન' કહેવાય. આ અનુભવ અતીન્દ્રિય હોય છે.

## જ્ઞાનપ્રાપ્તિના ૪ માર્ગ

જાગ્રત = સ્થૂળઈંદ્રિયો દ્વારા, સ્વપ્ન = સૂક્ષ્મઈંદ્રિયો દ્વારા,
પ્રજ્ઞા = અંતઃપ્રેરણા દ્વારા, તાદાત્મ્ય = સ્વાત્મજ્ઞાન દ્વારા.

યોગ દ્વારા ચિત્તની એકાગ્રતા, નિર્મળતા અને અહંકારના વિસર્જનની સિદ્ધિ થાય છે નહીં, પારકાનાં દોષો કાઢતાં પહેલાં પોતાના જ દોષો દેખાય છે.

## ૫ પ્રકારના વેગ

વાણીનો વેગ = ઉદ્ધત વાક્પ્રયોગ, મનનો વેગ = ક્રોધાદિ,
જિહ્વાનો વેગ = સ્વાદીલાપણું, ઉદરનો વેગ = ક્ષુધા - તૃષા,
ઉપસ્થેન્દ્રિયનો વેગ = કામવિકાર.

આ બધા વેગોને સહન કરી લઈને તેનાથી જે વિચલિત થતો નથી, તે સંપૂર્ણ પૃથ્વી ઉપર પણ શાસન કરી લે છે.

## કયા છ દોષોથી ભક્તિનો છોડ મુરઝાય?

અધિક ભોજન, અધિક પરિશ્રમ, અધિક વાચાળપણું, ઘણા બધા લોકોનું મળવું, નિયમરહિતતા અને ચપળતા.

## ચિત્તનો નિગ્રહ

મહાસાગરનું પાન કરવા કરતાં, મેરૂપર્વતને ઉખેડવા કરતાં, અગ્નિશિખાનું પાન કરવા કરતાંય ચિત્તનો નિગ્રહ કઠિન છે. ઘણું કષ્ટ સહન કર્યા પછી ચિત્તનિગ્રહ દ્વારા પ્રાપ્ત થતું સમાધિસુખ એ વાણીથી પણ વર્ણવી શકાય એવું નથી. આત્મવિષયક બુદ્ધિ = આત્માને જ વિષય કરનારી બુદ્ધિ. તે જ્ઞાન, વૈરાગ્ય, ધ્યાન, સમાધિના બળથી પ્રાપ્ત થાય છે. વિષયાદિકમાંથી મનોનિગ્રહ કરી બ્રહ્મ સાથે ચિત્તને જોડવું તે ચિત્ત માટે અત્યંત દુર્ઘટ છે. - યોગવાશિષ્ઠ, વશિષ્ઠ

## શ્રુતિ કહે છે કે:

જેના રજોગુણ અને તમોગુણરૂપી મળ, સમાધિ વડે ધોવાઈ ગયેલા છે અને આત્મામાં પ્રવિષ્ટ થયેલા મનવાળાને સમાધિ સમયમાં જે સુખ મળે છે, તે વાણી વડે વર્ણવી ન શકાય પણ પોતાની મેળે અંતઃકરણ વડે ગ્રહણ કરાય.

## શું સ્વીકારવું?

જિનેશ્વરનું પિતૃત્વ અને માનવોનું બંધુત્વ.

ૐ નમઃ

**સમાધિ ૨ પ્રકારે: અદ્વૈતભાવના તથા અદ્વૈતાવસ્થાનરૂપ.**

અદ્વૈતભાવનારૂપ સમાધિ એટલે ત્રિપુટીના અભાવસહિત કેવળ બ્રહ્માકારવૃત્તિ. અહીં સુધી સત્ત્વગુણની સત્તા રહે છે.

અદ્વૈતાવસ્થાનરૂપ કે નિર્વિકલ્પ સમાધિ એટલે જ્યારે સત્ત્વગુણનો પણ સ્વરૂપાવસ્થામાં લય થાય તે.

એને જ 'ગુણાતીત અવસ્થા' પણ કહે છે.

આ અવસ્થામાં આદિ-અંતના પરિચ્છેદથી રહિત ત્રૈકાલિક સુખ હોય છે અને તે જ 'ગુણાતીત સુખ' કહેવાય છે.

**સુખના ૨ પ્રકારો: માયિક અને બ્રહ્મસુખ.**

માયિકસુખ તુચ્છ-અનિત્ય, બ્રહ્મસુખ મહત્-નિત્ય છે. જેને મહત્ અને નિત્યસુખ મેળવવું હોય, તેણે પૂર્ણ ભક્તિ અને વૈરાગ્ય દ્વારા કરીને સર્વ માયિકસુખનો ત્યાગ કરી, સાધનસંપન્ન થઈ બ્રહ્મસુખનો અનુભવ કરવો.

**સાત્ત્વિક - રાજસ - તામસ સુખ**

સાત્ત્વિક સુખ = પ્રારંભમાં વિષ અને પરિણામમાં અમૃત જેવું તથા આત્મવિષયક બુદ્ધિના પ્રસાદથી ઉત્પન્ન થનારું.

જ્ઞાન, વૈરાગ્ય, ધ્યાન અને સમાધિના આરંભમાં, એક પછી એક સ્થિતિ મેળવવામાં અત્યંત પરિશ્રમ થતો હોવાથી વિષ સમ લાગે છે પણ પરિણામ એટલે જ્ઞાન,

વૈરાગ્યાદિની પરિપાક અવસ્થામાં અમૃત જેવું અનુભવાય, તે આત્મબુદ્ધિ પ્રસાદથી ઉત્પન્ન થયેલું સુખ સાત્ત્વિક કહ્યું છે.

રાજસ સુખ: જે સુખ વિષય - ઈંદ્રિયના સંયોગે પ્રગટેલું, પ્રારંભમાં અમૃતતુલ્ય અને પરિણામે વિષતુલ્ય, તે 'રાજસ' છે. દા.ત. વિષયસુખ પ્રથમ ક્ષણે અમૃત જેવું લાગે છે, પરંતુ બળ, વીર્ય, રૂપ, પ્રજ્ઞા, મેધા, ધર્મ, ધન અને ઉત્સાહની હાનિના અને અધર્મથી ઉત્પન્ન થનારા નરકાદિ પ્રાપ્તિના હેતુરૂપ છે એટલે ઉપભોગની સમાપ્તિએ વિષ જેવું છે.

તામસ સુખ: આરંભમાં અને પરિણામે બુદ્ધિને મોહિત કરનાર તથા નિદ્રા - આળસ્ય - પ્રમાદથી પ્રગટેલું જે સુખ છે તે. દા.ત. અફીણના પાન - અભક્ષ્યના ભક્ષણથી, ઇચ્છાનુસાર કામોપભોગથી થનારું સુખ, અન્યનો ઘાત કરીને, અન્યનું સર્વસ્વ હરણ કરીને જે સુખ આળસ્યથી પુષ્ટ થયેલું છે, નિદ્રા દ્વારા અનુભવાય તથા આરંભમાં અને અંતમાં જેનાથી આત્મભાનનો માર્ગ ભૂલી જવાય છે, તે 'તામસ સુખ' છે.

સાચું સુખ મોક્ષ, આકાશ, પાતાળ અથવા ભૂતળમાં નહિ, પણ હૃદયમાં અજ્ઞાનરૂપી જે ગ્રન્થિ છે, તેના નાશમાં છે. બુદ્ધિમાં રહેલી સર્વ કામનાઓ જ્યારે નાશ પામે છે, ત્યારે મનુષ્ય મરણરહિત થાય છે. બ્રહ્મસુખનો અનુભવ થવાથી સાધકને ત્રૈલોક્યનું રાજ્ય પણ નીરસ લાગે છે.

Imp.

## ઉપવાસ - સત્ય - અપરિગ્રહ

શરીરને ન ખવડાવવું એ જ કેવળ ઉપવાસ નહિ, પણ મનમાં કુવિચાર - કુવાસના ન આવવા દેવા તે ઉપવાસ છે. મનમાં હોય તેવું બોલવું એ જ સત્ય નહિ પણ અન્યને ઉદ્વેગરહિત - સત્ય - પ્રિય - હિતકર બોલવું, એ સત્ય છે. વણજોઈતું નવ સંઘરવું અને જીવન જરૂરિયાતથી વધતું ધન સ્વપરના પરોપકારાર્થે વાપરવું, તે ખરો અપરિગ્રહ છે.

## નિશ્ચય અને વ્યવહાર ધર્મ

ધર્મં પ્રતિ મૂલભૂતા વન્દના । = ધર્મનું મૂળ વંદના છે. અવિરુદ્ધ વચનાનુસારિ યથાવિહિત મૈત્ર્યાદિભાવ યુક્ત હેયોપાદેયરૂપ અનુષ્ઠાન પ્રવૃત્તિ તે વ્યવહારનયથી ધર્મ છે, જ્યારે નિશ્ચયનયની અપેક્ષાથી શુદ્ધ અનુષ્ઠાનજન્ય કર્મોપગમ લક્ષણ સમ્યગ્દર્શન આદિ નિર્મળ બીજના ભાવફળવાળી જીવશુદ્ધિ એ ધર્મ છે. બંને પ્રકારના ધર્મ પ્રત્યે વંદના એ બીજરૂપ - મૂળભૂત છે. એથી આત્મક્ષેત્રમાં ધર્મરૂપી બીજનું વપન થાય છે. એમાંથી ધર્મચિન્તાદિ અંકુરો, શ્રુતાભ્યાસ અને સદાચરણ રૂપી શાખા - પ્રશાખાઓ તથા સ્વર્ગ - અપવર્ગની પ્રાપ્તિરૂપ ફુલ - ફળો પ્રગટ થાય છે. પરમ શુદ્ધદશાને પામેલાઓને

ભાવથી નમન તે જ આત્માઓ કરી શકે કે જેઓ પોતાના ઘણા કર્મોને ખપાવી લઘુકર્મી બન્યા હોય અને જેઓએ અંશે પણ આત્મવિશુદ્ધિને પ્રાપ્ત કરી હોય.

સમ્યગ્દૃષ્ટિ આત્માને જ
સમ્યક્ ક્રિયામાં ઉપયોગી જ્ઞાનની જિજ્ઞાસા હોય છે.

સમ્યગ્જ્ઞાન એ કારણ છે અને
સમ્યક્ક્રિયા રૂપ દયા એ કાર્ય છે.

સાધુ પુરુષોને સુખ અને દુઃખ સમાન હોય છે.

भव्यत्वमेव कालादिभेदेनात्मनां बीजसिद्धिभावात्
नानारूपतामापन्नं तथाभव्यत्वं,
भव्यत्वं नाम सिद्धिगमनयोग्यत्वमनादि-
पारिणामिको भावः आत्मतत्त्वमेव । (परिशिष्ट-९)

## પુરુષ કોને કહેવાય?

કાળ - નિયતિ - કર્મ પુરુષ આદિના પરિપાકથી વરબોધિ રૂપ શ્રેષ્ઠ સમ્યક્ત્વનો ધારક જેણે પુણ્યનો પુંજ એકત્ર કર્યો છે, જેનો આશય કલ્યાણકારી છે, જેનામાં પ્રશમ પ્રધાન છે, પ્રરૂપેલા અર્થને જાણવામાં જે કુશળ છે તે.

o

Each and Everyone is the creator of
his own individual universe.

## જીવની કર્તૃત્વશક્તિ

કર્મપુદ્ગલો અને તેઓના જ બંધ - ઉદયાદિમાં કારણભૂત દ્રવ્ય - ક્ષેત્ર - કાળ તથા જીવની સાથે પરસ્પર અનુવૃત્તિ ચેષ્ટારૂપ સંયોગ - સંબંધ તેની યોગ્યતા છે અને તે પ્રતિ પ્રહ્વતા છે ઉપરાંત તે જ આત્માની કર્તૃત્વશક્તિ છે.

સ્વરૂપયોગ્યતા = કારણસત્તા, ફલોપધાયકતા = કાર્યસત્તા.

o स्वरूपयोग्यत्वं तदवच्छेदकधर्मवत्त्वं
जनकत्वादिकम् यथा अरण्यस्थस्यापि
दण्डस्य घटं प्रति जनकत्वं स्वरूपयोग्यत्वं,
फलोपधायकत्वं फलनिष्पादकत्वम् । સ્ફુટિ:

સ્વરૂપયોગ્યતા એટલે તેના સ્વરૂપને જણાવનાર ધર્મપણું, જેમ કે જનકત્વાદિ. જેમ અરણ્યમાં રહેલ દંડ પણ ઘટને બનાવવામાં કારણ બની શકે, તે તેની સ્વરૂપયોગ્યતા છે.

ફલોપધાયકત્વ = ફલને ઉત્પન્ન કરવાપણું.

o अन्तः पक्षमध्ये व्याप्तिः - साधनस्य साध्याक्रान्तत्वमन्तर्व्याप्तिः । સ્ફુટિ: અન્તઃ કે પક્ષમાં વ્યાપ્તિ એટલે કે સાધનનું સાધ્ય વડે વ્યાપ્ત હોવું તે અન્તર્વ્યાપ્તિ ઇત્યાદિ.

o कार्यं व्याप्यं, कारणं व्यापकम् ।

સ્ફુટિ: કાર્ય વ્યાપ્ય હોય અને કારણ વ્યાપક હોય.

सर्वगुणानां अन्योऽन्यसंवलितत्वात् । (परिशिष्ट-१०)

વ્યવહારનયથી ભક્તત્વ અભિન્ન-નિશ્ચયથી ભિન્ન છે.

ભક્તિભેદમાં નાખવાનું છે.

માતૃકા = જૈનશાસન માતા, મૂળાક્ષર, આંક, બારાખડીરૂપ.

## પ્રભુ શું શું કરે - કરાવે ?

પ્રભુ જ ભક્તને મુક્તિ આપવા અભયપ્રદાન કરે. તે ચિત્તસ્વાસ્થ્ય અર્થે ધૃતિ અર્પણ કરે તથા શ્રદ્ધારૂપી નેત્રનું દાન કરે, કર્મનો વિશિષ્ટ ક્ષયોપશમ કરવાને માટે મોક્ષસુખનો માર્ગ દર્શાવે, તત્ત્વચિન્તનરૂપ શરણ આપાવે એવં જિનધર્મની પ્રાપ્તિ થકી બોધિ તરફ પ્રયાણ કરાવે.

શ્રદ્ધા = અર્થને ગ્રહણ કરે, મેધા = શબ્દને જ ગ્રહણ કરે.

0 कारणस्य यत् कारणं तस्य प्रयोजकत्वमिति ।

સમજૂતિ: કારણનું જે કારણ હોય તે તેનો પ્રયોજક હોય છે.

0 भिन्नत्वेन - प्रतीयमानयोरैक्यारोपणमुपचारः ।

સમજૂતિ: ભિન્ન જણાતા હોય તેનું એકમાં જ આરોપણ કરવું, તેને 'ઉપચાર' કહેવાય છે.

कारणत्वेन कार्यत्वेन रूपेण भिन्नत्वेन प्रतीयमानयोः सहेतुता-योग्यताधर्मरूप-कारण-कार्ययोरैक्यारोपणम्-उपचारो भेदः यथा प्राणसाधनत्वादन्ने प्राणत्वारोपः । (परिशिष्ट-११)

પરમકૃપાળુ પરમાત્મા ભક્તોમાં સૌ પહેલાં સ્વવિષયક બહુમાન સંપાદન કરી સદ્દેશનાની યોગ્યતાવાળા બનાવે છે.

જે ભગવદ્‌વિષયક બહુમાની હોતા નથી,
તે સદ્દેશનાની યોગ્યતાવાળા પણ ગણાતા નથી.

બલિ એ સૌથી શ્રેષ્ઠ બલિદાન છે.

આત્મબલિ એટલે કે પોતાના અહંકારનો નાશ કરવો તે.
બીજો અર્થ કામ-ક્રોધાદિ શત્રુઓનો બલિ આપવો તે.
દીપકનો સારો ઉપયોગ મનની ગતિ સ્થિર કરવામાં છે.
દીપની સામે દૃષ્ટિ જોડીને જાપ કરવાથી મન શાંત, હૃદય આનંદી બને છે, શરીર રોમાંચ અનુભવે છે.
સર્વ જીવોમાં સ્વરૂપને અને પોતામાં સર્વરૂપને દેખે છે.
ઇષ્ટદેવના ચિંતનમાં મનનું પરોવવું તે 'ધ્યાન' ઇત્યાદિ છે.
આત્મા રૂપિત અને રૂપિત ધ્યાનથી વશીભૂત થાય છે.
મહાલય એ લયયોગ તથા મહાભાવ હઠયોગની સમાધિ છે.

જપયોગથી થતી સમાધિ એ ભાવસમાધિ છે.

જેમ રૂપના અવલંબનથી ભાવમાં અને ભાવ દ્વારા આત્મામાં મન વિલીન થાય, તેમ મંત્રના અવલંબનથી મંત્ર અને મંત્રદેવતાનો ભેદભાવ વિસરી જઈ સાધકનો આત્મા ઈષ્ટદેવના સ્વરૂપમાં લીન થઈ ભાવસમાધિ પામે.

શ્રુતિના અવલંબનથી 'સ એવાહં' ઇત્યાકારક લક્ષમાં અને એ લક્ષ દ્વારા મન આત્મામાં લીન થઈ જાય છે, તે પણ મહાલક્ષ સમાધિનો જ એક પ્રકાર છે. નામ રૂપ મંત્રના સાધન મારફત સવિકલ્પરૂપ મહાસમાધિ મેળવી સાધક અંતે નિર્ગુણ-નિરાકાર ચિન્મય બ્રહ્મની રાજયોગમાં કહેલી પરમાવસ્થા મેળવે છે.

ધ્યાતા, ધ્યેય તથા ધ્યાનની ત્રિપુટીનો નાશ થાય ત્યારે જ આ મહાલક્ષ સમાધિનો ઉદય થાય છે.

## જપ-યોગ

મંત્રપદોમાં મનનો લય થાય ત્યારે જ મંત્રસિદ્ધિ થાય છે.

આ અવસ્થામાં ત્રિપુટીનો વિલય થાય છે.

શરીરમાં હર્ષાશ્રુ અને રોમાંચાદિ પ્રગટ થાય છે.

મંત્રજપનું અંતિમ ધ્યેય મહાલક્ષરૂપ સમાધિની પ્રાપ્તિ છે.

અતિત્વરાથી જપ કરનારને રોગ થાય છે.

અતિ ધીમેથી જપ કરનાર સાધકને ધનનાશ થાય છે.

મોતીની માળામાં એકમેકને અડીને રહ્યાં હોવા છતાં મોતી એકમેકથી અલગ રહે છે, તેમ મંત્રાક્ષરોનો જપ કરવો.

ઇષ્ટસિદ્ધિ કરવા માટે સાધકે પોતાના મનને ઇષ્ટદેવ, ગુરુ, મંત્ર, બ્રહ્મ કે આત્મામાં સંયમિત કરવું.

ॐ नमः

## મંત્રરાજનું ગૂઢ રહસ્ય

ૐ હ્રીં અર્હં નમઃ । મંત્રમાં (१) હ્રીં બીજ છે. (२) અર્હં એ શાખા છે. (3) નમઃ એ પલ્લવ છે. (४) ચિત્તવૃત્તિનું શમન એ પુષ્પ છે. (५) ઈષ્ટનો સાક્ષાત્કાર એ ફળ છે.

નમો અરિહંતાણં । મંત્રમાં (१) નમો બીજ છે. (२) અરિહં શાખા છે. (3) તાણં પલ્લવ છે. (४) શાંતિ એ પુષ્પ છે. (५) મોક્ષ એ ફળ છે. મંત્રરાજનું આ જ ગૂઢ રહસ્ય છે.

## સમાધિ-યોગ

ધ્યાનની પરિપક્વ અવસ્થા સવિકલ્પ સમાધિ અને તેની પરિપક્વ અવસ્થા નિર્વિકલ્પ સમાધિ રૂપ છે.

બે પ્રકારે નિર્વિકલ્પ સમાધિઃ આંતર અને બાહ્ય.

આંતરનિર્વિકલ્પ સમાધિ આત્મરાજનો હેતુ છે.

બાહ્યનિર્વિકલ્પ સમાધિ એ સ્થિરતા - લીનતાનો હેતુ છે.

અન્તે યા મતિઃ સા ગતિ । (પરિશિષ્ટ-૧૨)

આ સૂત્ર અંતકાળે થનારી મતિથી ગતિનું અનુમાન કરાવે છે.

આ અનુમાન વડે એ પણ સિદ્ધ થાય છે કે અંતિમ કાળે જે મતિ થાય છે, તેને ઉત્પન્ન કરાવનાર ભવિષ્યકાળની ગતિ છે. જીવ જે ગતિમાં અને જેવી ગતિમાં ઉત્પન્ન થવાનો છે, તેવી તેની મતિ થાય છે.

ગતિની અનુમાપક મતિ તથા મતિની ઉત્પાદક ગતિ છે.
ભવિષ્યમાં જે કાર્ય થવાનું હોય, વર્તમાનકાળે તેવાં જ
કારણો એકત્ર થાય છે. કારણો ઉપર પ્રભુત્વ કાર્યનું છે.
કારણો કાર્યને જણાવે પણ કાર્ય તો કારણોને ગોઠવે છે.

એ નિશ્ચયનો સિદ્ધાંત છે કે:

કાર્ય ઉપર કારણોની નહીં, કારણો ઉપર સત્તા કાર્યની છે.

એ સિદ્ધાંત વ્યવહારનો છે કે:

કારણોને અનુરૂપ જ કાર્ય બને છે.

નિશ્ચયનયના મતે ક્રિયાકાળ અને નિષ્ઠાકાળ એક છે.
વ્યવહારનયના મતે ક્રિયાકાળ અને નિષ્ઠાકાળ ભિન્ન છે.
કાર્ય ઉપર કારણની નહીં - કારણ ઉપર સત્તા કાર્યની છે.

## આત્મદર્શનનો માર્ગ

માનવ દરેક માનવને તથા સચરાચર જગતને ઈશ્વરનું સંપૂર્ણ સ્વરૂપ સમજી એમાં એ ઈશ્વરની ભાવનાનું આરોપણ કરે, તો પણ તે આત્મદર્શનને પામી શકે છે. પરન્તુ આ માટે ભાવનાઓનો અખંડ સમુદ્ર ઉછળતો હોય તો જ આત્મદર્શનનું આ સાધન સિદ્ધ થઈ શકે છે. આ ભાવનાનુસાર આચરણ તો મનોનિગ્રહવાળા જ કરી શકે છે, તેમ તે અખંડિત બનવું પણ ઘણું જ અઘરું છે.

આત્મદર્શનાર્થે સૌ પ્રથમ જપનું સાધન જ વધુ અનુકૂળ છે.
જો નિષ્કામ ભાવથી જપ અનુષ્ઠાન થાય તો
અંતઃકરણની શુદ્ધિ થઈ પરમાત્માની પ્રાપ્તિ થાય છે.
જપ માટેનાં પથ્ય છે સંયમ અને મનોનિગ્રહ.
પથ્યસહિત અખંડિત જપ આત્મદર્શનનું અમોઘ સાધન છે.
સર્વ મંત્રોનું ધ્યેય કુંડલિની શક્તિ જાગ્રત કરીને તેને
સહસ્રાર - બ્રહ્મરંધ્રચક્રમાં લઈ જઈ શક્તિરૂપ જીવ અને
આત્મા યા બ્રહ્મરૂપ શિવની એકતા સિદ્ધ કરી લેવાનો છે.
ગાયત્રી, નવાર્ણ મંત્ર, શ્રીચક્રનો ઉદ્દેશ કે શ્રીવિદ્યાનું ધ્યેય
પણ જીવ - બ્રહ્મની એકતાને સિદ્ધ કરી લેવાનું જ છે.
નવાર્ણ મંત્રઃ ૐ ઐં હ્રીં ક્લીં ચામુણ્ડાયૈ વિચ્ચે | માં
મહાકાલી, મહાલક્ષ્મી, સરસ્વતીને બ્રહ્મવિદ્યા મેળવવા માટે
પ્રાર્થના સાથે સાધકની અરજી માંગણી છે કે: 'હે દેવી!
અવિદ્યારૂપી રજ્જુની દૃઢ ગ્રન્થીને તોડી મને મુક્ત કરો.'
જેમ ધર્મ કર્તૃતંત્ર છે અને જ્ઞાન વસ્તુતંત્ર છે, એ રીતે
ધ્યાન પણ કર્તૃતંત્ર છે અને જ્ઞાન એ વસ્તુતંત્ર છે.
કોઈપણ પ્રકારના ધર્મકૃત્ય માટે કર્તાએ કાર્ય સાથે
મનનું અનુસંધાન કરવું પડે છે. શ્રદ્ધા વિના તેમાં
પ્રવૃત્ત થવાતું નથી, માટે ધર્મ કર્મ કર્તૃતંત્ર કહેવાય છે.

જ્યારે પ્રભુનામ મને - કમને, જાણે કે અજાણતાં પણ લેવાય, તો પણ એ નામજપનું ફળ અવશ્ય મળે છે. અજાણતાં દેવતામાં પગ પડી જાય, તો તેથી કંઈ તેને દાઝ નહિ થતો એવું નહિ બનતું. તેમ પ્રભુજી લગાવાનું નામ ગમે તે બહાને બોલાય તો પણ તે સર્વ પાપોને ભસ્મ કરી નાંખે છે, માટે નામજપ મોક્ષનું અનુપમ સાધન છે.

## અપરોક્ષ જ્ઞાનનો ઉપાય

સદ્‌ગુરુ તથા શાસ્ત્ર દ્વારા પરોક્ષજ્ઞાન થયા પછી તેને અપરોક્ષ બનાવવા માટે મળવિક્ષેપનો નાશ થવો જોઈએ.

તે નાશ પ્રભુના નામસ્મરણથી થાય છે.

અપરોક્ષ જ્ઞાનનો ઉદય થયા પછી પણ તેને દૃઢ બનાવવા અર્થના અનુસંધાનપૂર્વક જ નામસ્મરણ કરવું જોઈએ. તેનું જીવન ધન્ય ધન્ય છે કે જેની જીભ ઉપર પ્રભુનામ અને પોતાના અંતઃકરણમાં સ્વરૂપનું સતત ધ્યાન છે.

## જપથી આનંદ

અનિયત ગુરુ દૈવી સંપત્તિને વધારે છે, નિયત ગુરુ મહાત્માના ઉપદેશ દ્વારા બ્રહ્મજ્ઞાન કરાવે છે. જે વાસનાનો નાશ ઉગ્ર તપ અને વૈરાગ્ય વડે કરવો પડે છે, તે પ્રભુના નામમાત્રના ઘોષથી થઈ જાય છે.

નામના ૧૦ અપરાધ અને પાપનું પ્રાયશ્ચિત પણ નામ-જપથી જ થઈ જાય. અનુક્રમે જપની ભૂમિકામાં પહોંચતા જપ કરનારને 'પોતે એ મંત્રનો દેવ જ છે' એવો અનુભવ થઈ દ્વૈતભાવ જતો રહે છે. આવી રીતનો સાકાર સાથે અભેદ થયા વિના નિરાકાર અચિન્ત્ય પદપ્રાપ્તિનો અધિકાર પ્રાપ્ત નથી થતો. નિર્બળનું બળ રામ છે. ખાલી હાથે, અભિમાનનો ભાર બાજુએ રાખીને ઈશ્વર પાસે જનારા નિર્બળને જ ઈશ્વર બળ આપે છે. રડવું - હસવું હૃદયથી થાય છે, તેમ નામ પણ હૃદયથી લેવાવું જોઈએ.

## આત્મસંશોધનનો પ્રયોગ

જેને પોતાની સહજ સુંદરતા ઉપર વિશ્વાસ નથી, તેને શૃંગારની જરૂર પડે છે. 'આ ૧૪ રાજલોકમાં માત્ર હું જ એકલો અસ્તિત્વ ધરાવું છું એમ નથી. દાબડીમાં ઠસોઠસ ભરાયેલ અંજનની જેમ અનંત જીવરાશિ મારી ચારે બાજુ પથરાયેલ છે. તેઓને ય સુખ-દુઃખ છે, જે મારા સુખ-દુઃખથી જરા પણ ઓછા મહત્ત્વનાં નથી. સમગ્ર જીવરાશિ પ્રત્યે મારું અગાધ ઋણ છે. એ ઋણમાંથી મુક્ત ન થાઉં તો ભવના બંધનમાંથી પણ મુક્ત કેમ થાઉં?' આવી જાતની સજાગતી તીક્ષ્ણ વેદના મુનિની સર્વ પ્રયોગ

પરંપરાનું સંચાલક બનતા હોય છે. સર્વ જીવરાશિ પ્રત્યેનું આવું અતૂટ ભાવૈક્ય મોટામાં મોટી રસાનુભૂતિ જ મુનિ જીવનને સમૃદ્ધ અને સ્વરૂપ કરે છે. જ્યાં સર્વ જીવોના પરમ અને ચરમ હિતની જ વિચારણા છે, ત્યાં પ્રતિપળ સત્ત્વનો સ્પર્શ, સાચો સંવેગ, નિર્વેદ કે વૈરાગ્ય વસે છે.

## સાત્ત્વિક પ્રયોગોની અખંડ પરંપરા

એકેન્દ્રિયાદિ સર્વ જીવો પ્રતિપળ ટાઢ, તૃષા, ભૂખ, તાપ અને અનેક પ્રકારનાં અકલ્પ્યાંત કષ્ટો સાથે જીવન સંઘર્ષ અનુભવે છે ત્યારે મોજશોખનો કે 'હું અને મારાં'ના સંકુચિત સાંકડામાં ટૂંટિયું વાળીને પડ્યા રહેવાનો શો અધિકાર છે? મુનિજીવનના પ્રત્યેક સજીવ અને સજાગ પ્રયોગ પાછળ આત્મસંશોધન માટે આવું મૂક રૂદન રટતું જ રહે છે. મુનિજીવનમાં બોલવું - ચાલવું - સૂવું, તે પણ પ્રયોગ છે. ધરતી ઉપર પ્રત્યેક પગલું મૂકવું તે પણ પ્રયોગ છે.

## મુનિજીવન એટલે...

આત્મસંશોધનના સાત્ત્વિક - સજાગ પ્રયોગોની અખંડ પરંપરા.

શ્વાસ લેવો - મૂકવો એ પણ આત્મજાગૃતિને પોષક એવો પરિણામકારક પ્રયોગ છે. પ્રયોગો કરીને જોવાથી પરિણામ મળવું હશે, તેમણે સાહસ અને પરાક્રમ ખેડવા પડશે.

જો તરતાં શીખવું હશે તો પાણીમાં પડવું જ પડશે.
સાચા મુનિએ આત્મસંશોધનના સ્વરૂપ પ્રયોગ કરવા માટે
દેહસુખ રૂપી મુલાયમ પથારી છોડવી પડશે તથા
આળસ, જડતા અને સુખલોલુપતાને જતી કરવી પડશે.

<u>આત્મસંશોધનનો પ્રયોગ અને પરિણામ</u>

મુનિએ શાશ્વત માટે ક્ષણિકનો ત્યાગ કરવો પડશે.
ભાવિને ઓળંગવા માટે વર્તમાનને નાથવો પડશે.

પ્રયોગનું લક્ષ્ય પરિણામ છે.

જે પરિણામ જાણે એક મોટો પ્રયોગ પ્રગટાવે અને
તેમાંથી આવતું પરિણામ એથી પણ મોટો પ્રયોગ પ્રગટાવે.
પ્રયોગથી પરિણામ અને પરિણામથી એક જાણે,
નવો, મોટો, વધુ ઊંડો અને વ્યાપક પ્રયોગ પ્રગટાવવો.

મુનિજીવનમાં તો વસ્તુ લેવા અને મૂકવા
એ પણ એક મોટો આત્મસંશોધનનો પ્રયોગ જ છે.

अरिहंत - माता - उपदेशक
सिद्ध - पिता - मोक्षमार्गदर्शक
आचार्य - काका - स्वामी
उपाध्याय - मामा - गुरु
साधु - भ्राता - मित्र-बांधव

0 ब्रह्मणि चरणाद् इति ब्रह्मचर्यम्।

वीर्य-निरोधो ब्रह्मचर्यम्।

ब्रह्म च कुशलानुष्ठानम्,

तस्य तदर्थं चाऽऽसेव्यमिति ब्रह्मचर्यम्।

(પરિશિષ્ટ-૧૩)

'કામ' એટલે ધર્મમાર્ગથી ઉત્ક્રમણ કરાવનાર.

વાસનોત્તેજક નિમિત્તો ક્ષેપપાત્ર છે, વ્યક્તિઓ નહિ.

વૃત્તિઓને દાબવાની નહિ, શુદ્ધ કરવાની છે.

તે માટે તત્ત્વજ્ઞાન અને સાધનામાર્ગ ઉપાય છે.

શુદ્ધિ વિના દમન કે નિયમન અહંને પોષનારા બળો બને.

પુરુષમાં સ્ત્રી (માતા) અને

સ્ત્રીમાં પુરુષ (પિતા) અંતર્હિત છે.

આપણા મનમાં

પરસ્પર વાસનાની સરિતાનો પ્રચંડ ધોધ વહેતો જ રહે છે,

તેને શુભમાર્ગે વાળતાં શીખવું જોઈએ.

એ માટેનો ઉપાય માતૃભાવ કેળવવો તે છે.

સંયમીને માટે વિભૂષા, સ્ત્રી સંસર્ગ, રસગૃદ્ધિ આદિ

તાલપુટ વિષ સમાન છે.

જેની સર્જનશક્તિ મહાન, તેની સહનશક્તિ પણ મહાન.

ૐ અર્હં નમઃ

## જયવંતો નવકાર

સહજાનંદી આતમ જાગી, પંચપરમેષ્ઠિ ધ્યાન લગાવી.
ચઉ નિક્ષેપે કળિકાળમાં પૂજ્ય, અંતરભાવ જગાવી. -૧
ચોર્યાસી લક્ષયોનીએ ભમતા, દુર્લભ માનવભવ મળીયો,
દેવ ગુરુ સુધર્મ સાંપડતા, ચિંતામણિ નવકારે ફળીયો. -૨
ભવાભિનંદી આતમ ગણંતા, સંસાર ત્યાગી સાધુ બનંતા,
આધિ, વ્યાધિ, ઉપાધિ હરંતા, કર્મ જલાવી મુક્તિ વરંતા. -૩
મંગલમય નવકાર ગણંતા, રોગ-શોગ-ભય દૂર હરંતા,
સદાય સમરે જગ જયવંતા, નવનિધિ શાશ્વત સુખ વરંતા. -૪
જયજયવંતો જગ ઉપકારી, મંત્ર પ્રભાવી ભવ દે તારી,
ચિદ્ઘન આતમ ગણ્યા તું ધારી, સેવે સમરે જયજયકારી. -૫

## ૐ શ્રી મહાવીર જિન સ્તવન ૐ

શાસનનાયક સાહિબ સાચો, અતુલી બલ અરિહંત,
કર્મ અરિ બલ સબલ નિવારી, મારીય મોહમહંત,
મહાવીર જગમાં જયો, જયો જયો આપ સહાય,
જયો જયો શાસન પસાય, જયો જયો ધ્યાન દશાય,
જયો જયો સુખદાય. મ...(૧)
અનંતાનુબંધી ચઉ ક્રોધા, હણ્યા પહેલા ચોર,
મંત્રી મિથ્યાત્વ મહી ત્રિકરૂપી, તવ મરી આગળ દોર. મ...(૨)
(ચાલુ...)

ભાંજ્ય તેર આઉ ત્રિક ફેરી, ઈક વિકલેન્દ્રિય જાતિ,
એહ પેયાસ ભાંજ્યો ચિરકાળે, નરક દુગલ સંઘાતિ. મ...(૩)
થાવર તિરિ દુગ ઝાંસા કટાવા, સાધારણ હણ ધાડી,
થિણદ્ધી તિગ મદિરા વયરી, આતપ ઉદ્યોત ઉખાડી. મ...(૪)
અપચ્ચક્ખાણ ને પચ્ચક્ખાણ, હણ્યા ચોકો આઠ,
વેદ નપુંસક સ્ત્રી સેનાની, પ્રતિબિંબિત ગયા નાઠ. મ...(૫)
હાસ્ય રતિ અરતિ શોગ દુગંછા, ભય મોહ ખવાસ,
હણ્યા પુરુષવેદ ફોજદાર, પછી સંજલના નાશ. મ...(૬)
નિદ્રા દોય મોહ પટરાણી, ઘનઘાતિક સંઘાતી,
અંતરાય દરશન ને જ્ઞાનાવરણીય લડતા મારી. મ...(૭)
જય જય હુઓ મોહ ન મુઓ, હુઓ તું જગનાથ,
લોકાલોક પ્રકાશ થયો તવ, મોક્ષ ચલાવે સાથ. મ...(૮)
જાણ્યો તિમ જગતને જતાવે, મૂકાયો મૂકાવે,
તરણતારણ સમરથ છે તું હી, માનવિજય નિત ધ્યાવે. મ...(૯)

ૐ

સરસ્વતી સ્વામિની આપ સુરાણા, વચન વિલાસ વિમલ વખાણા;
સકલ જ્યોતિ સંસાર સમાણા, રાઈ પરમાણું જોડી રુગ પાણિ;
પારસનાથ પ્રગટ પરમેશ્વર, અતુલ બળદાતા અલવેસર;
નવગઢધણિ ગઉડી પુરનાયક, દેવ સકલવંછિત સુખદાયક.

ॐ ह्रीं अर्हं नमः

# પરિશિષ્ટ સૂચિ

**પરિશિષ્ટ - ૧ (પૃષ્ઠ ૧૦૪)**
પાત્ર અને અપાત્રનો વિવેક ગાય અને સર્પની જેમ છે. (ગાયને) તણખલાંથી દૂધ થાય છે અને (સર્પને) દૂધમાંથી ઝેર થાય છે.

**પરિશિષ્ટ - ૨ (પૃષ્ઠ ૧૦૫)**
ભગવાન વાસુદેવ પ્રત્યે કરાયેલો ભક્તિયોગ, વૈરાગ્ય અને કારણ વગરના જ્ઞાનને (કેવલજ્ઞાનને) જલ્દીથી ઉત્પન્ન કરે છે.

**પરિશિષ્ટ - ૩ (પૃષ્ઠ ૧૦૮)**
જ્યાં બે પ્રકારની શ્રુતિ રહેલી છે, ત્યાં બે પ્રકારનો ધર્મ કહેલો છે. પંડિત પુરૂષો વડે બંને ધર્મો હિતકારી અને સારા કહેવાયા છે.

**પરિશિષ્ટ - ૪ (પૃષ્ઠ ૧૫૦)**
તત્ત્વનિર્ણયથી શૂન્ય, પરસ્પર દોષ બતાવનારી, ગર્વથી જ ભરેલી તર્કની યુક્તિઓ વડે અમે શરમાઈએ છીએ.

**પરિશિષ્ટ - ૫ (પૃષ્ઠ ૧૮૧)**
સન્માન ન થાય તો તપની વૃદ્ધિ થાય છે અને સન્માન થાય તો તપનો ક્ષય થાય છે. યોગયુક્ત, વિશુદ્ધાત્મા, જિતેન્દ્રિય અને સર્વ જીવોને પોતાના સમાન જોતો (જીવ) ક્રિયાદિ કરવા છતાં લેપાતો નથી.

**પરિશિષ્ટ - ૬ (પૃષ્ઠ ૧૮૯)**
સંસારના વિસ્તારથી સર્વથા અટકેલા અને મોક્ષમાં જ એકતાન ચિત્ત વડે જન્મનો નાશ કરનાર જિનેશ્વરોને મારા વડે આ આત્મા સમર્પણ કરાયો છે.

**પરિશિષ્ટ - ૭ (પૃષ્ઠ ૧૯૨)**
સ્વસંવેદન એ જ આત્મજ્ઞાન છે, બીજું કાંઈ નહીં.

## પરિશિષ્ટ - ૮ (પૃષ્ઠ ૧૯૪)

તેથી માધુર્ય ન અનુભવવા છતાં પણ સ્પષ્ટ જ્ઞાન વડે (જીવને તે અનુભવજ્ઞાનથી દર્શાય છે).

## પરિશિષ્ટ - ૯ (પૃષ્ઠ ૨૦૦)

કાલાદિના ભેદથી બીજની સિદ્ધિ થવાથી આત્માની અનેકરૂપતાને પામેલું ભવ્યત્વ 'તથાભવ્યત્વ' કહેવાય છે. 'ભવ્યત્વ' એટલે સિદ્ધિગમનની યોગ્યતા કે જે અનાદિ પારિણામિકભાવ એવું આત્મતત્ત્વ જ છે.

## પરિશિષ્ટ - ૧૦ (પૃષ્ઠ ૨૦૨)

સર્વ ગુણો એકબીજામાં ગુંથાએલા છે.

## પરિશિષ્ટ - ૧૧ (પૃષ્ઠ ૨૦૨)

કારણ અને કાર્ય બંને ભિન્ન જણાતા હોય તેવા સદ્દશતા - યોગ્યતા ધર્મરૂપ કારણ અને કાર્યનું એકમાં આરોપણ કરવું તે અહીં ઉપચાર જાણવો. જેમકે અન્ન એ પ્રાણ ટકાવવાનું સાધન હોવાથી અન્નને જ પ્રાણ કહેવું એટલે અન્નમાં પ્રાણનો આરોપ કરવો, તે 'ઉપચાર' કહેવાય છે.

## પરિશિષ્ટ - ૧૨ (પૃષ્ઠ ૨૦૫)

અંતકાળે જેવી મતિ હોય, તેવી ગતિ થાય છે.

## પરિશિષ્ટ - ૧૩ (પૃષ્ઠ ૨૧૨)

સ્વરૂપમાં રમણ કરવું તે બ્રહ્મચર્ય છે. વીર્યનો નિરોધ કરવો તે બ્રહ્મચર્ય છે. કુશલ અનુષ્ઠાન તે બ્રહ્મ છે. તેનું આચરણ કે કુશલ અનુષ્ઠાનને સેવવું તે બ્રહ્મચર્ય છે.




ઉપર દર્શાવેલ ૫ ડાયરીઓ
પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજનાં સ્વહસ્તાક્ષરમાં
ઈ.સ. ૧૯૬૨ - ૧૯૬૩ પરિસરમાં લખાયેલ છે, તે અહીં સંકલિત કરેલ છે.

## પંદરીયો યંત્ર




ૐ હ્રીં સમ્યગ્ દર્શનજ્ઞાન ચારિત્રેભ્યો સ્વાહા ।

પં. ભદ્રંકર વિજય

www.fiestadesigns.in